શ્રી પ્રેમુરામ સેજારીયા તરફથી ભેટ

# દ્વિરેફની વાતો

[ ભાગ બીજો ]

MODEL BOOK-STALL
COLLEGE BOOKS LIBRARY
ratna Samaj Next to J. J. & Sons
BOMBAY-4

કર્તા

## રામનારાયણ વિશ્વનાથ પાઠક

C. T. HIGH SCHOOL
BOYS CLASS LIBRARY.
No.
CLASS
No.
૯૩૨
૪-૭-૬૫
૨૩.૦૮
૨૮૬
૨૪૬૬

પ્રસ્થાન ક

સં. ૧૯૯૧ અમદા

સંચાલક અને પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી : પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

શાખાઓ

પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ

કેળાંપીઠ
સૂરત

Copy Right
સર્વ હક્ક કર્તાને સ્વાધીન છે.

*

પહેલી આવૃત્તિ
કાર્તિક : ૧૯૯૧

- ૫૬
૩૫

મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠકઃ આદિત્ય મુદ્રણાલયઃ રાયખડઃ અમદાવાદ

A. T. HIGH SCHOOL
BOYS' CLASS
LIBRARY
CLASS.............
NO...................

[ અનુષ્ટુપ ]

વાર્તા કહી કહી જેણે અન્નથી દેહ પોષતાં
આત્માને રસથી પોષ્યો જય તે જનનીતણો !

## એ જ લેખકનાં બીજાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા | સં. ૧૯૭૮ |
| ૨ | કાવ્ય સમુચ્ચય ભા. ૧–૨ | સં. ૧૯૮૦ |
| ૩ | ગોવિંદગમન (સંપાદન અ. નરહરિ દ્વા. પરીખ સાથે) | સં. ૧૯૮૦ |
| ૪ | કાવ્યપ્રકાશ (ઉલ્લાસ ૧ થી ૬) (અ. રસિકલાલ છો. પરીખ સાથે) | સં. ૧૯૮૦ |
| ૫ | ધમ્મપદ (અ. ધર્માનંદ કોસમ્બી સાથે) | સં. ૧૯૮૧ |
| ૬ | પૂર્વાલાપ (સંપાદન) | સં. ૧૯૮૩ |
| ૭ | દ્વિરેફની વાતો | સં. ૧૯૮૫ |
| ૮ | કાવ્ય પરિચય ભા. ૧–૨ (અ. નગીનદાસ ના. પારેખ સાથે) | સં. ૧૯૮૫ |
| ૯ | સ્વૈરવિહાર | સં. ૧૯૮૭ |
| ૧૦ | અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય | સં. ૧૯૯૦ |

...SCHOOL...
BOYS CLASS
LIBRARY
CLASS............
NO............

# પ્રસ્તાવના

આપણે નક્કી કરેલા દસકા કે સૈકાઓ કંઈ ઇતિહાસનાં સીમાચિહ્નો હોતાં નથી. તેમ જ વાર્તાનો એક ભાગ અને બીજો ભાગ એ કંઈ લેખકની કૃતિઓમાં સ્વાભાવિક સીમાચિહ્ન હોવાની જરૂર નથી. પણ અહીં એવું બનેલું છે કે આ વાતોમાં વાતોનો પહેલો ભાગ પૂરો થયા પછી વાર્તાકારનું માનસ ધીમે ધીમે બદલાયેલું છે, અને તે તેની કૃતિઓમાં પ્રતીત થાય એ સ્વાભાવિક છે. તે ફેરફાર બને તેટલો સ્પષ્ટ કરવાનો અહીં પ્રયત્ન છે. પહેલા ભાગની વાતોમાં મુખ્ય પાત્રોનો હર્ષાનુભવ જ્યાં પ્રધાન હોય તેવી વાતો છે જેવી કે ‘એક પ્રશ્ન’ ‘સાચો સંવાદ’ ‘જક્ષણી.’ પાત્રોના દુ:ખાનુભવની વાતો છે, તેમાં પણ જગતની ઇષ્ટ યોજના, એ દુ:ખદ પરિસ્થિતિ ભલે મટાડી ન શકે, પણ છેવટે વિજયવાન થતી તો જણાય છે; જેવી કે ‘નવો જન્મ’ ‘ખેમી’. કોઈ કોઈ વાતોમાં જ્યાં આવો અંતિમ વિજય નથી ત્યાં પણ અનિષ્ટનાં બલોની સામે વાર્તાકારનો તિરસ્કાર તદ્દન સ્પષ્ટ છેઃ જેમકે ‘રજનું ગજ’ વાતમાં લોકોની નિંદાવૃત્તિ તરફ, ‘સરકારી નોકરીની સફળતાનો ભેદ’માં પ્રાચીન સતીભાવનાના જડ વિકૃત સ્વરૂપ તરફ, ‘કપિલરાય’માં મિથ્યા અને જરા પણ લાયકાત કે લાયકાતના પ્રયત્ન વિનાના યશોલોભ તરફ. એવી જ રીતે ‘મુકુન્દરાય’માં મુકુન્દરાયના પિતા અને બહેન તરફના અનાદર માટે પણ નાયક તરફ

સ્પષ્ટ ઘૃણા દેખાઈ આવે છે. આ બીજા ભાગની વાતોમાં લેખકની દૃષ્ટિમાં ફેર પડે છે–તેનો દૃષ્ટિકોણ બદલાય છે. લેખકને એમ જણાય છે કે જગતમાં ક્યાંક એવી જગાએ અનિષ્ટ રહેલું છે કે જેની પાસે માણસ લાચાર નિરુપાય હોય છે. અને એ અનિષ્ટ જેનામાં પ્રવેશેલું છે તે વ્યક્તિ તરફ પણ લેખક ઘૃણા કરી શકતો નથી. એક દાખલાથી આ બરાબર સ્પષ્ટ થશે. મુકુન્દરાય કૉલેજનો વિદ્યાર્થી છે તેવો જ 'બે મુલાકાતો'નો વિનાયક પણ કૉલેજનો વિદ્યાર્થી છે. મુકુન્દરાય કૉલેજના સંસ્કારોથી પિતા અને બહેન તરફ અનાદર કરે છે, વિનાયક પણ કૉલેજના સંસ્કારોથી પોતે પરણેલી સ્ત્રી તરફની જવાબદારી માથેથી કાઢી નાંખે છે. વાર્તાકારને મુકુન્દરાય તરફ સ્પષ્ટ ઘૃણા છે, વિનાયક તરફ તેને ઘૃણા નથી, સમભાવ છે.

દૃષ્ટિકોણનું દૂરનું સૂચન 'ખેમી'માં છે. ખેમીની દુર્દશાને માટે ધનિયો નીતિના કડક ધોરણે જવાબદાર ગણાય. પણ બિચારાં ખેમી અને ધનિયો બન્ને પોતાની પરિસ્થિતિના જમાના–જૂના સંસ્કારોને અધીન, તેમાં ધનિયો શું કરે! તે વાર્તામાં ધનિયા તરફનો લેખકનો સમભાવ ક્યાંઈ ખસવા પામતો નથી. એ દૃષ્ટિ આ બીજા ભાગની વાર્તામાં, પ્રાધાન્ય ભોગવે છે. બીજા ભાગમાં પણ 'હૃદયપલટો' જૂની દૃષ્ટિની વાર્તા છે. 'કુલાંગાર' તો આગળ આવશે તેમ બહુ વહેલી કલ્પાયેલી હતી. પણ 'દેવી કે રાક્ષસી' લો. સ્ત્રીપુરુષનો સંબંધ, જેમાંથી મનુષ્ય જાતિએ ઉત્તમમાં ઉત્તમ પ્રેમ વિકસાવ્યો છે, તેમાં એવાં ગૂઢ અંધ બળો રહેલાં છે જેની આગળ વ્યક્તિ બિચારી કશું જ કરી શકતી નથી, અને ઊંટ નકલથી દોરાય તેમ તેની દોરી દોરાય છે! આવાં અંધ બળોનો ઉપાય શો, તે તો કોઈ બતાવે ત્યારે ખરો, પણ એ અંધ

બળો પ્રમાણિકપણે સ્વીકારવાં તો જોઇએ જ. 'સુરદાસ'માં સુરદાસ પોતે નીતિની દૃષ્ટિએ રામપ્યારીના ખૂન માટે જવાબદાર છે. પણ તેનું આખું માનસઘડતર જુઓઃ તે એક પછી એક સંસ્કારથી કેવો ખોટે રસ્તે કેવળ અવશ થઈ દોરાય છે! અને છેવટે ખોટા માનેલા અન્યાયથી ઉશ્કેરાઈ ખૂન કરી બેસે છે. બીજી બાજુ રામપ્યારી પણ એવા સૂના અસાવચેત સ્વભાવની છે કે એક આંધળાથી પણ પોતાના જાનનું રક્ષણ કરી શકતી નથી! તે જ પ્રમાણે 'કાદર'ની વાત જુઓઃ શાન્તિલાલ અને માલતી પરસ્પર પ્રેમને માટે તલસે છે, છતાં માલતી નથી સમજી શકતી કાદરને કે નથી સમજી શકતી શાન્તિલાલના કાદર તરફના સદ્ભાવને! જે બુદ્ધિ, મનુષ્યને ઇતર પ્રાણીથી ભિન્ન કરે છે, તે કેટલી મર્યાદિત! જે હૃદયની વિશાલતા માટે માણસ પોતાને ઇતર પ્રાણીથી ધન્ય માને છે, તે કેટલું હઠીલું, કેટલું અવળચંડું!

'છેલ્લો દાંડક્ય ભોજ' અતિ પ્રાચીન કાળમાં મુકાયેલી છે, શૈલી વાતાવરણ બધું પ્રાચીન છે, પણ તેનો પ્રવર્તક હેતુ હાલના જમાનાનાં કેટલાંક સામાજિક બલોની મીમાંસામાંથી ઉદ્ભવ્યો છે. આજકાલ આપણા સમાજમાં સંતતિનિયમનનાં કૃત્રિમ સાધનો વિશે પુષ્કળ ચર્ચા ચાલે છે. આ સાધનોનો ઉપયોગ નીતિવિરુદ્ધ છે કે નહિ તે આખા પ્રશ્નનો જવાબ અહીં આવ્યો નથી—આવી શકે તેમ નથી.* આ વાર્તામાં એ પ્રશ્ન સ્ત્રીની અનિચ્છાના દૃષ્ટિકોણથી જોવાયો છે

* કોઈ પણ વસ્તુનું દર્શન, વાર્તા (કે કોઈપણ કલા) દ્વારા સચોટ રીતે પ્રગટ કરી શકાય છે એ જેમ એ કલાનો ફાયદો છે તેમ ઘણીવાર સમગ્ર દર્શન તેમાં નથી આવી શકતું, અને ન આવે તો તેને હઠપૂર્વક નથી આણી શકાતું, એ કલાની મર્યાદા પણ સાથે સાથે છે.

અને એ સ્થિતિનું ભયંકરમાં ભયંકર માનસવિકૃતિનું પરિણામ કલ્પાયું છે. આ પરિણામની ભયંકરતાનું એક બીજું પણ કારણ છે. માણસને માણસનું કામ પડે છે, માણસ માણસ સાથે અનેક કારણોથી સંસર્ગમાં આવે છે, પણ તે બધામાં માણસ જો બીજા માણસનો માત્ર સાધન પૂરતો જ ઉપયોગ કરવાની વૃત્તિ રાખે, તો માણસ માણસ વચ્ચેના પ્રેમ સંબંધની શક્યતા જતી રહે, અને પ્રેમસંબંધનો બહિષ્કાર એ હરકોઈ વૃત્તિને રાક્ષસીમાં રાક્ષસી બનાવનાર બળ છે.

આ વાર્તાની શૈલી પણ ક્યાંક ક્યાંક બદલાયેલ છે. કેટલીક વાર્તાએ પોતે જ દશ્ય શૈલી માગી લીધી છે ત્યાં તે આવવા દીધી છે. 'દેવી કે રાક્ષસી' 'કુલાંગાર' અને મેહફિલે ફેસાનેગુયાનની ચોથી સભાની 'બે મિત્રોની વાર્તા' આ શૈલીમાં રચાઈ છે. લેખકને પોતાને તેના પ્રયોગ વિશે અમુક કલ્પના છે પણ તે સંબંધી કંઈ અહીં કહેવું અપ્રાસંગિક ગણાય.

કુલાંગારની વાત 'પ્રસ્થાન'ના અસ્પૃશ્યતાનિવારણ અંકમાં પ્રગટ થયેલી હતી અને તે વિશે તેમાં 'બે બોલ' લખેલા તે અહીં ઉતારવા અસ્થાને નહિ ગણાય.

"**આ** કિસ્સો અસ્પૃશ્યતા અંક સાથે પ્રસિદ્ધ કરતાં થોડા ખુલાસાની જરૂર છે. એ દસેક વર્ષ ઉપર આ સ્વરૂપે મનમાં ઘડાયો હતો. અસ્પૃશ્યતા તે વખતે તેનો મુખ્ય વિષય નહોતો, અત્યારે પણ નથી. તેનો મુખ્ય વિષય કંઇક અંશે નાતનું હાલનું માનસ, જેના વડે નાતનો એક સમાજ તરીકે અત્યારે નિર્વાહ થાય છે, તે સ્ફુટ કરવાનો છે. અને એમ કરવા નાતની શ્રેણીમાં ઉત્તમતાને છેડે આવેલ એક બ્રાહ્મણનાત (અલબત કલ્પિત) લીધી છે. તેના માનસને આઘાત થવાથી, તે ઊંડાણમાંથી ડહોળાય છે અને તેનો મેલ બધો ઉપર આવે છે એ

આ કિસ્સાનું સ્વરૂપ છે. એ આઘાત નાતની દૃષ્ટિએ સખ્તમાં સખ્ત હોવો જોઈએ એટલા માટે નાતની ઇષ્ટદેવીનું મંદિર, ઢેઢ કે જે નાતની શ્રેણીને સામેને છેડે છે, તેના સ્પર્શથી અભડાવાથી થાય છે એવો પ્રસંગ છે. આ રીતે અસ્પૃશ્યતાનો પ્રશ્ન અહીં એક નિમિત્ત તરીકે આવે છે.

"અત્યારે અસ્પૃશ્યતાનો પ્રશ્ન પ્રજા સમક્ષ આવ્યો ત્યારે આ કિસ્સો લખી નાખવાને હું પ્રેરાયો અને એમાં અસ્પૃશ્યતા પછવાડેનું માનસ પણ વ્યકત થતું હોવાથી અહીં તે મૂકવાનો પ્રસંગ લઉં છું.

"ભજવવામાં ઉપકરણ ઓછામાં ઓછાં, સાદામાં સાદાં, અને સર્વથા સુલભ રાખવાનો મારો ઉદ્દેશ છે. રંગભૂમિ સર્જી કરવાનાં સૂચનોમાં સ્થલનું થોડું વિશિષ્ટરૂપે વર્ણન કર્યું છે પણ તેને બદલે સાદા તખ્તા ઉપર અને જરૂર પડે તો માત્ર ઓરડામાં ઓટલા ઉપર કે શેરીમાં પણ ભજવી શકાશે.

"બીજી સૂચના પણ ઓછામાં ઓછી આપી છે. કિસ્સાનું પૂર્વ વૃત્તાન્ત અને બનાવો સમજવામાં મદદ થાય તેટલા પૂરતું નાટકની શરૂઆતમાં થોડું કહેલું છે—જો કે એ બધું નાટકની ઉકિતઓમાં સ્ફુટ થાય છે. નાટકનાં પાત્રોના માનસ વિશે પણ ઓછામાં ઓછી સૂચનાઓ કરી છે. કોઈ જગાએ માનસ કે વસ્તુસ્થિતિ ઉપર કટાક્ષ કે ટીકા કરવાનો પ્રસંગ, હાલના કેટલાક પાશ્ચાત્ય નાટકકારો લે છે તેવો, મેં લીધો નથી. અને માનસ વિશેની સૂચના, નટની પસંદગી કે ઉકિતના ઉચ્ચારણમાં ઉપકારક થાય તેટલે અંશે જ મૂકેલી છે. અવાજ ધીમો મોટો કરવાની સૂચના એકાદ જગાએ ઉદાહરણ તરીકે જ આપી છે. ઉકિત સાથેના અભિનય માટે પણ ઓછામાં ઓછી સૂચના આપી છે, કારણ કે એક જ ભાવ દરેક નટ એક જ

રીતે બતાવતો હોતો નથી. એ બાબતમાં નટને થોડું સ્વાતંત્ર્ય મેં ઇષ્ટ માન્યું છે.

"સ્થલ કાઠિયાવાડ હોવા છતાં બોલી બધાને સમજાય તેવી ગુજરાતી રાખી છે, જો કે લહેકો કાઠિયાવાડી છે; પણ ગુજરાતના કોઇ પણ પ્રાંતની પ્રાંતિકતા તેમાં ઉતારવી હશે તો થોડા ફેરફારથી ઉતારી શકાશે. માત્ર એટલું કે વાક્યમાં વાક્યભાર અને ખાસ કરીને કાકુ બરાબર ઉચ્ચારાવાં જોઇએ. કોઇ પણ નાટક ભજવવામાં એ આવશ્યક છે, પણ અહીં તેનો વિશેષ ઉપયોગ કર્યો છે માટે ખાસ ધ્યાન ખેંચું છું.

" 'કિસ્સા' ઉપરના 'સર્વહક્ક સ્વાધીન' રાખ્યા છે પણ કર્તાને પ્રસંગ લખી જણાવવાથી ભજવવાની છૂટ મળી શકશે."

'મેહફિલે ફેસાનેગુયાન ઉર્ફે વાર્તાવિનોદ મંડળ,' ઉપરની સર્વ વાતો કરતાં જુદી શૈલીનું છે. એ મૂળ તો, બીજા લેખકો પણ વાર્તાના આ સ્વરૂપનો ઉપયોગ કરશે એવી આશાથી શરૂ કરેલું, અને એવી ટીપ[1] વાર્તાને મથાળે મૂકી હતી. પણ

૧ મૂળ ટીપ આ પ્રમાણે હતી:

"આ વાર્તામાળામાં સહકાર આપવાને હું સર્વ વાર્તા–લેખકોને વિનંતી કરું છું. મારી ઉમેદ છે કે આ વાર્તાશૈલી, પોતાની વાર્તા ઉપર ટીકા કરવાને, આધુનિક વાર્તાકળાનાં વિશિષ્ટ લક્ષણો તરફ ધ્યાન ખેંચવાને, અનેક પ્રકારની વાર્તા–જેવીકે મોંએ કહેવાની, લખવાની, મુખ્યત્વે સંવાદાત્મક, લેખક વચમાં વચમાં બોલતો જતો હોય તેવી–કહેવાને, નવાં સામાજિક બળો વાર્તાકળાને કેવી અસર કરે છે વગેરે દર્શાવવાને પૂરતી તક આપે છે. વળી દરેક લેખકને, આ મંડળમાં મરજીમાં આવે તેવાં, જુદા જ સ્વભાવનાં પાત્રો મૂકી નવાં દૃષ્ટિબિન્દુઓ સ્ફુટ કરવાની છૂટ રહે છે. અમે આશા રાખીએ છીએ કે આપણા સાહિત્યના સિદ્ધહસ્ત લેખકો તેમજ વાર્તાપ્રયોગો કરનારા લેખકો આમાં સહકાર આપશે. દરેકને પોતાના લેખ ઉપર હક્ક રહેશે."

હજી સુધી માત્ર એ જ લેખકોએ તેનો ઉપયોગ કર્યો છે. ઉપયોગ ઘણા ઓછાએ કર્યો છે, પણ વાર્તાનું આ સ્વરૂપ લેખકને વાર્તા લખવામાં ઘણી છૂટ આપે છે અને એ સ્વરૂપ, અન્યથા ન કરી શકાય તેવા આડ વિચારો કે કટાક્ષો કરવાનો અવકાશ આપે છે, એમ તો ઘણા વાર્તાકારોએ કહ્યું છે. આ શૈલીમાં વાર્તાની કલા વિશે પણ ચર્ચા થઈ શકે છે અને એવી ચર્ચા લગભગ દરેક બેઠકમાં થયેલી છે. ગમે તે વિષયમાં ચર્ચા કરવાની આમાં એટલી બધી છૂટ છે કે કદાચ આ લેખકની ‘સ્વૈરવિહાર’ લખવાની અન્ય પ્રવૃત્તિને એ ગળી પણ જાય!—જો કે સ્વૈરવિહાર જેટલી વક્રતા અને દેખીતી એકદેશીયતા અને એકપક્ષતા આમાં ન આવી શકે. આ સભાઓ પૈકીની બીજી સભાની ‘ચબરખી વાણી’ લેખકના મિત્ર શ્રી મસ્તરામ* હરગોવિંદ પંડ્યા, જેમણે કેટલાંક વરસો ઉપર કેટલીક આશાપ્રદ વાર્તાઓ લખી હમણાં લખવી લગભગ બંધ કરી છે, તેમની છે. તેમાં મેહફિલનાં સભ્યોની વાતચીત તેમની રજાથી આ લેખકે લખેલી છે. એ વાતચીત મેહફિલના હેવાલમાં જરૂરની હોવાથી આ આખી ‘સભા’ને આ પુસ્તકમાં મૂકી છે, અને તેમ કરવા સંમતિ આપવા લેખક તેમનો ઋણી છે.

આ પુસ્તક ઉપરના સર્વ હક્કો સ્વાધીન રાખ્યા છે તેમાં કોઈ પણ કૃતિને તખ્તા ઉપર મૂકવાનો હક પણ આવી જાય છે, પણ ‘કુલાંગાર’ ઉપરના ‘બે બોલ’માં લખેલું છે તેમ, પ્રસંગ જણાવવાથી હરકોઈ કૃતિ ભજવવાની રજા મળી શકશે.

ભારતી નિવાસ
અમદાવાદ

રામનારાયણ વિશ્વનાથ પાઠક

* આ નામના આદ્ય અને અંત્ય અક્ષર ઉપરથી મ'મ તખલ્લુસ થયું છે.

# સમયાનુક્રમણી

| વાર્તાનું નામ | | પ્રસિદ્ધિનો સમય |
|---|---|---|
| હૃદયપલટો | ... ... | જેઠ સં. ૧૯૮૪ |
| છેલ્લો દાંડક્ય ભોજ | ... ... | વૈશાખ સં. ૧૯૮૫ |
| દેવી કે રાક્ષસી | ... ... | માહ સં. ૧૯૮૬ |
| બે મુલાકાતો | ... ... | ફાગણ સં. ૧૯૮૭ |
| સુરદાસ | ... ... | વૈશાખ સં. ૧૯૮૭ |
| મેહફિલે ફેસાનેગુયાન સભા ૧ લી | ... | મહા સં. ૧૯૮૮ |
| ,, સભા ૨ જી | ... | ચૈત્ર સં. ૧૯૮૮ |
| કુલાંગાર | ... ... | પોષ સં. ૧૯૮૯ |
| મેહફિલે ફેસાનેગુયાન સભા ૩ જી | ... | પોષ સં. ૧૯૯૦ |
| ,, સભા ૪ થી | ... | કાર્તિક સં. ૧૯૯૧ |

છેલ્લી વાર્તા પ્રથમ આ પુસ્તકમાં જ પ્રગટ થાય છે. બાકીની ઉપર જણાવેલા 'પ્રસ્થાન'ના અંકોમાં પ્રગટ થયેલી છે.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રસ્તાવના | ... | ... | ७ |
| હૃદયપલટો | ... | ... | ૩ |
| છેલ્લો દાંડક્ય ભોજ | ... | ... | ૧૫ |
| દેવી કે રાક્ષસી | ... | ... | ૩૪ |
| બે મુલાકાતો | ... | ... | ૬૨ |
| સુરદાસ | ... | ... | ७७ |
| મેહફિલે ફેસાનેગુયાનઃ સભા પહેલી | ... | ... | ૯૦ |
| બે મિત્રોની વાર્તા | ... | ... | ૯७ |
| મેહફિલે ફેસાનેગુયાનઃ સભા બીજી | ... | ... | ૧૦૮ |
| વાર્તા ઉર્ફે ચબરખી વાણી | ... | ... | ૧૧૫ |
| કુલાંગાર | ... | ... | ૧૨૩ |
| મેહફિલે ફેસાનેગુયાનઃ સભા ત્રીજી | ... | ... | ૧૫૮ |
| કાદર | ... | ... | ૧૬૪ |
| મેહફિલે ફેસાનેગુયાનઃ સભા ચોથી | ... | ... | ૧૮૬ |
| બે મિત્રોની વાર્તા | ... | ... | ૧૮७ |
| શુદ્ધિ | ... | ... | ૨૧૧ |

# દ્વિરેફની વાતો

## ભાગ બીજો

# હૃદયપલટો

સાધારણ કરતાં કંઇક વધારે ઊંચી વંડીવાળા એક નવા નાના સાદા ઘરના ચોકમાં સાંજના ચારેક વાગે ફ્રાન્સેકા અને તેની પત્ની જેની ચા પીવા બેઠાં છે. બન્નેએ સાદો પણ યુરોપિયન સાહેબોના જેવો પહેરવેષ પહેર્યો છે. ત્યાં તેમના નોકર ચુનિયાએ ચાની ટ્રે મૂકી અને જેનીએ બે પ્યાલા ભરી તેમાં દૂધ સાકર નાંખી ચા હલાવી. બાહ્ય તૃપ્તિથી અને આંતર રસહીનતાથી જીવનમાં જે શૂન્યતા આવે છે તેની શાન્તિમાં બન્ને ચા પીવા માંડયાં. એટલામાં સખત વંટોળ ચડયો. આસપાસ ઊંચી વંડી હતી અને નીચે પાણી છાંટેલું હતું છતાં તોફાને આમના ચા ઉપર હૂમલો કર્યો અને વધતાં વધતાં આંધીનું રૂપ લીધું. ધૂળવિનાની મુંબઈ પહેલી જ વાર છોડીને આ અજાણ્યા પ્રદેશમાં આવેલાં આ ક્રિશ્ચન દંપતીને આ દૃશ્ય વિચિત્ર લાગ્યું. તેમને ચકિત થયેલાં જોઈને ચુનિયાએ કહ્યું: “ સાહેબ, હવે તો આવી આંધીઓ ચડયા જ કરવાની. ”

શેઠે કહ્યું: "તેં કેમ જાણ્યું?"

"સાહેબ, ચોમાસું પાસે આવ્યું. આવી નવ આંધીઓ ચડે એટલે વરસાદ આવે. એણ ચોમાસું વહેલું આવશે."

"પણ હજી બીજી આઠ આંધી ચડશે ત્યારે આવશે ને!"

"સાહેબ, પણ દેડકી અત્યારથી બોલવા લાગી છે. ચોમાસું વહેલું આવશે."

"વહાલી જેની!" ફ્રૉન્સેકાએ પત્નીને સંબોધીને કહ્યું: "હવે તું મુંબઇ વહેલી જાય તો સારું. વરસાદ આવશે તો અહીંના કાદવમાં મોટર ચાલશે નહિ અને તને મોકલાશે નહિ. તેમ જરૂર પડશે તો ડૉકટરને પણ બોલાવી નહિ શકાય."

"વહાલા, મારો હાથ જોઇને એક જણે કહ્યું છે કે આ વરસ મારે ભારે છે. હું તારાથી જુદી નહિ પડું."

"આવા હાથ જોનારા કોણ જાણે કયાંથી તને મળે છે. તું જાણે છે કે અહીં આપણે એકલાં છીએ. નજીકમાં આપણી કોમનું કોઈ નથી. આસપાસનાં માણસો આપણને બિલકુલ મદદ કરે તેમ નથી. છતાં તું અહીં રહેવાની હઠ કરે છે તે કેટલું બેહૂદું છે?"

"મેં તો તમને ના જ કહી હતી કે આ દેશી લોકોના નીસાસાની જમીન તમે ન લો તેમ છતાં તમે લીધી." પહેરવેષમાં તેમજ દૃષ્ટિબિન્દુમાં, બન્નેમાં, દેશી ખ્રિસ્તીઓ પરદેશી થતાં જાય છે.

ફ્રૉન્સેકા જરા ચીડાયો. "રહી રહીને એનું એ જ બોલવાનું? બીજું કશું મળે જ નહિ! શું તને ગામડામાં સુંદર બગીચા અને વિલ્લા કરી રહેવાની ઇચ્છા નહોતી? અને હિંદુ લોકોને અને આપણે શું? કૌંસિલની ચૂંટણીમાં તે લોકોએ પ્રોફેસર ડી. સઝાને એક પણ વોટ આપ્યો?"

" આપણે પણ ક્યાં એ લોકોને વોટ આપીએ છીએ જે! પણ આપણે પણ એક દિવસ તો તેમના ભેગાં જ હતાં ને! અત્યારે પણ તેમના હક્કો ડુબાવીને આપણે જમીન લીધી પણ તેઓ આપણને કાંઈ કહે છે ? "

બન્ને વચ્ચે ટપાટપી લાંબી અને ગરમાગરમ ચાલી. છેવટે તેના પ્રત્યાઘાતરૂપે બન્ને સમાધાન ઉપર આવ્યાં. જેનીએ વચન આપ્યું કે હિંદુઓની જમીન લીધા બાબત હવે પછી કદી મહેણું ન મારવું. ઓપટીના પ્રસંગ માટે અત્યારથી જ એક સારી નર્સ બોલાવવાનું નક્કી થયું.

ધૂળનું તોફાન હવે શમ્યું હતું. સાંજે બન્ને સાથે ફરવા નીકળતાં તે મુજબ ફ્રૉન્સેકાએ ફરવા નીકળવા કહ્યું. જેનીએ આજે ફરવા જવાની ના પાડી. અને ફ્રૉન્સેકા સામી ભીંતેથી બંદૂક લઈ એકલો જ ફરવા ચાલ્યો. ફરવા જતાં તે બંદૂક સાથે લઇને જતો. પોતે શિકારે જાય છે એમ બહારથી બતાવતો, કોઈ કોઈ વાર ચકલાં પારેવાં સસલાં મારી પણ લાવતો, પણ ખરું તો તેને લોકોની બીક હતી અને તેથી લોકોને ડરાવવા તે બંદૂક સાથે રાખતો. બંદૂકનો પરવાનો તેણે અહીં આવ્યા પછી જ લીધો હતો.

ફ્રૉન્સેકા ગયા પછી જેની ત્યાં જ બેસી રહી. આજની ટપાટપીથી તેને અહીં આવવાનો આખો પ્રસંગ યાદ આવ્યો. સરકાર પાસેથી ન્યાય ન મળતાં દેવુસણા તાલુકાના લોકોએ મહેસૂલ અટકાવ્યું. સરકારે બધા દોરદમામથી જમીઓ કરી જોઈ પણ કાંઈ ન વળ્યું; પછી જમીન ખાલસા કરી, છતાં લોકો હઠયા કે ડર્યા નહિ. છેવટે જમીન હરરાજ કરી પણ કોઇએ લીધી નહિ. જમીનની હરરાજીની ખાસ સરતોની જાહેરખબરો બહાર પડી. ગવર્મેન્ટ ગૅઝેટમાંથી ફ્રૉન્સેકાએ તે

જેનીને વાંચી બતાવી. જેનીને ગામડામાં એક સાદું, સુખમય સુઘડ, જીવન ગાળવું હતું, વળી ફ્રૅન્સેકાને એક્સાઇઝ ખાતાની નોકરીમાં ઘણા દિવસ બહાર રહેવું પડતું, ભયંકર જંગલોમાં ભટકવું પડતું, તેથી તે કંટાળી ગઈ હતી. જેનીના પિતા મોટા જમીનદાર હતા તેથી આમને પણ આ જમીન લેવાનો વિચાર થયો. જેનીએ નીસાસાની જમીન લેવાનો વિરોધ કર્યો પણ છેવટે સુખી કલ્પેલા જીવનની લાલસાથી દોરાઈ તેણે હા પાડી. દેવુસણાની જે જમીન કોઈ હિંદુએ ન લીધી, કોઈ મુસલમાને ન લીધી, કોઈ પારસીએ ન લીધી, તે છેવટે આ ક્રિશ્ચનોએ લીધી. ગામથી અરધો માઇલ દૂર આશરે ૮૦ એકર સારામાં સારી જમીન તેમણે પસંદ કરી.

જમીન લેતાં શું લીધી તો ખરી પણ પછીની મુશ્કેલીઓ ઓછી નહોતી. દેવુસણા ગામમાં કે તાલુકામાં તેને જમીન ખેડવા તો કોઈ ન મળે પણ ઘર ચણવા કે ઘરનું કામ કરવા પણ ન મળે. બજારમાં ચીજ ન મળે, રૂપિયાનું પરચૂરણ પણ ન મળે. ફ્રૅન્સેકાના કાકાએ રેલવેનાં મકાનોનો કૉન્ટ્રૅક્ટ લીધેલો તેણે પોતાના મજૂરો પાસે ઘર બંધાવી આપ્યું. ફ્રૅન્સેકાના એક મિત્ર એક દેશી રાજ્યમાં બૅન્ડમાસ્તર હતા, તેને ત્યાં કડીનો એક દુકાળિયો ઘણાં વરસથી રહેતો તે વિશ્વાસુ નોકર ચુનિયો તેમણે ખાસ ફ્રૅન્સેકાને આપ્યો અને એ રીતે આ દંપતીનું ઘર ચાલવા માંડયું.

જેનીનાં ગામડાનાં સ્વપ્નાં તો ક્યાંઈ રહી ગયાં અને તેને બદલે તેને જીવન એક કેદખાના જેવું લાગવા માંડયું. ઘરની ઊંચી કાચના કડકા બેસેલ વંડી તેને ખરેખર જેલની દિવાલ જેવી લાગતી હતી. આખો દિવસ વાત કરવાને પણ કોઈ મળે નહિ. ધણી સાથે પણ તે કેટલુંક બોલે, કે વાત કરે, કે પ્રેમ કરે! બહારની બધી જરૂરિયાતોની તૃપ્તિથી તે ઊલટી

વધારે મૂંઝાતી હતી. બહાર નીકળતાં લોકોની " આ અમારી જમીન લઈ ગયાં છે " એમ કહેતી દૃષ્ટિથી તે જાણે દાઝતી હતી, શોષાતી હતી. તેને લાગ્યું કે આ પાપ કરવામાં ધણીની સાથે પોતે પણ ભાગીદાર છે.

વળી તેનું વિચારચક્ર ફર્યું. તેણે વાંચ્યું હતું કે ખરાબ વિચારોની ગર્ભના બાળક પર ખરાબ અસર થાય છે. તેણે સારા વિચારો કરવાનો પ્રયત્ન કર્યો. જમીનનો વિચાર કરવાનું બંધ કરવાનો નિશ્ચય કર્યો. ફ્રૉન્સેકાને પણ તેણે હમણાં જ એ નહિ બોલવાનું વચન આપ્યું છે. કંઈ નહિ, આ જમીનની ઉપજમાંથી પણ લોકોનું ભલું કરી શકાશે. નિશાળ કાઢી શકાશે, દવાખાનું કાઢી શકાશે, નાનું સરખું દેવળ બાંધી શકાશે અને આ લોકોને ખ્રિસ્તી ધર્મનો બોધ કરીને ખ્રિસ્તી બનાવી શકાશે. આ ' સારા ' વિચારોના સુખમાં તે અર્ધનિદ્રિત થઈ ગઈ.

માણસ પોતે કરેલા ખરાબ કૃત્યને સુધારીને નહિ પણ તેને વીસારીને સારો થવા માગે છે !

*

રાતના દશેકનો સુમાર છે. જેનીને પ્રસૂતિની સખત પીડા થાય છે. ફ્રૉન્સેકા વારંવાર નર્સને તેની તબિયત પૂછવા જાય છે અને કશો ખાસ ઉત્તર મળતો નથી. તે ગાભરો ગાભરો ચોકમાં અતિ વ્યગ્ર મને આંટા મારે છે. એકદમ કાંઈ નવું જ સાંભર્યું હોય તેમ નર્સ પાસે જઈ તેણે પૂછ્યું: " પ્રસૂતિમાં ગમે તેવી મુશ્કેલી હોય તોપણ તમે કામ કરી શકશોને ? "

આ પ્રશ્ન જરા પણ નવો નહોતો. તેણે તે લગભગ હરરોજ પૂછ્યો હતો અને આજની વેદનામાં આ ચોથી વાર પૂછ્યો હતો. પણ નર્સને માણસની આ પ્રકૃતિની ખબર હતી. તેણે ધંધાને અંગે કેળવેલ ધીરજથી અને મૃદુતાથી જવાબ આપ્યો:

"નૉર્મલ[1] કેસ હશે તો વાંધો નહિ આવે. પણ કાંઇ ઍબ્નૉર્મલ[2] હોય તો ડૉક્ટરની જરૂર પડે." આ જવાબ ફ્રૅન્સેકાએ પૂરેપૂરો સાંભળ્યો પણ નહિ અને સાંભળત તો તે સમજી પણ ન શકત. આંખો દુઃખમાં મીંચી દઈ, કપાળ પરના વાળનો જોરથી બાચકો ભરી, તેણે પાછું ચોકમાં અનિયમિત ફરવા માંડ્યું.

થોડી વાર તે ફર્યો હશે એટલામાં નર્સ આવી અને ફ્રૅન્સેકાને કહ્યું કે બાળક આડું છે. ખાસ હોંશિયાર ડૉક્ટરની જરૂર છે. તમે એકદમ બોલાવો. બાઈને અસહ્ય દરદ થાય છે.

સાધારણ રીતે ગામમાં કોઈ ડૉક્ટર રહેતો નહોતો. પણ આજે એક આવ્યો હતો. ગુલાબભાઈ દેસાઈની દીકરીનાં આજે લગ્ન હતાં અને તેમના વહેવાઈ જ ડૉક્ટર હતા. પણ તે આવશે કે નહિ તે કહેવું મુશ્કેલ હતું. ગુલાબભાઈ મહેસૂલ ન ભરવાની હીલચાલના સ્થાનિક નેતા હતા. સ્વભાવે ઉગ્ર હતા અને આખા ગામમાં તેમની રાડ ફાટતી. ફ્રૅન્સેકા પહેલાં તો તેમને એકદમ તેડી લાવવાના વિચારથી બારણા તરફ દોડ્યો, પણ પછી, કોઈએ બાંધેલા દોરડાથી પાછો ખેંચ્યો હોય એમ, એકદમ પાછો વળ્યો. આજ સુધી ગામના એક પણ માણસને તે મળ્યો નહોતો, ગુલાબભાઈને પણ મળ્યો નહોતો, સર્વને તે પોતાના શત્રુ સમજતો. તે શી રીતે અત્યારે બોલાવવા જાય! તે પાછો ફરી ખુરશી પર માથું નાંખી પડ્યો. દીન વદને તેણે નર્સને કહ્યું: "તમે એક ધંધાનાં છો, એટલે તમારું માનશે."

પાસે પેલો ચુનિયો નોકર હતો તે બોલ્યો: "અબ્દુલ ઘાંચીને કહો તો બોલાવી લાવું."

આપણા દેશની પ્રાચીન શક્તિ, આવડત, વિદ્યા, કલા, કૌશલની અનેક વિભૂતિઓ હજી ગામોમાં છૂટીછવાઈ પડેલી

1 સાધારણ, કુદરતી. 2 અસાધારણ.

હોય છે. હજી કંઇક ગામોમાં કુશલ તરનારા, સાપ ઉતારનારા, કમળો ઉતારનારા, ડામ દેનારા, કાન વીંધનારા, હાડકાં ચઢાવનારા, કંઠમાળ જેવા હજી અસાધ્ય મનાતા રોગો નટાડનારા, યોગપ્રક્રિયાઓ અને ઉપાસના કરનારાઓ હોય છે. તેઓ પોતાની રીતે કામ કરી, પોતાની આસપાસ સુકૃત્યોનો પમરાટ ફેલાવી સમય પૂરો થયે ચાલ્યા જાય છે. આ જાહેર-ખબરોના જમાનામાં તેમને વિશે કોઈ કશું જાણતું નથી. તેમનામાં સાચું કેટલું હતું, વહેમ કેટલો હતો તે કોઈ વિચારતું નથી, અને તેમની જગા કોઈ પૂરતું નથી. અબ્દુલ ઘાંચી એવી એક વિરલ વિભૂતિ હતો. પ્રસૂતિનો ગમે તેવો મુશ્કેલ કેસ તે પાર પાડી શકતો. સ્ત્રીઓને સંકોચ ન થાય માટે તે પાટો બાંધીને કામ કરતો, એવી તેની કુશળતા હતી, એવી તેની ટેક હતી. તે પોતાનો ઇલમ ઇશ્વરદત્ત માનતો અને જે બોલાવે તેને ત્યાં જતો. કદી પૈસા લેતો નહિ. આ નવાં આવેલાં ક્રિશ્ચનો તો ગામમાં કોઈ સાથે ભળતાં નહિ પણ ચુનિયો સર્વને ઓળખતો થયો હતો. તેણે આ વાત સાંભળી હતી અને શેઠશેઠાણીને કહી હતી. ડૉકટરને આવવાનો સંભવ ઘણો ઓછો છે એમ માની ફ્રોન્સેકાએ, દેશી લોકોની ચીડ છોડી દઈ, અબ્દુલને બોલાવવાની હા પાડી.

ફ્રોન્સેકાની જમીનની સામે ઇનામી જમીનના આંબાવાડિયામાં ખોડીદાસ પટેલ રહેતો હતો. તે નામ પ્રમાણે ખોડો જ હતો. અને એ ખોડી બિલાડી અપશુકન કર્યા વિના રહી નહિ. કેટલાક માણસો જોઇને કે સાંભળીને નહિ પણ ગંધથી બનાવ જાણી જાય છે તેમ તે જાણી ગયો હતો કે બાઈને કાંઇક મુશ્કેલી છે. સત્યાગ્રહની લડતમાં તેણે પાઈ પણ ખોઈ નહોતી. સહી કરવામાં તે સૌથી છેલ્લો હતો તોપણ અત્યારે તે આટલી મોડી રાતે નર્સ કે ચુનિયાની પહેલાં ઘેરથી નીકળ્યો

અને પ્રથમ અબ્દુલને ત્યાં ગયો. અબ્દુલ હજી જાગતો હતો. તેનો નાનો છોકરો 'મા' 'મા' કરી રોઈ રોઈને હમણાં ઊંઘી ગયો હતો, અને તે પોતે ઓટલા ઉપર શૂન્ય થઈ બેઠો હતો. પાણીમાં ઊંડાં ઊતરી જતાં, આંખો બંધ હોઈ ડૂબનાર પાણી દેખતો નથી, છતાં પાણી તેને ચારે તરફથી દબાવે છે અને ગૂંગળાવે છે, તેમ અબ્દુલ પોતાનાં દુ:ખનો વિચાર કરતો નહોતો, પણ ચારેય તરફનાં દુ:ખો તેને દાબીને મૂંઝવતાં હતાં.

"અબ્દુલ કાકા, પેલો તમારો જમીનચોર બરાબર લાગમાં આવ્યો છે. ઘેર ખાટલો આવ્યો છે. જો જો ભોળા થતા!" કહી તે ગુલાબભાઈને ઘેર વધામણી ખાવા દોડ્યો.

ગુલાબભાઈને ત્યાં બરાબર હસ્તમેળાપનો સમય હતો. ગુલાબભાઈ પાટલા પર બેઠા હતા. ખોડીદાસ આસપાસના લોકોને બહુ અગત્યનું કામ છે એમ સમજાવી ઠેઠ ગુલાબભાઈના પાટલા પાસે ગયો અને કાનમાં કહ્યું: "ગુલાબભાઈ, પેલો જમીનચોર લાગમાં આવ્યો છે—"

"અલ્યા પણ તારી કઈ જમીન ગઈ છે તે તું એને જમીનચોર કહેવા આવ્યો!" ગુલાબભાઈ ખોડીદાસને ઓળખતા હતા.

"પણ ગુલાબભાઈ—"

"રે જા હવે, મધરાતે ટાંગો ઉલાળતો આવે છે! અત્યારે હસ્તમેળાપનો વખત છે એટલું પણ સમજતો નથી! શું જાણીને ડાહ્યો થઈ બોલવા બેઠો છે. જા ઊઠ અહીંથી." ખોડીદાસ ત્યાંથી નાઠો.

એટલામાં નર્સ આવી પહોંચી. તેણે ગુલાબભાઈને વાત કરી. ગુલાબભાઈ ખોડીદાસની વાત હવે સમજી ગયા. તેમણે તરત જ ડૉક્ટરને બોલાવ્યા અને કહ્યું: "એ તો જમીનચોર થયા પણ આપણાથી એવાં થવાય? તમે હમણાંને હમણાં જાઓ."

ગુલાબભાઈને મહાત્માજીનો અહિંસાનો સિદ્ધાંત કાર્યમાં પાળવાની ચીવટ હતી. અને તે સાથે જગતની નજરે સરકારના પક્ષકાર થઈ જમીન લેનાર ક્રિશ્ચનને નૈતિક મહાત આપવાની ઇચ્છા પણ હતી.

" પણ મારી પાસે અહીં કશાં સાધનો નથી, " ડૉક્ટરે કહ્યું.

" તે ગમે તેમ હોય પણ તમે જાઓ અને જે થઈ શકે તે કરો. બાઈને બચાવો. " ડૉક્ટર માથે ટોપી નાંખી હાથમાં લાકડી લઈ ચાલ્યા.

ડૉક્ટર પહોંચે તે પહેલાં અબ્દુલ પહોંચ્યો હતો. કંઇક અપરિચયથી, કંઇક હલકા લોકોની સાથે કદી મળેલો નહિ તેથી અતડું પડવાથી, અને ઘણો તો ખસિયાણો પડી જવાથી, ફ્રાન્સેકા અબ્દુલને આવકારનો શબ્દ સુદ્ધાં કહી શક્યો નહિ. પણ અબ્દુલે પોતાના સ્વભાવની સરલતાથી કહ્યું: " હાથ ધોવા પાણી લાવો. ધૂપ કરવા દેવતા લાવો. " ચુનિયાએ પાણી આપ્યું તેનાથી હાથ ધોયા, પછી દેવતા પર સાથે પડીકીમાં આણેલો લોબાન નાંખી ધૂપ કર્યો. તે પર હાથ ધરી કાંઇક બોલ્યો, હાથ આંખોએ અડાડયા. પછી સાથે આણેલો પાટો તેણે ધૂપ પર ધર્યો અને ચુનિયા પાસે આંખે પાટો બંધાવ્યો.

" હવે મને બાઈના ઓરડામાં લઈ જાઓ. "

પ્રસૂતિના ઓરડામાં જતાં જ તેણે કહ્યું: " નહિ હોં માઈ! તું તો મારી બહેન થાય. ગભરાઇશ નહિ. આંખો જરા વાર મીંચી જા અને હું કહું તેમ કરજે બહેન! " તેના મુખ પર ઑપરેશન કરનારની ચપળતા નહોતી પણ ધર્મક્રિયા કરનારની ગંભીરતા હતી. તેનું મોં, અને આંખ ઉપરનો પાટો—એ પાટો ગાંધારીએ જીવનભર રાખેલા પાટાથી ઓછો પવિત્ર નહોતો—જોઈ આ ક્રિશ્ચન બાઈને શ્રદ્ધા થઈ. તેણે આંખો મીંચી દીધી.

અબ્દુલે પોતાનું કામ શરૂ કર્યું. એટલામાં ડૉક્ટર અને નર્સ આવ્યાં. ફ્રૉન્સેકા જરા સ્વસ્થ થયો હતો. તેણે ડૉક્ટરને આવકાર આપી અબ્દુલની વાત કરી. ડૉક્ટરે અબ્દુલની વાત સાંભળેલી, તેથી તેણે તેને જ કામ કરવા દીધું. ડૉક્ટર અને નર્સ જોતાં દૂર ઊભાં રહ્યાં.

ફ્રૉન્સેકા બહાર ઊભો હતો. કોઈ કોઈ વાર જેનીના વેદનાના અવાજો, અબ્દુલના સાંત્વનના શબ્દો અને સૂચનાઓ "ફિકર નહિ હોં બહેન, જરા જોરથી દમ લે. . . ", વચમાં વચમાં નર્સે ઉચ્ચારેલા પ્રશંસાના ઉદ્ગારો, શ્વાસ અદ્ધર રાખીને તે દૂરથી સાંભળતો હતો. થોડા વખત પછી અબ્દુલે આશ્વાસનનું 'બસ' કહ્યું અને તે પછી થોડી વારે નવા બાળકનો રડવાનો અવાજ, જાણે જગતમાં પોતાને માટે માર્ગ કરતો હોય, જાણે એક નવા જીવની ગણના કરવા ફરજ પાડતો હોય એવો આવ્યો. અને અબ્દુલે અર્ધ હાસ્યથી કહ્યું: "પોર્યા, જન્મતાં આટલું પરાક્રમ કર્યું તો મોટો થઈને શું એ કરીશ ?" તેણે અવાજ ઉપરથી છોકરો છે એમ પારખ્યું હતું.

ડૉક્ટર બહાર નીકળ્યો. ફ્રૉન્સેકા આગળ તેણે અબ્દુલનાં ઘણાં જ વખાણ કર્યાં અને નર્સને સામાન્ય સૂચના આપી તે ગયો. થોડી વારે અબ્દુલ પણ બહાર નીકળ્યો, અને પાટો છોડાવી ચાલ્યો ગયો. ફ્રૉન્સેકા આ બનાવથી દિંગ થઈ તેના સામું જ જોઈ રહ્યો.

અબ્દુલ ત્રણ દિવસ ખબર પૂછવા આવ્યો. જેનીની તબિયત સારી હતી. ત્રીજે વાસે તેણે અબ્દુલ સાથે છૂટથી વાતચીત કરી. અબ્દુલ ચાલ્યો ગયો. તે પછી બેએક કલાકે જેનીએ નર્સ મારફત ફ્રૉન્સેકાને બોલાવ્યો. ફ્રૉન્સેકા આટલા બનાવોથી ગરીબ થઈ ગયો હતો. તે જેનીનું વચન ઉપાડી લેવા આતુર, દૂર દીન વદને ઊભો રહ્યો.

"જો વહાલા, આ અબ્દુલની વાત તું જાણે છે? આજે મેં એને બધી વાત પૂછી જોઈ. તેની બધી જમીન ખાલસા થઈ ગઈ છે. તેની બૈરીની મરજી જમીન રાખવાની હતી પણ તેણે કહ્યું કે બધાં માણસોથી જુદાં પડી જમીન રખાય નહિ. તેની બૈરી જમીનને માટે રડતી કકળતી મરી ગઈ." જેનીએ એક દીર્ઘ શ્વાસ લીધો. "છતાં તેણે તો જમીન જવા જ દીધી. અત્યારે તેનો ધંધો ચાલતો નથી. સરકારે ઘાણીનો બળદ પણ તેનો લઈ લીધો છે. તેના ઘરમાં ખાવા નથી. મેં તેને બસો ત્રણસો જોઈએ તેટલા રૂપિયા આપવા કહ્યું પણ તેણે ના જ પાડી. આ ધંધાનું તે કાંઇ લેતો નથી. ફક્ત છોકરાંને દૂધ પીવરાવે છે. અત્યારે પરદેશ જવા વિચાર કરે છે પણ નાનો છોકરો ક્યાં મૂકવો તેની તેને ચિંતા છે."

જેનીએ ફ્રાન્સેકાના મોઢા પર ફેરફાર થતો જોયો. તેણે લાંબો શ્વાસ લીધો અને ફરી બોલવા જતી હતી, તેટલામાં ફ્રાન્સેકાએ મોટા અવાજે 'મારા ખોદા' એમ કહી રડી દીધું અને મોં પર હાથ ઢાંક્યા. જેનીએ તેને વહાલથી પાસે બોલાવ્યો. "નહિ, વહાલા, હું તને ઠપકો દેવાની નથી. પણ—"

"નહિ, નહિ વહાલી, હું તેની જમીન પાછી આપી દઈશ."

"પણ તે વાત પણ મેં તેને પૂછી જોઈ. ગામથી જુદાં પડી તે પોતે એકલો જમીન લેવા માગતો નથી."

"હું સાંભળતો હતો. હું બધી જમીન છોડી દેવાનો છું. આપણે અહીંથી ચાલ્યાં જઈશું."

ફ્રાન્સેકા જેની પાસે એક ખુરશી પર બેઠો. બન્ને નીરવ શાંતિમાં કેટલીયે વાર એમ જ બેસી રહ્યાં. જેની માત્ર સૂતી સૂતી તેના ઢીંચણ પર હેતમાં હાથ ફેરવતી રહી.

આપણે કહીએ છીએ કે પુરુષના કર્મ આડું પાંદડું હોય

છે—પાંદડાંને ઊડતાં વાર લાગે તેટલી જ વાર પુરુષનું નસીબ ખૂલતાં લાગે છે. એથી પણ વધારે સાચું એ છે કે માણસના સૌજન્ય આડું માત્ર પાંદડું હોય છે. આપણે આપણી અશ્રદ્ધામાં તે ઉડાડવા પ્રયત્ન કરતા નથી.

*

કહેવાની જરૂર નથી કે આ નવી વસવાટ કરવાના પહેલા અખતરામાં સરકાર નિષ્ફળ જવાથી તેણે લોકો સાથે સમાધાન કરી દીધું છે. સત્યાગ્રહમાં કામ કરવા આવેલામાંથી ત્યાંના અસલ વતનીઓની સ્થિતિ સુધારવા, તેમને કેળવવા, એક મંડળ સ્થપાયું છે અને ફ્રૉન્સેકા અને જેની તેમાં જોડાઈ ગયાં છે. તેમણે પોતાની જમીન ગામના લોકોને આપી તેનું એક ટ્રસ્ટ કર્યું છે, જેમાંથી 'અબ્દુલ પ્રસૂતિગૃહ' ચાલે છે. એક પ્રસૂતિનિષ્ણાત ડૉક્ટર અબ્દુલ સાથે કામ કરે છે, ત્યાં પ્રસૂતિનું શિક્ષણ અપાય છે, અને આખા તાલુકાની સ્ત્રીઓ તેનો લાભ લે છે.

G. I. HIGH SCHOOL,
BOYS' CLASS
LIBRARY.
CLASS..........
NO..............

# છેલ્લો દાંડક્ય ભોજ

**જે સમયની** તવારીખ ઇતિહાસપુરાણમાંથી મળે છે તે પ્રાચીન સમયમાં, ઘન દુર્ભેદ્ય અને ભયંકર દંડકારણ્યના ઉત્તર તરફના સીમાડાથી વીસેક કોસ દૂર અરણ્યમાં એક અજિતદુર્ગ નામનો વનદુર્ગ હતો. તેમાં એક ભોજવંશની ગણાતી શાખાના દાંડક્ય રાજાઓ રાજ કરતા હતા. હાલ તેરમો દાંડક્ય ભોજ વિરાધસેન ત્રણ વર્ષથી ગાદીએ આવેલો છે.

આજે આખા રાજમહેલમાં દાસદાસીઓની જબરી જાઆવ થઈ રહી છે. રાજાનો હુકમ મન્ત્રશાલા તૈયાર કરાવવાનો છે. કામ કરનારાં દાસદાસીઓ આના કારણ વિશે પોતપોતાની રાજનૈતિક માહિતી અને બુદ્ધિના વિશ્વાસથી તેની ગુસપુસ ગુસપુસ વાતો કરતાં હતાં. મગધ દેશનો રાજવૈદ્ય આજીવક ધુન્ધુમાર આજે આવવાનો હતો. મગધાધિપતિ શોણ નદીને કિનારે એક નવો રાજમહેલ કરાવતા હતા અને તેને માટે ઉત્તમ પ્રકારનાં પુષ્કળ સાગ સીસમ વગેરે દંડકાથી તેમણે મંગાવ્યાં હતાં અને તેનો કર શો પડશે તે દંડકાધિપતિને

પુછાવ્યું હતું. વિરાધસેને બહુ જ વિનયથી ખાસ વૈતાલ મંત્રી પાસે સામનો[1] જવાબ અપાવ્યો હતો કે મગધ અને ભોજને પૂર્વનો સંબંધ છે. દંડકાધિપતિ એ સંબંધની ખાતર માત્ર નામનો કર લેશે. તે તો માત્ર એટલું જ ઇચ્છે છે કે મગધનાં રાજ્યરત્નોમાં કૌસ્તુભમણિરૂપ આજીવક[2] ધ્રુન્ધુમાર પોતાનો શાલામિત્ર હતો; બન્ને ઘણાં વર્ષો તક્ષશિલામાં ભેગા રહ્યા હતા અને ત્યાર પછી કદી મળ્યા નથી તો કૃપા કરી તેમને રાજ્યની અનુકૂળતાએ એકાદ માસ મોકલતા રહો તો અમારો અરણ્યવાસ કંઇક ઓછો કષ્ટપ્રદ થાય વગેરે વગેરે. મગધ અને દંડકા એક સીમાડાનાં નહોતાં. તેમને વૈરભાવ હોવાનું કશું કારણ નહોતું. ખરી રીતે દંડકાનાં હવાપાણી એવાં ગણાતાં અને તેમાં આટવિકો, અનાર્યો અને કિરાતોની વસ્તી એવી જંગલી ગણાતી કે કોઇને આ દેશ ઉપર આંખ રાખવાનું કારણ નહોતું. જતાં આવતાં અને રાજ્યનાં કામકાજમાં સગવડ મળે માટે સૌ તેમની સાથે સારાસારી રાખતાં, પણ કોઈ ભોજોની ઉચ્ચ ક્ષત્રિયકુલોમાં ગણના કરતું નહિ. આર્ય સંસ્કૃતિનાં કેન્દ્રોથી દૂર અનાર્યોમાં રહેવાથી તેમને માટે રાજ્યોમાં હીણું બોલાતું. ભોજો કોઈ ક્ષત્રિયકુલોના સ્વયંવરમાં જવાની હામ ભીડી શકતા નહિ. તેમને, ખોટા આર્ય ગણાઈ ગયેલા હલકી કોમના ક્ષત્રિયો અને આટવિક રાજાઓની કન્યાઓ લાવવી પડતી. શિષ્ટાચાર શીખવા અને રાજ્યની પ્રતિષ્ઠા વધારવાને જ વિરાધસેનને તક્ષશિલામાં અભ્યાસ કરવા મોકલેલો હતો. આ સઘળી પરિસ્થિતિ અને હકીકતની ભોંય

૧ સામ દાન ભેદ દંડ એ ચાર ઉપાયો પૈકી સામ એટલે સમજાવવું, સારું લગાડવું.

૨ જગતમાં જે કાંઈ છે તે નિયત છે એમ માનનાર એક નિયતિવાદી શ્રમણસંપ્રદાય.

ઉપર દાસદાસીઓના રાજનૈતિક તર્કો થતા હતા. મહારાજનું પગરણ મગધની સાથે વૈવાહિક સંબંધ બાંધવાને હોય એ તો કોઇને શક્ય લાગતું નહોતું. વૈદ્યને પુત્રપ્રાપ્તિ માટે બોલાવ્યો હોય પણ જનાનામાંથી બાતમી લેવા આવેલી દાસીએ એ અશક્ય છે એમ કહ્યું. મંત્રશાલાનું કામ અને તર્ક બન્ને ખૂટતાં દાસદાસીઓ પોતપોતાને સ્થલે ગયાં.

આજીવક ધુન્ધુમાર પોતાને ઉતારે જમી આરામ લઈ, જરા નિદ્રા કરી રાત્રે મંત્રશાલામાં રાજાને મળવા આવ્યો. શાલામાં આ બે સિવાય કોઈ નહોતું. મહારાજને પંખો ઢાળનાર પણ નહોતાં અને મહારાજની મહિષીના માનીતા પોપટને પણ દૂર કર્યો હતો. શાલાથી પચાસ પચાસ દંડ દૂર પહેરેગીરો ચોકી કરતા હતા.

મહારાજે ઘણા ભાવપૂર્વક આદરથી ધુન્ધુમારને આસન દેખાડયું તે ઉપર આજીવક બેઠો. મહારાજે જૂની મૈત્રીના દિવસો તાજા કર્યા અને મગધમાં તેનું માન હતું તેથી પોતાને સંતોષ છે એમ કહીને ટોળ કરી કે એવા મોટા રાજ્યની પ્રસાદી છોડી જૂનો મિત્રસંબંધ તેને શેનો સાંભરે? ધુન્ધુમારે પોતાનું સર્વ કુશળ કહ્યું અને ખુલાસો કર્યો કે ન નીકળવાનું કારણ બીજું કાંઇ જ નહિ પણ અમુક યન્ત્રોમાં અમુક દવાઓ સિદ્ધ કરવા મૂકેલી તેને જાતે અખંડ બાર વરસ તપાસવાની જરૂર હતી તે મુજબ તપાસતો હોવાથી આવી શકેલો નહિ. છેવટે તેણે પૂછ્યું: “ પણ મહારાજ, આપનું શરીર આવું કૃશ અને ચિત્ત અસ્વસ્થ કેમ જણાય છે ? ”

“ રાજાઓ કદી ચિંતાથી મુક્ત હોતા નથી. ”

“ પણ આપને ચિંતા હોવાનું કશું કારણ જણાતું નથી.”

“ તમે છેક જ તક્ષશિલાની વિશ્રંભવાતો ભૂલી ગયા લાગો છો.”

૨

"રાજ્ય તો આપને મળ્યું છે."

"પણ તમારા રસાયનનો ઉપયોગ કર્યા વિના નહિ. તમારા રસાયનનું ટીપું મહારાજ સિદ્ધસેનના પલંગ પર નાંખી તેના પર હરિતાલ ઘસી ત્યારે રાજ્ય મળ્યું."

"મહારાજ, આપના રાજ્યમાં પેસતાં હું પ્રજામાં હળતો મળતો રહ્યો છું. કોઇને એ વિશે વહેમ નથી. માર્ગમાં ઉત્તરના સામંત સાથે મેળાપ થયો તેને પણ આવો કશો વહેમ નથી."

"મારા પર વહેમ આવેલો પણ હરિતાલ વિનાની દવા નિર્દોષ જણાઈ એટલે કોઈએ વહેમ આણ્યો નહિ. ઉત્તરના સામંતે કાંઇ કહ્યું?"

"જી હા, મહારાજને પુત્ર ન થાય એવું કરું તો દર વર્ષે સહસ્ર નિષ્ક આપવાનું કહ્યું છે."

"તમે તેનું વર્ષાસન લઈ લો. મેં તમને પુત્ર માટે નહિ પણ સંતતિ ન થાય તે માટે બોલાવ્યા છે. એ જ મારી ચિંતાનું કારણ છે."

"પણ મહારાજ, રાજ્યને વારસ તો જોઈએ ને?"

"મિત્ર! ઇતિહાસના અનભિજ્ઞની માફક શું બોલે છે? ભોજની છેલ્લી દસ પેઢીમાં સાત રાજાઓ પિતાને મારીને ગાદીએ આવ્યા છે. બીજા દેશો જો. તેમાં પણ હમણાં તો મગધ, મદ્ર, કોસલ, અવન્તી સર્વમાં પિતાને મારીને જ કુમાર ગાદીએ આવે છે. જાણે એ જ સ્વાભાવિક ક્રમ થયો છે. જેમ એક સીમાડાના બે રાજાઓ સ્વાભાવિક શત્રુઓ છે તેમ પિતાપુત્ર નિત્યશત્રુ છે. હું વ્યાકરણકાર હોઉં તો પિતાપુત્રનો અહિ–નકુલ[1] જેવો સમાસ કરું. ખરું જ કહ્યું છે કે કુમારો કરચલા જેવા છેઃ કરચલા જનનીને મારે છે, કુમારો જનકને.

૧ સરપ અને નોળિયો. સંસ્કૃતમાં નિત્ય શત્રુઓનો એક સમાસ થઇ શકે છે. અહિ–નકુલ તેનો દાખલો છે.

૯૮૩૧૦

"ત્યારે મહારાજ, આપની શી ઇચ્છા છે ?......"

"જો, તેં કહ્યા પ્રમાણે ઋતુકાલના પહેલા સોળ દિવસ વર્જીને જ હું સમાગમ કરતો, છતાં વર્જિતકાળે દેવીને ગર્ભ રહ્યો. સારું થયું પુત્રી હતી અને તે પણ મરી ગઈ."

"મહારાજ, કાંઈ ગણિતમાં તો ભૂલ નહિ થઈ હોય ? આ વિષયમાં મેં પ્રયોગ કરી જોયો નથી, પણ બાભ્રવ્યનું વચન છે, ખોટું હોય નહિ. આપ જાણતા હશો બાભ્રવ્યની બે જ પ્રતો છે. એક અવન્તીના વૈદ્ય પાસે અને એક મારી પાસે. કલિંગના વૈદ્યે નકલ ઉતારવા મારી પાસે માગણી કરી હતી પણ મેં આપી નહિ."

વિરાધસેન ઊભો થયો. પાસેની મજૂસમાંથી એક રંગેલો લાકડાનો દાબડો લઈ આવ્યો. તેમાંથી તેણે થોડા પત્રો કાઢી બતાવ્યા. તેમાં ખાનાં પાડી તિથિઓ લખી હતી તે બતાવી કહ્યું: "મારી ખાસ પરિચારિકાઓ પાસેથી આ તિથિઓ મેળવી છે." ધુન્ધુમારે પોતાની પાસેથી પત્રો કાઢી ચન્દ્રની ગતિ સાથે આ તિથિઓ મેળવી જોઈ, અને કહ્યું: "મને આ ગણિત ખરું લાગે છે. મહારાજને બાધ ન હોય તો મારી નોંધમાં આ ટપકાવી લઉં, નામ ઠામ વિના, અને મારી કૂટસંજ્ઞામાં. મારી ખાતર નહિ, માત્ર શાસ્ત્રવિકાસની ખાતર."

"શાસ્ત્રવિકાસની ખાતર જે કરે તે કશાને માટે બાધ નથી."

"ત્યારે મહારાજ, હાલ શો ઉપાય કરો છો ?"

"પુત્રીના જન્મ પછી અમુક માસ તો એ દેવીનો સમાગમ પ્રત્યવાયરહિત ગણ્યો. પુત્રી મરી ગઈ એટલે બંધ કર્યો."

"યોગ્ય કર્યું; અને ત્યારથી ?"

"ત્યારથી રિખવદેવના ઋજુજડોની[1] પેઠે બ્રહ્મચારી છું."

૧ આદિ જૈનતીર્થંકર ઋષભદેવના સાધુઓને ઋજુજડ કહેતા.

"મહારાજ, એ જ આપની અસ્વસ્થતાનું કારણ છે. આપ અંતઃપુર બહાર જુદી સ્ત્રીઓને વસાવી ન શકો ? તેના પુત્રો કાંઇ ભયનું કારણ નથી !"

"મિત્ર, તું આ રાજ્યને શું ગણે છે ? આ તે કાંઇ ઉત્તરાપથ[1] દીઠો ? અહીં તો ગણિકાપુત્ર પણ વારસ થઈ શકે છે. અમારે ભોજોને બમણી ચિંતા છે. બીજા રાજાઓ જેવા ગણાવા તેમની રીત રાખવી પડે છે તે ઉપરાંત અહીંની રીતોનો ગેરલાભ પણ અમારે ભોગવવો પડે છે."

"ત્યારે મહારાજની શી ઇચ્છા છે ?"

"બધી હકીકત મેં કહી. ઉપાય તો તું જાણે. એવું કાંઈ નથી જેથી સ્ત્રીઓ વન્ધ્ય થઈ જાય ?"

"બે ઉપાયો છેઃ એકથી સ્ત્રી નિત્યવન્ધ્ય બને છે; બીજાથી નિત્યવન્ધ્ય બનતી નથી પણ દર સમાગમ સમયે તે દવા આપવી પડે છે."

"પહેલો ઉપાય જ સારો."

"જી ના, એ કુચુમારનો પ્રયોગ છે. મને બધામાં એના પ્રયોગો અકસીર પણ કંઇ ને કંઇ દોષવાળા લાગ્યા છે. એના ઔષધથી સ્ત્રી વન્ધ્યા થાય છે, પણ પછી તે બીભત્સરૂપ થતી જાય છે, પુરુષસ્પર્શ વાંછતી નથી. તેના મોં પર દાઢી ને મૂછની જગાએ વાળ ઊગે છે, અને એનો સ્પર્શ પણ પુરુષને પછી જુગુપ્સાકારક થાય છે, એવી મારા પિતાની નોંધ છે. હું તેની ભલામણ કરી શકતો નથી. બીજું ઔષધ પણ એટલું જ અકસીર છે. પણ બરાબર વાપરવું જોઇએ."

"અને પહેલા પ્રયોગની અસર કેટલા દિવસે જણાય ?"

૧ વિન્ધ્ય પર્વતની ઉત્તરનો હિંદ જે પ્રાચીન સમયમાં ખરો આર્યાવર્ત ગણાતો હતો.

" બરાબર ચાર ચાન્દ્રમાસ પછી, અથવા ખરું કહું તો ચાર ઋતુઓ પછી. "

" મને બન્ને આપો. એક ઉપર જ પહેલો પ્રયોગ કરીશ. તેની એવી અસર થશે તો બીજી ઉપર નહિ કરું. બીજીઓને પેલું સૌમ્ય ઔષધ આપીશ. "

" હું ફરી કહું છું મહારાજ, કુન્યુમારનું ઔષધ ન માગો. મહારાજ પોતે જ કદાચ આગળ ઉપર પુત્રની ઇચ્છા કરશે અને ત્યારે મારા સર્વ ઇલાજો નિષ્ફળ ગયા હશે. કુન્યુમારનું વારણ કરનાર આ જગતમાં સાક્ષાત્ બ્રહ્મા પણ નથી. મહારાજ, એ ન માગો. "

" નહિ, એ જ આપ. અને તું જોઈશ કે હું કોઇને નકામું હેરાન કરીશ નહિ. "

" મહારાજની ઇચ્છા. અને એક બીજી વાત. કુન્યુમારનો પ્રયોગ મેં કરી જોયો નથી. પણ મારો ઉપાય મેં ઘણી જગાએ કરેલો છે. તે અકસીર છે. પછી પ્રયોગમાં કાંઈ પ્રમાદ થાય અને અન્યથા પરિણામ આવે તો મને દોષ ન દેશો. "

" હું જાતે જ દવા આપીશ. "

" તો ભલે. "

" અને જરા રહો. " વિરાધસેને એ જ મજૂસમાંથી એક હીરો કાઢયો. " રાજ્યની રીતે તો તારો આદરસત્કાર થશે. પણ કોઇને આપણા રહસ્ય વિશે શંકા ન થાય માટે પસાય બહુ સાધારણ આપવાનું મેં મંત્રીઓને કહ્યું છે. માટે આપણી મૈત્રી અને તારા શાસ્ત્રજ્ઞાનની ખાતર, તેના જેવો જ નિર્મળ અને દઢ આ હીરો સ્વીકાર. જો પેલી શુષ્કનીરા નદી રહી. એ સૂકી છે, તેમાં માત્ર બે માસ જ પાણી રહે છે પણ તે હીરાની ખાણ છે. તેમાંથી આ નીકળ્યો છે. મહાન રાજકુલો

સિવાય આવો હીરો મળવો મુશ્કિલ છે. તે સ્વીકાર. અને એક બીજી વાત. મારે હજી પણ તારી જરૂર પડશે, તું દર છ માસે ન આવે ?"

"આવીશ મહારાજ!"

"ત્યારે હવે ઘણો સમય થયો છે. તમે સુખરૂપ આરામ કરો."

"મહારાજને સુસ્વાપ હો."

*

બરાબર છ માસે એ જ મંત્રશાલામાં આ જૂના મિત્રો પાછા બેઠા. શિષ્ટાચારની આપલે પછી આજીવક ધુન્ધુમારે કહ્યું: "પણ મહારાજ, આપની પ્રકૃતિ ગયા વખત કરતાં પણ વધારે અસ્વસ્થ છે!"

"ખરી વાત, પણ તેમાં તારો દોષ નથી. દોષ આ અમારાં અજ્ઞાન અંતઃપુરનો જ છે."

"મહારાજ, સવિસ્તર જાણવા ઇચ્છું છું, જેથી તેનો શો ઉપાય કરવો તે સૂઝે."

"હું પણ સવિસ્તર જ કહેવા ઇચ્છું છું. જુઓ મેં ઔષધનો ઉપયોગ ક્યારે કર્યો તેની બધી નોંધ આમાં છે. કુસુમારની ગોળીનો પ્રયોગ મેં અશ્લેષા ઉપર કર્યો. તે પૂર્વ તરફના દૂરના આટવિકની કુંવરી છે એટલે કાંઈ પણ પ્રતિકૂળ પરિણામ આવે તોપણ વાંધો નહિ. પ્રથમ તો ગોળી લેવાની તેણે ના પાડી. બધી જ સ્ત્રીઓ આમ હઠીલી શા માટે હોય છે તે સમજાતું નથી!"

"મહારાજ, સ્ત્રી પોતાને પ્રતિકૂળ વસ્તુ કોઇ ગૂઢ રીતે સમજી જાય છે."

"પણ એ ક્યાં જાણતી હતી કે કુસુમારની ગોળીથી શું

થાય છે. અને બીજી રાણીઓ પેલી બીજી ગોળીઓનો પણ એટલો જ પ્રતિષેધ કરતી હતી. એમાં શું પ્રતિકૂળ હતું જે?"

"પ્રતિકૂળ તો ખરું જ ના મહારાજ, એમની દૃષ્ટિએ. આપની માફક એ નિષ્ફળ સમાગમ ઇચ્છતી નથી જ. પણ પરિણામના જરા પણ આભાસ વિના સ્ત્રી પોતાને પ્રતિકૂળ વસ્તુ કે માણસને તરત ઓળખી જાય છે એ મારો અનુભવ છે. દત્તક પણ એ જ અનુભવ નોંધે છે. પછી શું પરિણામ આવ્યું મહારાજ?"

"તમારી આગાહી સાચી ઠરી. ચાર માસ પછી તેણે કુરૂપતાનાં ચિહ્નો પ્રગટ કરવા માંડ્યાં."

"મેં તો આપને કહ્યું હતું."

"અત્યારે મને એનો સ્પર્શ નથી ગમતો, મારો એને નથી ગમતો. એટલું જ નહિ એનું આખું માનસ જાણે બદલાઇ ગયું છે."

"મને આપ કહી શકશો?—અલબત શાસ્ત્રની પૂર્ણતાને અર્થે."

"હં. મને લાગે છે કે એ ગાંડી થઈ જશે. દિવસ આખો શૂન્ય થઈ બેસી રહે છે. કેશસાધન પણ કરતી નથી. તેની ઊંઘ ઊડી ગઈ છે. અન્ન અને નિદ્રામાં અનિયમિત રહે છે. સામાન્ય રીતે અન્નનો તિરસ્કાર કરે છે અને ગંધાતું અને સડી ગયેલું અન્ન તેને ભાવે છે. બધાને મારવા જાય છે,—નિષ્કારણ. મને લાગે છે કે સ્ત્રીમાં પોતાના સ્વભાવ જેવું કશું હોતું જ નથી. બહારની પરિસ્થિતિને તે વધારે અધીન થાય છે. પુરુષને આવું કંઇ થાય તો તે આવો ન બદલાઈ જાય. અંતઃપુરમાં વ્યંઢળો હોય જ છે તો, પણ તે આવા વિકૃતમાનસ નથી હોતા. આપણે એ જેવા અત્યારે શાસ્ત્રદૃષ્ટિથી આખો વિષય વિચારી શકીએ છીએ તેમ સ્ત્રીઓ કરી જ નથી શકતી."

"પેલી બીજી ગોળીઓ તો સંતોષકારક નીવડી?"

"તે પણ લેતાં તો પ્રથમ આનાકાની ખરી જ. પછી મેં સમજાવ્યું કે આ તો પુત્રપ્રાપ્તિ માટેની ગોળીઓ છે. ત્યારે બધી રાણીઓએ લીધી. છતાં લેતી વખતે તેમની નજરમાં શંકા હું જોઈ શકતો હતો."

"ત્યારે હજી આપ અસ્વસ્થ કેમ છો?"

"હજી મારી કથા અધૂરી છે. એત્રણ માસે બધી રાણીઓ પૂછવા લાગી કે મને કેમ કાંઈ ગર્ભનું ચિહ્ન દેખાતું નથી? મેં કહ્યું જેમ મોડો ગર્ભ રહેશે તેમ વધારે પ્રતાપી પુત્ર જન્મશે."

"રાજ્યકર્તાને મૃષાવાદનો દોષ નથી."

"અને આજીવકને છે? હું તો લોકાયત[1] છું. અને બુદ્ધિપૂર્વક સુખ ભોગવવું એને જ પુરુષાર્થ માનું છું."

"પછી શું થયું?"

"મારી હકીકત તેમણે શંકાથી સાંભળી. ત્યાં બીજી જ આપત્તિ આવી. અશ્લેષાની કુરૂપતાનાં ચિહ્નો દેખાવા માંડ્યાં એટલે બધી રાણીઓએ ગોળી લેવાની ના જ પાડી. તેમને હું જુદી ગોળીઓ આપતો હતો એમ સમજાવ્યું, પણ વૃથા. બધી એક જ રીતે વિરોધ કરે છે. ખરેખર સ્ત્રીઓને વિશિષ્ટ સ્વભાવ જેવું કશું નથી. એક ગોળી લઈને ચાલાકીથી ફેંકી દીધી તે મેં જોયું, ત્યારથી મારે સ્ત્રીસંગ છોડવો પડ્યો. અસંગ એ મારી પ્રકૃતિને પ્રતિકૂળ છે. હું તેથી શરીર અને મન બન્નેમાં અસ્વસ્થ રહું છું. આ જ મારી અસ્વસ્થતાનું કારણ છે."

"ત્યારે હવે આનો શો ઉપાય કરવો?"

"કાંઇ એવું ન થઈ શકે કે માત્ર હાથના કે એવા ગમે તે અવયવના સ્પર્શથી સંપૂર્ણ ઉપભોગસુખ લઈ શકાય?"

૧. ચાર્વાકમતનો.

"એ શક્ય છે. પણ હજી મેં તેનો પ્રયોગ કર્યો નથી. કહો તો આપને મોકલી આપું?"

"હા મોકલો. હું કરી જોઉં. કાંઇ હાનિ થવા સંભવ છે?"

"અતિરેકથી સંભાળવું એ જ."

"અને તેથી વાસ્તવિક સમાગમ. . ."

"તેમાં સંશય નથી. તે સિવાય તો આ ઉપાય જ શેનો ગણાય?"

"ભલે ત્યારે એ ઔષધ જરૂર મોકલશો. તેનો પ્રયોગ કઈ રીતે કરવાનો છે?"

"એ સ્નાનનો વર્ણ છે. સ્નાનોદકમાં નાંખીને તેનાથી સ્નાન કરવું. સુગન્ધિ દ્રવ્ય છે."

"અને આ વખતે છ માસને બદલે પાંચ માસે આવશો. આમાં જેમ અણધાર્યું વિઘ્ન આવ્યું તેમ આમાં પણ કદાચ આવે. સ્ત્રીઓ સાથે વ્યવહાર એ ખરેખર મહાન કષ્ટ છે."

"ભલે."

*

પાંચ માસ પછી એ જ મિત્રો એ જ જગાએ વાત કરતા હતા. હર વખત જેમ ધુન્ધુમારને જ આ વખતે પણ કહેવું પડયું:

"કેમ આ વખતે તો અસ્વસ્થતા ઉપરાંત મન ઉદ્વિગ્ન જેવું છે? મારું ઔષધ શું કાર્યકર ન નીવડયું?"

"નહિ, કાર્યકર તો નીવડયું. તમારા ઔષધનો દોષ કાઢી શકું તેમ નથી."

"નવો પ્રયોગ છે માટે જરા વિસ્તારપૂર્વક સાંભળવા ઇચ્છું છું."

"તેમાં પ્રયોગ સંબંધી વિસ્તારપૂર્વક કહેવાનું છે જ નહિ. પ્રયોગ તો સાક્ષાત્ ધન્વંતરીના જેવો છે. પણ કષ્ટ માત્ર

સ્ત્રીઓનું છે. મારો અવરોધ[1] તો પુષ્કળ મોટો છે તે તમે જાણો છો."

"જી હા."

"આપણે ઉપાયનો વિચાર કરતાં અપાયનો વિચાર કરી શક્યા નહિ."

"કેવી રીતે મહારાજ?"

"તમારાં ઔષધોથી સ્નાન કરી હું જુદી જુદી રાણી પાસે જવા લાગ્યો. કોઇને પાસે બેસારીને, કોઇને તાંબુલ, કોઇને ચુંબન, કોઇને ઉપગૂહન વગેરેથી સ્પર્શ કરી હું કંઇક નિમિત્ત કાઢી ચાલ્યો જતો. પણ બે માસમાં દરેકને મારા વર્તન વિશે વહેમ પડયો. આપણો આ ઉપાય તો સાચો, પણ તે આગળના ઉપાય સાથે વિસંવાદી છે તે આપણી નજર બહાર રહી ગયું."

"કેવી રીતે?"

"છેલ્લા ઉપાયમાં ગોળી આપતી વખતે મેં દરેક રાણીને પુત્રપ્રાપ્તિની આશા આપેલી. હવે નવા ઉપાય પ્રમાણે હું સંગથી દૂર રહું છું એમ જોઇને તેમને જૂના ઉપાય પરનો વહેમ દઢતર થયો અને મારા નવા વર્તન વિશે શંકા આવી!"

"સ્ત્રીઓનું અશિક્ષિતપટુત્વ કહ્યું છે તે એ જ."

"એક સ્ત્રીએ તો સ્પર્શનો નિષેધ કરતાં સ્પષ્ટ કહ્યું કે મહારાજના સંગ વિના પણ મને ગર્ભનાં ચિહ્નો પ્રત્યક્ષ થયાં છે, માટે મહારાજે પુત્રપ્રસવ સુધી મને એકલી રહેવા દેવી. મેં પ્રસવની અવધિ પૂછી તો કહે કે જેમ વધારે પ્રતાપી પુત્ર થવાનો હોય તેમ પ્રસવ વધારે દૂર જશે. મને સમજાયું કે આખા અવરોધને મારા તરફ દ્વેષ હતો. એટલે તાંબુલ લેવાને નિમિત્તે હું જતો હતો તે પણ બંધ કર્યું."

[1] જનાનો.

"હાલ શું કરો છો ?"

"રાજ્યની વારાંગનાઓને સેવાર્થે વારાફરતી આવવાનો મેં હુકમ કર્યો છે. તે આવે છે, પણ તેઓ તો રાણીઓ કરતાં પણ વધારે દુરાગ્રહી જણાય છે. મારી પહેલાંના રાજાઓએ વારાંગનાઓ ઉપર બલાત્કાર કર્યાના દાખલા છે છતાં વારાંગનાઓએ કદી રાજ્યનો વિરોધ નથી કર્યો. ઊલટી રાજ્યની મહેરબાની મેળવવાને ઉત્સુક રહેતી. પણ મારો એક માત્ર સ્પર્શ સહન નથી કરી શકતી. એકને બેદિલી માટે દેશવટો દીધો, બીજીને અપમાન માટે દેહાન્તનો દંડ દીધો, અને હમણાં બાતમી છે કે બધી વારાંગનાઓ નાસી છૂટવાની તક માત્ર શોધે છે. હવે આનો કંઈ ઉપાય કરવો ઘટે છે."

"કેવા પ્રકારનો ?"

"જેથી સ્ત્રીઓથી તદ્દન સ્વતંત્ર રહી શકાય. જરા પણ તેના ઉપર આધાર ન રાખવો પડે."

"જ્યાં સુધી સ્ત્રીપુરુષાત્મક સૃષ્ટિ છે ત્યાં સુધી કેવળ સ્વતંત્રતા તો અશક્ય છે. પણ એવું એક અંજન છે જે આંજવાથી સ્ત્રીનો દેહ જોઈ શકાય, વસ્ત્રો દૃષ્ટિને વ્યવધાનરૂપ થાય નહિ, અને એ દૃષ્ટિના સ્મરણ માત્રથી ઈષ્ટ ઉપભોગ થઈ શકે."

"બસ એ ઉપાય સાચો છે. તેમાં કશો અપાય થવા સંભવ છે ?"

"પ્રથમ પ્રયોગ છે, હું કહી ન શકું."

"ત્યારે મોકલો. કેટલે દિવસે મોકલી શકશો ?"

"પંદર દિવસ તેને સિદ્ધ કરતાં થશે."

"ભલે, પંદર દિવસે હું દૂત મોકલીશ. એ જ વસ્તુ છે તેને માટે આ નિશાની મોકલશો અને આ વખતે ચાર માસે પાછા આવશો. નવો પ્રયોગ છે."

"હું પણ નવો પ્રયોગ છે એટલે જાણવા ઉત્સુક છું."

*

ચાર માસે બન્ને જણ ત્યાં બેઠા હતા. આ વખતે વિરાધસેન પહેલો બોલ્યોઃ "મિત્ર, આ વખતનો પ્રયોગ તદ્દન સફળ થયો છે. અને હવે નિષ્ફળ જવાનો સંભવ નથી."

"અવરોધે કશી શંકા દર્શાવી નહિ?"

"અવરોધ કશો વિરોધ કરી શક્યો નથી. ખરું પૂછો તો મિત્ર તારી બુદ્ધિએ સ્ત્રીઓની બુદ્ધિનો તો શું પણ તેમની શંકા અને મૂર્ખતાનો પણ પરાજય કર્યો છે. બધી સ્ત્રીઓ મૂંઝાય છે, કોઇ કોઇ મને મોં બતાવતી નથી. પણ તેથી તારો ઉપાય નિષ્ફળ જતો નથી."

"અને આપની પ્રકૃતિ સ્વસ્થ રહે છે?"

"હા. જો હું શાસ્ત્રકાર હોઉં તો આ સ્થિતિને જ મોક્ષ કહું. આપણું સુખ કેવળ સ્વતંત્ર હોય, જરા પણ પરાવલંબી ન હોય, કોઈ પણ સ્વતંત્ર ઇચ્છાવાળી વ્યક્તિને અધીન ન હોય, એનું જ નામ મોક્ષ! હાલ હું મોક્ષ—જીવન્મુક્તિની સ્થિતિ ભોગવું છું."

"મને સંતોષ થયો."

"પણ ઉપાય યોજનાની યુક્તિઓ તો હું તને કહેવી જ ભૂલી ગયો. હમણાં મેં એક નવી જ યુક્તિ કરી છે. બ્રાહ્મણો અને અન્ય વર્ણોની કન્યાઓનું કન્યાદાન રાજ્યખર્ચે આપવાની યોજના પ્રસિદ્ધ કરી છે, અને હવે મને પ્રૌઢ સ્ત્રીઓની સામે જોવું પણ નથી ગમતું. પણ ધુન્ધુમાર, આ અંજનથી સ્ત્રીને કશી અસર થતી હશે ખરી?"

"થવી તો ન જોઇએ. કેમ કાંઈ જોવામાં આવ્યું?"

"ઘણીખરી કન્યાઓ અત્યન્ત ગભરાય છે. મારી હાજરીમાં બેસવાની ના પાડે છે, કંપે છે. જાણે એના અંગનો

કોઈ સ્પર્શ કરતું હોય તેમ અસ્વસ્થ થાય છે. એ જ દિવસ ઉપર એક ભૃગુ નામના બ્રાહ્મણને પોતાની કન્યા ધામધૂમથી પરણાવવાની ઇચ્છા થતાં તેણે મને કહેવરાવ્યું. મેં તેને રથમાં બોલાવી મગાવી. પણ કન્યાદાન સમયે મેં તેની સામું જોયું એટલે તે મૂર્ચ્છા પામી ગઈ. પરણી ત્યારથી રડ્યા કરે છે. ભૃગુ મારી પાસે આવીને ખુલાસો માગે છે. હું કહું છું તેમાં મારો શો દોષ ? મારો દોષ હોય તો સાબીત કરી બતાવો. હું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર છું. એ તે શું સાબીત કરવાનો હતો ! એ કહે છેઃ જે કાંઇ બને તેને માટે રાજા જવાબદાર છે. મને શાપ આપવાની વાતો કરે છે. આ બ્રાહ્મણો મૂર્ખ છે. તેના કરતાં જંગલી લોકો સારા. તેમને આવી કશી જ ખટપટ નહિ. મેં તમને કાલ્પીઓની વાત કહી ?"

"ના મહારાજ ! મેં એ નામ પણ નથી સાંભળ્યું."

"એ જાતિ આર્યાવર્તમાં અજ્ઞાત છે. તે એક દૂર દક્ષિણની કિરાતજાતિ છે. અતિ ભયંકર છે. તેમની સ્ત્રીઓ ઘણી રૂપાળી હોય છે. કોઈ કોઈ જાતિમાં પુરુષ કરતાં સ્ત્રી વધારે રૂપાળી હોય છે એ શું હશે ?"

"એવું ઘણી જાતિઓમાં હોય છે. આહીર શક બાહ્લિક વગેરે ઘણી જાતિઓમાં મેં એમ જોયું છે."

"મારા અવરોધમાં દરેક જાતિની સ્ત્રી છે પણ કાલ્પીની નથી. મેં એવી સ્ત્રી મેળવવા ઘણો પ્રયત્ન કર્યો પણ ફાવ્યો નહિ. એ લોકો પોતાની સ્ત્રીઓનું શિયળ બહુ જ સખ્તાઇથી સાચવે છે. એમની સ્ત્રીઓ પણ એવી જ બહાદુર હોય છે. પણ મિત્ર, તારા સિદ્ધાંજનથી મને સર્વત્ર ગતિ પ્રાપ્ત થઈ છે. એ કાલ્પીના વૃત્તાંતમાં મેં તારા અંજનનો ખરો પ્રભાવ જોયો. આ કોનો પ્રયોગ છે ?"

"આભ્રવ્યનો."

"કાંઈ અજબ શક્તિવાળો છે. દક્ષિણમાં ઘોર દુષ્કાળ પડવાથી કાલ્પીના મુખીઓએ દંડકામાં પોતાનાં ઢોર સાથે આવવાને મારી રજા માગી. હું શા સારુ ના પાડું? એ લોકોમાં સ્ત્રીઓ પણ પુરુષના જેવાં બધાં કામો કરે છે. ગઈ કાલે મેં એક કાલ્પીને આંબલી ઉપર એકલી દીઠી. કેવળ સોળ સત્તર વરસની મુગ્ધા હશે. મેં તેના સામું જોયું. એ તો તરત પાકેલા ફળની પેઠે નીચે જ પડી. જાણે તેના પર કોઈ ખરે જ બલાત્કાર કરતું હોય તેમ તરફડિયાં મારવા માંડી, અને બેભાન થઈ ગઈ. હું ચાલી આવ્યો. એ લોકો બિચારા સારા! રાજાની ફરજ કે ધર્મ કે પ્રાયશ્ચિત્ત કે એવી કશી વાતો જ નહિ કરવાના!"

"ત્યારે મહારાજ, હવે હું રજા લઉં? હવે મારું કામ છે?"

"ના."

"મહારાજનો જય હો!"

"ભગવાન આભ્રવ્યનો જય હો!"

*

પણ એ કાલ્પી મુગ્ધાનો વૃત્તાન્ત એટલેથી અટક્યો નહિ. કોઈ કાલ્પીએ તેને પડેલી જોઈ અને બીજાઓને બોલાવી તેને ઝૂંપડે લઈ ગયો. ત્રણ દિવસ સુધી તેનાં સગાં અને તેમના ટોળાના મુખીઓ દેવીની આરાધનાનાં ગીતો ગાતા, પાવા વગાડતા અને ડાકલાં વગાડતા તેની આસપાસ બેસી રહ્યા. ત્રીજે દિવસે એ બાઈ ધૂણી. ઘણીવાર જેમ સ્વપ્નામાં આપણે આપણા અનુભવની નવી સૃષ્ટિ રચી, તે સૃષ્ટિ આપણે રચી છે તે ભૂલી જઈ, તેને જ ઓળખીએ છીએ, તેને જ સાચી માનીએ છીએ, તેમ અસંસ્કૃત જાતિઓ ઘણી વાર વ્યવહારમાં

કરે છે. આ કાલ્પી સ્ત્રીએ પોતાનો અનુભવ એવા રૂપમાં કહ્યો. તેનામાં આવેલી માતાએ ધૂણીને કહ્યું: “ જોઈ શું રહ્યા છો ! આને રાજાએ અભડાવી છે. તમારી દેવીને રાજાએ અભડાવી છે.” એટલું કહી એ બાઈ મરણ પામી. તેને ઉપાડીને લઈ આવેલા કાલ્પીએ સાક્ષી પૂરી કે તેણે રાજાને એટલામાં જતો જોયો હતો. કાલ્પીઓના મુખીએ એ જ વખતે એક ભયંકર કીકિયારી કરી ભાલાની અણીથી અંગૂઠા-માંથી લોહી કાઢી તેનું એક ટીપું શબ ઉપર પાડયું, અને બીજા ટીપાથી ભાલાને તિલક કરી તે લાલ ધજાવાળો ભાલો શબના ઓશીકા તરફ એક જ ઘાએ ખોડી દીધો. દીકરીના બાપે ઝૂંપડામાંથી ઢોલ લાવી યુદ્ધની ચાલે તેને વગાડવા માંડયો. જાણે એ ઢોલના જ પડઘા દિશાઓમાં પડતા હોય તેમ બધી દિશાઓમાં જ્યાં જ્યાં કાલ્પીઓએ તે સાંભળ્યો ત્યાં ત્યાં તેવી જ રીતે વગાડયો અને ફરતા બસો ગાઉમાં જ્યાં જ્યાં કાલ્પીઓ હતા ત્યાં ત્યાં સૌએ એ જ પ્રમાણે વગાડયો. અને પછી જાણે દિશામાંથી ઉત્પન્ન થતા હોય તેમ કાળા ચળકતા શરીરવાળા, હાથમાં ભાલા કામઠું અને ખભે ભાથાવાળા પુરુષો, અને પાણીની માટલી અને વધારાના ભાથાવાળી કાલ્પી સ્ત્રીઓનાં ટોળાં ત્યાં નાચતાં કૂદતાં ધૂણતાં ઢોલ વગાડતાં ભેગાં થવા માંડયાં. દરેક ટોળાનો મુખ્ય માણસ આવીને ભાલાની અણીથી એક લોહીનું ટીપું પેલા શબ પર પાડતો અને બીજા ટીપાથી ખોડેલા ભાલાને તિલક કરતો. ત્રણ દિવસ અને ત્રણ રાત આ પ્રમાણે જાણે કુદરતનો કોપ થયો હોય તેમ ઢોલો વાગ્યા કર્યા અને કાલ્પીઓનાં ટોળાં આ જગાએ ભેગાં થયા કર્યાં.

રાજાને બાતમી મળી કે કાલ્પીઓ કામઠાં સાથે ભેગા થાય છે પણ શા માટે થાય છે તે તે સમજી શક્યો નહિ.

બાતમી ઉપરથી તેઓ પોતાની કોઈ દેવીનો ઉત્સવ ઊજવવા ભેગા થયા છે એમ તેણે માન્યું. વળી કાલ્પીઓની [illegible] સંખ્યાની તેને માહિતી નહોતી. તેમ છતાં તેણે લશ્કર તો તૈયાર કરાવ્યું પણ આ લોકો ઉપર તે હલ્લો ન લઈ ગયો. કદાચ કેવળ ધાર્મિક ક્રિયા ચાલતી હોય; આ જાતની લોકોને નિરર્થક લડાઇનું કારણ આપવું તેને વાજબી ન લાગ્યું. આ રીતે સજ્જ થઈ પડી રહેવાથી તેના લશ્કરમાં શિથિલતા પણ આવી. ચોથે દિવસે કાલ્પીઓનું જૂથ રાજમહેલ તરફ ધસ્યું. રાજાનું સૈન્ય તેની સામું થયું. પણ કાલ્પીઓનો ધસારો જ જબરો હતો. તેમનાં પોતાનાં કેટલાં માણસો મરે છે તેની તેમને ગણના કે દરકાર હતી જ નહિ. માત્ર એક જ અનો- વેગથી જાણે બધા ધસ્યા આવતા હતા. ઘણા કાલ્પીઓ મરાયા પણ તેમના શબ ઉપરથી બીજા એટલા જ વેગથી ધસી આવતા હતા. કાલ્પીનાં તીરોને ઝેર પાયેલું હતું અને તેથી તે તીરથી ઘવાયેલ માણસ ફરી ઊઠી શકતો નહોતો. રાજાના સૈન્યે સારી ટક્કર લીધી પણ પછી પોતાની સંખ્યા ઘટતી જોતાં, કાલ્પીઓની સંખ્યા બેસુમાર દેખાતાં, તે હિંમત હારી નાસી ગયું. કાલ્પીઓએ રાજાને પકડ્યો, અને રાજમહેલના સર્વ પુરુષોને અને બાવાતોને કતલ કર્યા. પછી રાજાને લઈ જઈને પેલા આંબલીના ઝાડ ઉપર બાંધ્યો અને રાજમહેલને આગ લગાડી. ત્રણ દિવસ સુધી રાજમહેલ સળગ્યા કર્યો. તે સળગી રહ્યો એટલે કાલ્પીઓના મુખીએ એક ટોપલો લઈ શુષ્કનીરા નદીમાંથી રેતી લાવી રાજમહેલની જગાએ નાંખી. એ જ પ્રમાણે કાલ્પી સ્ત્રીપુરુષોએ નદીની રેતી બળી ગયેલા રાજમહેલના મેદાન ઉપર નાંખવા માંડી. ત્રણ દિવસ સુધી સ્ત્રીપુરુષોએ ગીત ગાતાં ગાતાં રેતી જ વહ્યા કરી અને ઢગલો ઊંચો કર્યા કર્યો. યુદ્ધને સાતમે દિવસે સર્વ

કાળપી સ્ત્રીઓ પેલા આંબલીના ઝાડ પાસે ગઈ. રાજા હજી જીવતો હતો. કાળપી સ્ત્રીઓએ એક સાથે અનેક બાણો મારી વિરાધસેન દાંડક્ય ભોજને પૂરો કર્યો.

આર્ય ઇતિહાસકારોએ આ બનાવની જુદી રીતે નોંધ લીધી જણાય છે. જયમંગલ, કામન્દક ઉપરની ટીકામાં લખે છે: "દણ્ડક નામનો ભોજવંશનો મુખ્ય પુરુષ હતો. તેના ઉપરથી દાણ્ડક્ય એવું નામ પ્રસિદ્ધિમાં આવ્યું. તે મૃગયા રમવા ગયેલો ત્યાં તરસ્યો થવાથી ભૃગુના આશ્રમમાં ગયો અને ત્યાં રૂપ યૌવનવાળી તેની દીકરીને એકલી જોઈ તેના તરફ રાગ થતાં તેને રથ ઉપર નાંખી પોતાને શહેર ઉપાડી ગયો. સાંજે સમિધકુશ વગેરે વનમાંથી લઈ પાછાં આવતાં ભૃગુએ તેને નહિ જોતાં ધ્યાન ધરી જોયું અને જે બન્યું હતું તે જાણ્યું. તેથી ક્રુદ્ધ થઈ તેણે શાપ આપ્યો, કે 'સાત દિવસ સુધી ધૂળનો વરસાદ વરસીને ભાયાતો અને રાષ્ટ્ર સાથે નાશ પામો.' તેનાથી ઢંકાઈ જઇને મુઓ." દેશનો નાશ થવાથી પછી ત્યાં અરણ્ય થયું તે દંડકારણ્ય કહેવાયું એવો તેમનો અભિપ્રાય છે. પણ સાચી હકીકત ઉપર પ્રમાણે છે.

# દેવી કે રાક્ષસી

## પાત્રો

**સુધીન્દ્ર**
**ડૉ. કેશવલાલ :** તેનો પિતા
**ચારુમતી :** ડૉ. કેશવ૦ની પુત્રી
**સુમતિ :** ડૉ. કેશવ૦ની પત્ની
**સુશીલા :** પ્રો. ભોળાનાથની પુત્રી
**પ્રભાવતી :** સુશીલાની મા
**દયાકોર :** સુશીલાની ફઇ
**પ્રો. ભોળાનાથ :** (સૂચિત) સુશીલાના મૈયત પિતા

**મિસ કામટ, મિસ કૉન્ટ્રૅક્ટર, મિસિસ શાહ, મિસ પંડયા :** સુશીલાનાં કૉલેજ મિત્રો

**સમય :** સાંજના ચારપાંચનો  **સ્થળ :** સુધીન્દ્રનો અભ્યાસખંડ

[ સુધીન્દ્ર એકલો વાંચતો બેઠો છે. સુશીલા એકાએક પ્રવેશ કરે છે. તે આવેશમાં હોય એમ દેખાય છે, અને જરા થાકેલી છે. તેને આવતી જોઈ સુધીન્દ્ર ધીમેથી ચોપડી બંધ કરે છે, અને સુશીલાને ખુરશી બતાવતો બોલે છે. ]

સુધીન્દ્ર : બેસો. પરીક્ષાનું પરિણામ સાંભળ્યું ? તમે ફર્સ્ટ કલાસ આવ્યાં ?

સુશીલા : હા. ( સુધીન્દ્ર ઊભો થઈ સુશીલાનો હાથ લઈ તેને જોરથી દાબી શેક હેન્ડ કરે છે. સુશીલાને આ ગમતું હોય છે છતાં અસહ્ય લાગે છે એટલે બોલી ઊઠે છે. ) લો બસ કરો. તમને તો અભિનન્દન આપતાં પણ નથી આવડતું.

સુધીન્દ્ર : તમે અભિનન્દનનાં કાયર લાગો છો. ત્યારે સાથે સાથે કહી દો કે મને પરણશો કે નહિ, એટલે ચારુબ્હેનને એ જુદાં જુદાં અભિનન્દનો આપવાં ન પડે.

સુશીલા : આ તે કાંઈ પૂછવાની રીત !

સુધીન્દ્ર : પશુઓમાં ભાષા નથી એટલે તે લાંબો વખત ચેષ્ટા કરીને એક બીજાની સંમતિ માગે છે અને સમજે છે. આપણે માણસજાતને એમ કરવાની જરૂર નથી.

સુશીલા : તમે જ વિચારો જોઇએ, હું શું કહીશ.

સુધીન્દ્ર : હું તો માનું છું તમે હા જ કહેશો. પણ શાસ્ત્રોમાં કહ્યું છે કે સ્ત્રીનો વિશ્વાસ નહિ. હવે જોઇએ શાસ્ત્રો સાચાં પડે છે કે શું થાય છે ?

સુશીલા : ( વ્યંગ્યમાં ) ઓ : હો...!...જાઓ ત્યારે શાસ્ત્રો ખોટાં છે.

સુધીન્દ્ર : લો, ત્યારે આ વખતે હાથ નહિ મિલાવું. ( આવેશથી ચુંબન કરવા જાય છે. સુશીલા તેને વારતાં—)

સુશીલા : એની પણ શી જરૂર છે ? એ પણ એક ચેષ્ટા નથી ?

સુધીન્દ્ર : એ ચેષ્ટા નથી. એ શું છે તે અત્યારે નથી કહેતો. લો ચારુબ્હેનને બોલાવું. ચારુબ્હેન, ઓ ચારુમતી !

સુશીલા : આટલી બધી બૂમો શી પાડો છો ?

સુધીન્દ્ર : અરે, ચારુ, આવે છે કે નહિ, કે ચારોળી કહીને બોલાવું ?

ચારુ૦ : ( પ્રવેશ કર્યા પહેલાં ) એટલાં બધાં ચારોળી

વિના તમારાં ક્યાં ભોજનો લૂખાં રહી ગયાં છે ? ( પ્રવેશ કરે છે ) ઓહો ! સુશીલાબ્હેન !

સુધીન્દ્ર : જો એકદમ એમને અભિનન્દન ન આપતી. એ અભિનન્દનથી ગભરાય છે. એ બી. એ.માં ફર્સ્ટ કલાસ પાસ થયાં છે, અને મને પરણવાની હા કહે છે.

ચારુ૦ : ( સુશીલાને એકદમ ભેટીને, કપાળે ચુંબન કરતાં ) સાચે જ હવે ભાઈભાભીના ભોજનમાં હું બ્હેન તો ચારોળી જેવી જ થઈ ! ઉપર શોભાની, હોઉં તો ય શું અને ન હોઉં તો ય શું !

સુશીલા : પણ આ શું ? કંઈ ઘેલાં થયાં ?

સુધીન્દ્ર : ( ચારુ૦ને ) એ તને નથી પરણતી હોં !

ચારુ૦ : ( સુશીલાના સામું તાકીને જોતાં ) ખરેખર સુશીલા બ્હેન, તમે એટલાં રૂપાળાં છો, સ્ત્રીઓ પણ તમને ચુંબન કરે. લો બાને બોલાવું. ગોળધાણા વહેંચે. બા ઓ બા ! આમ આવો એક સારી વાત કહું. ( સુશીલા–સુધીન્દ્ર બન્નેને ) બા તો સાંભળીને ગાંડી ગાંડી થઈ જશે. આવો છો ને બા ! ( સુમતિ પ્રવેશ કરે છે ) બા ! સુશીલાબ્હેને ભાઈના વિવાહ કબૂલ્યા.

સુમતિ : ( હર્ષનાં આંસુથી સુશીલાનાં ઓવારણાં લેતી ) મારા બેટા ! આ ભણેલાં છોકરાંમાં મને તો વહુનું મોઢું જોવાની આશા જ નહોતી. ( વિચારમાં પડી જાય છે. )

સુધીન્દ્ર : તમારા સિવાય બીજાં કોણ કોણ ફર્સ્ટ કલાસમાં આવ્યાં ?

ચારુ૦ : બા ! વિચારમાં પડી ગયાં કે ?

સુમતિ : મને થાય છે કે હવે હું મરી જાઉં તો સારું. આટલું સુખ મારા નસીબમાં ન હોય ! મને નહોતું લાગતું, મારો સુધી કોઈ દિવસ પરણે. એના ભૂખ જેવા પ્રયોગોમાંથી

કદી નવરો જ ન થાય ને! અને વહેવાર તો કોઈ દી આવડે જ નહિ. પોતાની મેળે પરણવું હોય, તો જરા નવી રીતે હરવું ફરવું લોકોમાં સારા દેખાવું, એ તો આવડવું જોઇએ ને? નહિ તો જૂની રીતે માની જઈ અમે પરણાવીએ એમ પરણવું જોઇએ. જૂની રીત શી ખોટી હતી?

સુધીન્દ્ર : તમારા સિવાય ફર્સ્ટ કલાસમાં બીજાં કોણ કોણ આવ્યાં?

સુમતિ : આ તું પરણી એમ મારી ચારુ પણ માની જાય તો સારું. મને તો એનું મન જ સમજાતું નથી.

સુધીન્દ્ર : તમને શેનું સમજાય? પણ મેં બે વાર પૂછ્યું પણ તમે જવાબ પણ એને નથી આપવા દેતાં. તમે વાતો ય ન કરવા દો તો પછી શેનાં કોઈ પરણે?

[બધાં હસી પડે છે]

ચારુ૦ : હજી પરણ્યા પહેલાં જ આટલું બધું લાગી જાય છે? અમે પૂછીને એને લૂંટી તો નથી લેતાં ને!

સુમતિ : બાપુ, હમણાં મને તો જરા વાત કરી લેવા દે. પછી તો બેઉ વાતોડિયાં છો તે જિંદગીભર વાતો કરવાનાં જ છો તો!

સુધીન્દ્ર : ( ખોટા ગુસ્સાથી ) નહિ મારે જાણવું છે કે બીજાં કોણ કોણ ફર્સ્ટ કલાસ આવ્યાં.

ચારુ૦ : સુશી! કહે કહે. ભાઇને એ વિના કોઈ પ્રયોગ અટકી પડયો હશે.

સુશીલા : મિસ કામટ સેકન્ડ કલાસ આવ્યાં.

સુધીન્દ્ર : તમે તે શી રીતે ફિલસૂફીમાં પાસ થયાં? હું પૂછું છું કોણ ફર્સ્ટ કલાસ આવ્યાં? સેકન્ડ કલાસનું નથી પૂછતો.

સુશીલા : પેલા મિ૦ જોશી. અને એક મિ. ધારપુરે.

સુમતિ : અરે! પણ હું કેવી મૂર્ખી?—ચાંલ્લો કરવાનું

અને ગોળધાણા વહેંચવાનું તો ભૂલી જ ગઈ! જા, ચારુ, લઈ આવ તો. (ચારુ૦ જાય છે) આજ સવારે જ તાજા ધાણા લીધા છે. આ ધાણામાં જ આ શુભ પ્રસંગનું નિમિત્ત હશે. દરેક કણ ઉપર ભગવાન તેનું નિમિત્ત લખે છે.

સુધીન્દ્ર : હાસ્તો, તારે મન તો સુશીલા ઉપર પણ મારું નામ હતું ખરું ? સુશીલા ! બધાના કરતાં બાને વધારે કોડ હતા.

સુમતિ : હા હતા, હતા; સાત વાર હતા, જા. કહેનારો કહી રહ્યો ? આગલી વાત તમે છોકરાં શું જાણો ? સુશીલા તો આવડી હતી ત્યારની મારી જ હતી. આ તો વળી . . . (ચારુ૦ આવે છે. સુમતિ વાક્ય પૂરું કરવું ભૂલી જાય છે. ચારુ૦ પાસેથી કંકાવટી લઈ સુશીલાને ચાંલ્લો કરતાં તેના સામું જોઈ રહે છે.)

સુશીલા : બા, એમાં શું જોઈ રહો છો ? હું તમારે ઘેર આવતી તેની તે જ છું.

સુમતિ : સુશી ! તારું મોં તો ચણ્યું ને ચૂંટયું તારી મા પ્રભાવતી જેવું જ છે . . . એ આવશે ત્યારે એટલા બધા ખુશી થશે ! એ તો કહેશે મારા ઘરમાં દેવી આવી.

સુધીન્દ્ર : સુશીલા ! આપણે દેવી બેવી નથી થવું હોં ! માણસ માણસ રહે તો ઘણું છે.

[ડૉ. કેશવલાલ પ્રવેશ કરે છે.]

સુમતિ : સારું થયું, તમે પણ આવી પહોંચ્યા. લો ગોળધાણા. આપણી સુશીએ સુધીના વિવાહ કબૂલ્યા.

કેશવ૦ : હું ઘણો રાજી થયો. અને તમે ધારો તે કરતાં મારે રાજી થવાનાં બીજાં ઘણાં કારણો છે. પ્રો. ભોળાનાથ અને હું ગાઢ મિત્રો હતા તે તો તમે સૌ જાણો છો. જ્યારે સુશીલાનો જન્મ થયો ત્યારે તેમણે કહેલું કે આપણાં બચ્ચાં મોટાં થયે પરણે તો કેવું સારું ?

સુમતિ : લે, જો, સાંભળ, ડાહ્યો થતો હતો તે! હવે સુશીલા મારી ખરી કે નહિ ?

કેશવ૦ : પણ, પછી તો ( અટકીને, શ્વાસ લઇને ) હું જ સુશીલાનો વાલી થયો, એટલે એ વાત આજ સુધી અમે તમને કોઇને કરી નહોતી. સુશીલા મોટી ઉંમરની થઇને સ્વતંત્ર રીતે જ નિશ્ચય કરે એમ હું ઇચ્છતો હતો. આજે ભોળાનાથભાઇનો સંકલ્પ પાર પડયો. અત્યારે મને એમનાં કંઈ કંઈ સ્મરણો થાય છે.

સુમતિ : તમને નથી લાગતું—ભોળાનાથભાઇએ કૉલેજમાં પ્રોફેસરની જગા લીધી, અને એ અને પ્રભાવતીબહેન બન્ને આપણે ત્યાં ઉતર્યા, ત્યારે પ્રભાવતીબહેન બરાબર આ સુશીલા જેવાં લાગતાં ? રૂપ રૂપનો અંબાર ! સુશીલા બરાબર મારી બહેન ઉપર ઉતરી છે.

કેશવ૦ : પણ બુદ્ધિમાં તેને ભોળાનાથભાઇનો વારસો મળ્યો છે. એવડી નાની ઉંમરે પણ ભોળાનાથે ફિલસૂફીમાં નામ કાઢેલું હતું.

સુમતિ : અહોહો ! લોકો તો એમને જોઇને ચકિત થઈ જતાં. બેઈ સાથે ફરતાં હોય ત્યારે ઇન્દ્ર ને ઇન્દ્રાણી જેવાં લાગે ! એમના જેવું સુખી જોડું મેં જોયું નથી.

ચારુ૦ : અત્યારે એ હોય તો આ જોઇને કેટલા સુખી થાય !

સુમતિ : અરેરે, પ્રભાવતીની પણ અત્યારે આ દશા. મારી સુશીલાને છતી માએ નમાઈ થઇને રહેવા દહાડો આવ્યો !

કેશવ૦ : ( ઊઠતાં ઊઠતાં ) ત્યારે સુશીલા ! આજે અહીં જ રહી જા. અહીં જ જમજે. ( હૅટ હાથમાં લઈ જાય છે. )

સુશીલા : હજી તો મેં દયાબાને પણ ખબર નથી આપી. અહીં જ સીધી આવી છું.—( જરા શરમાતાં, સંકોચથી ) આ જ ટૂંકડું પડે એટલે.

સુમતિ : ત્યારે દયાબહેનને ખબર આપ. અને બન્ને અહીં જ જમજો.

ચારુ૦ : અને સાંજે પછી બધાં સીનેમા જોવા જઇશું.

સુશીલા : ઠીક, ત્યારે જઇશ. ( જાય છે )

સુમતિ : ( તેને જતી જોઈ રહેતાં ) અહો ! શી છોકરી છે ને !

[ પડદો પડે છે ]

## પ્રવેશ ૨ જો

**સમય :** સાંજના ૪ વાગ્યાનો **સ્થળ :** સુશીલાનું દીવાનખાનું

[ સુશીલા દીવાનખાનામાં વાંચતી હોય છે ત્યાં ઘડિયાળમાં ચારના ટકોરા થાય છે. સુશીલા ઘડિયાળ સામું જોઈ ઊભી થાય છે, બારી આગળ જઈ ડોકિયું કરે છે, નિરાશ પગલે પાછી ફરે છે અને ખુરશી ઉપર બેસે છે, ઘડી વાંચે છે, ફરી ઘડિયાળ સામે જુએ છે, અને ઓરડામાં આંટા મારવા લાગે છે ત્યાં ચારુ૦ પ્રવેશ કરે છે. ]

સુશીલા : આવો ચારુબહેન ! હું સમજી ગઈ છું તમે કેમ આવ્યાં તે. ( બન્ને ખુરશીઓ ઉપર બેસે છે. )

ચારુ૦ : કેમ આવ્યાં કેમ વળી ? અમે ચા પીવા આવ્યાં છીએ.

સુશીલા : ના.

ચારુ૦ : ત્યારે જોજે, પીઉં છું કે નહિ !

સુશીલા : ના. ખોટું બોલો છો. હું જાણું છું.

ચારુ૦ : તો ગાંડી ! એટલું સમજી ગઈ તેમાં નવાઈ શી કરી ? કોઈ છોકરાને મારીએ અને કહીએ કે જોજે હમણાં રડશે, એમાં બહુ વરતી ગયાં કહેવાઇએ ? તું કરે એવું તે મારે આવવું જ પડે ને ! સાચું સમજી હો તો માની જા ને !

સુશીલા : આ તમને બધાંને આટલી ઉતાવળ શાથી થાય છે તે મને સમજાતું નથી. જુઓ, સુધી હમેશ મને મળવા આવે છે, કદી એ વાત નથી કાઢતો. ડૉક્ટર કાકા કદી નથી બોલતા. અને તમને અને બાને બીજું સૂઝતું નથી! મને લાગે છે હવે મારે સ્ત્રીઓ કરતાં પુરુષો સારા છે એમ માનવું પડશે!

ચારુ૦ : પણ તું કાંઈ પણ કારણ આપ્યા વિના મોડું કરે તે કેમ કોઇથી ખમાય?

સુશીલા : ચારુબહેન! તમે બધાં હૃદયની કવિતા લૂંટી લો એવાં છો.

ચારુ૦ : નહિ, નહિ. અમે તો તારા હૃદયની કવિતા વહેલી શરુ થાય માટે આમ કરીએ છીએ.

સુશીલા : ત્યારે જુઓ, હું તમને કહું. મારી બા એસાઇ-લમમાંથી આજથી ત્રણ મહિને છૂટી શકશે એમ ડૉકટર કહે છે. બીજું એ, કે મેં મારા પિતાનું સુંદર બાવલું કરવા ઑર્ડર આપ્યો છે. તે પણ તે અરસામાં આવશે. મને એમ કે મારી બા આ બધું જુએ તો તેને આનંદ થાય. મને એવી ઇચ્છા કે આ બધું તમને ઓચિંતું દેખાડું. પણ તમે મારા મનની કવિતા બગાડી નાંખ્યા વિના ક્યાં રહો એવાં છો?

ચારુ૦ : તો ગાંડી, એકલી એકલી કવિતા કરે તેમાં અમે શું કરીએ? કવિતા એકલાં કરવાની નથી. સૌને કહ્યું હોત તો શું બગડી જાત? લે ત્યારે હવે બાને અને દયાફઇને બોલાવું.

સુશીલા : તમે આ બધાં ઘેરો ઘાલવા આવ્યાં છો એવી ખબર હોત, તો મારો રહસ્યગઢ એ ઘડી ટકાવી રાખત.

[ સુધીન્દ્ર પ્રવેશ કરે છે. ]

ચારુ૦ : ( સુધીન્દ્રને જોતાં ) આ ઘેરામાં નવી કુમક.

સુશીલા : નહિ. એને હમેશ માફક આવવાનો વખત ક્યારનો થઇ ગયો છે.

સુધીન્દ્ર : કેમ આ લશ્કરની શી વાતો કરો છો ?

ચારુ૦ : એ તો મેં એને પૂછ્યું કે તમે લગ્નની તારીખ કેમ ઝટ નથી નક્કી કરતાં, ત્યારે કહે છે કે મારા મનની વાત બહાર કઢાવીને તમે મારા હૃદયની કવિતાનો નાશ કરો છો.

સુધીન્દ્ર : પણ જેમ ભણવામાં કવિતાનું ગદ્ય કરવું પડે છે, તેમ જીવનમાં પણ હૃદયની કવિતાનું ગદ્ય કરવું જ પડે. જીવનમાં શુદ્ધ કવિતા ભોગવાય એ આશા જ ખોટી છે.

ચારુ૦ : ચાલો હું બાને અને દયાફઈને બોલાવી લાવું.

સુધીન્દ્ર : તારે જવું હોય તો જા. નહિ તો મારે કશી ખાનગી વાત કરવાની નથી.

ચારુ૦ : પણ મારે કામ છે. ( જાય છે )

સુશીલા : કેમ ત્યારે હવે ચાનું કરું ને ?

સુધીન્દ્ર : જરૂર. ચા પણ ખરી અને સાથે કંઈ ખાવાનું પણ ખરું.

સુશીલા : મેં તમારી ઘણીવાર રાહ જોઈ. આજે કેમ મોડું થયું ?

સુધીન્દ્ર : મિસ કામટ લેબોરેટરીમાં હતાં. તેમને એક થિયરી સમજાવતો હતો.

સુશીલા : તે હજી એ લેબોરેટરીમાં આવે છે ? એને એટલું બધું શું ભણવું છે ?

સુધીન્દ્ર : કેમ ભણે નહિ ? હું કેમ ભણું છું ?

[ ચારુ૦ અને સુમતિ આવે છે. ]

સુશીલા : દયાફઈ કેમ ન આવ્યાં ?

સુમતિ : ચા કરવા રોકાયાં છે.

સુશીલા : ના, ના, ચા હું કરીશ. સુધીન્દ્ર માટે ત્રણ પ્યાલા મૂકવાના છે. અને કંઈ ખાવાનું પણ જોઈશે.

ચારુ૦ : જાણે તું જ સુધીની ટેવ જાણતી હઈશ. ચા તો સૌને માટે ક્યારની મૂકી છે અને હમણાં—લે જો, દયાફઈ

લઇને આવ્યાં. ( બધાં ટેબલ ફરતાં બેસે છે ) બા ! સુશીલાની ઇચ્છા તો પ્રભાવતી માસી એસાઇલમમાંથી છૂટીને આવે તે પછી લગ્ન કરવાની છે.

[ હવે પછીની વાતચીત ચા પીતાં પીતાં થાય છે. ]

સુમતિ : હં. એમાં શું ખોટું છે! અત્યાર સુધી કહેતી કેમ નહોતી ? કેમ દયાબ્હેન !

દયા૦ : પણ મને એમ કે વહેલું થાય તો ઠીક. મારે મારું ઘર પડવા આવ્યું છે તે સમું કરાવવા જવું છે. અત્યારથી સમું કરાવવા માંડીશ ત્યારે ચોમાસા પહેલાં થઈ રહેશે. હવે થોડા દિવસમાં જઈશ. લગનમાં મારી ખાસ શી જરૂર છે? વાજતે ગાજતે લગન કરજો, હું રાજી ને મારી આંતરડી રાજી.

સુશીલા : અરે પણ ફઈ! તમે ન હો એ કેમ બને ? આજ સુધી તો તમે કશું કહ્યું નથી! વળી તમારે ઘરને શું કરવું છે ?

દયા૦ : ના, બા. મારાથી એમ ન રહેવાય.

સુશીલા : પણ તમારે તો રહો છો એમ જ રહેવાનું છે. ( કેશવ૦ પ્રવેશ કરે છે ) લો, આ કાકા આવ્યા. એ મારો પક્ષ તાણશે.

કેશવ૦ : કેમ શી બાબત છે ?

સુમતિ : સુશીલાને એમ છે, કે પ્રભાવતી એસાઇલમમાંથી ત્રણ મહિના પછી આવવાની છે, તે પછી લગન કરવાં.

ચારુ૦ : અને ભોળાનાથ કાકાનું એક બાવલું પણ તે અરસામાં આવી જશે.

કેશવ૦ : ( વિચાર કરીને ) એમ કરવાનું કાંઇ કારણ નથી.

સુશીલા : કાકા, એ તમે ડૉકટરો ન સમજો. હું એક વાર મિસ ગૌરીને મળવા તેની ચાલમાં ગઈ હતી. પડોશમાં એક સ્ત્રીને આંકડી આવી. તેને શુદ્ધિમાં લાવવા ખાસડું સુંઘાડતા હતા. વળી હિસ્ટીરિયામાં ડુંગળી કાપીને સુંઘાડતાં

પણ મેં જોઈ છે. હવે તેમાં સિદ્ધાન્ત તો એ જ ને, કે કોઈ પણ ઉગ્ર ગન્ધ લેવરાવવી. ત્યારે સુંદર અત્તર કેમ ન સુંઘાડ્યું? તમે ડૉક્ટરોએ વધારે સૌમ્ય ઉપાયો શોધવા જોઈએ.

સુધીન્દ્ર : અશક્ય. એ ખાસડાનું કામ અત્તર નહિ જ કરે. ખરાબ ગંધની જ ત્યાં અસર છે.

કેશવ૰ : બહેન, પણ અતિહર્ષથી કોઈ વાર માણસને ઉન્માદ થઈ જાય છે. હું તો પ્રભાવતીને લગ્ન પહેલાં લાવવાની સલાહ ન આપું.

[અહીંથી વાતાવરણ ગમગીન, ભારે અને નિરુત્સાહક થતું જાય છે.]

ચારુ૰ : તે હેં બા! પ્રભાવતી માસીને ચિત્તભ્રમ શાથી થયો? અતિહર્ષથી થયો હતો?

સુમતિ : ના. ભોળાનાથભાઈ ગુજરી ગયા તેના આઘાતથી તે જ વખતે ગાંડાં થઈ ગયાં હતાં.

કેશવ૰ : (શૂન્ય મને) ના. કદાચ તે પહેલાં ગાંડાં થઈ ગયાં હશે.

ચારુ૰ : ભોળાનાથકાકા શાથી ગુજરી ગયા?

કેશવ૰ : કંઈ ખબર પડી નથી.

સુમતિ : તમે તો કહેતા હતાને કે હાર્ટ ફેઈલથી ગુજરી ગયા?

કેશવ૰ : એ તો કાંઈ કારણ ન જણાયું એટલે અટકળથી એમ કહ્યું હશે.

સુશીલા : કાકા, તમે ડૉક્ટર થઈને ન જાણો એમ બને? બા, તમને ખબર છે?

સુમતિ : ના, બા. એ તો નોકર આઠ વાગે બોલાવવા આવ્યો. સવાર હતી, અને ટાઢ તો કહે મારું કામ. અમને શી ખબર શા માટે આવ્યો છે. એ ગયા. અને પછી ડાકડી બાંધી રહીને જ બધાંને બોલાવ્યાં. હું ગઈ ત્યારે તો પ્રભાવતી સનમૂન બેઠી હતી. ત્યારથી એ અવાચક થઈ ગઈ છે.

સુશીલા : મને ડૉ. વ્રજરાય કહેતા હતા, કોઈ કોઈ વાર એકલાં બોલે છે.

કેશવ૦ : ( કાંઈ સાંભર્યું હોય તેમ, પણ ખરી રીતે વાત બદલાવવા ) આ . . . ઠીક લો. પેલા પૈસા તેં તારા ખાતામાં જમા કરાવ્યા ? અને . . .

સુશીલા : ( કેશવ૦નું મન સમજી જતાં, ખિન્ન મને ) હવે કરાવીશ. ( હાથમાં પ્યાલો રહી જાય છે. થોડીવાર કોઈ બોલતું નથી. ) મારું તો માથું ચડ્યું છે. ( પીધા વિના પ્યાલો નીચે મૂકે છે. બધાં અજાણતાં એ પ્રમાણે કરે છે. )

સુમતિ : કોણ જાણે ક્યાંથી આ વાત નીકળી.

કેશવ૦ : ચાલ ખુલ્લી હવામાં જરા ફરવા. ઘરમાં બેસી રહેવાથી માથું ચઢ્યું હશે.

સુશીલા : ના, જરા એકલી બેસી રહીશ એટલે ઠીક થઈ જશે.

કેશવ૦ : ( કોઇને ઉદ્દેશ્યા વિના ) ભોળાનાથભાઈને પણ એવી ટેવ હતી. ત્યારે ચાલો, ( સુશીલાને ) પણ લગ્ન વહેલું કરવાનો વિચાર કરી જોજે. ( ઊઠે છે. સુમતિ ચારુ૦ પણ ધીમે ધીમે ઊઠે છે. તેમની પછી સુધીન્દ્ર નજરથી સુશીલાને પૂછે છે, અને સુશીલા તેને પણ જવાની નિશાની કરે છે. કેશવ૦નું કુટુંબ જાય છે. )

દયા૦ : તું ફિકર ન કર. તને આટલી નાની વયે ચિંતાતુર જોઇને મને કાંઇનું કાંઇ થઈ જાય છે.

સુશીલા : પણ જુઓને, તમે વળી નવું જ પદક કાઢ્યું !

દયા૦ : પણ એ તો ખરી વાત છે. ( થોડી વારે ) ચાલ ઊઠ, પેલી બારી આગળ બેસ,—ફરવા ન જવું હોય તો.

સુશીલા : ( થોડીવાર રહીને, થાકથી ) તમે જાઓ હું બેસું છું. ( દયા૦ જાય છે. ) ખરેખર, આ દુનિયાં તો કવિતાને દેખે ત્યાંથી ચગદી ચાલે એવી છે. બાને સુખી કરવાનાં સ્વમાં રચું છું, ત્યાં દયાફઈ જતાં રહે છે. ( થોડીવાર શાંત રહે છે. ) ખાસડાંની દુર્ગન્ધ જ કામ કરતી હશે એમ ? ( જરા લૂખું હસીને ). ડુંગળી ને ખાસડાં શાથી કહેવતમાં ભેગાં

બોલાતાં હશે ? . . . પણ હું તો મક્કમ રહીશ. ભલે સૌને કરવું હોય તેમ કરે. ( ઊઠીને જાય છે. )

[ પડદો પડે છે. ]

## પ્રવેશ ૩ જો

**સમય** : મોડી રાતનો **સ્થળ** : સુશીલાનું ઘર, તેનો સૂવાનો ખંડ.

[ હાથમાં કંઇક ચોપાનિયું લઇને વાંચતા હોય એવા આકારનું પ્રો. ભોળાનાથનું બાવલું ખુરશી ઉપર પડયું છે. એક ખૂણામાં પ્રભાવતી ખાટલામાં શૂન્ય મોંએ, ઉઘાડી આંખે બેઠેલી છે. બાવલા પાસે સુશીલા દીવે કોઈ ચોપડી વાંચે છે. ]

સુશીલા : ( વાંચવાનું બંધ કરી પ્રભા૦ સામું જુએ છે ) અહોહો, હજી સુધી બેસી રહી છે. એણે આંખનું મટકું એ માર્યું નથી. હજી મને ઓળખતી લાગતી નથી. દયાફઈને પણ ઓળખતી લાગતી નથી ! પણ દયાફઈ હજી તેની પાસે જ ગયાં નથી ને ! મેં કહ્યું ત્યારે કહે, મને જોઇને એને જૂનું દુ:ખ સાંભરી આવે કદાચ ! પણ બાપુને ન ઓળખે એમ બને નહિ. ( વિચારીને ) આ મેં દીવો અહીં રાખ્યો છે એ ભૂલ કરી છે. તેજ બરાબર બાપુ ઉપર પડે એમ રાખવો જોઇએ. ( ઊભી થઈ તે પ્રમાણે કરે છે. દીવો જરા મોટો કરે છે ) હજી એનું ધ્યાન આ તરફ ગયું નથી. બાવલા પાસે જરા અવાજ કરું. આ એલાર્મ જરાક જ વગડે એમ બાવલા પાસે મૂકું. ( તે પ્રમાણે કરે છે )

[ થોડી વારે જરા સંગીત જેવું એલાર્મ થાય છે. પ્રભા૦ તે સામું જુએ છે. ]

સુશીલા : હાં ! એણે સામું જોયું.

પ્રભા૦ : ઓહોહો ! એ તો ક્યારના બેઠા બેઠા વાંચે છે !

કેવા સુંદર દેખાય છે! એમનું કપાળ કેવું ઝગે છે! એટલા વહાલા લાગે છે! બધાને જોઈ વળો. કોઇ ભાયડો આવો હોય તો બતાવો. કોઈ બાયડી ભણી એની આંખનો ખૂણો પણ કદી ખેંચાય નહિ. અહાહા, એટલા બધા વહાલા લાગે છે! જાણે શું કરી નાખું! ( ખાટલામાંથી ઊઠે છે. નીચેની ઉક્તિઓમાં ધીમે ધીમે બાવલા પાસે જતી જાય છે. )

સુશીલા : ખરેખર, સુમતિ માશી કહેતાં હતાં તેમ મારાં માબાપને બહુ જ બનતું હશે. પણ મારાથી આવું સંભળાય? કંઈ નહિ, હું તો એના દરદ સારુ જોઉં છું ને!

પ્રભા૦ : જાણે દી રાત બાથમાં જ ઘાલી રાખું. અહાહા! અહીં આવે તો હમણાં • • • પણ મારી તો સામું એ જોતા નથી. હું તો એમને ગમતી જ નથી. હું ક્યાં એમના જેટલી ભણેલી છું? એમને તો ખૂબ ભણેલી જોઇએ. જાઓ લઇ આવો, ખૂબ ભણેલી જોઇને.

સુશીલા : આ આટલું ગાંડપણ.

પ્રભા૦ : મને એના પર આટલું વહાલ થાય છે એનું એને કાંઇ નથી. એક ઘડી મારી પાસે બેસતા નથી. કહું તો કહેશે મારી જિંદગી તું એકલી માટે નથી. ત્યારે બીજી કઈ શંખણી માટે તમારી જિંદગી છે? બોલો ને! અમે કેમ તમારે માટે આટઆટલું કરીએ છીએ? કેમ કાંઈ અમે મોહીને આવ્યાં છીએ, પરણીને નથી આવ્યાં? પાછા કહેશે તું પણ સ્વતંત્ર જીવન ગાળ. બળ્યું તમારું સ્વતંત્ર • • •! એ જુઓ હસે છે. શું વાંચે છે? કેમ હસે છે? પરીક્ષાના પેપરો વાંચે છે. જરૂર કોઈ રાંડનો પેપર હશે. રાંડો કોણ જાણે શા સારુ આટલું ભણતી હશે. રાંડો ભાયડો ન મળતો હોય તો જાઓ • • • ક્યાંઈ મારી જીભ જાય છે! રાંડો બીજાના ભાયડા આડી શું કરવા આવો છો!

સુશીલા : આ હું શું સાંભળું છું ?

પ્રભા૦ : રાંડ કોઈ અહીં આવે તો ટાંટિયો જ વાઢી નાંખું. જો ને, કેટકેટલું કહું છું તો ય મારી સામું ય જુએ છે ? એ . . . ન તે મજા છે. કૉલેજમાં જવું, જુવાન છોકરીઓમાં ફરવું, સુધરેલાં ગણાવું, અને ઘેર અમારા સામું એ ન જોવું. મોઢું ભૂંડું નહિ તો ! માર્યું હોય ના એક !

[ પ્રભા૦ બાવલાને મારે છે. બાવલું પડી જાય છે અને ભાંગે છે. તેના અવાજથી છળે છે, પડે છે, બેભાન થાય છે. સુશીલા ઊઠીને તેને માથે હાથ ફેરવે છે, જરા જરા ભીનું પાણી ચોપડે છે, પ્રભા૦ ઊઠે છે, સુશીલા સામું તાકીને જોઈ રહે છે અને પછી એકદમ ઊભા થઈ સુશીલાના વાળ પકડીને ખેંચતાં ]

પ્રભા૦ : રાંડ દયલી ! પાછી આવી ? રાંડ મેં કહ્યું'તું તારે મારે ઘેર ન આવવું. હું ને મારો ભાયડો હોઈએ ત્યાં ન આવવું. રાંડ આ પટિયાં કોના સારુ પાડ્યાં છે ? રાંડ જા, ટળ્ય અહીંથી કહું છું !

[ પ્રભા૦ સુશીલાને મારવા જાય છે. સુશીલા છટકી જાય છે, તેને પકડવા જતાં પ્રભા૦ ભીનામાં લપસે છે. નીચે પટકાય છે, ફરી મૂર્ચ્છા ખાય છે. સુશીલા દીવો ઓછો કરે છે. પ્રભા૦ને માથે બરફ મૂકે છે. પ્રભા૦ શાંત થઈ જાય છે. તેને સરખી સુવાડે છે. તેનાં ભીનાં કપડાં દૂર કરે છે. સારી રીતે ઓઢાડે છે. ખુરશી પાસે લાવી તેના સામું જોતી બેસે છે. ]

સુશીલા : અહોહોહો એણે મને દયાફઈ ધારી ! મને તો એ ઓળખતી જ નથી. હાંહાં ! સમજાયું. મને તેણે ગાંડી થયા પહેલાં જોયેલી તે જ વખતની હું તેને યાદ છું. હું મોટી થઈ તે તેના ધ્યાન બહાર છે. ત્યારે દયાફઈ તરફ તેનો આવો ભાવ ? હવે સમજાયું, શા માટે દયાફઈ એની નજરે નહોતાં ચડતાં. શા માટે એમણે ઘર ચણાવવા જવાનું કહ્યું ! આજ

સુધી હું કશું જ જાણુતી નહોતી ! ત્યારે મારી બાએ જ મારા બાપુને . . ? . . . હાસ્તો. અને છતાં બહાર તો બધે જ એમ ગણાતું કે મારાં માબાપને ઘણું સારું બને છે ! સુમતિ માશી પણ એમ જ માને છે ! જાણુવામાં ફક્ત આ દયાફઇ અને ડૉક્ટર કાકા. એટલે જ એ જ્યારે ત્યારે બા અને બાપુની વાત ઉડાવે છે. એટલે જ એમણે લગ્ન વહેલાં કરવાનું કહેલું. ત્યારે હવે લગ્નનું ? . . . જગત બધું બહારના ખોટા દેખાવોમાં જ ચાલે છે . . . નહિ નહિ, માણુસ પોતાનું હૃદય જ નથી ઓળખતું ! ( ઘડિયાળમાં પાંચ વાગે છે. વિચાર કરે છે. ) એક વાર ડૉ. વ્રજરાય પાસે જઈ આવું. ( જાય છે. )

[ પડદો પડે છે. ]

# પ્રવેશ ૪ થો

**સમયઃ** સવારના સાતનો **સ્થળઃ** સુશીલાનું દીવાનખાનું

[ પડદો ઉઘડતાં એક ટેબલની આસપાસ મિસ કામટ, મિસ કૉન્ટ્રૅક્ટર, મિસિસ શાહ, મિસ પંડયા અને દયાકોર બેઠાં છે. ]

દયા૦ : હવે સુશીલા આવવી જોઇએ. કોઇ કોઇવાર વધારે દૂર ફરવા જાય છે ત્યારે મોડું થાય છે.

મિસ કૉન્ટ્રૅક્ટર : સુશીલાબહેન ‘ હિંદુ ધર્મમાં સ્ત્રીની સ્થિતિ ’ સંબંધી એક પુસ્તક લખવાનાં હતાં તેનું શું થયું ?

દયા૦ : મને બરાબર ખબર નથી. પણ તે વાંચતી તો હતી. અને ઘણી ચર્ચા કરતી હતી.

મિસિસ શાહ : હમણાં સુધીન્દ્ર તો અહીં નહિ આવતા હોય ?

દયા૦ : ના, લગભગ નિયમિત આવે છે. એ બન્ને એ

વિષય ઉપર પુષ્કળ ચર્ચા કરે છે. તમે જરા બેસશો? હું તમારે માટે ચા અને થોડું ખાવાનું લઈ આવું!

મિસ કામટ : ના, ના; અમે હમણાં જ ઘેરથી ચા પીને નીકળ્યાં છીએ.

દયા૦ : ના, ના; આજ તમારાથી ના ન પડાય. (જાય છે)

મિસ પંડયા : હું તો પહેલેથી જ માનતી હતી કે સુશીલા સુધીન્દ્રને પરણશે.

મિસ કૉન્ટ્રેક્ટર : મને ખરું પૂછો તો સુધીન્દ્ર કદી પરણી શકે એ સાચું લાગતું નહોતું. જેને દિવસ રાત પ્રયોગો કરવા સિવાય બીજો ધંધો નહિ, જે માણસ કરતાં તીડિયાં ને પક્ષીઓ ઉપર વધારે ધ્યાન આપે, તે શી રીતે પરણી શકે? (ધીમે સાદે) આવી સુશીલા જેવી ચાલાક છોકરીએ એવાને કેમ પસંદ કર્યો તે જ મને સમજાતું નથી.

મિસ કામટ : કેટલાક પુરુષો બહારથી એવા જડ જેવા દેખાય છે, પણ ખરે જ એવા હોતા નથી. તેઓ મન આડો એક પડદો રાખીને ફરે છે; તે પડદો કોઇવાર જરા ઊંચકાઈ જાય તો તેમનો ખરો સ્વભાવ ઘણો જ માણસાઇવાળો જણાય છે.

મિસિસ શાહ : જુઓ ઘંટડી સંભળાય છે. કાં તો સુશીલા આવી!

[બધાં તે દિશાએ જુએ છે. સાઈકલ આવે છે. ઉપરથી સુશીલા ઊતરે છે. ચારેય મહેમાનો ઊભાં થાય છે.]

ચારેય મહેમાનો } કૉંગ્રેચ્યુલેશન્સ સુશીલાબહેન, અભિનંદન.

સુશીલા : હેં?! હં! જરા રહો હાં.

મિસ પંડયા : શું હેં હં. કંઈ ફિલસૂફીમાં પડી ગઈ

કે શું ? પરણે. તેના આ ઢંગ હોય ? હું નથી પરણી તો ય એટલું તો સમજું છું.

સુશીલા : નહિ, નહિ, નહિ, નહિ. મને જરા માફ કરો. મેં લગ્ન બંધ રાખવાનો નિશ્ચય કર્યો છે.

મિસ કામટ : ક્યારે કર્યો ?

સુશીલા : ઓ ! તમે આવ્યાં છો ? મેં જાણ્યું તમે નહિ આવ્યાં હો.

મિસ કામટ : એમ કેમ વારુ ?

સુશીલા : મને એમ કે તમે અભ્યાસ છોડી અત્યારમાં નહિ આવો.

મિસ કામટ : પણ આ લગ્નની શી વાત છે ? ક્યારે મુલતવી રહ્યાં ?

સુશીલા : અત્યારે જ, આ ફોન કરીને આવું. ( જાય છે )

[ બીજા ખંડમાંથી દયા૦ ચા અને મીઠાઈની રકાબીઓ લઈને આવે છે. ]

મિસિસ શાહ : દયાબહેન ! આ મીઠાઈ હવે અમારે ન ખપે. અમે તો લગ્નની મીઠાઈ ખાવા આવ્યાં હતાં.

દયા૦ : પણ લગ્નની જ મીઠાઈ હું આપું છું ને ! કેમ આ લગ્નની નહિ ગણાય ?

મિસ કોન્ટ્રેક્ટર : સુશીલાબહેન તે અમને બનાવે છે કે શું, તે સમજાતું નથી. હમણાં કહે છે કે લગ્ન તો મુલતવી રહ્યાં.

દયા૦ : ના ભાઈ ! લગ્ન તો આજે સાંજના નવ વાગે છે.

મિસ પંડયા : ત્યારે સુશીલા તો કહે કે અત્યારે લગ્ન બંધ કર્યાં છે. ( સુશીલા આવે છે ) કેમ સુશીલા ! મશ્કરી તે અમે તારી કરીએ, કે તું અમારી કરે ?

સુશીલા : મશ્કરી શેની ?

મિસિસ શાહ : શેની કેમ ? દયાબહેન કહે છે બંધ તો કંઈ નથી રહ્યાં !

સુશીલા : તે મેં એમને હજી કહ્યું નથી. ફઈ, મેં લગ્નનો વિચાર બંધ કર્યો છે. અત્યારે જ મેં સુધીન્દ્રને ફોન કર્યો. સુધીન્દ્ર નહોતો એટલે ચારુબહેને ફોન લીધો. બાકી બધાંઓને તમે જરા ફોન કરી નાંખજો. મને આજે શરીરે ઠીક નથી.

દયા૦ : ( ગભરાઈને ) તું જરા બેસ, મને વાત કર. આ બધાં . . .

સુશીલા : હાં હાં, સાંભર્યું. હું ખાણાવાળાને ફોન કરી ઑર્ડર રદ કરું. આ આવી. ( જાય છે. )

[ બધા શૂન્ય થઈ બેસી રહે છે. દયાકોર ગભરાય છે. ]

મિસિસ શાહ : દયાબહેન, તમને અત્યાર સુધી કશું કહ્યું જ નથી ?

દયા૦ : કશું જ નહિ ! આનું મારે શું કરવું તે મને સમજાતું નથી.

મિસ પંડયા : તમે કંઈ જ જાણતાં નથી ? કોઈની સાથે કંઇ અણબનાવ થયો કે કંઈ સુધીન્દ્ર . . .

દયા૦ : ગઈ કાલે સવારે તો હજી સુધીન્દ્ર અહીં આવ્યા હતા. અને અમે એટલા જ આનંદથી વાત કરતાં હતાં.

[ સુશીલા આવે છે. ]

મિસિસ શાહ : સુશીલાબહેન, અમને માફ કરો, પણ આ તો સારું ન ગણાય. અમને સમજાવો તો ખરાં, તો એનો કાંઈ ઉપાય થાય.

સુશીલા : લગ્ન થાય તેની સાથે સમાજને સંબંધ છે, એટલે લગ્નની વાત જાહેર થવાની જરૂર છે; લગ્ન બંધ રહે તે કેવળ ખાનગી છે. એવી વાત બહાર પાડવાની શી જરૂર ? લગ્ન બંધ કરવામાં કોઈનો પણ દોષ ગણાતો હોય તો હું કહું છું, તેને માટે જવાબદાર માત્ર હું છું. વાંક બધો મારો છે. ( ગાડી અને નર્સ આવે છે. દયા૦ને સંબોધીને )

મારી બાને માટે મેં મગાવી છે. રાતે તેની તબિયત સારી નહોતી. અત્યારે ડોક્ટર મજરાયની મેં સલાહ લીધી. તેઓ બાને પાછાં એસાઈલમમાં મોકલવાનું કહે છે. તમે બાને હળવે રહી બેસારી દો.

દયા૦ : (હેબક ખાઈ જાય છે. ઝાંખીવારે) હું એકલીથી એમને લવાશે નહિ, આપણે બન્ને જઈએ.

સુશીલા : હું તદ્દન થાકી ગઈ છું. તમે બહેનો એમને જાળવીને ગાડીમાં બેસારશો ?

[ચારેય મહેમાનો જાય છે. અંદરથી પ્રભા૦ને લઈ આવી ગાડીમાં બેસારે છે. પ્રભા૦ શૂન્ય જ દેખાય છે. ગાડીમાં તેને રવાના કરીને]

બધાં મહેમાનો : ત્યારે અમે રજા લઈએ ?

સુશીલા : હા. મને માફ કરશો.

મિસિસ શાહ : સુશીલાબહેન ! આટલું બધું પોચું મન ન રાખીએ. બાને કાંઈ એવું ખરાબ નથી. માણસોને તો વહાલાં સગાં મરણપથારીએ હોય, ને પરણી લેવું પડે છે.

સુશીલા : એમાં બાનું કારણ નથી. (ટેબલ પર થાકથી માથું નાંખી દે છે.)

બધાં૦ : ત્યારે અમે રજા લઈએ.

[સુશીલા હાથથી રજા આપે છે. મહેમાનો જાય છે. તેમનો વાંસો દેખાય છે એટલે સુશીલા ડુસકું મૂકે છે. જતાં જતાં મહેમાનો તેના તરફ એક નજર નાંખતાં જાય છે. દયા૦ દીન થઈ જોઈ રહે છે. તેના પર હાથ મૂકે છે, તેને પંપાળે છે, પાસે બેસે છે. ફોન સંભળાય છે. સુશીલા દયા૦ને ઊઠવા ઇશારો કરે છે. દયા૦ ઊઠે છે.]

સુશીલા : હું ઊંઘી જાઉં છું. મને જગાડશો નહિ. મારું શરીર સારું નથી.

[બન્ને જુદી જુદી દિશાએ જાય છે. પડદો પડે છે.]

# પ્રવેશ ૫ મો

**સમયઃ** બપોર પછીનો **સ્થળઃ** સુશીલાનો સૂવાનો ખંડ

[ સુશીલા સૂતી છે. ઊંઘે છે. પાસે ચારુ૦ ખુરશી નાંખીને ચૂપ બેઠી છે. હાથમાં પેપર લઈ વાંચે છે અને વારેવારે સુશીલા તરફ જોતી જાય છે. સુશીલા એકદમ ચીસ પાડી ઊઠે છે. તેની આંખો ભયભીત જેવી દેખાય છે. ચારુ૦ તેની પાસે જાય છે, તેને બાથમાં લે છે. ]

ચારુ૦ : પણ છે શું ? શું છે સુશી ! ( સુશીલા રડે છે, ડુસકાં ભરે છે. ) કેમ કંઈ સ્વપ્ન આવ્યું ? ( સુશીલા ચારુ૦ સામે જુએ છે. ધીમે ધીમે ડુસકાં દબાવે છે. તેના ખભા પર પડી રહે છે. ) કેમ કંઇ સ્વપ્ન આવ્યું ?

સુશીલા : હા, બહુ ભયંકર સ્વપ્ન !

ચારુ૦ : પણ શું હતું ?

સુશીલા : સુધી ક્યાં છે ? તેને કેમ છે ?

ચારુ૦ : એ તો મઝામાં છે. લેબોરેટરીમાં ગયો છે.

સુશીલાઃ તેને એકદમ બોલાવ. મને બહુ ભયંકર સ્વપ્ન આવ્યું.

[ ચારુ૦ જઇને ફોન કરે છે. સુશીલા ધીમેથી ખાટલા પરથી ઊઠી ટેબલ પાસે ખુરશી ઉપર બેસે છે. ચારુ૦ પાછી આવીને ખુરશી પર બેસીને ]

ચારુ૦ : એવું શું હતું ?

સુશીલા : અરે રે ! હું તે શું કહું ?

ચારુ૦ : જો, સુધી લેબોરેટરીમાંથી નીકળી ગયો છે. આવતાં થોડીવાર થશે ત્યાં સુધીમાં જરા પાણી પી, શાંત થા, પછી કહેજે.

સુશીલા : ના, ના; વાત તો મારે તમને જ કહેવી છે. પછી તમે એને કહેજો. ફઇને કહેશો, ચા મૂકે ? ( ચારુ૦ જાય છે. સુશીલા ઊઠે છે. મોં ધુવે છે. જરા વાળ સરખા કરે છે. )

ચારુ૦ : (જાગીને) બે કહે ત્યારે.

સુશીલા : મને એવું સ્વપ્નું આવ્યું (નિશ્વાસથી) કે જાણે મને સુધી ઉપર એકદમ હેત આવ્યું. મેં તેને ઘરમાં લાવીને બાંધ્યો. પછી હું તેને હેતમાં ને હેતમાં મારવા લાગી. હું મારતી ગઈ તેમ તેમ સુધી ઓગળતો ગયો. (ભડકતી, અનિમિષ નયને) પછી આટલોક રહ્યો એટલે હું તેને ખાઈ ગઈ. હું ખાઈ ગઈ એમ સમજાયું તે સાથે જ મારાથી ચીસ પડાઈ ગઈ.

ચારુ૦ : બહુ વિચિત્ર સ્વપ્નું! તું આવા ખોટા ખોટા વિચારો કરતી હઈશ તેથી તને આવાં સ્વપ્નાં આવે છે. અને પછી પાછી સ્વપ્નાંથી ભડકે છે. આવા કોઈ સ્વપ્નાથી તો લગ્ન બંધ નથી રાખ્યું ને!

સુશીલા : (આ ઉક્તિ તપીને બોલે છે, અને બોલતી બોલતી તપતી જાય છે) હું અને સુધી કરતાં હમેશાં તમે જ લગ્નનાં વધારે આગ્રહી છો. મને તું બેવકૂફ માને છે! સ્વપ્નમાં જે ભયંકર વૃત્તિ દેખાઇ તે ખરેખર મારામાં છે એમ હું માનું છું માટે મેં લગ્ન બંધ કર્યા છે.

ચારુ૦ : એવું તે હોય!

સુશીલા : (મશ્કરી ન સ્વીકારતાં) અને એ વૃત્તિ મારામાં વારસાથી આવી છે. મારી બા પાસેથી.

ચારુ૦ : આ તે શી કલ્પના તારી સુશી!

સુશીલા : ના કલ્પના નથી, જો બતાવું.

[સુશીલા ચારુ૦ને લઈ જાય છે અને ભાંગેલું બાવલું બતાવે છે. કકડો હાથમાં લઈ જુએ છે, ચારુ૦ને આપે છે.]

ચારુ૦ : અરરરર! આ કોણે ભાંગ્યું?

સુશીલા : મારા બાપુ શાથી ગુજરી ગયા તું માને છે?

(ચારુ૦ બોલવા જાય છે, તેનો હાથ પકડીને) મારી બાએ તેમનું ખૂન કર્યું હતું. એ બધું જે બન્યું હતું તે મારી બાએ કાલે બેશુદ્ધ અવસ્થામાં કર્યું! તેને સાચે જ લાગ્યું કે એ મારા બાપુ છે. આટલાં વરસ વચમાં વહી ગયાં તેની તેને ખબર જ નથી.

ચારુ૦ : એ તો ગાંડપણમાં કર્યું હશે. તે સાચું મનાય? (બન્ને ખુરશીએ બેસે છે. કકડા ટેબલ પર મૂકે છે.)

સુશીલા : અને આ તો હજી હવે મને સમજાય છે. જો બાપુ કંઇક વાંચતા હોય તેવું બાવલું હતું. મારી બા રાત્રે એમ જ બોલી કે પરીક્ષાના પેપરો વાંચે છે. અને જુઓ. બરાબર એ વખતે પરીક્ષા થઈ રહી હતી. એમના મરણને લીધે પરીક્ષક બદલાવવા પડયા હતા એમ કેશવલાલ કાકાએ એક વાર કહ્યું હતું.

ચારુ૦ : ત્યારે તું મારા બાપુને જ શા માટે પૂછતી નથી?

સુશીલા : તું હજી નથી સમજતી? એ તો જ્યારે આ વાત નીકળે છે ત્યારે કંઈ પણ આડી વાત શરુ કરે છે. બાપુ શાથી મરી ગયા તે વાત નીકળતાં બાપુની વાતમાં અને બાની વાતમાં કેવો ફેર પડતો હતો?

ચારુ૦ : એ ગમે તેમ હોય. કદાચ માનો કે તારી બાને ભોળાનાથ કાકા સાથે અણબનાવ હશે. પણ તને તો સુધી સાથે દ્વેષ નથી. તું તો ઊલટી તેને ચહાય છે. કેમ ખરું કે નહિ?

સુશીલા : પણ મારી બાને પણ બાપુ ઉપર ઘણી જ માયા હતી. તે તો મેં જાયું. એ માયાને લીધે જ એને બાપુ ઉપર દ્વેષ હતો. એ ભભૂકતાં એણે એવું કર્યું. સાચું કહું? મારામાં પણ મને એવું દેખાય છે. પણ ચારુબહેન, (તપતાં તપતાં) તમે ફરી ફરીને અમને પરણાવવાને માટે જ જાણે

નવું બોલતાં હો એમ દેખાય છે, તે મને અસહ્ય છે. હું કહું છું. અત્યારે જો સુધી હોય તો એમ ન કરે.

[ સુધીન્દ્ર પ્રવેશ કરે છે. ]

સુધીન્દ્ર : ‘ સુધી હોય ’ શા માટે ? આ સાચે જ છે.

ચારુ૦ : સો વરસનો થા ભાઈ, સંભારતાં જ તું આવ્યો.

સુધીન્દ્ર : કેમ મારા આયુષ્ય વિશે તમને શંકા પડી હતી કેમ ?

ચારુ૦ : મને તો નહિ, પણ આ સુશીને જરૂર પડી હતી. તેને સ્વપ્નું આવ્યું કે તે તને ખાઈ ગઈ. તે ઉપરથી તેને વહેમ પડ્યો છે કે પોતામાં તને ખાઈ જવાની ગૂઢ વૃત્તિ છે. માટે તેણે પરણવાનું બંધ રાખ્યું છે.

સુધીન્દ્ર : પણ સાચે જ ખાઈ જવાનું મન નથી થયું ને ? સ્વપ્નનો વાંધો નહિ. એક બાઈને એવું સ્વપ્નું આવ્યું હતું કે જાણે તેણે છરીથી ચીરીને પોતાનો ધણી ખાધો, પણ તેનું કારણ એટલું જ હતું કે તે દિવસે તેણે કંઈક ચીરીને પોતાના ધણીને પીરસેલું હતું. સ્વપ્નામાં એમ બે વાતો વિલક્ષણ રીતે ભેગી થઈ જાય છે.

સુશીલા : ( તપીને, જરા ઉપડતે સાદે, ચારુ૦ને ) જુઓ તમે મશ્કરી ન કરો. ચારુબહેન, તમે ઊંધી વાત બોલ્યાં. સરખું કહો. મારો સ્વભાવ તો મેં ગઈ રાત્રે પારખ્યો. સ્વપ્ન તો પછી આવ્યું. બધી વાત તમે બરાબર કરો.

સુધીન્દ્ર : ખરેખર એવું સ્વપ્નું આવ્યું ?

સુશીલા : હા, સુધી ! હું તો રાક્ષસી છું. હવે મને સમજાય છે.

સુધીન્દ્ર : જો એ પણ કવિતા થઈ. જેમ ‘ દેવી ’ એ કવિતા તેમ ‘રાક્ષસી’ એ પણ કવિતા. ખરી વાત તું એમ નહિ કહી શકે.

[ દયા૦ આવી ચા અને બિસ્કીટ મૂકી જાય છે. આ પછીની વાતચીત ચા લેતાં લેતાં ચાલે છે. ]

ચારુ૦ : સુશી ! તું જરા ખાતી થા, સવારની ભૂખી છે. હું વાત કરું છું. જુઓ સુધીભાઈ ! ગઈ રાતે પ્રભાવતી માસી અહીં આવ્યાં હતાં. તેમણે રાત્રે આ બાવલું ભાંગી નાંખ્યું, એટલું તો મને પણ સાચું લાગે છે કે તેમને જ હાથે ભોળા-નાથ કાકાનું મહોત થયું હશે. હું કહું છું, પ્રભાવતી માસીનું ગમે તેમ હોય પણ સુશીલાને તેથી શું ?

સુશીલા : ( તપીને ) નહિ, ચારુબહેન જાણે લગ્ન કરાવ-વાને જ દલીલ કરતાં હોય એમ બોલે છે, તે મારાથી નથી ખમાતું !

સુધીન્દ્ર : પણ ત્યારે તમે પણ એમાં તપી શા માટે જાઓ છો ? તમારે તપવું હોય તો તમારા તાપથી આ ચા ગરમ રહેશે. તમે લડો અને હું વચમાં બેઠો ચા બિસ્કીટ ખાધા કરીશ.

[ સુશીલા ખુરશી ઉપર આરામથી બેસે છે. અહીંથી વાતાવરણ ઓછું તંગ થતું જાય છે. ]

સુશીલા : લો ત્યારે નહિ તપું ! પણ મને તમે કહો કે આ વૃત્તિ એ સાચી છે કે ખોટી છે ?

સુધીન્દ્ર : ત્યારે સાંભળો, મને આમાં કશું જ નવું નથી લાગતું. દરેક સ્ત્રીમાં પતિને ખાવાની ગૂઢ વૃત્તિ હોય છે.

સુશીલા : ( જરા ઉત્સાહથી ) સાચું કહો છો સુધીન્દ્ર ? ખાવાની એટલે શું ?

સુધીન્દ્ર : મને એને માટે ખાવા સિવાય બીજો શબ્દ નથી જડતો. મધમાખી ગર્ભાધાન કર્યા પછી નરમાખને ખાઈ જાય છે. બીજાં કેટલાંક જંતુઓમાં પણ માદા એમ નરને ખાય છે. આપણે વધારે સૂક્ષ્મ જીવન ગાળીએ છીએ, એટલે આપણામાં સ્ત્રીઓ પુરુષનું સૂક્ષ્મ સ્વતંત્ર જીવન ખાઈ જાય છે. પુરુષ પોતાનું સ્વતંત્ર ધ્યેય છોડી, માત્ર તેનો પરિચારક થઈ રહે, એવી ગૂઢ ઇચ્છા દરેક સ્ત્રીમાં હોય છે.

ચારુ૦ : જૂના આદર્શ પ્રમાણે જેને પતિવ્રતા કહીએ તે પણ એવી હશે ? જે એને પતિ ઉપર પ્રેમ હોય તે પણ પ્રેમ કરે !

સુધીન્દ્ર : પ્રેમ એટલે શું એ જ હું તો સમજતો નથી,— પ્રેમ એટલે કદાચ એ ખાવાની વૃત્તિ. કોઈ સ્ત્રી, પુરુષને મારીને ખાય, કોઈ પૂછીને ખાય. અંગ્રેજો આપણને ખાય છે, તેમાં કેટલાક આપણને ધિક્કારીને ખાય છે, કેટલાક આપણને વખાણીને ખાય છે. કેટલાક જંગલી લોકો પશુને મારવા પહેલાં તેને પૂજે છે.

ચારુ૦ : પણ એ વૃત્તિ સુશીમાં છે ?

સુધીન્દ્ર : એને જ પૂછ ને ?

ચારુ૦ : એ તો હા પાડે જ છે.

સુધીન્દ્ર : ત્યારે હું પણ હા પાડું છું.

[ અહીંથી વાતાવરણ વધારે ઉલ્લાસમય થતું જાય છે. ]

સુશીલા : તમે મારામાં એ જોઈ છે ?

સુધીન્દ્ર૦ : હાસ્તો ! તને પણ મિસ કામટની ઈર્ષ્યા આવે છે, એ એ જ વૃત્તિ છે. (સુશીલાથી જરા ચમકી જવાય છે.) તે દિવસે રેસમાં મારે તેની સાથે જોડી બંધાઈ, ત્યારથી તને એ ગમતી નથી.

સુશીલા : ( જરા વિચારીને, પછી જરા હસીને ) તદ્દન ખરું, સુધી ! તું શી રીતે જાણી ગયો ? તેના ઉપરને નંબરે પાસ થવું એ મારા મનનો મોટામાં મોટો નિશ્ચય હતો.

સુધીન્દ્ર: તમે ફર્સ્ટ ક્લાસ વિદ્યાર્થીઓ બધાં જ એવાં હો છો. જેમ સમાજના અગ્રેસરો કરતાં કામગાર લોકો સારાં, તેમ વિદ્યાર્થીમાં ફર્સ્ટ ક્લાસ કરતાં સેકન્ડ ક્લાસ સારાં. કોઈ ફતેહ-મંદ થયેલા માણસોની ગણતરી કરે તો આ સાબીત થઈ જાય.

સુશીલા : લે રાખ હવે ! પણ હું ખાઈ જવાની છું એમ તું જાણતો હતો તો તું પરણવા શાને તૈયાર થયો ?

સુધીન્દ્ર : પણ હું તારાથી આગળ જઈને એવી માન્યતા ધરાવું ને ! જે માણસને પોતાનું સ્વત્વ પ્રિય છે, તે બીજાની ... નથી. એવા પુરુષની સ્ત્રી પછી ફરિયાદ કરે છે કે મારો ... મને ચાહતો નથી અને એવી ફરિયાદમાંથી કેટલીક ... થાય છે કે સ્ત્રી પ્રેમમૂર્તિ છે, અને પુરુષ પ્રેમનો ભિક્ષુક છે.

સુશીલા : ત્યારે કેટલાક પુરુષો પણ એમ શા માટે કહે છે ?

સુધીન્દ્ર : જે પુરુષોને સ્ત્રી ખાલી હોય છે, તેઓ સ્ત્રીને પોતાના પાશમાં પકડવા આવાં વચનો કહે છે.

ચારુ૦ : વાહ સુધી ! તું તો કંઈ બોલવે જ જાય છે ! પુરુષો પણ સ્ત્રીઓને ખાય છે એમ ?

સુશીલા : પ્રાણીઓના રાજ્યમાં તો માત્ર માદા જ નરને ખાતી હતી !

સુધીન્દ્ર : પ્રાણીઓમાં જો નર માદાને ખાય તો સૃષ્ટિ જ ન ચાલે. પણ માણસોમાં ખાવાની રીતો સૂક્ષ્મ થઈ એટલે બન્ને એક બીજાને ખાઈ શકે છે.

સુશીલા : તું તો આજે કંઈ ગપ્પે ચડ્યો છે !

ચારુ૦ : તું પણ ખાય એવો છે ખરો કે ?

સુધીન્દ્ર : હા ! હું પણ એવો જ છું. સાંભળો. આ જેને આપણે ચુંબન કહીએ છીએ તે શું છે ? મૂળ તો એક બીજાને બચકાં ભરવાની એ ક્રિયા છે. માણસોએ તેને સૂક્ષ્મ બનાવતાં બનાવતાં તેનું ચુંબન કર્યું. અને એ મનુષ્યભક્ષણવૃત્તિથી હું કેવળ નિર્દોષ હોઉં, તો પૂછો સુશીલાને.

[ સુશીલા ચારુની છાતીમાં મોં છુપાવી દે છે. ]

ચારુ૦ : સુધી ! તું તો બહુ જ જંગલી છે. ન બોલ ત્યાં સુધી જાણે મોંમાં જીભ જ નથી, જાણે કોઈ મૂરખ મૂંગો બેઠો હોય, અને બોલવા માંડે ત્યાં શ્વાસ પણ ન ભાગે એવું બોલે.

સુશીલા : ( ખુરશીમાં સ્વસ્થ બેસીને ) પણ તારે જરા જોવું તો હતું કે ચારુબહેન પાસે તું શું બોલે છે?

સુધીન્દ્ર : દોષ બધો તમારો છે, તમે પૂછો છો ને હું બોલું છું. દુનિયાંની કેટલીક વાતો ગુપ્ત રાખવાથી તે વધારે બગડે છે. માણસોને છે તે કરતાં હકીકતને પ્રકાશની વધારે જરૂર છે. દિવ્યતાની વાતો કરીએ તે કરતાં પોતાને ઓળખીએ તો વધારે સારૂં. મને તો એમ કે તમે બન્ને આ વાતો સમજો. (ચારુ૦ તરફ જોઇને ) તું પણ પરણવાની તો છે જ. અને આ સુશી મને નહિ, તો બીજા કોઈ—( સુશીલા એકદમ તેનું મોં દાબે છે. ચારુ૦ ટેબલ ઉપર ખુશાલીમાં વારાફરતી હાથ પછાડે છે. )

પડદો પડે છે.

A. T. HIGH SCHOOL
BOYS' CLASS
LIBRARY.
CLASS. VI A.
NO. 67

# બે મુલાકાતો

**જેલના** મોટા દરવાજા બહાર અનેક સ્ત્રીપુરુષો પોતાના સ્વજનની મુલાકાત લેવા આવેલાં છે. અત્યંત ઉત્સુક નજરથી તે સર્વ, જાડા સળિયાથી અને અંદરના અંધારાથી લગભગ અપારદર્શક થઈ ગયેલા દરવાજાની અંદરના ભાગમાં નજર નાંખે છે. કોઈ દરવાજાની પાસે આમથી તેમ ફરે છે, કોઇ મેડી ઉપરની બારી તરફ જુએ છે, કોઈ રાહ જોવાના કંટાળાનો સમય કાઢવા જેલની અને જેલની બહારની વાતો કરે છે, જેને મળવા આવેલ છે તેનાં વખાણ કરે છે, કોઇ અમલદારોને શાપ આપે છે, કોઈ તેમના અન્યાયની કડવા શબ્દોમાં ફરિયાદો કરે છે, કોઈ કોઈ વાર પૈસાદારો મોટર કે ગાડીમાંથી ઊતરી કંડિયા લાવી અંદર ખબર આપે છે, ત્યારે એક ઝાડ નીચે લોટામાં પીવાનું પાણી ભરીને બેઠેલી, સાદાં ગામડિયાં લૂગડાં પહેરેલી ડોશી વારંવાર દરવાજા સામે જોતી વધારે દીન બનતી ન સંભળાય તેવા નિશ્વાસો નાંખે છે. પણ આ બહારનાં માણસોની લાગણીની જાણે જરા પણ પરવા

ર્યાં વિના જેલનું કામ ચાલે છે. બહારની મુક્ત હવા પણ એકવાર અટકાયત વિના, એક વાર બંધાયા વિના, અંદર ન જઈ શકે એ જ જેલનું મુખ્ય કામ હોય તેમ, બન્ને સામસામા દરવાજા એક સાથે ઉઘાડા ન રહી જાય તેને માટે સૌથી વધારે ધ્યાન અપાતું હતું. કોઈ વાર બહારનો દરવાજો ખૂલતો પણ તે માત્ર અંદરના કેદીઓને બહાર કામ ઉપર લઈ જવા અથવા બહારથી કામ કરી આવેલા કેદીઓને અંદર લઈ જવાને. અને તે વખતે પીળી ટોપીવાળા અભણ વૉર્ડરોની 'ગિનતી'ની ધમાલ એટલા ભાગમાં પસરી જતી. દર ક્ષણે 'ગિનતી' થતી, કેટલા ગયા કેટલા આવ્યા કેટલા બાકી રહ્યા, તેના હિસાબની ભૂલ, ભૂલની આશંકા, બહારનાની અને બાકીનાની ફરી ગિનતી, કોઈ ઑફિસરના આવવા કે જવા વખતની, અનેક વાર મારી મારીને બરાબર પઢાવી દીધેલી સલામો, અંદરના ચાલતા પંખા, મોટેથી ઉચ્ચારાતા હુકમો અને તેનો તેથી વધારે મોટા જીકારથી આપેલો જવાબ, ટાઇપોનો ખડખડાટ એ આડે ત્યાં અન્ય કોઈ વ્યાપારને અવકાશ નહોતો.

અંતે વિનાયકનું નામ બોલાયું એટલે એ ડોશી લોટો હાથમાં લઈ ઊભી થઈ. દરવાજાની ભારે જાળી એક પીળી ટોપીવાળાએ ઉઘાડી, ડોશી અંદર ગઈ, અને એ બારી પાછી ધીમે રહીને દેવાઈ ગઈ. ડોશીથી અજાણતાં એ દેવાતી બારી તરફ શંકાની નજરથી જોવાઈ ગયું. પીળી ટોપીવાળા વૉર્ડરે આ જોઇને દરવાજાની અંદરની એક ઓરડી બતાવતાં જેલની ભાષામાં કહ્યું "હ્યાં બેઠો." જેમ જેલ સમાજની બહાર છે તેમ જેલની ભાષા પણ સમાજની બહાર છે.

ડોશી એ સામાન ભરેલા ઓરડાના બારણા તરફ જોતાં બેઠાં એટલામાં થોડી વારે જેલની વિધિ પ્રમાણે અંદરના

દરવાજાની બારી ઉઘડી ને વિનાયક આવ્યો. જાણે તેના શરીરને પણ સળિયાની જાળીમાં જકડી લેવું હોય તેમ તેનાં પહેરણ અને ટૂંકી ચોરણી ઉપર કદરૂપી મોટી ચોકડીની ભાત હતી. આ વિચિત્ર પહેરવેષ જોઇને તેની માથી એક વાર તો દબાયેલા સ્વરે "બાપુ વીનુ" એવી હાય નંખાઈ ગઈ. વીનુએ આશ્વાસનથી કહ્યું: "આવો બા! હું મજામાં છું."

"બાપુ તારું શરીર તો સારું છે ને!"

"હા, બા, મારી ફિકર કરશો નહિ."

"તને ખાવાનું તો ફાવે છે ને!" ખવરાવવું પોષવું એ અનેક યુગોની સાધનાથી માતાના જીવનમાં જેટલું રહસ્યભૂત પવિત્ર અને ભવ્ય થયું છે તેટલું બીજા કોઇના જીવનમાં નથી થયું. પત્નીને પણ 'ભોજ્યેષુ માતા' થવું પડે છે.

"હા! બા મને મજા પડે છે!"

"તને શું ખાવા મળે છે?"

"રોટલા દાળ શાક બધું મળે છે. અને સવારમાં કાંજી મળે છે તે તો એટલી સરસ હોય છે કે મને લાગે છે કે આપણે ઘેર પણ દાખલ કરવી જોઇએ."

"મેં તો સાંભળ્યું કે રોટલામાં સરકાર સીમેન્ટ નંખાવે છે." શરુઆતમાં રોટલામાં કાંકરી આવતી હતી તેનો લોકકલ્પનાએ આવો ખુલાસો કર્યો હતો.

"ના રે બા! એવું હોય? મારું તો અહીં વજન પણ વધ્યું છે."

'વજન' શબ્દ આવ્યો એટલે આ વાતચીત ઉપર જે કારકુનને ચોકી રાખવા મૂક્યો હતો તે એકદમ એની નિદ્રામાંથી જાગૃત થઈ બોલી ઉઠયો: "વજનની વાત ન કરો."

વિનાયકે કહ્યું: "પણ હું વજન ઘટયાની વાત નથી કરતો. વજન વધ્યાની તો વાત કરાય ને!"

જેલના કારકુને હા પાડી. જેલમાં વજન વધ્યાની વાત થઈ શકે અને ઘટયાની ન થઈ શકે એ કાયદાના અમંગલ અર્થથી વીનુની મા ફફડી ઊઠી. મૂંઝવણમાં તેની વાત કરવાની શક્તિ કુંઠિત થઈ ગઈ અને તેણે શી શી વાતો કરવાનું નક્કી કર્યું હતું તે સંભારવા લાગી. વીનુએ કહ્યું: "કેમ બા, શો વિચાર કરો છો?" તેની બાએ વિચાર કર્યા વિના જ પૂછ્યું: "તારે અહીં રહેવાનું કેવું છે? ઓઢવાનું પૂરું મળે છે કે નહિ?"

વીનુ "હા બા" પૂરું કહી રહે તે પહેલાં અધિકારીનો હુકમ છૂટયો: "જેલની કોઈ પણ વાત ન કરતા."

વીનુ વિશેષ બોલવા જાય તે પહેલાં તેણે ઉમેર્યું: "તમે તકરારી છો. તમારી મુલાકાતનો વખત પૂરો થયો છે. ઊઠો."

વીનુ અને તેની બા બન્ને ઊભાં થયાં. માતા પોતાના એકના એક દિકરાની આ હાડછેડથી તદ્દન દીન બની ગઈ હતી. હજી તેને દિકરાને મળવાની ઉત્કંઠા જરાએ પૂરી થઈ નહોતી. ઓરડીનાં પગથિયાં પર આવતાં વીનુએ કહ્યું: "લ્યો બા હવે જાઓ." પણ માતાની પ્રેમભરી દીન દૃષ્ટિથી તે એક તસુ પણ ચાલી શકયો નહિ. અનેક રીતે મૂંઝાયેલી માતા કોઈ નિગૂઢ બળોથી પ્રેરાયેલી એકદમ વીનુને મોઢે ગાલે અને ગળે પંપાળવા માંડી. "લ્યો બા ત્યારે હવે તમે જાઓ" એમ વીનુ બોલતો રહ્યો અને "બેટા આવજે હો" એવું અર્થ વગરનું વાકય બોલતાં બોલતાં માતાએ તેને કેટલીએ વાર પંપાળ્યા જ કર્યું. આ દેવોને દુર્લભ દૃશ્યથી કંઇક જેલનો કારકુન પણ પીગળ્યો કે શું, ઘણીવાર સુધી, ગાય વાછરડાને ચાટે તેમ, માતા પુત્રને પંપાળતી રહી. થોડીવારે કંઇક તૃપ્તિ થઈ હોય તેમ પંપાળતી રહી જઈ, વર્તમાન સ્થિતિ સમજી વીનુથી જુદાં પડતાં તેણે કહ્યું: "બેટા આવતે વખતે દિવાળીને લેતી આવું? તેને બહુ જ મન છે." વીનુએ માતાને આ

વિચિત્ર સ્થિતિમાં જેમ પંપાળવા દીધું હતું તેજ અધીનત્વથી તેણે હા પાડી દીધી. "બાપુ જાળવીને રહેજે" કહી માતા ચાલી ગઈ. બારણા આગળ તેને બારી ઉઘાડી આપી નહિ તેથી તે ઊભી રહી. સામેની બારીમાંથી વીનુને બહાર કાઢતા હતા એટલે તેને રોકી હતી. આ કાયદાથી ફરી માએ દિકરાને જોયો. દિવાળીને આવવાની રજા આપી એ ડહાપણ કર્યું કે નહિ તેના વિચારમાં વીનુ નીચે જોઈ ચાલતો હતો, માતા તે સમજી પણ ખરી, પણ દિવાળીને લાવી શકાશે તેના ઉત્સાહમાં ચાલી ગઈ.

ગરીબ બિચારો વીનુ! ત્રણ વરસ ઉપર માના વાત્સલ્ય ભર્યા હઠ આગળ તે પીગળી ગયો હતો તેમ તે આ વખતે બીજી વાર પીગળ્યો અને તેણે પોતાની પત્નીને મુલાકાતે આવવા દેવાની હા પાડી! તે મુંબઈ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ હતો. પૈસે ટકે સાધારણ હતો. તેને નાનો મૂકીને તેનો પિતા દેવલોક પામ્યો હતો અને માતાએ કેટકેટલી આશાએ તેને ઉછેર્યો હતો. પણ એટલા માટે તેને ગરીબ બિચારો કહેવા જેવું નહોતું. આ બધું તેણે સ્વાભાવિક રીતેજ સહન કર્યું હતું, ઊલટું, આ મુસ્કેલીઓએ તો તેનું ચારિત્ર ઘડયું હતું, તેને મજબૂત, મહત્ત્વાકાંક્ષી અને દૃઢ મનનો બનાવ્યો હતો. પણ છેલ્લાં થોડાં વરસથી તેના જીવનને અને મનને સોંસરું વીંધી એક શલ્ય પીડતું હતું અને તે જે જાણતો હોય તેનાથી તે યાદ આવતાં જરૂર 'ગરીબ બિચારો વીનુ' એમ કહેવાઈ જાય!

નાનપણથી માદિકરાને સારું બનતું. મા દિકરાને મોટા સુખી અને શક્તિશાળી જોવા ઇચ્છતી અને હજી સુધી દિકરાએ માતાને કશામાં નિરાશ કરી નહોતી. પણ જુવાન વયમાં અને તે સાથે કોલેજમાં પ્રવેશ કરતાં તેના મહેચ્છાના વિચારો જેમ અનેક વિષયોમાં વળ્યા, પ્રસર્યા, તેમ લગ્ન તરફ પણ

તેને પોતાને જાહેર જિંદગીમાં ઝુકાવવાનો શોખ
વળ્યા. તે સાથે તેને પોતાની ચર્યામાં સહકાર આપે,
થતો જતો હતો, અને રસથી તેનો થાક ઉતારે, તેની
તેના અર્ધાંગને દીપાવે, ઉત્સાહ આપે, એવી એક પત્નીની પણ
મહેચ્છા પાર પાડવામાં થતી જતી હતી. જુવાનની કલ્પના અનુભવહીન,
ઝાંખી કલ્પના હોય છે. વિનાયકને પોતાની આદર્શભૂત સ્ત્રી જેમ સ્થૂલ
પોકળ હોય તેનો ખ્યાલ નહોતો, તેમ કયા વિશેષ ગુણોથી
શરીરે કેવી હોય આપી શકશે તેનો પણ ખ્યાલ
પત્ની તેને એવો સહચાર પોતાની મેળે પસંદ કરવાનું
નહોતો, માત્ર તે પોતાની પત્ની કેમ પસંદ કરવી તે પણ
ઇચ્છતો હતો—જો કે પત્ની

જાણતો નહોતો.

વીનુની માતા જેમ વીનુને ભણવાની સગવડ કરી આપતી,
તેનાં કપડાંની, ખાવાની સગવડ કરી આપતી, તેમ જ વીનુ
જુવાન થતો લાગ્યો કે તરત જ તેણે વીનુને માટે કન્યાની
શોધ કરવા માંડી. આવી બાબતમાં દિકરાને પૂછવાની કે તેની
ઇચ્છા જાણવાની જરૂર હોય એવો તેને તર્ક પણ ન આવ્યો.
નાતની એક સારા કુટુંબની થોડું ગુજરાતી ભણેલી છોકરીની
સાથે તેણે સગાઈ કરી દીધી, વીનુ કૉલેજમાં હતો ને જ સગાઈ
પતાવી દીધી અને વીનુ ઘેર આવ્યો ત્યારે તેને કંસાર જમાડતાં

આ વાત કરી.

વિશ્વાસથી ચાલતાં કાંટો ભોંકાય ને માણસ ચમકે
તેમ વીનુએ ચમકી કહ્યું: "પણ મને પૂછવું તો હતું."
ચતુર માતા કારણ સમજી નહિ પણ એટલું તો સમજી
કે વીનુને અત્યંત દુ:ખ થયું છે. તેણે વહુનાં થોડાં વખાણ
કરી જોયાં, તેને એણે જોઈ છે એમ યાદ આપ્યું, પણ કશાથી
વીનુને કળ વળતી નથી એમ જાણી, તે વખતે વાતને ખાઈ
ગઈ. રજાઓમાં ફરી એ વાત કાઢી નહિ. વીનુ ઘણું મૂંઝાયો

પણ શું કરવું તેનો રસ્તો નહિ જડવાથી તેણે પણ ફરી એ વાત ઉચ્ચારી નહિ.

માણસ અણગમતી વસ્તુનો નિકાલ લાવતાં જાણે ડરે છે, અને તેથી નિકાલની મુદત પાડયા કરે છે પણ સમજતો નથી કે વખત તેના ગેરલાભમાં વહે છે. એક વરસ પછી રજાઓમાં કન્યાના પિતાએ લગ્ન લીધાં ત્યારે તેણે જોયું કે પરિસ્થિતિ એટલે સુધી પહોંચી છે કે તેની સામે તે એક પણ પગલાનો વિચાર કરી શકે નહિ. છેવટે મૂંઝાઈને તેણે માતાને કહ્યુંઃ " મારે નથી પરણવું. "

" પણ બેટા, હવે તો દસ જ વરધો બાકી રહી છે. કંકોતરીઓ લખાઈ ગઈ છે. વડીપાપડ થઈ ગયા છે. હવે ના ન પડાય. "

વીનુ માની સામે માત્ર ફરી એ જ નકાર બોલવા ઉપરાંત કાંઈ કહી શકયો નહિ.

માતાએ સાચી સરલતાથી તેને ફેરવી ફેરવીને પૂછ્યુંઃ " ત્યારે તારે કોને પરણવું છે ? શું નથી જ પરણવું ? આ વિવાહમાં શું ખોટું છે ? " પણ તેને આ પ્રશ્નો નીચે રહેલ માનસ અને પોતાની વિચાર કરવાની પદ્ધતિમાં એવડો મોટો ફરક લાગ્યો કે તે કશાનો જ ઉત્તર આપી શકયો નહિ. ખરી રીતે આ બધા સવાલોના ઉત્તરો તેની પાસે હતા પણ નહિ. તેને તો માત્ર પોતાની પસંદ કરેલી સ્ત્રીને પરણવું હતું અને એ ઉત્તર તે આપી શકે તેમ નહોતો, આપે તો પણ તેની મા તે સમજી શકે તેમ નહોતી એ તે જાણતો હતો.

છેક પરણવાના દિવસ સુધી તેણે ના પાડયા કરી અને બીજી બાજુ પરણવાને માટે જ જાણે આખી સૃષ્ટિ કામ કરી રહી હોય એમ તેને લાગતું હતું. છેવટને દિવસે માતાએ વાત્સલ્યથી દિકરાને હાથ ફેરવીને કહ્યુંઃ " મારા સમ જો બોલે

તો. આટલું માની જા. જા મારા દિકરા મીંઢળ બાંધવા દે."
વીનુ નાનો હતો અને તેને બહાર રમવા જવાનું ઘણું જ મન હોય, પણ 'જા મારા દિકરા, જરા તપેલું લઈ આવ તો' એમ તેની મા કહે, અને રમવાની વૃત્તિ જરા રોકી તે તપેલું લઈ આવતો, તેમ જ, તે જ અધીનતાથી તેણે મીંઢળ બંધાવ્યું અને ત્રણ દિવસમાં તો લગ્ન થઈ ગયાં!

માણસ ઘણીવાર લાંબા ચાલતા બનાવનું માત્ર મુખ દેખી શકે છે, આખો બનાવ દેખી શકતો નથી. માણસ સ્થલમાં જેટલું લાંબું જોઈ શકે છે તેટલું પણ કાલમાં જોઈ શકતો નથી. પરણી રહ્યા પછી જ વીનુને સમજાયું કે લગ્ન, એ ત્રણ દિવસ, મા કે બ્રાહ્મણ કહે તેટલું કરી લઈ છૂટી જવાનો બનાવ નથી, પણ જિંદગીભર ચાલતો બનાવ છે. અને એ તેને સમજાતું ગયું તેમ તેમ તેની મૂંઝવણ વધતી ગઈ. આ મૂંઝવણથી તેને પત્નીનું દર્શન પણ અકારું થઈ ગયું, દિવાળી નામ પણ તેને જૂનવાણી લાગ્યું. પોતે કરેલા કાર્યના પરિણામે, તેને પત્ની તરફ કાંઈ કર્તવ્ય કે ફરજ છે એમ તેનું મન જ ન માની શક્યું. અને આ સઘળી કફોડી સ્થિતિના કારણરૂપ તેની મા તરફ તેને ધીમે ધીમે કંટાળો આવતો ગયો. તે પોતે સમજી શક્યો કે તેનો મા તરફનો પ્રેમ ઘટતો જતો હતો, તે ઘણી વાર કેવળ કર્તવ્યબુદ્ધિથી માની સાથે વર્તતો હતો. આથી તેને દુઃખ થતું હતું પણ મા તરફનો જૂનો પ્રેમ પાછો આવતો નહોતો. બન્ને વચ્ચે જાણે કોઈ અદૃશ્ય પડદો આવી ધીમે ધીમે વધારે ને વધારે અપારદર્શક થતો જતો તેને લાગતો હતો. જેમ નજીક નજીકનાં બે ઘરો વચ્ચે ધીમે ધીમે વાંધુ પડે, તે ઊંડું ને ઊંડું ઊતરતું જાય, અને બન્ને ઘર એક બીજાને દુરાસાદ્ય અને છેવટ અનાસાદ્ય થઈ જાય, તેમ બન્ને વચ્ચે અંતર વધતું જતું હતું. કોઈનો પણ દોષ ન હોય છતાં

જાણે સર્વને માઠું લાગ્યું હોય, સર્વ અપ્રસન્ન હોય, કોઈને ખબર ન હોય એવા કોઈ બનાવથી જાણે બધાં દુઃખી હોય, તેમ આ ઘરનો વ્યવહાર ચાલવા માંડયો.

વીનુ બી.એ. થયો, નોકરીને માટે તે કંઈક વિચાર કરે એટલામાં ગાંધીજીએ મીઠાની કૂચ કરી અને આખો દેશ ખળભળી ઊઠયો. વીનુએ આ જંગમાં તરત ઝુકાવ્યું. કુટુંબનો ભાર આટલે વરસે ઉતારી દિકરાની કમાણીનો ટેકો લેવાનો વખત આવ્યો ત્યારે જ વીનુએ ઘરનો ત્યાગ કર્યો તેથી માતાને ઘણું માઠું લાગ્યું. પણ તે અજ્ઞાત રીતે જાણી ગઈ હતી કે વીનુને સમજાવી શકાશે નહિ.

જેલની પ્રથમ મુલાકાતે, એ અમાનુષ વાતાવરણમાં વીનુની માતાનું વાત્સલ્ય ફરી એક વાર પ્રગટી ઊઠયું, અને વીનુ પણ તેમાં અધીન થઈ નાખ્યો. બે વરસ ઉપર તેણે જેમ વિચાર્યા વિના મીઢળ બંધાવવાની હા પાડી હતી, તેમ તેણે ફરીવાર દિવાળીને મુલાકાતે આવવાની રજા આપી.

વીનુની વહુ તરફની ઉદાસીનતાથી માતાને વહુ તરફ અત્યંત વહાલ રહેતું હતું. જેલમાંથી મળવા જવાની વીનુએ આપેલ રજાથી કંઈક ઉત્સાહમાં બન્ને પાછાં ઘરનું કામ કરવા લાગ્યાં.

એક દિવસ બપોરના વીનુના ગામમાં એક અપૂર્વ બનાવ બન્યો. વીનુના ઘર આગળ થોડે દૂર 'ઇનકિલાબ ઝિન્દાબાદ'ની બૂમો ઘણા જ ઝનુનથી બોલાતી સંભળાવા લાગી. દિવાળીને પતિ કેદમાં ગયા પછી, આ હીલચાલ અને તેમાં ભાગ લેતી વ્યક્તિઓ તરફ, સ્વાભાવિક કૌતુક થયું હતું. શેરી ઉપર પડતી અગાસીએ તે જોવા ગઈ. એક યુવાનોનું ટોળું આ બૂમો પાડતું પાડતું ઘર તરફ આવતું તેણે જોયું. ટોળામાં સૌથી આગળ એક યુવાન મોટા વાંસડા ઉપર ત્રિરંગી વાવટો લઈ ચાલતો હતો. હવે બૂમો બંધ કરી બધા યુવાનોએ ગાયું:

## ઝંડા ઊંચા રહે હમારા!

દિવાળી જોતી હતી એટલામાં બીજી તરફથી પોલીસનું ધાડું આવ્યું. જાણે કોઈ ભવ ભવનું વેર હોય તેમ તેણે યુવાનો ઉપર ધસારો કર્યો. સૌથી પહેલો ફટકો ઝંડો લઈ ચાલનાર પર પડ્યો. પણ તે મજબૂત અખાડિયાએ હાથમાંથી વાંસડો છોડ્યો નહિ. જ્યારે વાંસડો ઝાલી રાખવા પણ અશક્ત થયો ત્યારે તેણે બીજા અખાડિયાને આપ્યો. હવે પોલીસોએ જાણે એ જ મુખ્ય ધ્યેય હોય તેમ ઝંડાધારીને મારવા માંડ્યું. આંખ ફરૂક પણ ન કરે તેટલામાં એક સામટા ત્રણચાર પોલીસ એક પર ચઢી જતા. તે ઝંડાધારી અશક્ત બનતાં બીજાને ઝંડો આપતો એટલે ફરી મલકાતા મલકાતા, ગાળોદ્વારા વિજય દર્શાવતા તે બીજા પર ચઢી જતા. થોડી જ વારમાં એક પછી એક ઘણા જુવાનો પડ્યા. હવે માત્ર એકાદ જ બાકી રહ્યો હશે. પોલીસો આ છેવટનો વિજય નજીક જોઈ ઉત્સાહથી ગાળો દેતા માર મારતા હતા. એટલામાં આ ચમત્કારહીન જમાનામાં જાણે ચમત્કાર બનતો હોય તેમ, ઝંડો એકદમ ઉપર ચાલ્યો ગયો. થોડી વાર તો સૌ પોલીસ આભા જ બની ગયા. પછી જ તેમણે જાણ્યું કે વિજય તસુભર પણ છેટો નહોતો. એટલામાં અગાસી ઉપર ઊભેલી બાઈએ ઝંડો લઈ લીધો હતો. કોણ જાણે દિવાળીને એ એકદમ કેમ સૂઝ્યું, એ ઝંડાવાળો પણ કશી પણ નિશાની વિના કેમ સમજી ગયો, અને દિવાળીએ ઝંડો ઉપર ખેંચી લીધો! અગાસી ઉપર તેને ઝાલીને ઊભી રહી! માર ખાધેલા યુવાનો એકદમ ઉત્સાહમાં આવી ગયા અને તેમણે લોહી નીતરતે અને મારથી ખોખરે થયેલે અવાજે પણ ઝંડા સામે હાથ ઊંચા કરી

ઝંડા ઊંચા રહે હમારા !

ફરી ગાયું. પોલીસ હવે નિરુપાય થઈ ગઈ. દિવાળીને ગાળો

ભાંડીને અને એક બેને જરા વધારે 'ચખાડી'ને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા, અદૃશ્ય થઈ ગયા. કોઈ લશ્કર કિલ્લો સર કરે એટલો હર્ષ ત્યાં વ્યાપી ગયો.

કોઈ રાજ્યપ્રકરણનો 'વેદાન્તી' વિચારે કે એક નિરર્થક વાવટા માટે આ માર ખાવાનો શો અર્થ! પણ આમ અનેક માણસોએ માર ખાવાથી **वन्दे मातरम्** ગીત રાષ્ટ્રગીત બન્યું છે, અને એ જ પ્રમાણે અત્યારે આ ત્રિરંગી વાવટો રાષ્ટ્રધ્વજ બને છે. અને એ બધાથી રાષ્ટ્રભાવ ઘડાય છે.

પોલીસ ગયા જોઈ દિવાળીએ ધ્વજ પાછો આપવા માંડ્યો પણ સ્વયંસેવકોએ એ ધ્વજ ત્યાં જ રાખવા કહ્યું. દિવાળીએ સાસુને બોલાવી. તે સર્વ હકીકત જાણી ચકિત થઈ ગઈ. સ્વયંસેવકોએ વીનુભાઇની ખાતર વાવટો રાખવા કહ્યું અને માતાએ કબૂલ કર્યું. અગાસીમાં એક ઠીંકરાની કાણી કોઠી પડી હતી તેમાં છોકરાંએ ધૂળ ઢેફાં નાખી એ વાવટો ખોડ્યો. આખા ગામમાં સૌથી ઊંચો વાવટો વીનુના ઘર પર ફરકવા લાગ્યો અને દિવાળીને સૌ ઝંડાવાળી દિવાળી કહી ઓળખવા લાગ્યું.

કેટલીક ક્રિયામાં પોતામાં કશી બહાદુરી હોતી નથી પણ તેથી માણસમાં બહાદુરી આવે છે. દિવાળીએ વાવટો ઊંચો લઈ લીધો તેમાં બહાદુરી ફરી નહોતી પણ તેથી તે બહાદુર બની, અને તેનાથી આખા ગામની સ્ત્રીઓમાં નવી બહાદુરી આવી.

એક દિવસ દિવાળી સવારમાં પાણી ભરવા જતી હતી ત્યાં તેણે ભાગોળે એક ગાડી અને તેની આસપાસ કેટલાક ખાદીધારી સ્વયંસેવકો જોયા. સ્વાભાવિક કૌતૂહલથી તે જરા રસ્તો મરડી ગાડી પાસે ગઈ. ત્યાં બીજી દિશાથી એક સ્વયંસેવક મારતી બાઇસિકલે આવ્યો, નીચે ઊતર્યો અને હાંફતો હાંફતો કહેવા લાગ્યો કે પોલીસોને આપણા મીઠાની ખબર પડી ગઈ છે. બધા સ્વયંસેવકો મૂંઝાવા લાગ્યા કારણકે તેમણે અહીંથી એ

ગાડી દૂર એક ગામમાં મીઠું પહોંચાડી ત્યાં જાહેર રીતે વેચવાની
વાત આપવાનું નક્કી કર્યું હતું. સ્વયંસેવકો અંદર અંદર વાતો
કરવા લાગ્યા કે ગામમાં ક્યાંઈ મીઠું રખાય એટલું ઓળખાણ
પણ નહોતું. દિવાળીને તરતબુદ્ધિ સુઝી અને તેણે કહ્યું કે
મારા બેડામાં ભરી આપો. પાણી ભરવા જતી બધી પાણિ-
હારીઓને તેણે અટકાવી અને મીઠું વહેવાનું કહ્યું. બધી સ્ત્રીઓએ
મીઠું સારવા માંડ્યું. એ પાણીશેરડો ઘડીભર મીઠાશેરડો બની
ગયો. તળાવની પાળ ઉપર એક સ્વયંસેવકને ધ્યાન રાખવા
ઊભો રાખ્યો હતો. લગભગ ગાડી ખાલી થઈ ત્યાં સ્વયંસેવકે
નિશાની કરી. સ્ત્રીઓ ત્યાંથી ખસી ગઈ, કેટલીક ગામ તરફ
અને કેટલીક કુવા તરફ ગઈ. સ્વયંસેવકોએ, પોલીસને ખોટી
દિશાએ ચડાવવા, ગાડી ગામ બહાર ગમે તે મારગે દોડાવી,
અને રસ્તામાં જ ગમે ત્યાં થોડું મીઠું વેરી નાંખ્યું. પોલીસોનાં ઘોડાં
તેની પાછળ દોડ્યાં. થોડે જઈ તેને પકડી પાડી ઊભું રાખ્યું
પણ ગાડીમાં મીઠું મળ્યું નહિ. ગામમાં આવ્યા પણ કશી ભાળ
મળી નહિ. પોલીસો નિરાશ થઈ પાછા ગયા.

હવે ઝંડાવાળી દિવાળીની ખ્યાતિ ગામ બહાર પણ ગઈ.

આ ગામના તાલુકાના મુખ્ય શહેરમાંથી સરકારે અત્યારે
ઘણાખરા કાર્યકર્તાઓને પકડી લીધા હતા. બીજા તાલુકાઓમાં
કોઈ કોઈ જગાએ સ્ત્રીઓની નીમણૂક હવે 'સરદાર' તરીકે
થતી હતી. ઝંડાવાળી દિવાળીની ખ્યાતિ એટલી થઈ હતી કે
તેને હવે તાલુકાની સરદાર નીમી. તેને, નિમાતી વખતે તો,
શું કામ કરવું પડશે તેની ગમ નહોતી પણ ધીમે ધીમે તેને
બધું સમજાયું, અને થોડા વખત પછી તો તે પોતે લડતનો
કાર્યક્રમ ઘડવા માંડી. તેણે ખાદીનું ખાતું ખોલ્યું, દારૂ અને
પરદેશી કાપડના પહેરા ગોઠવ્યા, વાનરસૈન્યની વ્યવસ્થા કરી,
પ્રભાતફેરી અને સરઘસો નિયમિત કર્યાં, અને પોતે જેલ જવા

તૈયાર રહી ઘણાને તૈયાર કર્યા અને મોકલ્યા. હવે તો તેનું નામ વર્તમાનપત્રોમાં પણ આવતું થયું હતું.

વીનુની મુલાકાતનો વખત થયો ત્યારે તે પોતાની સાસુ સાથે જેલમાં ગઈ. જેલની વિધિ પ્રમાણે તેમને દાખલ કરીને અંદર બેસાડ્યાં. થોડીવારે વીનુ આવ્યો. તેણે માતાની પાસે કેસરી ખાદીની સાડીમાં કંઇક પ્રગલ્ભ રીતે ખુલ્લે મોઢે બેઠેલી દિવાળી જોઈ, પણ તે તરફથી આંખ ખસેડી તેણે બાના કુશળ સમાચાર પૂછ્યા, અને પોતાના કહ્યા. આટલા માસના અસહકારીઓના સહવાસથી જેલના અધિકારીઓમાં કંઈક માણસાઈની મૃદુતા આવી હતી. આ વખતે અધિકારીઓની ડખલ નહોતી, પણ દિવાળીને જોઈને વીનુ જરા ઠંડો થઈને બેઠો.

પણ પંદરેક દિવસમાં વીનુ ઘેર આવવાનો છે એ અપેક્ષાએ તેની માતા વધારે ઉત્સાહમાં હતી. તેણે વીનુને કહેવા માંડ્યું કે તું ઘેર આવીશ ત્યારે ઘર ઉપર મોટો ઝંડો ફરકતો જોઈશ.

"એમ કે ? સારું કર્યું બા !" વીનુએ કૃત્રિમ હર્ષ બતાવ્યો.

"પણ જો હવે તું ઘેર આવે ત્યારે દિવાળીએ થોડા દિવસ આપણે ઘેર રહેવા આવે એમ તું ન કહે ?"

"બા, એ તો એનાં માબાપને ફાવે તેમ કરે."

"માબાપને ત્યાં ક્યાં છે ? એ તો ભામણા ગામમાં છે ને દેશનું કામ કરવા હવે ત્યાં જ રહે છે. ત્યાંની સરદાર થઈ છે !"

"ભામણામાં ઝંડાવાળી દિવાળી સરદાર થઈ છે તે આ દિવાળી ?" વીનુએ જિંદગીમાં પહેલી જ વાર દિવાળી સામું જોયું.

"હા, હા. એની કેસરી સાડી નથી જોતો ?"

"અરે શાબાશ રે શાબાશ." વીનુએ વેગમાં આવી જઈ કહ્યું અને ઘણા જ જોરથી દિવાળીનો બરડો થાબડ્યો.

જિંદગીમાં દિવાળીને આ પતિનો પહેલો જ સ્પર્શ હતો. આ આટલી વિચિત્ર જગાએ, લોકોના દેખતાં, સાસુના દેખતાં, પતિએ બતાવેલા ઉમળકાથી તેનું મોં શરમ આનંદ અને સૌભાગ્યના ઓચિંતા ભાનમાં લાલ થઈ ગયું. વીનુએ પહેલી જ વાર જોયું કે દિવાળી જરા ભીને વાન હતી પણ તેજસ્વી અને સુંદર હતી. "આ ઝંડાવાળી દિવાળી તે તું? અહીં ભામણાથી જગદીશ આવ્યો હતો તે તારી વાત કરતો હતો, પણ મને શી ખબર તું હઈશ. તને ઝંડાવાળી શાથી કહે છે?" વીનુએ માને નહિ પૂછતાં પત્નીને સીધું જ પૂછ્યું. માતા તેના સામું જોઈ રહી. આ પ્રશ્ન પૂછતાં વીનુની શી આંખો, શો હર્ષ, શો ઉત્સાહ! જાણે કેટલાંએ વર્ષથી, મહત્ત્વાકાંક્ષા, ઉત્સાહ, કોઈ પણ નિર્દિષ્ટ પાત્ર વિનાનો પત્નીપ્રેમ, સંઘરી રાખેલો, એકદમ ધરતી ફાડી સેર ફૂટે એમ ફૂટી નીકળતો તેણે જોયો—તે જોઈ જ રહી!

દિવાળી હવે સ્વસ્થ થઈ હતી. એક સૈનિક સાથે વાત કરતી હોય તેમ "એમાં તો કાંઈ મોટી વાત નથી" એમ કહી બધું વૃત્તાંત કહ્યું.

"અને પેલું મીઠું લઈ આવી'તી એ ય કહેને!" માતાએ વચમાં ઉમેર્યું.

હવે વાતચીતના પહેરેગીરને માટે આ વધારે પડતું થઈ ગયું. તેણે કહ્યું: "મીઠાની વાત ન કરો."

જરા પણ ડઘાયા વિના દિવાળીએ ચલાવ્યું: "અમે પાણી ભરવા ગયાં'તાં. ત્યાં ઊતરવડથી માલની ગાડી આવી'તી. ગામમાં માલ ક્યાં રાખવો તેની ગાડાધણીઓ ચિંતા કરતા હતા. ઉપર તોફાન ઝઝૂમી રહ્યું હતું. જો વરસે તો બધો માલ બગડે એમ હતું. એટલે હું, નગરશેઠની દિકરી વહુ, ને આપણી પાડોશણ રસિકા, ને ગોરની ડાહી અમે બધાંએ બેઠે બેઠે સાર સાર કર્યું."

વીનુ, પત્નીની આ કહેવાની ખુબીથી, તરતબુદ્ધિથી, પ્રાગલ્ભ્યથી ખુશ થયો અને વળી શાબાશી આપી.

વાત સારી પેઠે થઈ પણ તેમાં મુખ્ય વાતો કરનારાં હવે વીનુ અને દિવાળી હતાં. ઘણીવારે વીનુએ જ કહ્યું: “ લ્યો હવે જાઓ. સમય પૂરો થઈ ગયો છે.” સાસુ વહુ ઊઠયાં. સાસુ અતિ વહાલથી વહુના ખભા પર હાથ મૂકી ચાલવા માંડી. બારી પાસે આવીને બન્ને ઊભાં રહ્યાં. એ વૉર્ડરો, પોલીસો, બીજા અનેક મુલાકાત માટે આવેલા કેદીઓ, બધાના દેખતાં દિવાળીએ જરા પણ શરમ વિના ઈન્તેઝાર આંખોથી વીનુ સામે જોયું. વીનુ પણ જોઈ રહ્યો. જેલમાં એવી શરમને સ્થાન નથી. અને માતાના ‘સાચવીને રહેજે’ એ શબ્દોથી વધારે, એ મૂક આંખો કહેતી હતી. વીનુ બારી ટપીને અંદર ગયો ત્યારે જ એ આંખોની મુલાકાત બંધ પડી.

T. HIGH SCHOOL
BOYS' CLASS
LIBRARY
NO. 168

# સુરદાસ

તેને સૌ સુરદાસને નામે ઓળખતા. પ્રસિદ્ધ ભક્ત કવિ સુરદાસે પોતાની આંખો ફોડી હતી એવી વાત જ્યારથી ચાલી ત્યારથી દરેક આંધળાને અને ખાસ કરીને આંધળા બાવાને સૌ સુરદાસ કહે છે. તે પણ આંધળો બાવો હતો.

શહેરમાં એક ધરમશાળા હતી. તે રસ્તાની બે બાજુ આવેલી હતી. એક બાજુ ગૃહસ્થોને ઉતરવા માટે ઓરડીવાળાં મકાનો હતાં અને તેની સામે બીજી બાજુ પતરાંના છાપરાવાળું એકઢાળિયું હતું. એકઢાળિયાને કેડપૂર દિવાલ હતી, તેની ઉપર તે ખુલ્લું હતું. સુરદાસ આ એકઢાળિયાવાળા ભાગમાં આવતા જતા બીજા બાવાઓ સાથે રહેતો.

સુરદાસ આશરે ત્રીસ વરસનો હતો. તેને કોઈ મિત્ર નહોતો તેમ તે શહેરમાં જઈ બીજાઓની માફક માગી શકતો નહિ. ધરમશાળાના ઉતારુઓ કોઈ વાર કાંઈ આપે, કોઈ આવતો જતો પૈસો પાઈ આપે, પણ તેનાથી તેનું હમેશનું ગુજરાન થાય તેમ નહોતું; તેનું ગુજરાન ધરમશાળાની ખબર રાખનાર

એક વિઠ્ઠલ મરાઠો કરતો. કોણ જાણે કેમ, કંઈ પણ કારણ વિના, તે હમેશાં સુરદાસને એક બે વાર મળી જતો, સુરદાસ પાસે પૈસા હોય કે ન હોય, પણ તે તેને જોઇતી ચીજ અને ખાવાનું પૂરું પાડતો.

સુરદાસ એક નાનું ડફ લઈ સાંજે ગાતો. તેનો કંઠ બહુ સારો નહોતો પણ તે રીતસર તાલબદ્ધ ગાઈ શકતો અને ડફ ઘણું સુંદર વગાડતો. પણ શહેરના લોકોને તેની કદર નહોતી. એક વાર એક પરગામનો પ્રસિદ્ધ સાક્ષર ત્યાં કોઈ સંસ્થાના 'આશરા' નીચે ભાષણ આપવા આવેલો, તે અહીંથી પસાર થતાં આનું ગીત સાંભળી ત્યાં ઊભો રહેલો, અને તેથી, આપણા 'પર પ્રત્યય'[૧]ના નિયમ પ્રમાણે, શહેરના લોકોને પણ લાગ્યું કે આ સાંભળવા જેવું છે. ત્યારથી સાંજે સાંજે સુરદાસ પાસે એક નાની મંડળી ભરાતી, આવતા જતા મજૂરો અને કોઈ સારા માણસો પણ તે સાંભળવા ઊભા રહેતા અને સુરદાસને બે પૈસા આપતા. હવે સુરદાસ પહેલાંની અપેક્ષાએ તેમ જ બીજા બાવાઓની અપેક્ષાએ પૈસાદાર થવા લાગ્યો. વિઠ્ઠલે ઉતરેલાં કપડાં વેચાતાં આણી આપ્યાં અને સુરદાસ ભિખારીમાંથી કંઇક સભ્ય ગાવાવાળો ગણાવા લાગ્યો.

કેટલાક દિવસથી શહેરમાં એક પરદેશી સારંગીવાળો આવ્યો હતો. તે દેખાવમાં પણ ફક્કડ હતો. માથે એક જૂનો રેશમી ફેંટો, રાજાઓ બાંધે છે તેવી રીતે તે બાંધતો, ઉત્તર હિંદમાં પહેરે છે તેવો એક લાંબો અચખન જેવો ડગલો પહેરતો અને દુકાને ફરી ફરીને ગાઈને પોતાનો નિર્વાહ કરતો. એક દિવસ ફરતાં ફરતાં તે આ ધર્મશાળામાં આવી ચડ્યો અને તેણે આ સુરદાસને ડફ બજાવતો અને ગાતો સાંભળ્યો.

૧. બીજા પર વિશ્વાસ. બીજો કહે ત્યારે જ સૂઝે, પોતાની મેળે ન સૂઝે એ.

"વાહ વાહ સુરદાસજી, બહુત અચ્છા ગાતે હો" કહી તે તેની પાસે ઓટલા ઉપર બેઠો. "અચ્છા કુછ સુનાઇએ. મૈં સારંગી બજાતા હૂં" કહી તેણે સારંગી પર ગજ ફેરવવા માંડયો. સુરદાસે ગાયું. તેના ડફ પર પરદેશી મુગ્ધ થઈ ગયો. તેણે સુરદાસને "જી કુછ લીજિયે પાનસુપારીકે લિયે" કહી એક પૈસો આપ્યો. પાસે બેઠેલા એક બીજા બાવા–ભિખારીએ કહ્યું: "તુમ ભી માંગનેવાલા હો, તુમ કૈસે દે સકતે હો?" પરદેશીએ કહ્યું: "જી મૈં તો પાનસુપારીકે લિયે દેતા હૂં. મૈં શહેરમેં ફિરતા રહેતા હૂં તો કભી સુરદાસજીકો દેસે ન દૂં." સુરદાસ ખુશ થયો. તેણે બીજું ગીત લલકાર્યું અને સારંગી ડફ ગીતના આકર્ષણથી ત્યાં સારું ટોળું થઈ ગયું. હવે તેણે પરદેશીને ગાવા કહ્યું. તેનો સૂર વધારે આકર્ષક હતો. લોકોની મેદની વધી. પૈસા પડવા માંડયા તે બધા ભેગા કરી તેણે સુરદાસને આપ્યા. પણ સુરદાસ સમજી શકયો કે પરદેશીનો સૂર પોતાના કરતાં વધારે સારો હતો. તેથી તે જરા ખશિયાણો પડી ગયો અને તે તેના મોં પર દેખાયું. તેણે કહ્યું: "આપ તો મુજસે બહુત અચ્છા ગાતે હો!" સારંગીવાળો આ સમજી ગયો અને તેણે સુરદાસને ફરી ઉત્સાહ આપવા પણ સાચા દિલથી કહ્યું: "મૈં સારે હિંદુસ્તાનમેં ઘૂમા હૂં. લેકિન ઐસા ડફ કહીં ભી નહિ સુના હૈ." સુરદાસ ફરી ઉત્સાહમાં આવ્યો, અને તેણે વળી થોડાં ભજનો ગાયાં. સારંગીવાળાએ થોડી વારે પૂછયું: "સુરદાસજી, આપ કયા કરતે હો?"

"કુછ નહિ. બસ ભજન કરતા હું."

"તો ચલો મેરી સાથ. શહેરમેં દોનું સાથસાથ ઘૂમેંગે. એકસે ભલા દો."

"હાં કુછ હરકત નહિ."

"તો ચલો અભીસે."

બન્ને વચ્ચે સમજુતી થઈ ગઈ અને સ્ટેશન તરફના રસ્તે બન્ને ચાલ્યા.

હવે ગામમાં આ બે માણસો વધારે પ્રસિદ્ધ થયા અને તેમને વધારે પૈસા પણ મળવા માંડયા.

એક દિવસ એ જ ધરમશાળાના ઓટલા પર સુરદાસ અને પેલો સારંગીવાળો પરદેશી ગાતા હતા. ત્યાં તેમણે ઓચિંતું જોયું કે પોતાના ગીતમાં કોઈ ત્રીજો અતિ મધુર સ્વર ભળેલો છે. પરદેશીએ બજાવતાં બજાવતાં જોયું તો ઓટલા પાસેના કઠેડા ઉપર એક સ્ત્રી ઝૂકી રહી છે અને બહુ જ સ્વાભાવિક રીતે તલ્લીન થઈ સાથે સાથે ગાય છે. તેનું માથું ખુલ્લું હતું, કાળા વાળની સુંદર લટો ગળાની બન્ને બાજૂ ખભા ઉપર થઈ છાતી પાસે લટકતી હતી. તેના કપાળમાં ભસ્મનો ચાંદલો હતો. તેણે શરીરે એક કફની જેવું પહેરણ પહેરેલું હતું. તે ક્યારે આવી, અહીં પહેલેથી રહેતી હતી કે હમણાં આવી, તે કેવડી ઉંમરની હતી, તે પરણી હતી કે કુંવારી તે કોઈ જાણતું નહોતું. ધર્મશાળા એટલી પ્રસિદ્ધ જગા છે કે ત્યાં કોઈ કોઈને ઓળખતું હોતું નથી. જાદુગરના પટ પર જેમ ઓચિંતું કોઈ માણસ કે પદાર્થ દેખાય, નાટકના તખ્તા પર કોઈ નવું પાત્ર પ્રવેશ કરે, તેમ આ ધર્મશાળામાં આ બાઈ ઓચિંતી જ દેખાઈ, અને આ સુરદાસના જીવનનાટકમાં તેણે ઓચિંતાં જ પ્રવેશ કર્યો.

ગાયન પૂરું થયું એટલે પરદેશીએ કહ્યું: "આઈએ માઈ. કહાંસેં આ રહી હો?"

"અભી આઈ."

"કહાંસે આઈ?"

બાઈ માત્ર નિર્દોષ, પણ જરા બ્હીલા મોઢાથી હસી, અને તે વખતે તે વધારે સુંદર દેખાઈ.

"તુમ ગાના કહાં સીખી ? બહુત અચ્છા ગાતી હો."

"તુમ ગાતે થે, ઔર મૈં ભી ગાને લગી !"

"લેકિન તુમ કહાં સીખી ?"

તેણે ફરી તેવું જ બ્હીલું સૂનું હાસ્ય કર્યું.

"અચ્છા, તો દેખો માઈ. તુમ હમારી સાથ ચલો. ઔર હમારી સાથ તુમ ભી ફિરને લગો. હમ સબ સાથ ગાયેંગે ઓર સાથ ખાયેંગે."

"અચ્છા."

"તુમ્હારા નામ ક્યા ?" સુરદાસે પૂછ્યું.

"રામપ્યારી."

પરદેશીએ ડબરો ખોલી તેનું ઢાંકણું, ડબરો, થોડા કાગળના કડકાઓ પાથરી ત્રણ ભાણાં બનાવ્યાં, અને એકેક દરેકની પાસે મૂક્યું. ખાવાનું શરૂ થયું પણ રામપ્યારી માત્ર બ્હીલે મોઢે મંદ મંદ હસતી હતી, અને બન્ને સામે જોતી હતી. પરદેશી તેની આ વિલક્ષણતા સમજવા તેની સામે વારંવાર જોતો હતો. એટલામાં સુરદાસે કહ્યું "રામપ્યારી, તુમ ક્યોં નહીં ખાતી હો. ?"

જવાબમાં રામપ્યારી માત્ર હસી અને તે વખતે તેના મોં પર કોઈ અદ્ભુત સૌંદર્ય ઝળકી રહ્યું. તેણે તે વખતે કશું ખાધું નહિ.

રામપ્યારી, બાવાઓમાં જ મળી આવે તેવી વિલક્ષણ પ્રકૃતિની હતી. તે સ્વભાવે સૂની હતી. ગાવા સિવાય તેને કોઈ પણ ઐહિક વસ્તુમાં રસ નહોતો. આવાં માણસો ગાંડાં દેખાય, પણ રામપ્યારીમાં કોઈ અગાધ સૌજન્ય હતું, અને તે તે હસતી ત્યારે આખા મુખ ઉપર છવાઈ તેને અપ્રતિમ

સૌન્દર્ય અર્પતું. આ સૌજન્યથી જ તેનું મુખ રેખા વિનાનું, બાળક જેવું ભરેલું દેખાતું, અને તેથી તે મોટી ઉંમરની હતી છતાં જુવાન લાગતી.

હવે શહેરમાં આ ત્રણે ય જણાં સાથે ફરવા લાગ્યાં. સંગીતનો પૂરો સરંજામ હવે આ મંડળીમાં થઈ ગયો. રામપ્યારી ગાતી, સુરદાસ ડફ વગાડતો અને પરદેશી સારંગી વગાડતો. સારંગીવાળો આગળ ચાલતો, અને તેની પછવાડે રામપ્યારીને ખભે એક હાથ દઈ બીજે હાથે ડફ ઝાલી સુરદાસ ચાલતો. આ મંડળી જ્યાં જ્યાં જતી ત્યાં મોટાં ટોળાંને આકર્ષતી. માણસો આપે તે પૈસા લેવાનું કામ રામપ્યારી કરતી. હવે તેમને પૈસા પણ ઠીક થતા.

એક દિવસ આ ગાનારની મંડળી એક કંદોઈની દુકાન આગળથી પસાર થતી હતી. દુકાનમાં બેઠેલા જુવાન છોકરાએ મશ્કરીમાં કહ્યું.

" સુરદાસજી ! આ તમારી સાથે કોણ છે ? " સુરદાસજીએ કહ્યું " ક્યોં ! રામપ્યારી હૈ. વહ ભી હમારે સાથ આતી હૈ. "

પેલા છોકરાએ મશ્કરીમાં કહ્યું: " સુરદાસજી ! નસીબદાર છો. બહુ સુંદર બૈરી મળી ગઈ છે. "

રામપ્યારી માત્ર સામું જ જોઈ રહી હતી.

ટોળામાંથી એક બીજો માણસ બોલ્યો: " નસીબદાર તો કેવો ? આ ફાંકડા પરદેશીને છોડીને જુઓ ને આ આંધળાને મોહી ગઈ. "

રામપ્યારી તેનું વિલક્ષણ હાસ્ય હસી.

ત્રીજાએ મશ્કરી કરતાં કહ્યું: " અલ્યા કેમ કાંઈ આંધળો એટલે ન પરણે એમ ? તમે બધા દેખતા જ પરણો ને આંધળો રહી જાય ? "

રામપ્યારી વધારે ઉતાવળું ફરી હસી.

પરદેશીએ ત્યાંથી ચાલવા રામપ્યારીને કહ્યું અને સૌ ત્યાંથી ચાલ્યાં. પણ તે દિવસે તેઓ વધારે ફર્યાં નહિ. થોડા પૈસા લઈ સૌ પાછાં આવ્યાં.

સુરદાસને આ રામપ્યારીનો સ્પર્શ એ જીવનમાં પહેલો જ સ્ત્રીનો સ્પર્શ હતો. તેને રામપ્યારી સાથે પરણવાની સ્ફુટ ઇચ્છા થઈ નહોતી. પણ કયા જુવાનને સ્ત્રીનો સ્પર્શ અસર કર્યા વિના રહ્યો છે? તે રામપ્યારીના અવાજથી મુગ્ધ હતો, તેના સ્પર્શથી રોમાંચ અનુભવતો અને અંધાપાને બહાને તેને રામપ્યારીની સોબત સતત મળ્યા કરતી તેથી જીવનમાં નવો આનંદ અનુભવતો. સતત સોબત અને સતત સંસર્ગથી તેનું મન રામપ્યારીની સોબત ઉપર પોતાને સ્વામિત્વ મળ્યું સમજતું હતું. પણ આ કંદોઈની વાતચીત ઉપરથી તેના મનમાં નવો સંશય ઉત્પન્ન થયો. રામપ્યારી રૂપાળી હતી? પરદેશી પણ ફાંકડો હતો? પોતે તો આંધળો હતો! પોતાનું રૂપ કેવું છે તે જાણવા તેની પાસે આંખ નહોતી! રામપ્યારીના રૂપની કદર પણ તે કરી બતાવે તેમ નહોતું! રામપ્યારી પોતા જેવા અપંગને ચાહે તે અશક્ય હતું. તે જરૂર પેલા પરદેશીને ચહાતી હશે. બન્ને ગમે તેમ કરતાં પણ હશે તેની તેને ખબર પણ ક્યાંથી પડે!...

સ્ત્રીપુરુષના પ્રેમફળમાં ગુપ્ત રીતે ઈર્ષ્યાનો કીડો રહેલો છે. ઘણીવાર, ફળ બેઠા પહેલાં, તે કીડો ફળના પૂર્વરૂપ મધુને અને ઝાડને બન્નેને ખાવા માંડે છે. સુરદાસને પણ તેમ થયું. તેને આંખ હોત તો તે તરત જોઈ શકત કે રામપ્યારીમાં દાંપત્ય પ્રેમને સ્થાન જ નહોતું. એ વાત દુનિયામાં ફરીને અનુભવી થયેલો પરદેશી સારંગીવાળો જાણતો હતો. સુરદાસને આંખ હોત, તો પરદેશીની આંખ જોઈને પણ તે સમજી શકત કે પરદેશીની ઈર્ષ્યા કરવાને કશું

જ કારણ નહોતું. પણ આંધળા માણસને મોટામાં મોટો ગેરફાયદો એ છે કે બીજાના મોં પરના ભાવો જોઈને પોતાના અભિપ્રાયો સુધારવાની તેને તક જ મળતી નથી. માણસ પોતાનું પોણું જીવન તો બીજાને જોઈને સુધારે છે, અને બીજાને જોવાનું પોણું કામ આંખ કરે છે. તે આંખ જ સુરદાસને નહોતી. તેને ગંદામાં ગંદા વિચારો આવવા લાગ્યા.

એક દિવસ રાતે ઓટલેથી ઉતરતાં સુરદાસનો પગ પગથિયું ભૂલ્યો, લપસ્યો અને મરડાયો. તેનાથી ગામમાં ફરાય તેમ ન રહ્યું. તે જાણતો હતો કે આજસુધીમાં તેમની પાસે પાંચેક રૂપિયા ભેગા થયા હતા. તેણે પરદેશીની ગેરહાજરીમાં રામપ્યારીને કહ્યું કે તું આજે ન જતી. મારો પગ સારો નથી માટે તારું કામ પડશે. રામપ્યારી માત્ર હસી જ. પણ સુરદાસની ચાકરી રામપ્યારી કરી શકે એટલા માટે જ પરદેશી આજે બહારથી મોડો આવ્યો. આવીને તેણે સુરદાસને કહ્યું: "ઈસ ટ્રેન કે બખત પર ઘંટે દો ઘંટે સિર્ફ જાને દો. તુમ્હારા કામ તો સબ હો ગયા હૈ. હમ લોગ અભી લૌટ આયેંગે." સુરદાસે પૂછ્યું "ક્યોં રામપ્યારી, તુજકો જાના હૈ?" રામપ્યારીએ હસીને કહ્યું "હાં! જાઉં." સુરદાસે શરૂ કર્યું "લેકિન મુઝકો..." પણ તેને કશું કામ યાદ ન આવ્યું. સુરદાસની અપ્રસન્નતા જોઈને પરદેશીએ કહ્યું: "ઔર દેખો, સુરદાસજી, મૈં તુમ્હારે લિયે એક અચ્છી લકડી લે આઉંગા. યહ મેરી કસૂર હોઈ કી અભી તક તુમ્હારે લિયે મૈં લકડી નહી લાયા. અચ્છે આદમીકો ભી લકડી ચાહિયે, તો આપ કે લિયે તો જરૂર હી હોની ચાહિયે." મનના અનેક વિચારોમાં ગૂંથાતાં સુરદાસે કહ્યું: "અચ્છા, જાના હો તો જાઓ." રામપ્યારી અને પરદેશી ચાલ્યાં. સુરદાસ ઘણીવાર સુધી સારંગીના સૂરો દૂર જતા લુપ્ત થયા ત્યાંસુધી સાંભળતો ઊભો રહ્યો.

થોડીવારે ધર્મશાળાનો પરિચિત કોઈ આવો આવ્યો તેણે પૂછ્યું: "ક્યોં! સુરદાસજી, આજ ફિરનેકો નહીં ગયે?" સુરદાસજીએ પગ મચકોડાયેલો બતાવ્યો. બન્ને વાતે ઊખળ્યા. સુરદાસે વાતવાતમાં પૂછ્યું: "તુમકો યહ પરદેશી કૈસા લગતા હૈ?"

"હાં, દેખનેમેં તો અચ્છા લગતા હૈ." જવાબનો અર્થ તો એટલો જ હતો કે દેખીતો તો પરદેશી સારો લાગે છે, અનુભવ વિના વધારે શું કહી શકાય? સુરદાસ એ સમજ્યો પણ તેના સંશયદગ્ધ મને સાથે સાથે એવો અર્થ પણ કર્યો કે પરદેશી દેખાવડો છે. તેણે અવાજને સ્વાભાવિક રાખી પૂછ્યું: "અચ્છા! યહ સિર પર ક્યા રખતા હૈ?"

"સાફા રખતા હૈ."

સુરદાસે વિચાર્યું કે પોતે ટોપી જ પહેરે છે. તેણે પૂછ્યું: "અચ્છા યહ કહિયે. દેખનેમેં સાફા અચ્છા લગતા હૈ યા ટોપી?"

"વહ તો જૈસા આદમી. કિસીકું ટોપી અચ્છી લગે, કિસીકુ સાફા."

આથી સુરદાસની મૂંઝવણ વધી. સારાં દેખાવાની વાત તેને વધારે ને વધારે અગમ્ય અને પોતાને માટે અશક્ય લાગતી ગઈ. તેણે પાણી માગી વાત બદલી.

અધૂરામાં પૂરું તે દિવસે ટ્રેન મોડી આવવાને લીધે રામપ્યારી અને પરદેશી બન્ને જરા મોડાં આવ્યાં. સુરદાસ કાંઈ બોલ્યો નહિ. ખાતી વખતે માત્ર તેણે બહુ વિચારીને એક પ્રશ્ન પૂછ્યો: "અચ્છા જી, આપ કહાં કે રહેનેવાલે?" પરદેશીએ, જે વિવેક હિંદુસ્તાનીઓને જ આવડે છે તે વિવેકથી જવાબ આપ્યો "જી મેં જોનપુરમેં રહતા હું."

સુરદાસે તરત બીજો સવાલ પૂછ્યો: "અચ્છા, તો રામપ્યારી તુમ કહાં રહતી હો?'

" જૌનપુર. " એક બાળક જેમ વિચાર કર્યા વિના વાક્યનો છેડો પકડી લઈ જવાબ આપે તેમ રામપ્યારીએ જવાબ દઈ દીધો.

સુરદાસ વહેમાયો તે પરદેશીએ જોયું, રામપ્યારીનો જવાબ ખોટો હતો તે પણ પરદેશી સમજી શક્યો હતો. તેણે ઊલટ તપાસ કરી સુરદાસનો સંશય કાઢવા પૂછ્યું : " અચ્છા, તબ તુમ જૌનપુરમેં કહાં રહતી હો ? કિસકી લડકી ? "

રામપ્યારી તેનું વિલક્ષણ હાસ્ય માત્ર ફરી હસી. પરદેશીએ વધારે પૂછવું બંધ કર્યું.

આમ બે ત્રણ દિવસ ચાલ્યું. હવે તો તે રામપ્યારીને રોકવાનું કહી શકે તેમ ન રહ્યું, કારણકે જૂની બચત ખૂટતી જતી હતી અને ઘણો વખત સુરદાસની ચાકરીમાં જતો હતો તેથી પેલાં બે શહેરમાં ઝાઝું ફરી શકતાં નહોતાં.

આઠ દસ દિવસે સુરદાસ હાલતો ચાલતો થયો. પૈસાની તંગી હતી તેથી શહેરના જે દૂરના ભાગમાં ઘણા દિવસથી તેઓ ગયાં નહોતાં ત્યાં આ વખતે ગયાં. તેમને ઘણે દિવસે ફરતાં જોઈ એક જુવાને કહ્યું:

" અહો ! સુરદાસજી, તુમ ફરી આયે ? મૈં તો સમજતા થા કિ યહ દોનું ફક્કડ બચારા અંધેકુ છોડ કર સહેલ કરનેકું કિધરભી ચલ ગયે ! "

રામપ્યારી જરા હસી. પરદેશી બોલ્યો: "હમ ગરીબ લોગોં કો ઐસે બદનામ ક્યોં કરતે હો ! " પણ સૂરદાસના મનમાં આનો સખ્ત ડંખ લાગ્યો.

એક દિવસ આખી મંડળી બજારમાં ગાતી હતી. તે દિવસે રામપ્યારી નદીથી નાહીને પાછી આવતી હતી, ત્યારે કોઈ બ્રાહ્મણે તેને કપાળમાં ચંદન ચર્ચ્યું હતું, અને રસ્તામાં આવતાં એક છોકરાએ તેની ડોકમાં ફૂલનો હાર પહેરાવ્યો

હતો, તે તેણે તેમને તેમ રહેવા દીધા હતા. તેના વાળ હમેશની જેમ છૂટા ખભા પર થઈ ને છાતી પર ઢળેલા હતા. હમેશની માફક તે તલ્લીન થઈ ગાતી હતી અને આજે હમેશ કરતાં કંઈક વધારે આકર્ષક દેખાતી હતી. તેણે આજે ગઝલ ઉપાડી હતી. તેણે ગાયુંઃ

હાં રી આજ આ બન ઠન કે કિધર જાતે હૈ?
મેહફિલો હરરોજ મગર જાતે હૈ!

"હૈ" આગળ ગાવામાં પ્રબલ તાલ પડતાં તેનું ડોકું સ્વાભાવિક રીતે ધૂણતું, તેના વાળ અને આખું લાવણ્યમય અંગ કંપતું અને અધિક લાવણ્યવાળું લાગતું. ગીત પૂરું થતાં ટોળામાંથી એકે કહ્યુંઃ "રામપ્યારી! તું પણ આજ ખૂબ બની ઠની છે. આમ બની ઠનીને ક્યાં જવાની છે?" રામપ્યારી હસી. પરદેશીએ સલામ કરી તે બંધ કરવા સર્વને વીનવ્યા, અને મંડળી લઈને આગળ ચાલ્યો. પરદેશી સ્પષ્ટ જોઈ શક્યો કે સુરદાસ આથી ચિડાયો હતો.

મંડળી આગળ ગઈ અને રામપ્યારીએ કોણ જાણે કેમ એ જ મૃત્યુગીત ફરી ગાવા માંડ્યું,

હાં રી આજ આ બન ઠન કે કિધર જાતે હૈ.

વળી મંડળી આગળ ચાલી. પરદેશીએ રામપ્યારીને કાંઈ બીજું ગીત ગાવાનું કહ્યું. તેણે બીજું ગીત ઉપાડ્યું પણ તે મૃત્યુગીત જ હતું.

કર લે સિઁગાર, ચતુર અલબેલી,
સાજન કે ઘર જાના હોગા ॥
નહા લે, ધો લે, સીસ ગુઁથાલે,
ફિર વહાંસે નહિ આના હોગા ॥
કરલે સિઁગાર.

પણ આ ગીતમાં પણ સુરદાસને તો બની ઠનીને નાસી જવાનો ધ્વનિ જ દેખાયો.

સાંજે ફરીને બધાં ધરમશાળામાં આવ્યાં. સુરદાસને પ્રસન્ન કરવા પરદેશીએ આજ થોડી મીઠાઈ લીધી હતી. ધરમશાળામાં આવી ત્રણે ય ખાવા બેઠાં. જમતાં જમતાં લોટો ઢળી ગયો હોવાથી પરદેશી પાણી લેવા ઊઠયો.

આજ સવારથી સુરદાસ વહેમાયો હતોઃ બન્ને જૌનપુરનાં વતની છે, આજે રામપ્યારીએ કંઈક ખૂબ ઠઠારો કર્યો છે, રસ્તામાં પણ તે બની ઠનીને નાસી જવાનું જ ગાતી હતી, આજે મીઠાઈ લીધી છે તે રસ્તામાં ભાતા તરીકે કામમાં આવે માટે લીધી છે, આજે જ જરૂર આ પરદેશી રામપ્યારીને લઈને નાસી જવાનો છે એમ તેણે સાંકળો મેળવી રાખી. વહેમથી શરવા થયેલા કાને તેણે પરદેશીને ઊઠતાં સાંભળ્યો અને તરત પૂછ્યુંઃ "કયોં! પરદેશી, કિધર જાતે હો!" તેણે કહ્યું કે પાણી ઢળી ગયેલું હોવાથી તે ફરી ભરવા જતો હતો પણ એ જ વખતે તેનો વહેમ વધ્યો, ને તે વધારે ધ્યાનપૂર્વક સાંભળવા માંડયો. એટલામાં સૂની રામપ્યારીનો પડિયો કૂતરૂં ઉપાડી ગયું. રામપ્યારી તે લેવા એકદમ ઊઠી અને દોડી, તે સુરદાસે સાંભળ્યું. તેને થયું કે નક્કી રામપ્યારી પરદેશી પાછળ નાઠી. તેણે ફાટી જતે અવાજે એકદમ "રામપ્યારી" "રામપ્યારી" એમ બે વાર બૂમ પાડી. જવાબમાં રામપ્યારીએ "કયા હૈ?" કહેલું પણ સુરદાસના અવાજમાં તેનો હસતો ઝીણો અવાજ સંભળાયો નહિ. સુરદાસ એકદમ ધોકો ફેરવતો દોડયો, આ વિચિત્ર દૃશ્ય જોઈને રામપ્યારી હસી. સુરદાસે જોરથી લાકડી ફેરવી, તે જોઈ રામપ્યારી ફરી ખડખડાટ હસી. સુરદાસે બન્ને હાથે એક શબ્દવેધી ફટકો માર્યો, અને રામપ્યારી ફટકો પડતાં ત્યાં જ મરણ પામી. પાણી લઈ પાછાં ફરતાં પરદેશીએ આ જોયું અને ફોજદારીમાં સંડોવાવું ન પડે માટે તે છાનોમાનો નાસી જ ગયો.

સુરદાસ લાકડી ધબ ધબ નીચે પછાડતો, રામ'યારીને અને પરદેશીને ગાળો દેતો દેતો ધરમશાળાનાં પગથિયાં ચડવા માંડ્યો. તેનો ધોકો તેના ડક્ ઉપર પડ્યો અને ડક્ ફાટી ગયું.

બીજે દિવસે સવારે એ જ ઓટલા ઉપર સુરદાસ આંધળી આંખે વિચારમાં ગમગીન બેઠો હતો. ત્યાં વિઠ્ઠલ આવ્યો અને તેણે પૂછ્યું: “ કેમ, સુરદાસજી ? ”

સુરદાસ, કેવળ કલ્પિત પણ પોતે સાચા જ માનેલા દુઃખદમાં દુઃખદ અન્યાયથી લાંબે રાગે રડી પડ્યો.

HIGH SCHOOL
CLASS
LIBRARY.
CLASS..........
NO..........
મુંબઈ
૮૩૨૦
૪-૭-૫૫
મુંબઈ

## મેહફિલે ફેસાનેગુયાન ઉર્ફે વાર્તાવિનોદ મંડળ

### સભા પહેલી

"કેમ ધનુભાઈ! આજ તો પ્રયોગની રજા પાળી છે કે શું? કરવત, લાકડાં, ખીલા કશું જ નથી?"

ધનવંતરાયના જેવું વિચિત્ર અને વિલક્ષણ કુટુંબ મેં જોયું નથી. રહેણી કરણીમાં તદ્દન સાદા અને છતાં એક પણ રૂઢિથી તેમનું મન બંધાયેલું નથી. અખતરા કરવા એ જ એમને જીવનનું રહસ્ય લાગે છે. હમણાં થોડા દિવસોથી છોકરાં માટે લખવાનું ટેબલ, ચોપડી રાખવાનું કપાટ, અને કપડાં રાખવાની પેટી, સર્વ એક સાથે થાય અને છોકરાં પાછાં તેને ઉપાડીને ફેરવી શકે તેવું રાચ કરવા પાછળ મંડયા હતા. પણ આજે કશો સુતારી સામાન ન જોયો એટલે મેં એમ પૂછ્યું.

ધનુભાઈ જવાબ આપે તે પહેલાં તેમનાં પત્ની ધીરજ બહેન બોલી ઊઠયાં: અરે ભાઈ જવા દોને વાત. લાકડાં સાથે માથું કૂટતા હતા ત્યારે તો ઠીક હતું. પણ હમણાં તો ખાવાના પ્રયોગો ઉપર ચડયા છે, તે મારો તો દમ નીકળી

જાય છે. પોતાથી ચૂલો પણ સળગાવાતો નથી અને અનેક જાતના અન્નના અખતરા મારી પાસે કરાવે છે.

મેં કહ્યું: તમે પણ ક્યાં ઓછાં અખતરાખોર છો? આપણા સંસારમાં ઘણી વાર બની જાય છે તેમ આ પતિ પત્ની બન્ને સરખા સ્વભાવનાં પ્રયોગશોખી હતાં. ધીરુ બહેન કપડાંના અનેક પ્રયોગો કર્યા કરતાં. તેમણે કહ્યું: મારા પ્રયોગથી હું કોઈ બીજાને તો નથી હેરાન કરતી ને!

ધનુભાઈનાં બહેન પ્રમીલા બહેન બોલી ઊઠયાં: પ્રયોગ કરનારથી બીજાં ઉપર આક્રમણ કર્યા વિના રહેવાતું નથી. ચીનુ હજી બિચારો બાળક છે એટલે જે કરો છો તે સાંખી લે છે બાકી તમે તેના પર કરવામાં કશી બાકી નથી રાખી. મોટો થશે ત્યારે તમને એની ખબર પડશે.

ધીરુબહેન: "ચીનુ મોટો થશે ત્યારે એટલો પ્રયોગ-શૂરો થયો હશે કે ફરિયાદ કરવાને બદલે મને ઊલટો મદદ કરશે. પછી તેને કશું જ નવું કે વિચિત્ર નહિ લાગે.

ધનુભાઈ ચાલુ વાતમાં ધ્યાન નહોતા આપતા પણ કાંઈ મનમાં જ વિચાર ચલાવતા હતા તે બોલ્યા: જુઓને, આટલાં વરસથી આપણે એવું એક પણ અન્ન નથી શોધ્યું જે ઘણા માણસો માટે એક સાથે સહેલાઈથી થઈ શકે અને સુપચ્ય હોય. સ્ત્રીઓને છૂટ આપવી હોય, તેને સામાજિક કામમાં ભાગ લેતી કરવી હોય, તો તેનો રાંધવાનો બોજો હલકો થાય તેવાં અન્નો શોધવાં જોઈએ.

એમનું ભાષણ પૂરું થાત જ નહિ પણ ત્યાં ધીરુબહેને તેમનો વાણીપ્રવાહ કાપ્યો: એટલે મને વધારે છૂટ આપવા મારે માટે કામ વધારતા જાય છે. સમજ્યા!

મેં કહ્યું: નરસિંહ મહેતા કહી ગયા છે કે 'વાત પકવાનથી ભૂખ ન ભાગે.' પકવાનની વાતો નકામી છે. જો

કાંઈ ખવરાવતાં હો, છેવટ આ પણ પાતાં હો તો તમારી વાતો સાંભળું, નહિતર, અત્યારથી આ વાત કરો બંધ. કાંઈ બીજી વાત કાઢો.

ધનુભાઈ: ના અત્યારે જ એક નવું પીણું થવાનું છે તે અમારી સાથે લેજો. ધમલા! લાવ તો બધું.

ધમલો નોકર વસ્તુઓ ગોઠવતો જતો હતો અને વાત આગળ ચાલતી જતી હતી.

ધીરુબહેન: અરે તમે ક્યાં એમના અખતરાના ભોગ બનો છો?

મેં કહ્યું: ધનુભાઈ ખાવાના એવા શોખીન છે, અને તમારો હાથ એટલો કલાવાળો છે કે ખરાબ ખાવાનું કદી બનવાનું જ નથી. અને પીણું એટલે ગળ્યું તો હશે જ. આપણે એટલું જ જોઈએ. ગળ્યું તે ગળ્યું, ને બાકી બધું બળ્યું.

પ્રમીલા: ભાઈ, ઠીક પહેલેથી સારો અભિપ્રાય આપનાર શોધી લીધા.

ધનુભાઈ: નહિ એ નહિ ચાલે. અભિપ્રાય સાચો જ આપવો પડશે. અને ખાવાનો અભિપ્રાય વાણીથી ખોટો આપે તોપણ મોઢું ચાડી ખાધા વગર ન જ રહેને!

ધીરુબહેન! બહુ પાકા સાચો અભિપ્રાય સહન કરી શકો એવા ખરા ના!

પ્રમીલા: તે દિવસે વારતાનો અખતરો કર્યો, છપાવી, કોઈએ ટીકા કરી ત્યારે કેવા ચિડાયા હતા?

ધનુભાઈ: હું વિજ્ઞાનની દૃષ્ટિએ જ તે દિવસે ચિડાયો હતો. હું વાર્તાનો કલાકાર નહિ હોઉં પણ વાર્તાકલાનો શાસ્ત્રજ્ઞ અને રસજ્ઞ તો છું જ. હવે જુઓ એ ટીકાકારે કહ્યું કે મેં ચેખોવની વાર્તાનું અનુકરણ કરેલું છે. તમે સર્વ જાણો છો કે મેં ચેખોવ વાંચ્યો નથી. એથી અંગત મહિતીના જ્ઞાન કે અજ્ઞાન વિના તેની ટીકાના ગુણદોષો તપાસવા જોઈએ.

પ્રમીલા: પણ એ ટીકાકાર ઓછો જ જાણે છે કે તમે નથી વાંચ્યો!

ધનુભાઈઃ ખરું. હવે મારી વાર્તામાં મુખ્ય વાત શું હતી તે વિચારો. એક શેઠના એકના એક દિકરાની આંખમાં ચાકરડીએ ભૂલથી ઍસિડનાં ટીપાં નાંખ્યાં. છતાં શેઠ તેના તરફ ઉદાર રહ્યો. આ મારી વાર્તાનો મુખ્ય ભાવ. હવે ચેખૉવની વાર્તા લો. તેમાં એક ઘણી જ નાની ઉંમરની છોકરી ચાકર રહેલી છે. તેને ઊંઘ આવે છે છતાં તેને શેઠનું છોકરું રાત્રે રાખવું પડે છે.

પ્રમીલાઃ હીંચોળવું પડે છે કહેવું જોઈએ.

ધનુભાઈઃ હવે હીંચોળવું પડે છે; તે અકળાય છે, ભાન ભૂલે છે, અને બેભાનમાં, અર્ધઘેલછામાં એ છોકરાને મારી નાંખે છે, ત્યાં વાત પૂરી થાય છે. ચેખૉવની વાર્તામાં ચાકરડીના માનસનું આબેહૂબ ચિત્ર છે. એ વર્ગના મનમાં શું ચાલે છે, તેના માનસ તરફ બેપરવા રહેલા શેઠો ચાકરોને અરધા ગાંડા કરી મૂકે છે, ચાકરોના ઘણાખરા ગુના પાપબુદ્ધિથી નહિ પણ અકળામણની ઘેલછાથી કરેલા હોય છે, એ તેને બતાવવું હોય છે. મારી વાર્તામાં માત્ર એક શેઠની ઉદારતાનું વર્ણન છે. મારી વાર્તા રહસ્યદૃષ્ટિએ ચેખૉવના કરતાં ઉતરતી છે, જો કે આપણા એ લાગણીઘેલા ટીકાકારે તેને ચેખૉવના કરતાં ઉન્નત અને દિવ્ય સંદેશો આપનારી કહી, અને ચેખૉવમાંથી લીધેલી કહીને પાછી ઉતારી પાડી. તેણે રહસ્યદૃષ્ટિએ ઊતરતી કહી હોત તો મને ગમત પણ ચેખૉવથાંથી સૂચિત થયેલી કહી છે તે ખોટી ટીકા ઉપર હું ચિડાતો હતો. હું સ્પષ્ટ જોઈ શકતો હતો કે એ ટીકાકાર પોતાનું ડહાપણ, પોતાનું વાચનજ્ઞાન, તુલના કરવાની શક્તિ, વખાણ સાથે નિંદા કરવાની કળા, અને સૌથી વધારે તો સખ્ત ટીકા કરવાની બહાદુરી બતાવવા આમ લખતો હતો. તે તેની પામરતાથી હું વધારે ચિડાતો હતો.

પ્રમીલાઃ પણ તમે જગતના મહાન હેતુશાસ્ત્રી આનું કારણ કેમ શોધી કાઢતા નથી.

ધનુભાઈ: કારણ સ્પષ્ટ છે. લોકોમાં વાર્તાની માગ વધી છે. એટલે લેખકો પોતામાં શક્તિ છે કે નહિ તે વિચાર્યા વિના, અને શક્તિની શ્રદ્ધા વિના, પરભારી પરદેશી વાર્તાનાં અનુકરણો કરવા માંડે છે. અને ટીકાકાર પણ પછી આવાં આવાં અનુકરણો શોધી કાઢવાં એ એક જ ટીકાની દષ્ટિ હોઈ શકે એમ માને છે. જેમ વેપારમાં આપણા લોકો સાચો વેપાર નથી કરતા પણ માત્ર પરદેશી વેપારની દલાલી કરે છે, તેમ આપણા વાર્તાલેખકો સાહિત્ય ન લખતાં સાહિત્યના અનુવાદો કરે છે. વેપારમાં તો પરદેશી માલ પણ ઘરાકોને મળે છે પણ સાહિત્યમાં તેટલું પણ નથી મળતું. એટલે પરદેશી માલ કરતાં આ પરદેશી અનુવાદો વધારે ખરાબ છે.

ધીરુબહેન: જેમ મહાત્માજીએ ખાદી પ્રવૃત્તિ શરૂ કરી તેમ તમે પણ એક શુદ્ધ ગુજરાતી વાર્તા ઉત્પાદક મંડળી કાઢો.

પ્રમીલા: હા, હા, ભાઈ! જરૂર કાઢો.

મેં કહ્યું: એ મશ્કરી ભલે કરતાં પણ હું ગંભીર છું. જરૂર એક કલબ કાઢો.

ધનુભાઈ: પણ આપણી વાર્તાઓ વાંચશે કોણ?

ધીરુબહેન: મહાત્માજી કહે છે દરેક ઘરે ખાદી ઉત્પન્ન કરી પોતાની ખાદી પોતે પહેરવી જોઈએ. આપણી વાર્તાઓ આપણે વાંચીશું.

ધનુભાઈ: ખરેખર કલબ કાઢીશ હોં! પછી મારી વારતા સાંભળવી પડશે. અત્યારે મારી સૌથી વખણાયેલી વાર્તા પણ નથી વાંચતાં તે નહિ ચાલે. તેનો અભિપ્રાય આપવો પડશે, વખાણવી પડશે.

મેં કહ્યું: પણ એક શરત. વાર્તા કલબ અહીં ભરાવી જોઈએ, અને...હું શુષ્ક કલબોને નથી માનતો, તેમાં પીણાં જોઈએ!

ધનુભાઈ: કબૂલ. મારે પીણાના પ્રયોગો કરવા છે એટલે ઠીક પડશે.

મેં કહ્યું: આપણે બધામાં અભિપ્રાય આપવાના. પીણાનો પણ અભિપ્રાય અને વાર્તાનો પણ અભિપ્રાય.

ધનુભાઈ: એ નહિ ચાલે. વાર્તા કહે તે જ મેંબર થાય.

મેં કહ્યું: મારું નામ લખો. ગમે તેવી વાર્તા કહીશ પણ પીણું નહિ જવા દઉં.

ધીરુબહેન: બીજું મારું નામ લખો. તમે બધા વાતો કરો અને અમે રસોડામાં બેઠાં બેઠાં તમારાં પીણાં બનાવ્યા કરીએ તે નહિ ચાલે. તમારી સાથે બેસીશ અને પીણાં બનાવતી જઈશ.

ધનુભાઈ: પણ વાર્તા વિના દાખલ નહિ કરીએ. મને સૌની વાર્તાની નિંદા કરવાની તક મળવી જોઈએ.

ધીરુબહેન: ચીનુ માટે મેં વાર્તાઓ બનાવી છે તેટલી તમે બધાએ મળીને હજુ બનાવી નહિ હોય.

ધનુભાઈ: ત્યારે આપણે ત્રણે મેંબરો થયાં. હું, તું અને વસંતભાઈ.

પ્રમીલા: હું કેમ નહિ ?

ધનુભાઈ: "પણ તું કંઈ અહીં હંમેશ રહેવાની નથી! તું શી રીતે મેંબર તરીકે હાજર રહી શકીશ ?"

પ્રમીલા: કેમ ! મારે સાસરેથી વાર્તા લખી મોકલીશ.

ધનુભાઈ: લ્યો ત્યારે રહી ગયો એક ધમલો.

મેં કહ્યું: તેને પણ કરો. આપણે એવો નિયમ કરો કે જતી વાર્તાઓ કરી શકે તે પણ મેંબર બની શકે. કેમ ધમલા ?

ધમલો: હા શાબ. તમારા જેવી નહિ પણ અમે ગામડાના લોકો કહીએ એવી કહીશ. મેં બહુ સાંભળી છે.

મેં કહ્યું: થયું ત્યારે નિયમો કરો.

ધનુભાઈ: એ જ નિયમો. કોઈ પણ માણસ—

પ્રમીલા: સ્ત્રી અથવા પુરુષ.

ધનુભાઈ: હા, કોઈ પણ સ્ત્રી અથવા પુરુષ નવી વાર્તા લખીને અથવા કહીને, અથવા આપણે નહિ સાંભળેલી જૂની વાર્તા કહીને, વાર્તા ક્લબનો સભ્ય થઈ શકશે. ક્લબમાં વાર્તા લખેલી વાંચી શકાશે અથવા મોઢેથી કહી પણ શકાશે, અને તેની ટીકા થશે. હાલ તેના પાંચ કાચા સભ્યો તે વાર્તા કહેતા જશે તેમ તેમ તેના સભ્ય થતા જશે.

મેં કહ્યું: હવે ત્યારે કોઈને પ્રમુખ નીમો.

પ્રમીલા: નીમો.

મેં કહ્યું: ધનુભાઈ.

પ્રમીલા: ધીરુ બહેન.

ધનુભાઈ: ત્યારે મત લો.

મતની ચીઠ્ઠીઓ લેતાં જણાયું કે હું અને ધનુભાઈ બન્નેએ ધનુભાઈને મત આપેલ, અને ધીરુબહેન પ્રમીલાબહેન બન્નેએ ધીરુબહેનને મત આપેલ.

મેં કહ્યું: ધીરુબહેન! પોતે પોતાને મત ન આપવા જેટલું સૌજન્ય તો બતાવવું હતું!

ધીરુબહેન: તમે મને એકલીને જ કેમ કહો છો? તમારા મિત્રને કેમ નથી કહેતા?

મેં કહ્યું: કેમ તમે ધનુભાઈને પ્રમુખને લાયક નથી માનતાં?

ધીરુ બહેન: માનું છું અને મને પણ લાયક માનું છું.

મેં કહ્યું: ત્યારે તેમને મત કેમ ન આપ્યો?

ધીરુ બહેન: તમને મારી લાયકાત છે એમ બતાવવાની તક મેળવવા.

મેં કહ્યું: એમ! ઠીક ત્યારે હવે ધમલો મત આપે.

ધમલો: હું શું મત આપું. મારે બન્ને સરખાં. ચિઠ્ઠી નાંખીને નક્કી કરો.

ધનુભાઈ: મારે ચિઠ્ઠી સામે વિરોધ છે. હું એવી વહેમી રીત માનતો નથી.

ધમલો: હું મારી મેળે ચિઠ્ઠી નાંખીને ઉપાડીશ અને જેનું નામ આવશે તે કહીશ.

ધમલાએ ચિઠ્ઠી નાંખીને ઉપાડી. ધીરુબહેનનું નામ નીકળ્યું.

મેં કહ્યું: લ્યો ત્યારે તમારી લાયકાત સાબીત કરો. કામ શરૂ કરો નહિતર આજના તમારા કામમાં મીંડું મુકાશે.

ધીરુબહેન: હા. તે કરીશ જ. પણ કામ શરૂ કરતા પહેલાં એકબે બાબત નક્કી કરવાની રહી જાય છે. એક તો ક્લબનું નામ શું પાડવું તે નક્કી કરો.

મેં કહ્યું: વાર્તા પરિષદ્.

પ્રમીલા: એ નામ ગુજરાતી ભાષામાં અપશુકનિયાળ છે. કંઈક બીજું રાખો.

ધનુભાઇ: મજલિસે વાર્તા કહેતાન.

ધીરુબહેન: હિંદુમુસ્લિમ ઇત્તેફાક. પણ સાંભળો. વસંતભાઈ ફારસી જાણે છે. ફારસી નામો શોધનારી કમિટીના એક અદ્વિતીય સભ્ય તરીકે તેઓ આપણને આને મળતાં નામો આપે. કહો વસંતભાઈ!

મેં કહ્યું: મજલિસે હાકિયાન.

ધનુભાઈ: કર્ણકટુ લાગે છે.

મેં ફરી કહ્યું: હવે છેલ્લું કહું છું. નવું નહિ કહું. મજલિસે ફેસાનેગુયાન.

પ્રમીલા } કબૂલ.
ધનુભાઈ }

ધીરુબહેન: પણ પ્રમુખ તરીકે હું થોડા ફેરફાર કરવા

માગું છું. મજલિસો હવે ગુજરાતમાં બહુ થઈ ગઈ. આનું નામ 'મેહફિલે ફેસાનેગુયાન.' અને હિંદુમુસ્લિમ ઇત્તેફાકની ખાતર ઉમેરવું કે 'ઉર્ફે વાર્તાવિનોદમંડળ.' હવે એ વિષય બંધ કરું છું અને આ મેહફિલના મંત્રી ભાઈશ્રી વસંતરાય.

મેં કહ્યું : પ્રમુખ તરીકે ઠીક સત્તા બજાવવા માંડ્યા છો!

ધીરુબહેન : નહિ. હજી મારે કામ બતાવી આપવું છે.

મેં કહ્યું : કામ તે શું બતાવવાનાં હતાં? વાર્તા તો ઓછી જ આજે ચાલી શકશે!

ધીરુબહેન : ધમલા! તે દિવસે રસિકાબહેન કહેતાં હતાં કે તેં બે મિત્રોની વાત બહુ સારી કહી હતી. તે વાત કહે. બોલો કોઈએ એ વાત સાંભળી છે? (કોઈ બોલતું નથી.) કોઈને વાંધો નથી. બોલ ધમલા. તું તારે નિરાંતે વાત કર. નકામો સંકોચ રાખતો નહિ.

મેં કહ્યું : મેઘાણીની પેઠે શૂરાતન ચડે એવી રીતે કહે.

ધીરુબહેન : નહિ ધમલા! તને ફાવે તેવી રીતે કહે. આમાંથી કોઈ લડાઈમાં જાય એવા નથી.

## બે મિત્રોની વારતા

ઉજ્જેણી નગરીમાં શીતલસિંહ અને ચંદનસિંહ બે રજપૂતો રહેતા હતા. એને એવી ભાઈબંધી કે જાણે ખોળિયાં બે પણ જીવ એક. દી ઊગ્યા વગર રહે તો બે બે મળ્યા વગર રહે. હવે ભગવાનને કરવું તે એક દી શીતલસિંહ પાણીશેરડે જતો હશે અને સામેથી ચંદનસિંહની વહુ બેડું ભરીને ચાલી આવે છે. શીતલસિંહ બાઈને જોઈ ગયો. આ બે ભાઈબંધ છે પણ કોઈ દી શીતલસિંહે ચંદનસિંહની બાઈડીને જોઈ નથી, તેમ એક બીજાને ઘેર કોઈ દી ગયા નથી. હમેશ સવાર સાંજ ગામને પાદર ભેગા થઈને ફરવા જાય, કે ઉજ્જાણીએ જાય.

પણ એક બીજાને ઘેર કોઈ દી ગયેલા નહિ. હવે શીતલસિંહ તો ચંદનસિંહની વહુનું રૂપ જોઈને મોહી પડ્યો છે. ઘણોય મનને વાળે છે પણ મન વળતું નથી. "અરે, ભગવાન! આ મને શું સૂઝયું છે? નાત ન જાણું જાત ન જાણું, પરણી ન જાણું, કુંવારી ન જાણું, ઓળખાણ નહિ, પિછાણ નહિ, અને આ મને શું થયું?" મનને ઘણુંય સમજાવે પણ મન માને નહિ. રાતદી એનો વિચાર આવે. રાતે ઊંઘ ન આવે ને દિવસે ખાવું ન ભાવે. શીતલસિંહ તો દિવસે દિવસે સુકાતો ગયો.

એક દિવસ ઘોડે ફરતાં ચંદનસિંહે શીતલસિંહને કહ્યું: "ભાઈબંધ કહો ન કહો પણ તમારા મનમાં કંઈક ચિંતા છે. એવું શું છે જે અમારાથી ય છાનું રાખો છો?" શીતલસિંહે કહ્યું કે એ તો દેહ છે, કોઈ વાર સારી રહે કોઈ વાર દૂબળી થાય. શીતલસિંહ માનતો નથી પણ છેવટે ચંદનસિંહે પોતાના સમ ઘાલ્યા ત્યારે શીતલસિંહે કહ્યું કે આમની વાત આમ છે. ચંદનસિંહે કહ્યું કે એમાં કહેતા શું નહોતા? કહ્યા વિના કશાનો ઉપાય શી રીતે થાય? ચંદનસિંહે બાઈનાં નામઠામ પૂછ્યાં પણ શીતલસિંહને તેની ખબર નથી. આવતી કાલ સવારે કાંઈ મિષે પાણીશેરડે ભેગાં થવાનું નક્કી કરી બન્ને ભાઈબંધો પોતપોતાને ઘેર ગયા.

બીજે દિવસે ચંદનસિંહ અને શીતલસિંહ પાણીશેરડે આવ્યા. ગામની પાણિયારીઓ ટોળે વળી વળીને બેડાં લઈને જાય છે. તેમાંથી પેલીને શીતલસિંહે ઓળખાવી. ચંદનસિંહ તરત ઓળખી ગયો અને તેના પેટમાં તો શેરડો પડ્યો. "અરે ભગ ાન! આવા સંકટમાં મને ક્યાં મૂક્યો! એક પા મિત્રધર્મ છે અને બીજી પા કુળની લાજ રાખવાની છે!" બે જણા ઘોડા પર મૂંગા મૂંગા ચાલ્યા જાય છે. છેવટે શીતલસિંહે કહ્યું: "કેમ ભાઈબંધ! કાંઈ વિચારમાં પડી ગયા?" ચંદનસિંહે કહ્યું:

"એ તો એ બાઈ ક્યાંની હશે, તેને કેમ કરી મેળવવી તેનો વિચાર કરું છું."

શીતલસિંહે કહ્યું: "અરે એવા વિચાર થાય? મન તો ઢેઢવાડે જાય પણ તેનું કાંઈ કહ્યું કરાય? એ વાત એટલેથી જ દાટી દ્યો હવે." ચંદનસિંહે કહ્યું: "અરે એમ તે થાય હવે? એક વાર એ જોગ બેસારવા મથીશ તો ખરો. પછી કરવું ન કરવું હરિના હાથમાં છે." શીતલસિંહે કહ્યું: "એ બાઈ કોણ હોય, ક્યાંની હોય, એવું જોખમ ખેડવાની શી જરૂર." ચંદનસિંહે કહ્યું: "જોખમ વગર કશી વાત દુનિયામાં બનતી નથી. કાલ સાંજ વેળા આ વડલા હેઠ ભેગા થઈશું. ઈશ્વર કરશે તો કાલ નક્કી કરીને જ આવીશ."

બન્ને છૂટા પડ્યા. ચંદનસિંહ ઘેર ગયો. જમવાનો વખત થયો ત્યારે ઠીક નથી કરી જમવા ન ગયો. સાંજે હમેશની પેઠે બહાર ઘોડું લઈ ફરવા પણ ન ગયો, અને વળી વાળુ પણ ન કર્યું. રાતે તેની સ્ત્રી તેને મળી. તરત કળી ગઈ કે પતિ કંઈક ચિન્તામાં છે. તેણે ન જમવાનું કારણ પૂછ્યું. ચંદનસિંહે કંઈ ખરો ખોટો જવાબ આપ્યો. સ્ત્રીએ છેવટે સમ દઈને પૂછ્યું. ચંદનસિંહે કહ્યું કે વાત કરતાં જીભ ચાલતી નથી, એવી ચીજ મેળવવાની છે. સ્ત્રીએ કહ્યું કે કોની પાસેથી મેળવવાની છે. સામ દામ ભેદ દંડથી જેની પાસેથી મેળવવી હોય તેની પાસેથી મેળવો, તેમાં ચિન્તા શી કરો છો. ચંદનસિંહે કહ્યું: "એ ચારેય ઉપાયોથી પણ એ આસામી પાસેથી મેળવાય એમ નથી." સ્ત્રીએ પૂછ્યું: "એવું કોણ છે?" ચંદનસિંહથી કહેતાં શું કહેવાઈ ગયું કે એ બીજું કોઈ નહિ પણ તું પોતે છે. સ્ત્રીએ કહ્યું: "આ દીવાની શાખ્યે કહું છું જે કહેશો તે આપીશ. અને તમે ન માગો તો તમને વહાલાના સમ છે." ચંદનસિંહ હાં હાં કરતો રહ્યો અને સ્ત્રીએ તો સમ દઈ દીધા.

પછી ચંદનસિંહે બધી વાત કહી, અને પૂછયું હવે શું કરવું? સ્ત્રીએ કહ્યું: "હું તો તમારી દાસી છું. તમારા વચનને આધીન છું. તમે તમારો મિત્રધર્મ બજાવો. મને સતીમા સુઝાડશે એમ હું કરીશ. તમારું વેણ અને મારી લાજ રાખનાર સતીમા છે." ચંદનસિંહે કહ્યું: "શાબાશ છે સતી! અને ભગવાન ગમે તેવા સંકટમાં મૂકશે તો પણ હું તારા સિવાય બીજી સ્ત્રી કરવાનો નથી."

બીજે દિવસે ચંદનસિંહે શીતલસિંહને કહ્યું કે વાત બની શકશે અને રાતનો વાયદો આપ્યો. રાતે ચંદનસિંહ તેને પોતાના ઘર તરફ લઈ ગયો અને દૂરથી ઘર બતાવી દીધું. "ત્યાં એ જ બાઈ તમારી રાહ જોઈને બેઠી છે. રાતના કૂકડો બોલ્યે પાછા નીકળી આવજો." એમ કહીને તેણે વગડામાં ઘોડો મારી મૂકયો.

હવે શીતલસિંહ તો ચંદનસિંહના ઘરમાં જાય છે. અને ચંદનસિંહની પત્ની તેને સામી તેડવા આવે છે. તેને શયનભુવનમાં લઈ જઈને પલંગ પર બેસાડે છે. શીતલસિંહ તેને પાસે બેસવાનું કહે છે. ત્યારે તે કહે છે કે મેં છત્રીસ જાતનાં ભોજન કર્યાં છે તે એક વાર આરોગો પછી બેસીશ. પછી બાઈ તો થાળ લેવા નીચે જાય છે. અહીં બાઈ ગઈ એટલે શીતલસિંહને થયું કે બાઈ તો સારા ઘરનું માણસ લાગે છે. આ ઘર કોનું અને આ નાર કુંવારી છે કે પરણી છે? શીતલસિંહ તો ઊભો થઈને ચારે બાજુ જોવા લાગે છે. હવે આ ઓરડામાં ભૂલથી ચંદનસિંહની કટાર રહી ગઈ છે. એ કટાર જોઈને શીતલસિંહને થયું કે આ ઘર તો ચંદનસિંહનું અને આ પદમણી નાર બીજા કોઈની નહિ પણ ભાઈબંધ ચંદનસિંહની જ. શીતલસિંહને તો એકદમ પશ્ચાત્તાપ થવા માંડયો. શરીરે પરસેવાના રેબઝેબ વળી ગયા. "અરે ભગવાન મને આ શું સૂઝયું? મેં તળશીક્યારો જ અભડાવ્યો! હે જોગમાયા હવે મારે શું કરવું? હું શું મોઢું

હવે ભાઈબંધને બતાવીશ !" તેણે તો ઊભાં થતાંકને એ જ કટારી લઈ પેટમાં હુલાવી દીધી અને નીચે પડતાં ભેગા તેના પ્રાણ ચાલ્યા ગયા !

હવે થોડી વાર થઈ ત્યાં ચંદનસિંહની પત્ની થાળ લઈને આવી. તે જુએ છે તો શીતલસિંહ પેટમાં પોતાના ધણીની કટારી ખાઈને જમીન પર પડયો છે. નીચે લોહીનું ખાબડું ભરાયું છે. અને એનો હંસલો આ દુનિયા છોડીને ઊડી ગયો છે. બાઈ સમજી ગઈ કે ભૂંડી થઈ. આ કટારીએ સત્યાનાશ વાળ્યું. આ માણસે ભોંઠપમાં આ કામ કર્યું. પણ તેને થયું કે હવે હું મારા ધણીને શું કહીશ. ધણીનું વેણ પણ ગયું અને લાખ રૂપિયાનો ભાઈબંધ પણ ગયો. બાઈએ એ કટારી કાઢી પોતાની છાતીમાં ભોંકી ને તે પણ ત્યાં પડી.

સવારે કૂકડો બોલવા થયો ત્યારે ચન્દનસિંહ ઘરભણી આવ્યો. ઉપર દીવો એમને એમ બળતો હતો. પણ ભાઈબંધને આવતો ન દીઠો, તેમ કાંઈ કોઈનો સંચળ પણ ન સંભળાયો. કમાડ ખખડાવ્યું પણ કોઈએ ઉઘાડયું નહિ, તેમ કોઈએ જવાબ પણ ન આપ્યો. કાંઈક ભૂંડું થયું હશે એમ ધારી તે બારીએથી ઉપર ચડયો. અને જુએ છે તો થાળ ખાધા વિનાનો પડયો છે અને બન્ને જણાં એક જ કટારી ખાઈને પડયાં છે. ચન્દનસિંહ બધી વાત સમજી ગયો. તેને સમજાયું કે આ કટારીએ ભૂંડું કર્યું. ભાઈ જેવો ભાઈ ને સ્ત્રી જેવી સ્ત્રી ગઈ. હવે આ જીવતરને શું કરવું છે ? હે ભગવાન! આવતે ભવ પણ ભાઈબંધ આપે તો આ જ આપજે અને સ્ત્રી આપે તો આજ આપજે, એમ કહીને એ પણ કટારી ખાઈને મૂઓ. આમ ભગવાને ત્રણેયની લાજ રાખી. પણ ત્રણેયને મરવું પડયું. એમની લાજ રહી એવી સૌની રહેજો, અને એમને ભાઈબંધ મળ્યા એવા સૌને મળજો.

વાર્તા કહેવાઈ રહ્યા પછી થોડી વાર તો સૌ શાન્ત રહ્યાં. છેવટે ધીરુબહેન બોલ્યાં : હવે વાર્તા ઉપર ટીકા કરો.

મેં કહ્યું : જૂની વાર્તાને આપણે બધા વખાણીએ છીએ પણ આધુનિક અવલોકન દૃષ્ટિએ તેની ટીકા કરીએ તો ભૂલો ઘણી નીકળે.

ધનુભાઈ: લ્યો ત્યારે ભૂલો કાઢો.

પ્રમીલા: મને તો આ વાર્તા જ ખરાબ લાગે છે. મિત્રની ખાતર પત્નીનું આટલું અપમાન!

ધનુભાઈ: અત્યારની આપણી સ્ત્રીભાવનાથી આનો વિચાર ન કરો. તે સમયે સ્ત્રી ઉપર પતિની સર્વતોમુખી સત્તા હતી. અને પુરુષો જુગારમાં સ્ત્રીઓને હોડમાં મૂકતા તે કરતાં આ વધારે ખરાબ નથી. વળી પુરુષનો પત્ની સાથેનો સંબંધ વાતનું મુખ્ય રહસ્ય નથી, તેનો મિત્રભાવ એ મુખ્ય છે. અને એ મુખ્ય પ્રયોજન પાર પડયું છે કે નહિ એ જોવું જોઈએ. તે સમયની ભાવના, તે સમયના વિચારો, સમાજસ્થિતિ, એમાં કલ્પનાથી મુકાઈને આપણે ટીકા કરવી જોઈએ.

મેં કહ્યું : કબૂલ. હું તેને દોષ કહેતો નથી, પણ વિચારો. બે મિત્રો હોય અને એકબીજાની પત્નીને ન ઓળખતા હોય એવું તે બને?

ધીરુભાઈ : બન્નેને પત્ની હતી એમ વાર્તામાં કહ્યું નથી.

મેં કહ્યું : ભલે પણ એકની પત્નીને બીજો ઓળખતો ન હોય એ ન બને.

ધનુભાઈ: ઓઝલના રિવાજવાળી કોમોમાં એમ બને પણ ખરું.

પ્રમીલા : ઓઝલ હોય તો પાણી ભરવા ન જાય, જાય તો પણ તેનું મોં કોઈ જોઈ શકે નહિ.

ધનુભાઈ: એ ખરું. પણ વાર્તામાં દરેક ગૌણ બાબત વિશિષ્ટ રીતે કહેવી જ જોઈએ એવું નથી. કલ્પનાથી કેટલીક કડીઓ પોતે મેળવી લેવી અથવા વાર્તાની ખાતર એ બરાબર છે, એમ માની લેવી જોઈએ. વાર્તાને અમુક ભૂમિકા હોય છે. એ ભૂમિકા ઉપર કવિ વાર્તા રચે છે. તે રચના સુસંગત અને સુસંબદ્ધ જોઈએ, પણ મૂળ ભૂમિકા કાંઈ તથ્યની જ હોવી જોઈએ એમ કહેવાય નહિ. વાર્તાની રચનામાં જેમ રસ વધારે તેમ ભૂમિકાનાં ગાબડાં ઠેકી જવાની કલ્પનાની શક્તિ વધારે. રસહીન વાર્તામાં ગમે તેટલું ટૂંકું અંતર પણ ઠેકવાને નારાજ હોઈએ છીએ. એક ડગલું ભરવાને પણ નારાજ હોઈએ છીએ. પણ આ વાર્તામાં આટલું ઠેકવું પડે તે વધારે પડતું નથી. વાર્તા એટલી રસિક છે કે કલ્પના આટલું ખુશીથી ધારી લે.

મેં કહ્યું: પણ આટલી કડી વાર્તાકાર ન મેળવી શકે એટલી ક્ષતિ તો ખરીને.

ધનુભાઈ: જો કલ્પના આના ખુલાસા સિવાય આગળ ચાલી જ ન શકે તો ક્ષતિ ખરી. પણ મને એવું લાગતું નથી. ઊલટો, હું તો આવી કડી સારી રીતે મેળવી પણ શકું. એટલું જ નહિ મારા હાથમાં વારતા કહેવાનું હોય તો હું તો એ કડી મેળવીને વારતા કહું.

પ્રમીલા: લ્યો મેળવીને કહો ત્યારે.

ધીરુબહેન: હા કહો, પણ એ તમારી સ્વતંત્ર વાર્તા નહિ ગણાય.

ધનુભાઈ: શીતલસિંહ અને ચંદનસિંહ બન્ને નાનપણના ગોઠિયા હતા. બન્ને એક જ નિશાળમાં ભણવા જતા. ત્યારથી બંનેને દોસ્તી થઈ. શીતલસિંહ શહેરમાં રહેતો અને ચંદનસિંહ પાસેના નાના ગામમાં રહેતો, અને હમેશાં ચાલીને નિશાળે આવતો.

પ્રમીલા : એટલે ઘર નહોતાં જોયાં એમ કે? ઠીક ગોઠવ્યું ભાઈ!

ધનુભાઈ : જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમની દોસ્તી વધતી ગઈ. હવે નિશાળેથી ઊઠવાનો વખત આવ્યો. તે વખત ગામમાં એક ડાહ્યો માણસ આવ્યો, તે જે માગે તેને પૈસા લેઈ ડહાપણ વેચતો. આ બંને ભાઈબંધો તેની ખ્યાતિ સાંભળી તેની પાસે ગયા. અને પૂછ્યું કે અમારા બેની દોસ્તી મરતાં લગી ન તૂટે એવું ડહાપણ આપો. પેલાએ લખી આપ્યું.

જો ચાહે દૃઢ મૈત્રી તો ત્રણ તજ રાખી ખાંત
વિવાદ, ધનની આપલે, પત્ની સાથ એકાંત.

પ્રમીલા : લ્યો પોતે સુભાષિતના શ્લોકનો[૧] દોહરો બનાવી મોટું ડહાપણ વેચ્યું.

ધનુભાઈ : જોયું! આપણા આખા સાહિત્યમાં ચોરી પકડવા સિવાય બીજી કોઈ વૃત્તિ જ નથી! કહેવાતી લોકવાર્તામાં કેટલાક દૂહા પંચતંત્રના શ્લોકોનાં ભાષાંતર છે, એમ કહો તો અનેક દાખલાથી બતાવું. મારો દૂહો પ્રાચીન સુભાષિત હોય તો વાર્તામાં વધારે ઉચિત છે. જૂની વાર્તામાં જ એ સંભવિત છે.

ધીરુબહેન : પ્રમીલા બહેન, એમને ક્યાં વાતે વળગાડો છો! એ તો ભાષણ ચાલશે તે અંત જ નહિ આવે. હવે પીણું તૈયાર થઈ ગયું છે. વાત ટૂંકી કરો.

ધનુભાઈ : આ બંને ભાઈબંધોએ નિશ્ચય કર્યો કે એક બીજાને ઘેર જ ન જવું. વળી ઘેર જઈએ તો સ્ત્રી સાથે કોઈ વાર એકાંતનો પ્રસંગ આવે ને!

૧. यदिच्छेद्विपुलां मैत्रीं त्रीणि तत्र न कारयेत्। वाग्विवादोऽर्थदानं च परोक्षे दारदर्शनम् ॥

મેં કહ્યું ! આ વિચિત્રતા તો જુઓ ! જૂના સમયમાં જે નિષિદ્ધ હતું તે બધું જ અત્યારે તો આવશ્યક મનાય છે. અને મિત્રની ખાતર ચંદનસિંહ જે પત્નીનો ભોગ આપે છે તે અત્યારે નિષિદ્ધ મનાય!

ધનુભાઈ: છતાં આ સમયની અને આને મળતી વાત આવાજ મૈત્રી ભાવના દૃષ્ટાન્ત રૂપે બતાવી શકાય.

મેં કહ્યું : ત્યારે આવતે વખતે તમે એ મિત્રોની જ એક વારતા આધુનિક સમયની લખી લાવજો,—આવતી સભાને માટે.

ધીરુબહેન : હું પ્રમુખસ્થાનેથી દરખાસ્ત કરૂં છું, કે હવે આ પીણું પીતા પીતા બાકીની ચર્ચા કરો.

ધનુભાઇ : કબૂલ.

ધીરુબહેન : શું કબૂલ ? પીણું પીવાનું કે વાર્તા કહેવાનું ?

ધનુભાઇ : બન્ને.

ધીરુબહેન : ત્યારે હવે સભાનું કામ પૂરું થાય છે. કોઈને કાંઈ કહેવાનું બાકી હોય તો કહી દો.

ધનુભાઈ: અરે ! અરે ! હજુ પીણાનો અભિપ્રાય બાકી રહ્યો ને! એ પણ સભાનું કામ જ છેને !

મેં કહ્યું : હા, હા. એક કહેવત છે:—

રોઝ ન ગાય ન ઊંટ, જરખ વાઘ નહિ કૂતરું;
ચીભડ કવળ ન ઘૂંટ, પાવઇ નર નહિ પ્રેમદા.

અર્થ સમજો છો ને!

પ્રમીલા : આ ને આ દૂહો કંઈ નહિ તો તમે વીસમી વાર આ ઘરમાં બોલ્યા હશો.

મેં કહ્યું : બસ ત્યારે. ચીભડું જેમ કોળિયો પણ નથી, અને ઘૂંટડો પણ નથી, તેમ આ તમારુ પીણું પ્રવાહી પણ નથી અને ઘન પણ નથી.

ધનુભાઈ : પણ સ્વાદિષ્ટ તો છેને ?

મેં કહ્યું : હા ગળ્યું છે એટલે સ્વાદિષ્ટ ન હોય તે ક્યાં જાય ! પણ એનું માન ધીરુબહેનને છે. પણ ધનુભાઇ મિત્રભાવનાના તમારા અભિપ્રાય પ્રમાણે મિત્રની પત્નીનાં વખાણ કરવાં એ નિષિદ્ધ તો નથી ને ?

ધીરુબહેન : હું તમારી મિત્ર જ છું, મિત્રની વહુ નથી.

પ્રમીલા : પુરુષને સ્ત્રી મિત્ર હોય એ પણ, આપણે મિત્રાચારીનો વિચાર કરીએ છીએ માટે કહું છું, કે આધુનિક જમાનાનું જ લક્ષણ ગણાવું જોઈએ.

ધીરુબહેન : ના. સંસ્કૃતમાં મિત્ર શબ્દ નાન્યતર જાતિનો છે, તે સ્ત્રી પુરુષ બન્ને માટે કામ આવે માટે હશે. મને શ્લોક, કે આમની પેઠે દોહરો બનાવતાં આવડતો હોત તો કહેત કેઃ

મિત્રાચારીમાં **ન ચ લિંગં ન ચ વયઃ**[1]

પ્રમીલા : ભાભી તમે પણ ક્યાં ઓછાબોલાં છો ? હવે સભા પૂરી કરો. ફરવા જવાનો વખત થયો.

ધીરુબહેન : આવતા વખતની બે મિત્રોની વાર્તા તમારે માથે છે.

ધનુભાઈ : હા.

ધીરુબહેન : સભાનું કામ—

મે કહ્યું પ્રમુખનો આભાર—

ધીરુબહેન : હું આખા વરસની પ્રમુખ છું. આજનું કામ બંધ કરું છું.

૧ મૂળ ભવભૂતિની પંક્તિઃ गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः । અર્થાત્‌ઃ ગુણીજનોમાં ગુણ એ જ પૂજાનો વિષય છે તેમની વય કે તે સ્ત્રી છે કે પુરુષ એ પ્રશ્ન હોતો નથી.

# મેહફિલે ફેસાનેગુયાન ઉર્ફે વાર્તાવિનોદ મંડલ

## સભા બીજી

"**વખતસર** આવ્યા." હું ઘરમાં પેઠો અને તરતજ પ્રમીલાબહેને કહ્યું. મેં કહ્યું: અશક્ય છે.

ધીરુબહેન : અરે આજે આટલી સહેલાઇથી અનિયમિતતાની ટેવ કબૂલ કરી લ્યો છો તેથી તમારી સત્યપ્રિયતાને માટે ઘણું માન થાય છે.

મેં કહ્યું : નહિ રે! હું અનિયમિતતાનો આરોપ કબૂલ કરતો જ નથી. પછી સત્યપ્રિયતાનું ગમે તે થાય. મારું તો એમ કહેવું, કે તમારા પ્રમુખપણામાં મેહફિલનો વખત જ ક્યાં નક્કી થયો છે કે હું વખતસર આવી શકું.

ધીરુબહેન : એ પ્રકારનાં વખતસરપણાં હોય છે. નાટકમાં કોઈ હરામખોર, સ્ત્રી ઉપર હલ્લો કરવા જતો હોય ત્યાં જ તેને કોઈ બચાવવા આવી ચડે તેને આપણે વખતસર આવી પહોંચ્યો કહીએ; અને બીજું વખતસરપણું તે પહેલેથી

નક્કી કરેલા સમયનું. આપણે પહેલેથી સમય નક્કી કર્યો નહોતો પણ અમે મેહફિલની વાતો કરતાં હતાં ત્યાં જ તમે આવી પહોંચ્યા. એટલે વખતસર.

મેં કહ્યું : ધનુભાઈ, હવે આ બન્ને વખતસરપણાં માટે જુદા જુદા શબ્દો યોજો.

ધીરુબહેન : હમણાં જ વસંતભાઈએ દોષ કાઢયો છે તે એક વાર મેહફિલનું સ્થાન નક્કી કરો.

ધનુભાઈ : મારા અભ્યાસખંડમાં.

પ્રમીલા : નહિ, અમારા ખંડમાં.

મેં કહ્યું : હું બીજાથી સ્વતંત્ર મત બાંધી શકું છું એમ બતાવવા કહું છું કે ચીનુની રમકડાંની ઓરડીમાં.

ધીરુબહેન : નહિ. તમે બધાંએ કેવળ વ્યક્તિદૃષ્ટિથી અને જરા પણ કારણ બતાવ્યા વિના મત આપેલ છે. હું કારણ સાથે અને મારા નિર્ણય તરીકે કહું છું કે મેહફિલ રસોડામાં ભરાવી જોઈએ. પ્રમુખનું અને પીણાં બનાવવાનું બન્ને કામો મારે કરવાનાં છે. વાતો કરતાં પણ કામ ન પડયું રહેવું જોઈએ એ સિદ્ધાંત પુરુષોએ અમારી પાસેથી શીખવો જોઈએ. સ્ત્રીઓ એકબીજીને મળવા જાય ત્યારે ત્યાં જે કામ ચાલતું હોય—ધઉં વીણવાનું સીવવાનું રાંધવાનું—તેમાં મળવા આવનાર હાથ દેવા લાગે છે. તમે પુરુષો એકબીજાને મળવા જાઓ ત્યારે ચાલુ કામ બંધ કરો છો. માટે હમેશાં ગૃહિણી પણ ભાગ લઈ શકે તેવી દરેક મિજલસ તે જ્યાં બેસતી હોય ત્યાં ભરવી જોઈએ. આ મારો નિર્ણય. માટે એકવાર તો રસોડામાં ચાલો. ચાલ ધમલા, આપણે પાટલા માંડીએ.

મેં કહ્યું : આ પ્રમુખસાહેબ સારાં. જાતે જ પોતાનું અને મેહફિલનું પણ બધું કામ કરી લે.

અમે બધાં રસોડામાં ગોઠવાયાં. બીજી બાજુ ધીરુ બહેન અને ધમલો પાણીની તૈયારીઓ કરવા લાગ્યાં અને આ સર્વ તૈયારીઓની સાથે સાથે અમારો વાર્તાલાપ આગળ ચાલ્યો.

ધનુભાઈ: લ્યો હવે ત્યારે પેલાં બે વખતસરપણાં માટે નામો પાડો.

મેં કહ્યું : એક નાટકી અને બીજું કૃત્રિમ.

ધીરુબહેન : કોઈ માનસપૃથક્કરણશાસ્ત્રી હોય તો તમારાં નામો ઉપરથી જ કહે કે તમે અનિયમિતતાની ટેવવાળા છો. તમે બન્ને નામો ખરાબ પાડયાં! નાટકનો તો મેં દાખલો આપ્યો હતો; પણ એવા સાચા પ્રસંગો પણ હોઈ શકે.

ધનુભાઈ: એક પ્રાસંગિક અને બીજું ઘડિયાળી.

ધીરુબહેન : ઘડિયાળી તો ઘડિયાળ સમારનારને કહે છે. એ ન ચાલે.

ધનુભાઈ: ત્યારે તમે વધારે સારાં નામો કહો.

પ્રમીલા : જોજો ભાભી ભોળવાતાં. ધનુભાઈએ વાર્તા તૈયાર નહિ કરી હોય એટલે આડી અવળી વાતો કરીને તેમને વખત કાઢી નાંખવો છે.

ધીરુબહેન : હાલ તુરત આવાં નામો પાડવાની જરૂર નથી. મંડળને એવાં નામો આવશ્યક જણાશે ત્યારે ચર્ચા કરશે. પ્રથમ તો કહો કે તમે બે મિત્રોની વાર્તા લખી લાવ્યા છો?

ધનુભાઈએ હસતાં હસતાં મારા સામું જોયું.

મેં કહ્યું : પણ આજે મેહફિલનું કામ કરવા પહેલાં એક પત્ર આવ્યો છે તે રજુ કરવાનો છે.

ધીરુબહેન : કોના ઉપર આવ્યો છે?

મેં કહ્યું : મારા પર મંત્રી તરીકે આવેલો છે.

ધીરુબહેન : કોણે લખેલો છે ?

મેં કહ્યું : મ'મ નામના તખલ્લુસથી આવેલો છે.

ધનુભાઈ : હું વાંધો લઉં છું કે તખલ્લુસવાળો પત્ર ન ચાલે. આપણે તો સાચું નામ જોઈએ. તે વિના કોઈને સભ્ય શી રીતે કરી શકીએ ?

પ્રમીલા : હં. હં. તમે તમારે એમ કરીને વાત લંબાવો ને ! ભાભી ! આ વાંધો ખોટો છે. આપણું મંડલ વાર્તાવિનોદમંડળ છે અને વાર્તાસાહિત્ય નવ્વાણું ટકા તખલ્લુસવાળું હોય છે. કેટલાક લેખકોને તખલ્લુસ કાઢી નાંખવાનું કહો તો વાર્તા જ ન લખે. મારે મન ધૂમકેતુ અને તણખા એ અવિશ્લેષ્ય વસ્તુઓ છે.

ધીરુબહેન : હવે કોઈને કાંઈ કહેવું છે ?......તો ત્યારે મારો નિર્ણય કે માત્ર તખલ્લુસવાળી વાર્તા મંડળમાં વાંચી શકાય, પણ સભ્ય થતી વખતે તો ખરું નામ આપવું જ પડે.

મેં કહ્યું : લ્યો થયું ?! ત્યારે જુઓ, આ વાર્તા તો મારે વાંચવી પડશે ખરું ને ?

ધીરુબહેન : વાંચો.

મેં વાંચવું શરૂ કર્યું.

[1]શ્રી મંત્રીજી,

વાર્તાવિનોદ મંડલ. મુ. પ્રસ્થાન.

[ ધીરુભાઈ : મુકામ પ્રસ્થાન એ વદતોવ્યાઘાત છે. મુકામનો અર્થ સ્થાયી રહેવાનું ઠામ થાય છે, અને પ્રસ્થાનનો અર્થ ચાલવા માંડવું એવો થાય છે. એટલે મુકામ પ્રસ્થાન કહી જ ન શકાય.

૧ અહીંથી શરૂ થતું બધું લખાણ વાર્તા પૂરી થાય ત્યાં સુધીનું મ'મ તખલ્લુસધારીનું છે. વચમાં વચમાં વાર્તા–વિનોદ મંડલનાં સભ્યોએ કરેલ વાતચીત [ ] આવા કૌસમાં છે તે મેં મૂકી છે,–તેને માટે સંમતિ હોવાથી. દ્વિરેફ

મેં કહ્યું : આ ચર્ચા શરૂ થાય તે પહેલાં મારે એક નિર્ણય કરાવવાનો છે. કોઈ સભ્ય કે અ-સભ્ય વાર્તા વાંચે ત્યારે વંચાતાં દરમિયાન સવાલ પૂછી શકાય કે ટીકા કરી શકાય? એમ થવાથી વાર્તારસને ક્ષતિ આવે અને તે વાર્તા-લેખકને એટલી હાની થાય. આ પ્રશ્ન હજી સુધી મેહફિલ સમક્ષ આવ્યો નથી. ગયે વખતે ધમલાએ કરેલી વાર્તામાં વાર્તા દરમિયાન કોઈ કશું બોલ્યું નહોતું તે દાખલો ધ્યાનમાં લેવા યોગ્ય છે. આ જગાએ વાર્તાલેખક હાજર નથી એટલે તેનું હિત મારે સંભાળવાનું હોવાથી આ પ્રશ્ન મારે ઉઠાવવો પડયો છે.

પ્રમીલા : અને એમ કરીએ તો આપણી મેહફિલના નિવેદનમાં આપણે કયાંક વાર્તાનાં જ પાત્રો ગણાઈ જઈએ!

ધીરુભાઈ: આપણે વાર્તાનાં પાત્રો ગણાઈ જઈએ તેમાં તો મને કશું ખોટું લાગતું નથી. ગુજરાતમાં ઘણાએ સાક્ષરો બોલે છે ત્યારે જાણે તેમનો શબ્દે શબ્દ કોઈના કાનમાં ગુંજી રહેવાનો છે એવા ભાનથી દરેક શબ્દને ચીપીને બોલે છે—અલબત, બહાર બોલે છે ત્યારે. ઘરમાં એ ભાઈ બૈરીછોકરાં સાથે કેમ બોલતા હશે તે હું જાણતો નથી. ગુજરાતના કેટલાક લેખકો, જાણે પોતાનો દરેક કાગળ સંઘરાવાનો છે એમ ધારીને લખતા હોય છે. ગુજરાતમાં ઘણાંએ માણસો જાણે જાહેરમાં તેમની દરેક સ્થિતિનો કોઈ ફોટો પાડી લેવાનું હોય તે રીતે દરેક હિલચાલ કરે છે, અને એવી રીતે બેઠક લે છે. શાસ્ત્રોએ કહ્યું છે કે દરેક ક્ષણે મરવાના છીએ એમ ધારી ધર્મ કરવો. મહાત્માજી કહે છે દરેક ક્ષણનો હિસાબ આપી શકીએં તેમ રહેવું. ત્યારે ઉપર કહી ગયો તેવાં માણસો દરેક ક્ષણે પોતાના કલાત્મક અમરત્વનો વિચાર કરતાં હોય છે. તેમ આપણે પણ વાર્તાનાં પાત્રો બનવાની ધાસ્તી દરેક ક્ષણે

રાખીશું તો તેમાં કાંઈ બગડી જવાનું નથી. વધારે ખરાબ તો એ છે કે ઘણી વાર્તાઓમાં વાર્તાનાં પાત્રો જાણતાં હોય છે કે અમે વાર્તાનાં પાત્રો છીએ, અને અમારે અમુક કામ કરવાનું છે, અને અમુક અંત લાવવાનો છે. તેના જેટલું આ ખરાબ નથી.

ધીરુબહેન: વાર્તામંડળમાં જો તમને બોલવા દીધા હોય તો એક પણ સભ્ય ટકી શકે નહિ એમ માનું છું.

ધનુભાઈ: એટલા માટે તો કોઈ નાસી ન શકે એવાં માણસોનું મંડળ કર્યું છે.

પ્રમીલા: ધમલા, તું કેમ કાંઈ બોલતો નથી? ધનુભાઈ આવી લાંબી લાંબી વાતો કરે તે સામે વાંધો કેમ ઉઠાવતો નથી?

ધમલો: બહેન! તેમાં મારે શું? હું મારે કામ કરું છું. અને તમે વારતા માંડશો એટલે ધ્યાન આપીશ. ત્યાંસુધી ગમે તે વાતચીત કરો તેમાં મારે શું?

ધીરુબહેન: ત્યારે હું ચુકાદો આપું છું. આવડી મોટી હું, ચોપડીમાં સમાઈ જઈશ એવી મને બીક જ નથી. અને વાર્તા વંચાતાં દરમિયાન ટીકા કરવાની, પ્રશ્ન કરવાની સૌને છૂટ છે. એમ ન કરીએ તો પછી આ મેહફિલ કેમ ગણાય? એમ ને એમ તો વારતા ક્યાં કોઈ પોતાની મેળે સળંગ નથી વાંચી શકતું? એમ સામસામા ઘા ઝીલતાં ઝીલતાં વાર્તા વાંચવી કે કહેવી એમાં જ વાર્તાની વધારે લિજ્જત છે, છતાં કોઈને ખાસ કારણસર વચમાં બોલવાની બંધી કરાવવી હોય તો તેવી દરખાસ્ત લાવી શકે છે.

ધનુભાઈ: ત્યારે મુકામ પ્રસ્થાનનો મારો વાંધો નોંધો.

ધીરુબહેન: ગતિ અને સ્થિતિ, તમે જ કહેતા હતા કે હાલના નવા શોધો પ્રમાણે અર્થહીન છે. રાજકોટ પૃથ્વી પર છે અને એ પૃથ્વી ફર્યા જ કરે છે, છતાં મુકામ રાજકોટ

કહીએ છીએ, તેમ પ્રસ્થાન ભલે ફરતું રહે, અને તેમાં વાર્તા મુકામ કરી શકશે.

મેં કહ્યું : ત્યારે આગળ વાંચું છું.]

અમે પણ અહીં એક મંડળ, તમારું મંડળ નીકળ્યું તે પહેલાં, કે' દિવસનું, કાઢ્યું છે.

[પ્રમીલા : કૌમુદી સેવક સંઘની માફક પહેલા બીજાનો પ્રશ્ન નીકળ્યો કે શું?

ધનુભાઈ : જો એવો પ્રશ્ન નીકળે તો એકદમ જ કબૂલ કરી દો, કે ભાઈ, તું જ પહેલો. આપણામાં કોઈ હાથમાં દેવતા લે તેમ નથી.

ધીરુબહેન : અરે ધમલો હમેશ ચલમ સળગાવતાં હાથમાં દેવતા લે છે.

મેં કહ્યું : જુઓ, આ વચમાં બોલવા દેવાનો ગેરફાયદો. આમાં કંઈક જુદી જ વાત છે.

ધીરુબહેન : ત્યારે સાંભળો સાંભળો.]

અમારું મંડળ નર્યું વાર્તાવિનોદ મંડળ નથી. અમારું તો વાર્તા-મંડળ છે. એટલે એમાં વિનોદ કરવો હોય તો વિનોદ કરીએ; વિરોધ કરવો હોય તો વિરોધ કરીએ. મર્યાદા કશી નહિ. વાર્તા નવી હોય, જૂની હોય, મૌલિક હોય, મોટા લેખકની હોય કે નાના લેખકની હોય, વાર્તાનું અમે ગમે તેમ કરીએ.

કેટલાક વિદ્વાન સાક્ષરોનો મત અમારા જાણવામાં આવ્યો કે એક જ જાતનાં માસિકો ભેગાં કરી દેવાં જોઈએ, જેથી દેશની શક્તિનો દુર્વ્યય ન થાય. તે ઉપરથી આ એક જ જાતનાં મંડળો ભેગાં કરવાને આ ઉપરથી સૂચના કરીએ છીએ. અમારા મંડળમાં વાર્તા કહેનાર માત્ર હું છું. બીજાઓ તેમાં હા એ હા ભેળવે છે એટલે મારી વાર્તાઓ સારી ચાલે છે.

વળી એક 'વિદ્વાન' માસિકના તંત્રીએ સાંભળ્યું છે કે તમારી મેહફિલમાં વાર્તા નહિ પણ ટોળ થાય છે; તેટલા માટે વાર્તા પણ અમે ટોળ જેવી લખી મોકલી છે. આ વાર્તા મોકલવામાં અમારો બીજો પણ ઉદ્દેશ રહેલો છે તે એ કે હું ગણિતની રીતે વાર્તાઓમાં સરવાળા બાદબાકી ગુણાકાર ભાગાકાર કરી એકમાંથી અનેક વાર્તાઓ મૂળ વાર્તા કરતાં જુદા જ રસની ઉપજાવી શકું છું તેના પ્રયોગો મારે તમારા મંડળ આગળ કરી બતાવવા છે. એટલે સાથેની વાર્તાને સ્વીકારીને અમારા આખા મંડળને તમારા મંડળ સાથે જોડી દેશો એ જ વિનતી. ત્યારે હવે તે વાર્તા નીચે રજૂ કરું છું:

## વાર્તા ઉર્ફે ચબરખી વાણી

કેટલાંક મનુષ્યોને ગણગણ્યા વિના ચાલતું નથી; ખાસ કરીને કામ કરતાં હોય ત્યારે.

તે પણ ગાતીઃ ગાયાં કરે, ગાયાં જ કરે, બસ ગાયાં જ કરે. તે હતી તો એક સાધારણ કામ કરવાવાળી બાઈ, પણ વાર્તાની નાયિકા હતી એટલે રૂપાળી હતી, વળી જુવાન હતી એટલે પણ રૂપાળી.

એક શેઠને ત્યાં તે કામ કરતી. કોઈ નોકરજાત કામ કરવા સરજાઈ નથી છતાં પણ આ બાઈ તો કામ કર્યા જ કરતી. કાં તો તે કામ કરવા માટે ગાતી અથવા ગાવા માટે કામ કરતી. તેને એક દીકરો હતો. તે પણ ગાવાનું એક કારણ તો ખરું જ.

માણસજાત નોકરને ગુલામ સમજે છે અને તેથી તે ઇચ્છે છે કે નોકરોએ કામમાંથી રસ ખેંચવાની ટેવ 'પાડવી જોઈએ. આ નોકરડીને 'જી' કહેવાનું કે 'મરી ગયેલી જીંદરડી ફેંકી દેવાનું' કે 'કામમાંથી રસ ખેંચવાની ટેવ' પાડવાનું કહેવું પડતું નહિ.

[ પ્રમીલા: રહો રહો. આ તો ક્યાંક વાંચ્યા હોય એમ લાગે છે.

મેં કહ્યું: મને પણ શબ્દો અને વાક્યો ક્યાંક વાંચેલાં લાગે છે.

ધનુભાઈ: આ ઉંદરડી ફેંકવાનું અને ખાવાનું તો હમણાં હમણાં જ, થોડા જ માસ ઉપર વાંચેલું લાગે છે.

ધમલો: ધીરુબહેન, તમે નહિ તે દી મને વાંચી સંભળાવતાં હતાં—કેવું!—પેલા કૌમુદીમાંથી!

પ્રમીલા: હા. હા. રહો લઈ આવું.

ઊઠીને શોધી લાવી પાનાં ફેરવતાં વાંચતી વાંચતી આવે છે.

પ્રમીલા: લ્યો આ તમારી ઉંદરડી રહી અંદર.

મેં કહ્યું: હા બસ. આમાં પણ ઉંદરડીવાળું વાક્ય અવતરણ ચિહ્નોમાં મૂક્યું છે.

પ્રમીલા: બસ. ચોરી પકડાઈ.

ધનુભાઈ: બસ પ્રમીલાને તો સાહિત્યમાં ચોરી પકડવા સિવાય બીજો ધંધો નથી.

ધીરુબહેન: જુઓ વચમાં વાત કર્યાનો ફાયદો છે કે નથી? ત્યારે આ કૌમુદીવાળી વાર્તા પહેલી વાંચી જાઓ.

કૌમુદીની વાર્તા* પહેલી વંચાઈ. પછી આ વાર્તા આગળ ચાલી. વાર્તા વંચાતાં સભ્યો વચ્ચે વચ્ચે ખડખડાટ હસતાં હતાં તે સિવાય હવે બીજો વિક્ષેપ થયો નહિ. ]

એમા શેઠ પોતાની સાથે પ્રેમમાં પડ્યા છે એટલું સમજતાં નોકરડીને બહુ વાર લાગી નહિ. કામી શેઠ અને ભલી દાસીનો સંબંધ લાંબો સમય નિભાવી રાખવો હોય તો શેઠાણીઓએ એક પછી એક મરવાનું રહ્યું. ઘણા શેઠની ઘણી શેઠાણીઓ આવી રીતે મર્યા કરે છે એ સમાજનો જૂનો ઇતિહાસ છે.

* 'મૂકવાણી.' આ વાર્તા હાલ તારુણ્ય મંડળ ગ્રંથમાં પૃ. ૯૦ મે ફરી પ્રસિદ્ધ થઈ છે.

શેઠ નોકરડીની "મીઠી મશ્કરી" કરતા પણ આ નોકરડી તો રાંડી ત્યારે "પણ એની એ રહી શકી હતી." જો કે શેઠ પણ રાંડ્યા હતા અને પોતે પણ રાંડી હતી એટલે શેઠની "મીઠી મશ્કરી" આ બાઈએ "હસતે હસતે ઝીલી" હતી. આ મશ્કરી કોને મીઠી લાગતી હતી તે કહેવું અઘરું છે. અમારી પોતાની, પરપુરુષ પરસ્ત્રી સામે કુદૃષ્ટિ કરે, એમાં સંમતિ નથી.

કેટલાંક સત્યો "ઘણી વખત" "હમેશને માટે" લખી નાંખવાં અઘરાં લાગે છે એટલે શેઠ અને નોકરડી વચ્ચે "ક્યારેક અજાણતાં" આમ તેમ થયું "હશે" તોપણ બન્નેને બચાવી લેવાની બારી રાખવાનું અમે ઉચિત ધાર્યું છે. બન્ને રાંડ્યાં હતાં એટલે નીતિ–નિયમ તોડવાની ભૂલ થવા દીધી નથી. અહીં અપવાદ રૂપે ઉદારતા નોકરડીની રહેવાની છે અને વાણિયાવેડા શેઠના રહેવાના છે. જોકે અમને તો પુરુષ અને સ્ત્રી બન્ને સ્વાર્થી જીવડાં માલૂમ પડ્યાં છે. એમાંથી એકને જ્યારે જેને ખપ પડે ત્યારે તે પોતાનું કામ કઢાવી લેવાની ચાલાકી "કરી શકે છે."

એક પછી એક શેઠાણી તો મર્યે જ જતી હતી અને શેઠ કામી થયા કરતા હતા. ગમે તેમ પણ એનો આ નોકરડી ઉપરનો મોહ વધતો જ ચાલ્યો.

એક વાર શેઠે નોકરડી પાસે "માગણી" કરી, "લે આ તારા છોકરા માટે લેતી જા." પાછળથી શેઠને સૂઝ્યું કે "આ તો હું આપી રહ્યો છું; માગણી તો મેં કરી જ નહિ!" શેઠના વિકારની

નોકરડીને હવે મૂંઝાવાની જરૂર પડી. ત્યાં ને ત્યાં બંધ નોકરડીને આવવા લાગી ત્યારથી એણે નોકરી શોધવાની રહેવાનું નક્કી કરી લીધું અને બીજે બીજે પણ બીજે પંચાતમાં ન પડી. ઘેર ઘેર માટીના ચૂલા.

શેઠ એની ઉપર કુદૃષ્ટિ કરવાનો જ છે તો પછી બીજે શા માટે જવું? એને બીજે નોકરી કરવા મોકલવાથી અમારી વાર્તા લંબાઈ જાય અને શેઠાણીઓનું મરણપ્રમાણ વધી જાય એ અમારું કારણ પણ ભૂલું નથી.

નોકરડી-પક્ષે, ત્યાં ને ત્યાં રહેવાનાં નીચેનાં સાત કારણો આ રહ્યાં:

૧ "સ્થાનાંતર કરવું નકામું હતું."

૨ "બીજી જગ્યાએ બીજો શેઠ મળે."

૩ "વળી છોકરાંનો આશ્રય જાય."

૪ "શેઠના છોકરા સાથે પોતાનો છોકરો રમે જમે એ કારણ પણ ખરું."

૫ "પોતાને શેઠના છોકરા સાથે કાંઈક પ્રીતિ પણ ખરી."

૬ "અહીંનું જૂનું થાનક છોડતાં એનો જીવ કપાતો હતો."

૭ "એણે એના અંતરમાં શું કરવું એનો નિશ્ચય કરી લીધો હતો."

નોકરડીનો વર જ્યારે જીવતો હતો ત્યારે અભણ હતો છતાં જ્યારે એને પ્રેમનો વેગ આવતો ત્યારે એક સાથે પાંચ લાંબાં વાક્યોની સંકલના રચતાં એને આવડતી અને બધું એક શ્વાસે એ બોલી શકતો. માત્ર એની ભાષા અસલ ગામડિયા રહેતી. હવે વારતા પ્રમાણે અમારે એમ કહેવાનું આવે છે કે એક રાતે કોઈ નાતીલાએ આગળના વેરઝેરથી પ્રેરાઈને આ બાઈનું નાક કાપી નાંખ્યું. પણ વાર્તાને રસમય બનાવવાના હેતુથી ઘડીભર અસત્યકથનનો આશ્રય લેવા માટે વાચકવર્ગ અમને ક્ષમા આપે. લ્યો ને, અમે પોતે સત્ય હકીકત રજૂ કરીએ.

એ તો કુરૂપ બનવા માટે આ નોકરડીએ પોતાને હાથે પોતાનું નાક કાપ્યું હતું અને પછી શેઠને હસાવવા માટે એ

બોલી હતીઃ "મારે પીટચે, મોંએ દૂચો મારી, ચીભડું વાઢે એમ નાક વાઢી લીધું."

એ કલંકિત થઈ ન હતી. કોઈ કદી એને કલંકિત કહેતું નહિ. છતાં આ "મીઠી આફત એને આશીર્વાદ સમાન નીવડી." દીકરાની એટલું પૂછવાની હિંમત ન ચાલી કે, મા, તારું આ નાક કોણે વાઢયું? અને શેઠ તો ઊલટા ખુશી થયા કે, "હાશ, મારે આ સ્ત્રી ઉપર મોહ કરવો મટયો."

નોકરડીએ પોતાના છોકરાને પરણાવ્યો. ઘરમાં વહુ આવી. વહુનાં મહેણાં સાસુને વસમાં લાગે જ. વહુ સાસુને ગમેતેમ રાખતી તોપણ તે "ખરાબ ન હતી." સાસુએ બધું મૂંગે મોંએ દીકરાની ખાતર સહન કર્યું. પણ વહુએ જ્યારે, "તમારી જેમ નાક કપાવ્યું નથી" એમ કહ્યું ત્યારે સાસુએ આપઘાત કર્યો. આપઘાત કરતાં પહેલાં એ બાઈએ લખતાં વાંચતાં શીખી લીધું હતું કે જેથી એક "ચબરખી" ઉપર લખીને તે પોતાની સત્ય હકીકત જાહેર કરી શકે. વાર્તામાં ચબરખી મૂકી જવાની પ્રથા જાણીતી છે એ ભૂલવાનું નથી. દીકરો તો ભણ્યો ન હતો કેમકે તે એક નોકરડીનો દીકરો હતો. તેથી જ્યારે ઘરમાં ચબરખી પડેલી જોઈ ત્યારે તે એકદમ પોતાના શેઠ પાસે દોડી ગયો અને તેમના હાથમાં "પેલી ચબરખી" મૂકી.

શેઠને ચબરખી વાંચીને બહુ જ આઘાત લાગ્યો. "હેં" એવો ઉદ્ગાર તેમના મુખમાંથી નીકળી ગયો. "ચીઠ્ઠી નીચે જઈ પડી." "થોડીવાર કાંઈ બોલી શક્યા નહિ" અને "ટગર ટગર જોઈ રહ્યા." લાગણીનો આ ઉભરો ગમે તેવા સ્વાર્થી અને કામી પુરુષને છાજે એવો હતો. શેઠ બોલી ઊઠયા નહિ પણ મનમાં ને મનમાં સમજ્યા કે, "સતી જેવી આ નોકરડી જો જીવતી થાય તો મારું સર્વસ્વ એને આપી દઉં. ભલે એનું નાક કપાઈ ગયેલું હોય."

છોકરો રડતો રડતો પેલી ચબરખી સામે જોઈને વિચાર કરવા લાગ્યો કે, "મા, મા, ક્યારે તેં આવા કાગળો લખવા જેટલું ભણી લીધું? મને તો કેવું'તું?"

મ'મ

વાર્તા વંચાઈ રહી. છેવટનું વિચિત્ર તખલ્લુસ મ'મ પણ મેં બરાબર વાંચ્યું. પછી ધીરુબહેને કહ્યું: હવે ચર્ચા કરો.

ધનુભાઈ: પ્રમીલા ચર્ચા કરે. તેને ચોરી પકડવાનો શોખ હતો તે ચોરી પકડાઈ.

મેં કહ્યું: હાસ્યરસના કોઈપણ લેખની સીધી રીતે ટીકા કરવી લગભગ અશક્ય છે. તમે કહો કે આમાં તો માત્ર ચોરી કરી છે. તો વાર્તાલેખક એમ જ કહે કે હા તેની ક્યાં ના છે મારે? ખરી રીતે આમાં ચોરી નથી. વગડામાં વટેમાર્ગુને લૂંટે તે લૂંટ કે ચોરી કહેવાય, પણ આ તો એક રાજા બીજા ઉપર ચડી તેનું કેટલુંક હરી જાય અને પોતાના રાજ્યમાં તેને ફરી ગોઠવી એ ચીજનું પ્રદર્શન કરે તેવું છે. તમે એમ કહો કે મૂળ વાતને મચડીને હાસ્ય ઉપજાવો તેમાં શી નવાઈ? તો એ કહે કે હા, દરેક મૂળ વસ્તુને મચડવી તો પડે જ—હાસ્ય ઉત્પન્ન કરવાને. પણ એને હું મચડી શક્યો તો ખરો ને! એને અમુક રીતે મચડી તેમાં જ હાસ્ય છે!

પ્રમીલા: તમે બધાએ આજે વાર્તા શરૂ કરતાં પહેલાં એટલો બધો વખત લીધો છે કે હવે ચર્ચા કરવાનો વખત જ રહ્યો નથી.

ધનુભાઈ: આ વાર્તાની ચર્ચા કરવા આપણે બંધાયેલા નથી. પ્રશ્ન તો એ છે કે, આ વાર્તાથી આપણે આખા મંડળને સભ્ય કરી શકીએ?

મેં કહ્યું: કાયદામાં મંડળ એ એક વ્યક્તિ છે, પણ આપણે એક જ વાર્તાથી આખા મંડળને સભ્ય કરી શકીએ નહિ. એ

ભાઈને જણાવો કે જે વ્યક્તિ વાર્તા લખશે તે જ સભ્ય થઈ શકશે.

પ્રમીલા : અને એ પણ પ્રશ્ન નથી કે કોઈની વાર્તાના આ પ્રમાણે મશ્કરી કરવા દઈએ તો પછી સાહિત્યના ઝઘડા જ આપણા મંડળમાં બધા આવે. વાર્તાવિનોદ મંડળ આપણે એ માટે કર્યું નથી.

ધનુભાઈ : પણ કાવ્યમાં જેમ પ્રતિકાવ્યને સ્થાન છે તેમ આવી 'પ્રતિવાર્તા'ને પણ આપણા મંડળમાં સ્થાન હોવું જોઈએ. આ પ્રતિવાર્તા એક પ્રકારની ટીકા જ છે.

પ્રમીલા : પણ આપણા મંડળમાં ટીકા તો એકવાર સભ્ય થાય પછી જ કરી શકાય ને. સભ્ય થવા માટે તો વાર્તા જ જોઈએ. લેખક પોતે પણ આને માત્ર ટોળ જ કહે છે. માટે એ કાયદાના કારણસર અસ્વીકાર કરો—

ધનુભાઇ : આ ટીકા છે પણ ટીકા વાર્તાના સ્વરૂપે હોઈ શકે. તે વાર્તા નથી એ સંબંધી મંડળમાં એક જ મત થાય એમ હું માનતો નથી.

ધીરુબહેન : સાંભળો, હું તોડ કાઢું. ધમલાને પૂછવા દો. કેમ ધમલા આ વાર્તા છે ?

ધમલો : ના બહેન, આમાં શી વાર્તા આવી ? પેલી વાર્તામાં તો નાક વાઢવાની વાતેય આવતી'તી, આમાં તો કશું સમજાતું નથી.

ધીરુબહેન : ત્યારે આ ભાઈને એટલું જ લખો, કે અમારા મંડળના એક સભ્યે આ વાર્તા છે એનો અસ્વીકાર કર્યો છે. આવી બાબતમાં આખા મંડળના સ્વીકારથી સભ્ય થવું એ વધારે ઇષ્ટ છે. ફરીવાર તમો વાર્તા મોકલો એવો અમારો આગ્રહ છે. અને તમારા સરવાળા બાદબાકીની રમત અમે જોઈ છે એટલે હવેની વાર્તા એવી ન મોકલતાં મૌલિક જ

મોકલશો. અને એ પણ લખી જણાવો કે વાર્તા લખનાર એક જ વ્યક્તિ મંડળની સભ્ય બની શકશે. અમે તમને સભ્ય થયેલા જોઈ ઘણાં રાજી થઈશું.

મેં કહ્યું : હમણાં જ મેં ક્યાંક વાંચ્યું હતું કે બૈરાં સ્વભાવથી જ જૂઠાબોલાં હોય છે. તેમનામાં જૂઠું બોલવાની કળા હોય છે. લ્યો હવે પીણું પીરસો.

પીણું પીરસાયું. પીણું પીધા પછી ધનુભાઈએ અભિપ્રાય માગ્યો.

મેં કહ્યું: આ પીણું પણ મૌલિક નથી. બીજાં પીણાંના દ્રવ્યોના સરવાળા બાદબાકીથી આ પીણું બનાવેલું છે.

ધનુભાઈ: રસના ગ્રન્થોમાં આ પીણાનો જ દાખલો અપાય છે અને ત્યાં પીણાંનાં દ્રવ્યોના સરવાળા બાદબાકીથી પણ નવો જ રસ નિષ્પન્ન થઈ શકે એમ ગણ્યું છે. જેમ આ વાર્તામાં મૂળવાર્તાના રસથી ભિન્ન જ બીજો રસ છે, તેમ મારા પીણામાં પણ નવો જ સ્વાદ છે.

ધીરુબહેન: અસ્તુ. આજના કામમાં માત્ર તમે જીત્યા છો. પણ તમે બચી ગયા છો એમ ન માનશો. તમારી પાસે એ મિત્રોની ગયે વખતે કબૂલેલી વાર્તા લેણી પડે છે. અને બીજું: વસંતભાઈ જ્યારે આવે ત્યારે વખતસર થઈ શકે એટલા માટે મેહફિલનો સમય તેઓ આવે અને આપણને ઘરમાં નવરાશ હોય ત્યારે એમ ગણી લેવાનું. થયું વસંતભાઈ!

મેં કહ્યું: જાઓ મારા આશીર્વાદ છે કે આખા હિંદમાં દર વખત વખતસર ભરાઈ હોય એવી માત્ર આ આપણી મેહફિલ જ ગણાશે. અને તેનું જાહેર માન જોકે મંત્રી તરીકે મને મળશે પણ ખાનગી રીતે એ બધું માન ધીરુબહેનને છે.

ધીરુબહેન: અને સ્રીઓ હમેશાં જૂઠાબોલી છે એવું માન તમે મને આપતા રહેજો! આજનું કામ હવે પૂરું થયું છે.

# કુલાંગાર

## એક કિસ્સો : પાંચ દૃશ્યોમાં

### દૃશ્ય પહેલું

સમય, સવારના સાતેકનો; સ્થળ કાઠિયાવાડમાં સ્ટેશનથી ચાર પાંચ માઈલ દૂર એક ગામડું. સાધારણ ખડકીબંધ હવડ ઘરની છૂટી ઓશરીમાં સામાનના એકબે કોથળા ને એકાદ બે ટ્રંકો પડી છે. લગનસરા ચાલે છે અને વરરાજા અનન્તરાય પીતાંબર ભટ્ટ કંઈક નવા વિચારનો હોવાથી રિવાજ પ્રમાણે પોતાના ગામથી જાન ન લાવતાં મુંબઈથી માત્ર તેની બહેન લલિતા સાથે રાતનો અહીં આવેલો છે. તેનાં બીજાં સગાં, જેમના અહીં આવ્યા પછી જાનનું સામૈયું થવાનું છે, તે હજી આવેલાં નથી. અનન્તરાય વીસેક વરસની ઉંમરનો, શરીરે મજબૂત, કદ્દાવર, દૃઢ મનનો અને તેજસ્વી છે. તેની બહેન લલિતા પણ તેવી જ તેજસ્વી છે, માત્ર એટલું કે સ્ત્રીસુલભ કુનેહ અને સૌકુમાર્યથી તેની દૃઢતા અનન્ત૦ જેટલી બીજાને પરાભવ કરનારી લાગતી નથી. નાતરીત પ્રમાણે અત્યાર પહેલાં હાથે મીંઢળ બંધાવેલું હોવું જોઈએ તે અનન્તે હજી નથી બંધાવ્યું એટલે વેળાસર મીંઢળનો દેખાવ કરવા લલિતા અનન્ત૦ને મીંઢળ બાંધવા પ્રયત્ન કરતી હોય છે, ત્યાં પડદો ઊપડે છે.

લલિતા : લ્યો હવે માની જાઓ. એકવાર કબૂલ કરીને ના શેની પાડો છો ?

અનન્ત૦ : પરણવાની કબૂલત આપી છે, મીંઢળની નહિ!

લલિતા : તમે તો કહેશો પરણવાની કબૂલત આપી છે, પણ પાટલે બેસવાની નહિ, હસ્તમેળાપની નહિ, સપ્તપદીની નહિ, તે કાંઈ ચાલે?

અનન્ત૦ : પણ પરણવામાં આની શી જરૂર છે?

લલિતા : તમારા ભાઈબંધો જેમ જરા પણ ઉપયોગ વિના કાંડે ઘડિયાળ બાંધે છે, તેમ પરણવામાં જરા પણ ઉપયોગ વિના આ બાંધવાની જરૂર હોય છે. તમે કબૂલ કર્યું છે કે ઘેર પાછાં જઈએ ત્યાંસુધી મારું બધું કહ્યું કરવું. અત્યાર સુધી મેં મારી સત્તાનો ઉપયોગ નથી કર્યો. અત્યારે મારી સત્તાથી કહું છું, આ બાંધવા દો.

અનન્ત૦ : ત્યારે એમ જ કહે ને! નકામી દલીલ શા સારુ કરે છે?

લલિતા અનન્ત૦ને મીંઢળ બાંધે છે. ત્યાં ખડકીમાંથી "કાં વરરાજા? ક્યારે પહોંચાડયાં?" એવો ટહુકો સંભળાય છે અને તે પછી તરત જ તે ટહુકો કરનાર પરશોતમ ભટ્ટ પાંચેક વરસના છોકરાને આંગળીએ ઝાલી દોરતા પ્રવેશ કરે છે. પરશોતમ ભટ્ટની ઉંમર પંચાવનેક વરસની છે. તેમણે નાની પોતડી પહેરી છે, અને બાકીને અંગે ઉઘાડા છે. તેમને વાત કરતાં વાતના અર્થ પ્રમાણે ધીમો ઉતાવળો અવાજ કરવાની ટેવ છે. સાથેના છોકરાને એક ધોતિયાની ચાતડી વાળી છે, અને તેની આંખમાં આંજણના લપેડા છે.

પરશો૦ : (ફરીથી) કાં વરરાજા! ક્યારે પહોંચાડયાં?

અનન્ત૦ : આવો, આ રાતના આવીને ગોઠવાઈ ગયા છીએ.

પરશો૦ : કેમ બહેન! ખુશીમાં તો ખરી? મને ઓળખછ? હું શું થાઉં?

લલિતા : હંકંમ્! ઓળખું કેમ નહિ, વળી માસા થાઓ. (અનન્ત૦ને) ભાઈ, આપણી બાને મામાની દીકરી બ્હેન હતાં—એક ગંગામાસી.

પરશો૦ : એ ને તારી બાય પાછાં સગાં મામાફઈનાં નહિ હોં! એ હતાં ઓરમાયાં! પણ આપણી નાત જેવી સગપણ સાચવવામાં બીજી નાત નહિ હોય! (વરરાજા સામું જોઈને એકદમ અવાજ બદલાવી) લ્યો હોં! શું માણસો છે ને! તમારી સાથે અમારા ગામના પહાડસિંગજી ઊતર્યા હશે. તે કે તમારી નાત તે કેવી ?—વરરાજાને હાથે મીંઢળે ય નહિ! એણે તો જઈને જટાશંકર પંડયાને, ને દયા ડોશીને, ને જોશીફળીનાં પાનબાને વાત સોત કરી નાંખી! (અગત્ય બતાવવા સાદ ધીમો કરી) તે હું તો સવારે ઊઠીને તમને કહેવા આવ્યો કે આપણી નાત તો છે ઢેઢ જેવી! પેટમાં વાત જ ન રહે! તમારે માબાપ નથી, તે ગમે તેમ તોય તમે ઉઘાડાં પડી ગયાં કહેવાઓ. તે કશી છોકરમત કરશો માં. (છોકરો વારંવાર આંગળી ઝાલી 'બાપા' 'બાપા' ક્યાં કરે છે.) એક તો આ લલિતાને આટલી મોટી થવા દીધી છે, ને તેમાં વળી આવી બેવકૂફાઈ કરો! આ જુઓ, (જરા ઊપડતે સાદે) હું તો તમારો સગો, એટલે મારી આંતરડી બળે એટલી કોઈની ન બળે. (છોકરો 'બાપા' 'બાપા' કરે છે તેને છણકો કરી) સાંભળ્યને! એ ઘડી વાતે ય કરવા નથી દેતો! (પાછું સાધારણ અવાજે અનન્ત૦ને.) મેં તો આ લલિતા માટે ય વિચાર કરી રાખ્યો છે. કશી ફિકર ન રાખશો, (વીરરસના અવાજથી) હું તમારી પડખે વાઘ જેવો ઊભો છું.

અનન્ત૦ : (વાત બદલાવવા) માસા, છોકરો કેમ આમ રંજાડે છે ?

પરશો૦ : હોય, એ તો છોકરાં છે.

છોકરો : બાપા, કહેતા'તાને ચા પિવડાવીશ !

પરશો૰ : જો, એ તો તમારી ચિંતામાં ને ચિંતામાં ચા પીધા વિના આવ્યો છું. કેમ હજી તમે ચાની કશી ય તૈયારી નથી કરી ? કે અત્યારમાં પીને બેઠાં ?

અનન્ત૰ : ના માસા, અમે તો ચા પીતાં જ નથી.

લલિતા : ભાઈ ઘણીવાર મુંબઇથી જતાં આવતાં ગાંધીજીના આશ્રમમાં થોડું રહેતા. અને ત્યારથી ચાકૉફી બધું ય છોડી દીધું છે.

પરશો૰ : હા, તેમાં શું ખોટું કર્યું ? હું યે નહોતો પીતો. પણ આ દમનો વ્યાધિ થયો ત્યારથી પીવા માંડયો છું. કાંઈ ટેવ નથી પડી, પણ સવારે પીઉં ખરો. પણ જુઓ ! ગાંધીની બીજી વાત કશી ન કરશો હોં ! હોય એ તો પ્રતિષ્ઠાની ખાતર બધું ય કરવું પડે. આપણા તનમનશંકર દવે સાહેબલોકોને ત્યાં જાય આવે, પણ બધું ત્યાં. અહીં આવે ત્યારે અહીં જેવા ! કોટ પાટલુન પહેરે, પણ અંદર ધોતિયું રાખે. આ એમ બધું સમજવાનું છે. તમે ગાંધીમાં ભળો તેની ના નથી, પણ આપણી મુદ્દાની વાત ન ભૂલવી.

લલિતા : ( અનન્ત૰ને ન બોલવા દેવા માટે ) ના રે, માસા ! એવું તે હોય ? જેવો દેશ એવો વેશ.

પરશો૰ : સો વરસની થા મારી બાઈ ! એ ઢેઢ ભંગિયાંને ધંધા માટે અડવું પડે તો અડવું, પણ નાતમાં નાત જેવાં થઈને રહેવું !

ખડકીમાંથી "કાં વરરાજા, ખુશીમાં તો ખરાને ?" એવા અવાજ સાથે જયંતીલાલ, મુકુટરામ, મનહરરામ, છોટાલાલ એ ચારે ગામના જુવાનો દાખલ થાય છે. બધાને માથે ચોટલી છે પણ છોટાલાલે ચોટલી આસપાસ ધારી રખાવી છે, મુકુટરામે કપાળ કોરાવીને ચહેરો કઢાવ્યો છે ને જયંતીલાલ અને મનહરરામ બાબરી બરાબર ઓળીને સેંથી પાડીને આવ્યા છે. બધાએ માત્ર પોતડી પહેરી છે, તેમાં

છાટાલાલે જાડા પાણકોરાની, અને બીજાઓએ ઓછીવત્તી જાડી પાતળી અને જુદી જુદી જાતની કોરની. બધાની પોતડીઓ રાતની પહેરેલી એટલે કલોચડીવાળી છે. બધા જુવાનો વારંવાર લલિતા સામું જો જો કરે છે.

જયંતી૦ : કાં પશાકાકા! અત્યારમાં આવી પહોંચ્યા છો કાંઈ?

પરશો૦ : ( પડેલ મોઢે અને સાદે ) એ તો મારો દીનુ કહે વરરાજાને જોવા છે તે હું અહીં લઈ આવ્યો.

દીનુ : ના હું તો ચા પીવા આવ્યો છું.

મુકુટ૦ : કેમ પશાકાકા! એકલા એકલા ચા પીવા ચાલ્યા આવ્યા! જજમાનને ઘેર દક્ષિણા ઓછી થાય, કાંઈ ચાનો પ્યાલો ઓછો ન થાત!

લલિતા અંદર ચાલી જાય છે.

પરશો૦ : પણ વરરાજા તો સુધરેલા છે. એમને . . .

મુકુટ૦ : હવે સુધરેલું તો કોણ નથી? જુઓ આ આપણા ગામમાં જ જુઓ. અપટુ ડેટ કીટલીમાં નાંખીને ચા પીનારા ( મનહરને બતાવીને ) આ આપણા મનહરકાકા. સાહેબ લોકને પણ એમના જેવો ચાનો શોખ નહિ હોય! ઘાંયજાનો લાગો બંધ કરીને હાથે હજામત કરનારા આપણા ગોવિંદરામ. ને ઠેઠ ગવર્નરની લેવીમાં બેસનાર મિસ્ટર તનમનશંકર પણ આપણા જ ગામના. હવે સુધારામાં શું બાકી રહ્યું છે?

પરશો૦ : પણ આ તો ગાંધીનો સુધારો છે.

છોટા૦ : તે ગાંધીના સુધારામાં ય આપણા દૈવજ્ઞો પહેલા આવવાના. ગાંધીએ સ્વદેશી માલ પહેરવાનો કહ્યો પણ મેં કોઈ દિવસ પાણકોરા વિના બીજું કશું પહેર્યું નથી.

અનન્ત૦ : પણ ગાંધી તો ઢેઢને અડવાનું કહે છે!

મુકુટ૦ : તે આપણા પશાકાકા હમેશાં ઢેઢવાડે જાય છે. પૂછો એમને. ઢેઢમાં એમણે દોઢ હજારની ધીરધાર કરી છે.

ને ગામમાં જેટલો ઓળો દેહ છોડીને પાડે, તેનો અડધો અડધ ઓળો પશાકાકાના ઘરમાં આવવાનો. આખું ગામ નવીકાકી ઓફ્યને ઓળો આપવાનાં.

પરશો૦ : જા બાળા સાળા ! તારો બાપ દેહને આવતા કરી કરીને મરી ગયો ને તું વળી મારી ટીકા કરવા આવ્યો. ધીરધાર તો અમે ત્યાં કરીએ. પૈસા ઓછા અમકાય છે ? નાગી ચેટ આશાપુરીમાં તો દેહને નથી ધાલ્યાં ને ?

મનહર૦ : આશાપુરીમાં ધાલીને એ ઓકલો તો નથી કમાઈ ગયો ને! તમારા વારામાં ય દેહ નાળિયેર લાવે છે ત્યારે કેવા હરખે રહીને ઘેર લઈ જાઓ છો ?

અનન્ત૦ : મામા આ શી વાત છે આશાપુરીની ?

પરશો૦ : જો આશાપુરી આપણાં ઇષ્ટ દેવી છે. આપણા યજમાનો એમની માનતા માને છે.

છોટા૦ : મારા ફૂઆ શિવરામ પંડ્યા મુંબઈમાં રહેતા, એમણે એક ભાટિયાને છોકરું નહોતું થતું, તે આશાપુરીની માનતા આપી. એને છોકરું થયું, ત્યારથી માતાની માનતા ખૂબ થવા લાગી છે. ને આપણા દેવજોને માતાની આવક પણ સારી થાય છે.

જયંતી૦ : તમે વરરાજા ખૂબ ભણવા માંડયા છો તે નાતનું આવી રીતે કંઈક સારું કરો તો તમારી નામના રહી જાય.

અનન્ત૦ : માતાનો કાંઈ ઇતિહાસ છે ખરો ?

પરશો૦ : ( ઉત્સાહમાં આવી ) હા, હા ! મારે નવીના ભાઈ હીરાએ માતાજીનું નવું પુરાણ રચ્યું છે. તેમાં બધો ઇતિહાસ આવે છે. ( ખૂબ ગંભીર અવાજે )

एकदा भगवान् प्रीतो महात्मा वृषभध्वजः ।
सहोमयाऽक्षमीरेमे भक्तानां वांछितप्रदः ॥*

* એકવાર ભક્તોને વાંછિત આપનારા પ્રસન્ન થયેલા ભગવાન મહાત્મા વૃષભધ્વજ ઉમયાની સાથે પાસાથી રમતા હતા.

હીરા તો તમારે જોવા જેવો છે. એ તો આપણી નાત એવી નગુણી છે, તે હજી કુંવારો રહી ગયો છે.

મનહર૦ : (ખડખડાટ હસીને) જોવા જેવો તે કેવો જો! (અભિનય સાથે) આ...મ ત્રાંસી આંખો કરીને ઊભો રહે, ત્યારે અર્જુન બાણાવળી જેવો લાગે.

જયંતી૦ : વરરાજા! અમારે પશાકાકાને વરદાન છે. કોઈ વાતમાં હીરાની સગાઈની વાત આવ્યા વિના ન રહે. અમારે જેમ ગામના બધા રસ્તા તરભેટે ભેગા થાય છે, એમ એમની બધી વાતોમાં હીરાની સગાઈની વાત આવવાની.

અનન્ત૦ : પણ માતાનો ને આપણો સંબંધ શો છે તે તો કહો.

મુકુટ૦ : વાણિયા, જેમ વેપાર પેઢી દર પેઢી ચલાવે, એમ આપણા ધૈડિયાને કાંઈ મૂડી તો આપવાની નહિ, પણ એ ધંધા એવા શોધી કાઢ્યા કે યાવચ્ચંદ્રદિવાકરૌ ચાલ્યા કરે. એક આ આશાપુરી માતા, ને બીજો જ્યોતિષનો. બે પૈસાનું ટીપણું લીધું, કે આ ચાલ્યો.

છોટા૦ : અરે એ પૈસાનું ય નહિ! ચૈત્રી પડવે એ ય દાનમાં મળે.

અનન્ત૦ : પણ આ ઢેઢાની શી વાત છે?

મુકુટ૦ : વાત શી હોય? એ તો પશાકાકા અમથા ચીકણાઈ કરે છે. મેં સૌથી પહેલાં ઢેઢાને માનતા કરતા કર્યા. પણ એ કાંઈ મંદિરમાં નથી આવતા! મંદિરથી છેટે પાળિયા છે ત્યાં ઊભા રહી દીવાનાં દર્શન કરે છે. અને પશાકાકાને બીક લાગે છે કે ક્યાંક એમનાં ઘરાક હું લઈ લઈશ. બાકી નાતમાં કોઈએ વાંધો લીધો નથી.

જયંતી૦ : વિદ્વાનમાં વિદ્વાન ત્રિભુવનકાકાએ પણ નાકનું ટેરવું રાતું કરીને છાંટીને નાળિયેર લઈ લીધું'તું.

મનહર૦ : હવે તો નાળિયેરના ય બે આના થયા છે. કોને કડવા લાગે ?

અનન્ત૦ : ત્યારે આ માતાજી તો જોવાં પડશે. અહીંથી કેટલેક થાય ?

પરશો૦ : હવે એ તો એની મેળે જોવાશે. આપણે દૈવજ્ઞોની છેડાછેડી ત્યાં છૂટે છે.

અનન્ત૦ : તે વખતે નીરાંતે ન જોવાય. મારે બધું ફરીને જોવું છે. તો અત્યારે ચાલીએ.

પરશો૦ : હવે હમણાં માનપુરથી તારાં મોસાળિયાં આવશે. ને અમરાપરથી તારાં કટંબી આવશે. પછી સામૈયું થશે. પછી જાનીવાસામાંથી તો વરરાજાથી ખસાય જ નહિ.

જયંતી૦ : હવે ન શું ખસાય ? એ તો બધું ય થાય. હવે તો સુધારાનો જમાનો આવ્યો છે. પણ વરરાજા, તમારે ચા ન પીવી હોય તો ન પીઓ, પણ અમને તો પાવી પડશે. અમારા ગામને ટીંબે એ રિવાજ છે. તમારી પાસે સાધન ન હોય તો આ મનહરકાકાને ત્યાં બધી સોઈ છે. દૂધનો એક આનો ને ચા ખાંડનો એક આનો. બસ, આ કયું શહેર છે ? એ તો મારી ગા નથી દૂઝતી, તે પૈસાનું કહેવું પડે છે.

અનન્ત૦ : લલિતા ! આ મનહરભાઈને બે આના આપ તો.

લલિતા ઓરડામાંથી આવી ટ્રંક ઉઘાડી બે આના આપે છે. ચારે ય જુવાનો જવા ઊઠે છે તેમને

અનન્ત૦ : પણ માતાએ જવાનું નક્કી છે હોં !

છોટા૦ : અમારે આજે ચંડીપાઠ કરવાનો છે. ત્યાં જ હઈશું. આવજો. બધું બતાવીશું.

જયંતી૦ : ગાઉએક છે. ચાલી તો શકશો ને !

અનન્ત૦ : તમે મારી સાથે ચાલી શકો તો સાચા.

મનહર૦ : ચા અહીં લાવીએ કે વરરાજા ? તમે પીતા નથી માટે પૂછું છું.

અનન્ત૦ : કશી જરૂર નથી. લલિતા પણ નથી પીતી.

જુવાનો જાય છે.

પરશો૦ : વરરાજા! અહીં જ મગાવવી'તી ને! તમે ન પીત તેમાં શું થઈ ગયું? એ ઘડી બધા તમારે ત્યાં બેસીને પીએ, તો સારું દેખાય ને!

અનન્ત૦ : અલ્યા પણ એક ભૂલ થઈ ગઈ. અમે નથી પીતાં પણ તમે તો પીઓ છો! એમ કરો. મનહરને બીજો એક આનો આપો. ને તમારી પણ ચા કરાવો.

લલિતા : ને જુઓ, મારાં માશીને પણ લેતા આવજો. એ બીચારાં એકલાં પોતા સારુ ક્યાં કરશે!

લલિતા એક આનો આપે છે.

પરશો૦ : ને ધીરુનેય લેતો આવીશ. ને બધાને અહીં ચા લાવીને પીવાનું કહીશ. એ જ સારું દેખાય. લ્યો હવે ઝટ જાઉં. એ તો પાછા કહેશે વહેલું કયમ ન કહ્યું!

જાય છે. પડદો પડે છે.

## દૃશ્ય બીજું

સમય તે જ દિવસ સાંઝનો, સ્થળ આશાપુરીનું મંદિર. જૂની ઢબના સાદા મંદિરને રંગરોગાનથી નવું કર્યા જેવું જણાય છે. મંદિર નાનું છે. તેનો રંગમંડપ નાનો છે. અને ગર્ભદ્વારના અંધારામાં ગોખલામાં ચૂંદડી ઓઢેલ આશાપુરી માતાની મૂર્તિ ઘીના દીવાથી ઝાંખી દેખાય છે. ગર્ભદ્વારમાં હાથમાં પાનાં રાખી છોટાલાલ એક ધાબળી પહેરી ચંડીપાઠ કરે છે. મનહરરામ વારંવાર આળસ મરડે છે, બગાસાં ખાય છે, ને ગણગણતો આચમની વતી પાણી નાંખતો જાય છે. જયંતીલાલ ઘડીમાં પાનાં ઝાલી ગણગણે છે, ઘડીમાં બહાર આંટો મારી આવે છે, સામો અરીસો જોઈ ઘડીમાં વાળ ઓળે છે ને ઘડીમાં સરખા કરે છે. દૂર જરા જરા વાદળાં છે.

જયંતી૦ : અલ્યા હજી વરરાજા ન આવ્યા!

મનહર૦ : હવે આવ્યા સમજો. સાંઝે ફરવા જવાની ટેવ એટલે સાંઝ પડયે બહાર નીકળે.

જયંતી૦ : મને નહિ ખબર અલ્યા હોં! કે લલિતા આવડી મોટી થઈ હશે. એ છોકરાંની મા જેવડી છે.

છોટા૦ : તેમાં તને શેની આટલી બધી સગવગ થાય છે? કાંઈ તને નથી પરણાવવાનો!

જયંતી૦ : ભલે ને, મને નહિ પરણાવે પણ નાત બહાર ઓછું જવાય એવું છે! નાતમાં વરમાં વર તો એક તનમન-શંકર છે, તે બીજવર, ને ઘેર એને વેચી આવે એવડા મોટા છોકરા છે. બીજા આપણા અર્જુન બાણાવળી હીરાભાઈ.

છોટા૦ : ને પેલા પાર્વતીશંકર નહિ કે?

જયંતી૦ : એના છ ભાઈ કુંવારા મરી ગયા, ને હવે એને કોઈ પરણાવે? એના બાપનો વંશ રહ્યો એ ઘણું છે.

ત્યાં દૂરથી કોઈ આવતું જણાય છે. બધા પાનામાં મોઢું ઘાલીને ગણગણવા માંડે છે અને પેલો માણસ નજીક આવતો જાય છે તેમ ગણગણાટ મોટો થતો જાય છે. એ કણબી છે. દર્શન કરી પૈસો નાંખી ગર્ભદ્વારમાં ડોકિયું કરી કહે છે.

કણબી : મહારાજ પાઠ કરવા આવ્યા છો કે?

જયંતી૦ માથું ધુણાવી હા કહે છે. એ ચાલ્યો જાય છે એમ ખાત્રી થતાં

જયંતી૦ : તે એ મોટી કરીને કરશે શું?

છોટા૦ : 'કરશે શું' શું? મુંબઈમાં રહે છે તે કોઈ સાહેબ લોકને પરણાવશે.

જયંતી૦ : અલ્યા સાંભળો. આ નાતમાં એવું થવું જોઈએ, કે અંતુને કહેવું જોઈએ, કે તારી બહેનને કોઈ સાથે પરણાવ. (વાતમાં રસ આવતો જાય છે તેમ તેમ બધા હાથમાં પાનાં રાખીને પાસે પાસે આવતા જાય છે.) શું નાતમાં વરનો દુકાળ પડયો છે? એની મરજીમાં આવે એને પરણાવે. નહિતર

બ્હેનને સંન્યાસી કરવાની અત્યારથી નાતના પંચ આગળ કબૂલત આપે. ને એમ ન કરે તો એનો વિવાહ તોડી નાંખવો.

ત્રિભુવન ભટ્ટ દૂરથી આવતા હોય છે. તે તરફ કોઈનું ધ્યાન નથી.

મનહર૦ : હા. જો આ પંડ્યાની છોડી એને ન પરણાવે તો બીજાને પરણવા થાય ને!

જયંતી૦ : ત્યારે આનું કંઈક તરત કરવું જોઈએ.

ત્રિભુ૦ : (ગર્ભદ્વારમાં ડોકિયું કરી) તમારો તે દી ઊઠ્યો છે કે શું તે મને સમજાતું નથી. ચંડીપાઠના પૈસા લ્યો છો, ને અહીં આવીને તડાકા મારો છો. આ ખાવા પીવા ટળવાના છો ખાવા પીવા!

વાદળાં જરા ઘેરાતાં જાય છે.

જયંતી૦ : પણ એનું તમારે શું? તમારે ઘેર ખાવાનું માગવા આવીએ ત્યારે ન આપશો.

ત્રિભુ : હું તો તમારા સારા સારુ કહું છું. શ્રદ્ધા રાખીને પાઠ કરશો તો જજમાનનું સારું થશે; ને જજમાનનું સારું થશે, તો તમારું સારું થશે.

છોટા૦ : એ તો જજમાનનું સારું જ થવાનું,—બ્રાહ્મણને દાન આપે એટલે.

ત્રિભુ૦ : તમે માતાનો અનાદર કરો છો એ સારું નથી કરતા હોં!

મનહર૦ : છોરુ કછોરુ થાય પણ માતા કમાતા ન થાય.

જયંતી૦ : કાકા એમ શું ચીડાઓ છો! જુઓ આ વાદળાં ચડે છે એટલે અંદર થતું હતું અંધારું. અમે બહાર આવવાનું કરતા હતા, ત્યાં તમે આવ્યા. અમે પાછા પાઠ કરવા બેસીએ છીએ. (ત્રણેય બહાર આવવા માંડે છે.)

મનહર૦ : ત્રણ વરસ ઉપર બરાબર આ જ મહિનામાં કરા પડ્યા'તા ને ધમીરશીંહની ભેંશ મરી ગઈ'તી એ યાદ છે?

ત્રિભુ૦: હા માળું! લ્યો ત્યારે હું તો જાઉં છું. મારે હજી મહાદેવે જવું છે. તમે સાચવીને આવજો. (જાય છે. સામે જ અનંતરાય મળે છે તેને) અરે વરરાજા, આવામાં ક્યાં નીકળ્યા?

અનન્ત૦: મારે ફરવા નીકળવું'તું તે કહ્યું ભેગો ભેગો આશાપુરીની જગા જોતો જાઉં.

ત્રિભુ૦ જાય છે: અનન્ત૦ નજીક આવે છે.

જયંતી૦:
મનહર૦: (એક સાથે) આવો આવો વરરાજા! અમે
છોટા૦:

તમારી જ રાહ જોતા હતા.

અનન્ત૦: હા લ્યો, આ આવ્યો. હવે બતાવો તમારી જગા. (ઊંચે જોતાં) આ મંદિર તો પ્રાચીન દેખાય છે. પણ તમે રંગના લપેડા કરીને એને બગાડયું છે. એની જૂની કારીગીરી રહેવા દીધી હોત તો સારું દેખાત. આ તો રંગથી બધું ય છંદાઈ ગયું છે.

જયંતી૦: પેલા ભાટિયાએ માનતા માની હતી તેની પાસે જીર્ણોદ્ધાર કરાવતી વખતે આ રંગ દેવરાવેલો.

અનન્ત૦: લ્યો ચાલો ત્યારે હવે ફરીએ. આસપાસની જગા જોઈએ. અહીંથી નદી કેટલે થાય?

છોટા૦: હજી અમારે તો પાઠ અધૂરો છે. થોડી વાર લાગશે.

અનન્ત૦: (સૌના હાથ ઝાલીને) લ્યો ચાલો ચાલો હવે. ઘરડા તો જાણે માને, પણ તમે જુવાનો ય આવા પાઠબાઠની વાતો કરો છો!

જયંતી૦: હું તો કશું યે નથી માનતો. પણ આ ત્રિભુવન કાકા જેવા આવે ત્યારે જરાક કરવું પડે.

અનન્ત૦: (મશ્કરીમાં) જો કરવું જ પડતું હોય તો હું એક રસ્તો બતાવું. આખો ચંડીપાઠ ફોનોગ્રાફની પ્લેટમાં ઉતારી નાંખવો, ને પછી જ્યારે પાઠ કરવો હોય ત્યારે પ્લેટો એક પછી એક ચડાવી દેવી.

છોટા૦: (મશ્કરી સમજવા છતાં એ કલ્પનાના આકર્ષણના ઉત્સાહમાં) હા, હાં, અલ્યા! તો મજા બહુ પડે: પ્લેટ મૂકીને પછી ફાસ્ટ મારી મૂકવી. જેટલી વાર પાઠ કરવા હોય તેટલી વાર કરી નંખાય.

મનહર૦: બસ. અને પાંચ સાત ફોનોગ્રાફો હોય તો એક જ માણસ એક સાથે ઘણા પાઠ કરી શકે. એક ફોનોગ્રાફની શી કિંમત બેસે?

અનન્ત૦: હમણાં તો ત્રીસ ત્રીસનાં હલકાં મળી શકે છે.

છોટા૦: એ તો બહુ ભારે કહેવાય.

અનન્ત૦: (હજી મશ્કરીમાં) કોઈ ભાટિયા જજમાનને ઊભો કરો.

જયંતી૦: અલ્યા, પણ પછી જજમાન જ ફોનોગ્રાફ રાખીને પાઠ કરાવી લે, તો આપણો કોઈ ભાવ ન પૂછે હાં! વરરાજા, તમે હિકમત તો સારી બતાવી પણ બકરું કાઢતાં ઊંટ પેસે એવું થયું.

અનન્ત૦: (હજી પણ મશ્કરીમાં) તો એક બીજી હિકમત બતાવું.

છોટા૦: શી?

અનન્ત૦: અમારે પરીક્ષાના દિવસો ચાલતા હોય ત્યારે પુસ્તકો વાંચતાં જે ભાગ આવડતો હોય તે અક્ષરે અક્ષર ન વાંચીએ, તેના ઉપર માત્ર આંખ ફેરવી જઈએ. તેમ તમારે પણ પાનાં ઉપર આંખ ફેરવી જવી. શબ્દે શબ્દ ન વાંચવો.

મનહર૦: એમાં તો વરરાજા, તમારા કરતાં અમારી પાસે વધારે સારી યુક્તિ છે. પાનાં ઉપર આંખ પણ અમે નથી ફેરવતા, માત્ર પાનું જ ફેરવીએ છીએ.

અનન્ત૦: હાસ્તો, કારણકે એ પાનામાં ચંડીપાઠ છે એટલું તો તમે જાણતા જ હો છો, ને એથી વધારે જાણવાની તમારે

જરૂર નથી. એટલે મારા કરતાં તમે જરૂર વધારે ઝડપથી પાનાં ફેરવી શકો.

બીજળી અને ગડગડાટ થાય છે. વરસાદ પડવા માંડે છે.

મનહરના કર્યો વરરાજા! હવે થઈ રહ્યું. તમારાથી ફેરવા નહિ જવાય. વાતે ચડયા, ત્યારે તો હવે અહીં જ બેસો ને આ જગા જુઓ.

અનન્ત૦ સામી નજર કરી જુએ છે. વરસાદ જરા જરા વધતો જાય છે. પચાસેક ડગલાં દૂર પાંચ સાત નાના પાળિયા છે, ત્યાં બે ૮–૧૦ વરસના છોકરા દેખાય છે. બન્ને ત્યાં રહ્યા રહ્યા પગે લાગે છે. નાળિયેર મૂકી તે લઈ જવા "જયંતી મહારાજ" એવી બૂમ મારે છે.

છોટા૦: જયંતી, લે પેલાં તારાં ઘરાકો આવ્યાં. નાળિયેર લઈ આવ.

ત્યાં વરસાદ સાથે કરા પડવા માંડે છે. દૂર છોકરા બેબાકળા બની આમતેમ જુએ છે. માથે હાથ ધરે છે.

જયંતી૦: કરા પડે છે ત્યાં ક્યાં જાઉં! બંધ પડશે એટલે નાળિયેર લઈ આવીશ.

દરમિયાન કરા મોટા મોટા પડવા માંડે છે.

અનન્ત૦: (મોટે સાદે) અલ્યા એ! અહીં આવતા રહો અહીં, નહિ તો મરી જશો. કરા તો મોટા મોટા પડવા માંડ્યા. અહીં દોડી આવો.

બન્ને છોકરા રડવા માંડે છે.

મનહર૦: વરરાજા! બીચારાની મશ્કરી શા સારુ કરતા હશો?

અનન્ત૦: મશ્કરી શેની? જોતા નથી કેવડા કરા પડે છે તે? બીચારા મરી જશે. તમે લઈ આવો નહિતર હું લઈ આવું છું.

જયંતી૦: પણ એને લઈ શી રીતે લાવવા?

ત્યાં એક છોકરાનું કરો વાગવાથી માથું ફૂટે છે. નજીકમાં એક મોટો કરો પડીને ભાંગે છે તેના કકડા ચોતરફ ઊડે છે. અનન્ત૦ તેમના તરફ દોડતો જાય છે. છોકરાને પકડવા જતાં બન્ને રડે છે અને પાળિયામાં નાસભાગ કરે છે, "નહિ માબાપ" "નહિ માબાપ"ની બૂમો પાડે છે, હાથથી અનન્ત૦ને વારે છે. અનન્ત૦ બન્નેને તરફડિયાં મારતા પકડીને મંદિર તરફ દોડતો આવે છે. અનન્ત૦ ને પણ માથામાં એક કરો વાગે છે ને ઢીમણું થાય છે. આ બધું મનહર૦ જયંતી૦ અને છોટા૦ કંઈક ન સમજાતું હોય તેમ જડ જેવા જોઈ રહે છે. અનન્ત૦ પગથિયાં ચડવા જાય છે એટલે ત્રણે ય ધાંધા થઈ સામા થાય છે, પાનાંવાળા હાથ ઉગામે છે, એક જણ ઘંટને પકડવા જાય છે, એક જણ નગારાનો દાંડિયો ફેંકે છે. અનન્ત૦ જોરથી "ખબરદાર" એવી બૂમ પાડે છે એટલે ત્રણે ય ડરીને પગથિયાં આગળ મારગ દઈ દે છે, અને ભય અને લાચારીથી લાંબા હાથ કરી કરીને ડોળા કાઢતા "ચાંડાલ બ્રહ્મરાક્ષસ, પાપી, વર્ણસંકર, આ શું કરવા બેઠો છે? નાતને બોળવા બેઠો છે, કુલાંગાર" વગેરે ગાળો અને શાપો બોલે છે, અને ઢેઢના છોકરાને મારવા તડે છે; ઢેઢના છોકરા બીજી બાજુ "વોય બાપલિયારે! માબાપ અમે શું કરીએ!" એવી બૂમો પાડે છે.

અનન્ત૦ : ( નાતીલાઓને ) ખબરદાર એમને જો કાંઈ કર્યું છે તો! ( ત્રણે ય ડરીને દબાઈ જાય છેઃ બીજી બાજુ ઢેઢના છોકરાને ) જો ચસક્યા છો તો!

થોડી વારે કરા બંધ પડે છે. હજી ઢેઢનાં છોકરાં "ઊં ઊં" "માબાપ" "માબાપ" કરે છે.

જયંતી૦ :<br>છોટા૦ :<br>મનહર૦ : } ( નાસતાં નાસતાંઃ એક સાથે ) હત્ તારું સત્યાનાશ જાય તારું. માતાને અભડાવ્યાં? જોઈ રાખજે, ચાંડાલ, નાતમાં તારું શું થાય છે!

ત્રણે ય દોડીને નાસે છે.

અનન્ત૦ : ( ઢેઢના છોકરાને પંપાળતો ) હવે શા માટે બૂમો પાડો છો ને રુઓ છો? એ તો ગયા. હવે માતાના મંદિરમાં આવ્યા ન આવ્યા થવાના છો?

હવે પછીની વાતચીતમાં ઢેઢના છોકરા ક્યાંક એક જ બોલે છે, ક્યાંક બન્ને બોલે છે.

છોકરા : માબાપ હવે જવા દો. અમારો ફેટંગો કાઢી નાંખશે.

અનન્ત૦ : ( ફોસલાવી બીક મટાડવા માટે મશ્કરીમાં ) તમને અડી જ શકવાના નથી ને ! અડ્યા વગર મારશે શી રીતે ?

છોકરા : માબાપ ! અમને હીમખીમ જવા દો.

અનન્ત૦ : જો, હું તારે માથે પાટો બાંધું, પછી બેયુ જણા જાઓ, હોં !

છોકરા ડરમાં બેસી રહે છે. અનન્ત૦ પોતાના ધોતિયામાંથી ચીરો ફાડી પાટો બાંધતો જાય છે અને સાન્ત્વન આપવા પૂછતો જાય છે.

અનન્ત૦ : અલ્યા તમારે માબાપ છે કે ?

છોકરા : હા, માબાપ !

અનન્ત૦ : શો ધંધો કરે છે ?

છોકરા : ખેતીનો.

અનન્ત૦ : તે આ શેની માનતા માની'તી ?

મોટો છોકરો : અમારી બહેન ટેટલી માંદી હતી તે જયંતી મારાજે આજ માનતા કરવાની કહી'તી. માબાપ !

અનન્ત૦ : પણ એમાં માબાપ માબાપ શું કરો છો ?

છોકરા : હા, માબાપ !

અનન્ત૦ : ( હસીને ) જો પાછા ! તમારાં માબાપ તો તમારે ઘેર છે. મને શા સારુ માબાપ કહો છો ! હવે ન કહેતા હોં !

છોકરા : હવે નહિ કહીએ, માબાપ !

અનન્ત૦ : ( હસીને ) ઠીક લ્યો ત્યારે જાઓ. પેલું નાળિયેર ખાવું હોય તો ખાઓ. કહો તો વધેરી આપું !

છોકરા : ના માબાપ ! માતાને ધરાવેલું ક્યમ કરીને ખવાય ?

અનન્ત૦ : ( હસીને ) ઠીક ત્યારે, જાઓ માબાપ !

છોકરા : ( જતાં જતાં જરા અચકાતા અચકાતા ) મા-બાપ! નાવું હોય તો પેલું તળાવ ત્યાં રહ્યું, માબાપ!

જાય છે.

અનન્ત૦ જવાબમાં ડોકું ધુણાવે છે, તેમને જતા જોઈ રહે છે. થોડીવાર ઊંડા વિચારમાં ઊભો રહે છે ને પડદો પડે છે.

## દૃશ્ય ત્રીજું

સમય એ જ રાતનો. છૂટી ઓશરી ને પછવાડે બે ઓરડા, એવા જાનીવાસામાં લલિતા એકલી જ છે. માણસ ઊંડા વિચારમાં ઝીણે સૂરે ગાય તેમ સોહનીના સૂરોમાં ગાય છે. તેમાં કોઈ કોઈ જગાએ "મન રામ ભજ રામ" શબ્દો વેરાયેલા મળી આવે છે. ગાતી ગાતી સામાન સરખો કરતી જાય છે, અને કોઈ વાર ઓશરીની થાંભલીને અઢેલીને ઊભી ઊભી એ જ સૂરો કાઢયા કરે છે. ત્યાં ખડકી બહારથી પરશોતમનો ધીમો અવાજ આવે છે.

અવાજ : એ... ! વરરાજા છે કે ..?

લલિતા : એ ના...ઓ... !

અવાજ : હજી નથી આવ્યા ?

લલિતા : ના માસા ! હજી નથી આવ્યા.

ફરી શાન્તિ પથરાય છે. લલિતા નીચે બેસી એના એ શબ્દો ગાતી સોહનીમાંથી જોગીમાં સરી પડે છે ને ફાનસની વાટ નીચી ઊંચી કરતી જાણે વાટ સાથે રમે છે. ત્યાં બહારથી અનન્ત૦નો અવાજ આવે છે.

અવાજ : લલિતા, ઉઘાડ.

લલિતા : આવ્યા ભાઈ, લ્યો ઉઘાડું.

ઉઘાડે છે. અનન્ત૦ અંદર આવે છે. ધ્યાનપૂર્વક જાનીવાસો જુએ છે. લલિતા ફાનસની વાટ મોટી કરે છે.

અનન્ત૦ : મામા, મામી, સુભદ્ર, દીપુ બધાં કયાં ગયાં કેમ કોઈ દેખાતું નથી ?

લલિતા : ક્યાં ગયાં ? તમે ઢેઢના છોકરાને આશાપુરીમાં આણ્યા એ વાત અહીં પહોંચતાં જ બધાં કંઈ કંઈ બહાનું કાઢીને, ને કેટલાંક તો બહાનું કાઢ્યા વિના જ, પોતપોતાનો સામાન લઈ લાગતાં વળગતાં સગાંમાં ચાલતાં થયાં !

અનન્ત૦ : મેં તો જાણ્યું કે પેલા પૂજારીઓ જ એકલા ભડકણ હશે. આ તો સૌ સરખાં નીકળ્યાં !

લલિતા : સરખાં કેમ ન નીકળે ? ન અભડાવાથી નીચું થઈ જવાતું હોય, ત્યાં કોણ ન અભડાય ?

અનન્ત૦ : એ તો ઠીક, પણ તું તો નથી ભડકી ને ! મને વાટ બધી એ એક જ વિચાર આવતો'તો, કે તને વચન આપેલું કે આટલા દિવસ તું કહીશ એમ ચાલીશ, એ વચન, આવી રીતે તૂટ્યું એમ તો હું નથી કહેતો, પણ એક બાજુ રહી ગયું !

લલિતા : હું ક્યારની એ વિચાર કરું છું, કે તમારે આમેય પરણવું નહોતું, એક ફક્ત માબાપ કરી ગયાં છે તે ખાતર, ને મારા આગ્રહની ખાતર, કબૂલ્યું હતું, તે ક્યાંક તમારું ધાર્યું ન થઈ જાય !

અનન્ત૦ : તને નણંદ થવાના કોડ અધૂરા રહી જશે એમ કેમ નથી કહેતી ?

બહારથી પરશોતમનો ધીમો અવાજ આવે છે.

અવાજ : કેમ વરરાજા આવ્યા ?

લલિતા : હા, આવો માસા, ઉઘાડું છું. ( ઉઘાડવા જતાં જતાં ધીમે અવાજે ) અત્યાર સુધીમાં ત્રણ વાર આવી ગયા !

લલિતા ખડકી ઉઘાડે છે. પરશોતમ સવારના પહેરવેશ ઉપરાંત હાથમાં લાકડી ને ઓઢેલી પછેડી સાથે દાખલ થાય છે. દાખલ થતાં જ બહુ જ લાગણી અને મમત્વના અવાજથી—

પરશો૦ : ભૂંડા ! તેં આ શું કર્યું ? એક પરણવા આવ્યો'તો એટલા દાડા તો સાચવી લેવું'તું ?

લલિતા : પણ માસા ! એમાં ભાઈનો વાંક નથી. નહિ તો બીચારા મરી જાત.

પરશો૦ : તું સૌત પાછી એમ બોલ છ ? આપણી નાતને ઓળખ છ ?

લલિતા : ઓળખીને પણ શું થાય માસા !

પરશો૦ : તોરણેથી પાછો કાઢે એવી—ઢેઢ જેવી છે. જાણુ છ, ઓલ્યા તનમનશંકર ને જયંતીલાલ ટાંપી રહ્યા છે. મેં અત્યાર સુધી તાણી ઝાલ્યું છે. કેટલી વાર પંડ્યાની દાઢીમાં હાથ ઘાલ્યો છે ત્યારે તમારી આ પરણવા સુધી વાત આવી છે. બધા ઉપર પાણી ફેરવવા ઊભાં થયાં છો !

લલિતા : હશે માસા, થવાનું થઈ ગયું તેમાં શું કરીએ !

પરશો૦ : તમે હાથે કરીને દુઃખી થાઓ એવાં છો. નાતમાં તો જેનું જૂથ હોય તે જીતે. જુઓ મારે અરધી નાતમાં સંબંધ છે. ગણ્ય, મારે ત્રણ ફઈઓ, પાંચ બહેનો, ચાર દીકરીઓ, ને હું ત્રણ વાર પરણ્યો. એટલાનો જ હિસાબ કર્યું, તો અરધી નાત થઈ જાય. તમે સમજો એવાં નથી, તે ચોખું ફૂલ કરીને કહેવું પડે છે. તારી બહેનને આવડી મોટી થવા દીધી, એ તો ભલે ને જાણે પરણાવવા જેવડી થઈ, ને પાછી વળી, ને એટલામાં તમારાં માબાપ મરી ગયાં, ને તે વખતે રહી ગયું. પણ પછી બેસી રહ્યાં, તેના કરતાં બે વરસ પહેલાં પરણાવી દીધી હોત, તો એનાં સગાં અત્યારે કામ આવત ને!

અનન્ત : માસા, તમે ચોખ્ખું કહ્યું ત્યારે હું ય કહું છું. તમે જ કહેતા'તા કે જયંતિયો ને તનમનિયો, ઘરે ય સારું નહિ, ને વરે ય સારા નહિ. ને હું મારી બહેનને કુવામાં નાંખું, એ તો સમજશો જ નહિ. તેના કરતાં ભલે એ ય કુંવારી રહે, ને હું ય કુંવારો રહું. તેની મને કશી ચિંતા નથી.

પરશો૦ : પણ શા સારુ તારે ય કુંવારા રહેવું, ને એને ય કુંવારી રાખવી ? તમે નાતનાં અજાણ્યાં છો, હું અજાણ્યો નથી.

લલિતા : હા, તમે અમારી પડખે ઊભા છો, પછી અમારે શી બીક છે?

પરશો૦ : (અવાજ ઢાળીને) મારું એ જ કહેવું છે. હું તમારી પડખે જ ઊભો છું. પણ મારે ય વહેવાર સાચવવાનો છે બાપલા! હું કોઈના વેણુમાં ઊભો રહ્યો હઈશ, ત્યારે આજ મારા વેણુમાં કોઈ ઊભા રહે છે ના? એ તો રાખ એવી રખાપત છે. માટે કાલ ડાહ્યા થઈને વરતજો. નાતનું પંચ કાલ બોલાવવાના છે. સવારમાં ગોર ફરશે. તમે બેઈ વિચાર કરીને નક્કી કરીને મળી જજો. હું આપણો પક્ષ ભેગો કરીશ. ને હું કહું એમ કરશો તો (અનન્ત૦ને) તું ય સુખી થઈશ, ને (લલિતાને) તું ય સુખી થઈશ. મૂંઝાઇને નાસી જશો, તો બાપનું નાક કપાવશો. હું તમારા પક્ષનો છું, માટે કહું છું. લ્યો બેસો, ભાઈબહેન! હું જાઉં છું.

પરશો૦ જાય છે. લલિતા ઊઠીને ખડકી વાસે છે. પાછી આવી પરથાર પર બેસે છે. થોડીવાર બન્ને ભાઈબહેન ચૂપ રહે છે.

અનન્ત૦ : આ માણસ શી પક્ષની વાતો કરે છે ને!

લલિતા : સ્વાર્થી માણસને માત્ર એક જ પક્ષ હોય છે— પોતાનો. બાકી જ્યાં સ્વાર્થ સધાય ત્યાં એનો પક્ષ. (જરા અટકીને) તમે એની વાત તો સમજ્યા ને?

અનન્ત૦ : કેમ નહિ? મને તો વચમાં વચમાં એવું થઈ જતું'તું, કે તારે વિશે કાંઈ ખોટું સૂચન કરે તો એક લપડાક ચોડી દઉં. પણ માળો એવો પક્કો, ઠેઠ સુધી ક્યાંઈ સ્પષ્ટ બોલ્યો નહિ.

લલિતા : તમે કહો છો ને આપણા લોકો પોલિટિકલ નથી! બારણામાં એક ટકોરો થાય છે. ભાઈબહેન શાંત રહી સાંભળે છે. ફરી એક ટકોરો થાય છે.

અનન્ત૦ : કોણ?

બહાર ધીમે સાદે અવાજ આવે છે.

અવાજ : ઉઘાડો.

અનન્ત૦ લલિતા સામું જોઈ જઈને ઉઘાડે છે. તનમનશંકર પ્રવેશ કરે છે. તેણે માથામાં સુગન્ધી તેલ નાંખ્યું છે. આગળ બાબરી ઓળેલી છે, અને ચોટલી પણ ઓળીને ગાંઠ વાળેલી છે. પાટલી ચીપીને ધોતિયું પહેરેલું છે. ઝીણા સફેદ ફલાલીનના પહેરણ ઉપર સાચી જરીની શાલ ઓઢેલી છે. તે આવતાં જ—

અનન્ત૦ : આવો તનમનશંકરભાઈ! બેસો.

તનમન૦ : ( બેસતાં, બેસતાં ઊંડા દુ:ખના અવાજથી ) આપણી નાત જેવી કોઈ નિર્ભાગી નાત નથી.

અનન્ત૦ : એમ કેમ ?

તનમન૦ : આ જુઓને. તમારા જેવા પુરુષાર્થ કરીને આગળ પડે તેવા આશાજનક યુવાન સામે કેટલો બધો વિરોધ કરે છે ?

અનન્ત૦ : હોય એ તો, તેમાં શું કરીએ ?

તનમન૦ : તમે તમારી ઉદારતાથી એમ કહો, પણ મારાથી કેમ સંખાય ? અને તમારું તો ઠીક. તમારાં બહેન માટે પણ ખરાબ બોલે છે ! કોઈ પણ માણસાઈવાળો માણસ સહન ન કરી શકે.

અનન્ત૦ : કેમ શું બોલે છે ? નાતનો ગુનો કર્યો હોય તો મેં કર્યો છે, તેમાં મારી બહેનને શું છે ?

તનમન૦ : એવી વાતો કરે છે કે કોઈ પણ બાઈના સાંભળતાં તો શું, પણ પુરુષોના પણ સુધરેલા સમાજમાં ન બોલી શકાય.

લલિતા : પણ તેમાં આપણને શું ? દરેક માણસ પોતાની કલ્પનાથી અને પોતાની વાણીથી પોતાની જ કિંમત કરાવે છે.

તનમન૦ : નિષ્ક્રિય પડી રહેવું એ અમારો સિદ્ધાન્ત નથી. આપણે નાતને સુધારવાને પ્રયત્નો કરવા જોઈએ. આપણી વાત સાચી હોય તો આપણે શા માટે સત્ય ઉપર ઊભા રહી, વિરોધ કરી, સત્યનો જય ન મેળવી શકીએ ?

અનન્ત૦ : હા, તેવો કોઈ ઉપાય હોય તો જરૂર કરીએ. પણ તમે માનતા જણાઓ છો તેવો કોઈ તાત્કાલિક ઉપાય મને જણાતો નથી.

તનમન૦ : આપણે જેમ રાજ્યપ્રકરણમાં આપણા મતના માણસો એકઠા કરીને લડીએ છીએ તેમ નાતમાં પણ આપણો પક્ષ કરીએ, તો જીતીએ. નાતમાં એક વિશેષ ફાયદો છે કે આ નવી પદ્ધતિ ઘણાખરા માણસો જાણતા નથી.

અનન્ત૦ : મને એવો કોઈ માર્ગ જણાતો નથી.

તનમન૦ : આ એક નીતિ નક્કી કરવાનો પ્રશ્ન છે. તેને માટે મંત્રણા કરવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે **षट्कर्णो भिद्यते मन्त्रः** ।* આપણે અંદર એકાન્તમાં ચાલો. છૂટથી વાત થઈ શકે.

અનન્ત : ( તનમન૦ સાથે ઊઠીને જતાં જતાં કટાક્ષમાં) લલિતા ! તનમનશંકરભાઈની સાથે મંત્રણા કરવા હું ઓરડામાં જાઉં છું. તું બહાર બેસી રહેજે, એટલી વાર.

લલિતા : ભાઈ, જાળવજો હોં. ઉશ્કેરાઈને કશી વાત ન કરશો.

અનન્ત૦ : ફિકર નહિ.

બન્ને ઓરડામાં જાય છે, થોડી ગુસપુસ વાતો કરે છે. ત્યાં ધડ દઈને માર્યાનો અવાજ થાય છે. તનમન૦ ઓરડામાંથી દોડતો આવી ખડકી ઉઘાડી નાસે છે. પાછળ અનન્ત૦ દોડતો આવે છે.

અનન્ત૦ : હત્! કમબખ્ત લુચ્ચા ! બાયલા !

અનન્ત૦ પાછળ જવાનું કરે છે તેને લલિતા પકડી રાખે છે, ને ખડકી બંધ કરી આવે છે. બન્ને બેસે છે. થોડીવાર પછી—

લલિતા : ( ધીમા ઠપકાને આવજે ) મેં ના પાડી'તી તોય ન રહેવાયું ?

* મન્ત્રણા છ કાને જાય તો ફૂટી જાય.

અનન્ત૦ : પણ તને શી ખબર, એ શું બોલ્યો તારા વિશે?

લલિતા : મને ખબર વિના મેં તમને ન ઉશ્કેરાવાનું કહ્યું હશે?

અનન્ત૦ : (હજી ઉશ્કેરાયેલો) બસ જ્યાં ત્યાં પક્ષ કરવો ને પરણવું બીજી વાત નથી! પરણ્યા સિવાય પક્ષ થતો જ નથી!

લલિતા : તેમાં તમને નવાઈ ન લાગવી જોઈએ. તમે જ તે દિવસે કહેતા હતા ને, કે નાત બીજું કાંઈ નથી, પણ પરણવાની સોસાયટી છે. તો નાતના પક્ષો પણ પરણીને જ થાય ને!

અનન્ત૦ : (જરા જરા ઉશ્કેરણી ઊતરતી જાય છે) અર્‌ર્‌ર્‌ર્! આવી નાત!

લલિતા : ભાઈ, તમે શા સારુ ચિડાઓ છો? તમારે તો ગમતું થાય છે. આમેય પરણવાને માટે તમે કેટલા ઉદાસીન હતા! હવે થયું. જાઓ, ગામમાં જઈ ગાડું કરી આવો ને રાતની રાત ચાલતાં થઈએ. નાત રહી નાતને ઠેકાણે.

અનન્ત૦ : (વિચારીને. ઉશ્કેરણી હવે લગભગ શમી જઈને પછવાડે દૃઢતા અને ભારે અવાજ મૂકતી ગઈ છે. દરેક વાક્ય પૂરું થતાં જરા જરા અટકીને) ના, હવે હું એમ નહિ જાઉં. વિવાહ તોડશે તેમાં મને તો કંઈ લાગવાનું જ નથી! (લલિતાના મોં પર જરા નકારનો ભાવ દેખતાં, જરા વધારે ભારથી) એમને એમ ચાલ્યો જાઉં તો એ લોકો મને બીકણ ગણે. (વધારે સખ્ત બોલાઈ ગયું એવું ભાન આવતાં, એ જ દૃઢતાથી પણ જરા મશ્કરીમાં) તું કહેતી હતી કે ચાલો નાત જોવાશે. તો હવે નાત પૂરેપૂરી જોઈને જ જઈએ! માત્ર જોવી જ નથી, (પડેલ ટ્રંક ઉપર આંગળી પછાડતાં) તેમની સાથે ઠેઠ સુધી દલીલ કરવી છે.

લલિતા : ત્યારે એક વાત કબૂલ કરો તો કાલ નાતના પંચમાં જવા દઉં.

અનન્ત૦ : શી !

લલિતા : ગમે તેમ થાય તોપણ કાલ તમારે ઉશ્કેરાવું નહિ, ઉશ્કેરાઓ તોપણ કોઈને મારવું નહિ. બહુ થાય તો ત્યાંથી ચાલી નીકળવું. કબૂલ ?

અનન્ત૦ : હા કબૂલ! જો એક તારી ખાતર કબૂલ. નહિ તો—

લલિતા : મારી ખાતર શા સારુ ? ગાંધીજી પણ હમેશાં અહિંસક રહેવાનું જ કહે છે.

અનન્ત૦ : મેં ક્યારે કહ્યું કે હું ગાંધીજીનો અનુયાયી છું. તું જ્યાં હોય ત્યાં કહેતી ફરે છે !

લલિતા : ( કૃત્રિમ ક્રોધથી ) ઠીક લ્યો, પાછા મારા પર ચિડાઓ ના ! સૂઈ જાઓ.

અનન્ત૦ : ( તદ્દન સ્વસ્થ થઈ ) તું સૂઈ જા. મને એકદમ ઊંઘ નહિ આવે. થોડી વાર વાંચી ને સૂઈશ.

લલિતા : ( પાસે દીવો મૂકતાં ) લ્યો વાંચો, એટલી વાર હું પથારીઓ કરું.

લલિતા પથારીઓ કરવા ઊભી થાય છે. પડદો પડે છે.

## દશ્ય ચોથું

સમય: બીજા દિવસના ત્રણેક વાગ્યાનો. પડદો ઊપડતાં નાતની વાડીમાં નાતનાં માણસો ભેગાં થયાં છે. લાંબી પડાળીમાં બૂંગણ પાથર્યાં છે ને તેમાં જાત જાતનાં વસ્ત્રો પહેરી જાત જાતની બેઠકોમાં માણસો આડા અવળા બેઠા છે. એક બાજુ તનમન૦ લટક્તા તોરાવાળી રેશમી ચકરી, દક્ષિણી, લાલ પાઘડી પહેરીને અને જરીવાળી શાલ ઓઢીને બાંતને અઢેલીને બેઠા છે. એક જગાએ ત્રિભુવન ભટ્ટ માત્ર ધોતિયું પહેરેલા, ખભે એક ધોતિયું ગડ વાળેલું મૂકી, એક ફાળિયું ઢીંચણે બાંધી

તેનીઆરામ ખુરશી કરી, કંઈક પ્રમુખના જેવી જગાએ બેઠા છે. બીજા ઘણા મોટી ઉંમરના એ જ રીતે ફળિયાની આરામ ખુરશી કરી બેઠેલા છે. યુવાનો જુદી જુદી રીતે આડા અવળા બેઠેલા છે. પ્રમુખની સામે, પ્રતિપ્રમુખ હોય તેમ, પાર્વતીશંકર કરીને પચીસેક વરસનો જુવાન બેઠેલો છે. તેણે પોતાની સામે ઊભી, ડંડા જેવી લાકડી જમીન ઉપર સૂતી મૂકી છે. તેણે પંચકેશ રખાવ્યા છે, ને કપાળમાં બહુ જ ભયંકર દેખાય તેવું ટીલું ને આડ કરેલાં છે. તેની આસપાસ છોટાલાલ, મનહરરામ, મુકુટરામ, જયંતીલાલ બેઠેલા છે. અનન્તરાય ત્રિભુવનની એક બાજુ પાર્વતી૦ થી બહુ દૂર નહિ એમ કંઈક તેના સામે મોંએ બેઠેલો છે. હજી પંચમાં કોઈ કોઈ માણસ આવે છે. પડદો ઊપડતી વખતે અંદર અંદર વાતો થયા કરતી હોય છે.

ત્રિભુ૦ : કેમ બધા આવી ગયા ?

ગોર : હવે કોઈ રહ્યું તો લાગતું નથી.

કોઈ વૃદ્ધ : બસ, હવે તો નાત જ કયાં રહી છે ? શંકરાચાર્યને પાંત્રીસ વરસ ઉપર સામૈયું કર્યું, ત્યારે આ પડાળીમાં નાત માતી નહોતી.

કોઈ વૃદ્ધ : એટલી લાંબી વાત શીદ કરો છો ? દસ વરસ ઉપર મારી મંછાનાં લગન લીધાં, ત્યારે ઉપર ધારે ઘીએ એકી કલમે સાત મણનું ચૂરમું નાતે ખાધું'તું. અત્યારે પૂરું અઢી મણે ય વરતું નથી.

કોઈ વૃદ્ધ : એ ખાનારા ય ગયા ને એ ખવરાવનારા ય ગયા ! કેમ કેશાકાકા ?

કેશવરામ પચાસેક વરસનો વૃદ્ધ છે. તે પોતાને ઘણો જ ડાહ્યો માને છે અને એમ માની માનીને તેણે પોતાનો અવાજ કૃત્રિમ ધીમો અને મોઢું બહુ જ ડાહ્યું કરી નાંખ્યું છે. તે બોલતાં ભાગ્યે જ કહેવતો વિના બોલે છે.

કેશવ૦ : સાપ ગયા ને લિસોટા રહ્યા.

કોઈ વૃદ્ધ : માણસે ય આપણી નાત બહુ ઘસાઈ ગઈ. જુઓ ને કેટલાં નિર્વંશ ગયાં ?

તેનીઆરામ ખુરશી કરી, કંઈક પ્રમુખના જેવી જગાએ બેઠા છે. બીજા ઘણા મોટી ઉંમરના એ જ રીતે ફાળિયાની આરામ ખુરશી કરી બેઠેલા છે. યુવાનો જુદી જુદી રીતે આડા અવળા બેઠેલા છે. પ્રમુખની સામે, પ્રતિપ્રમુખ હોય તેમ, પાર્વતીશંકર કરીને પચીસેક વરસનો જુવાન બેઠેલો છે. તેણે પોતાની સામે ઊભી, ડંડા જેવી લાકડી જમીન ઉપર સૂતી મૂકી છે. તેણે પંચકેશ રખાવ્યા છે, ને કપાળમાં બહુ જ ભયંકર દેખાય તેવું ટીલું ને આડ કરેલાં છે. તેની આસપાસ છોટાલાલ, મનહરરામ, મુકુટરામ, જયંતીલાલ બેઠેલા છે. અનન્તરાય ત્રિભુવનની એક બાજુ પાર્વતી૦ થી બહુ દૂર નહિ એમ કંઈક તેના સામે મોંએ બેઠેલો છે. હજી પંચમાં કોઈ કોઈ માણસ આવે છે. પડદો ઊપડતી વખતે અંદર અંદર વાતો થયા કરતી હોય છે.

ત્રિભુ૦ : કેમ બધા આવી ગયા ?

ગોર : હવે કોઈ રહ્યું તો લાગતું નથી.

કોઈ વૃદ્ધ : બસ, હવે તો નાત જ કયાં રહી છે ? શંકરાચાર્યને પાંત્રીસ વરસ ઉપર સામૈયું કર્યું, ત્યારે આ પડાળીમાં નાત માતી નહોતી.

કોઈ વૃદ્ધ : એટલી લાંબી વાત શીદ કરો છો ? દસ વરસ ઉપર મારી મંછાનાં લગન લીધાં, ત્યારે ઉપર ધારે ઘીએ એકી કલમે સાત મણનું ચૂરમું નાતે ખાધું'તું. અત્યારે પૂરું અઢી મણે ય વરતું નથી.

કોઈ વૃદ્ધ : એ ખાનારા ય ગયા ને એ ખવરાવનારા ય ગયા ! કેમ કેશાકાકા ?

કેશવરામ પચાસેક વરસનો વૃદ્ધ છે. તે પોતાને ઘણો જ ડાહ્યો માને છે અને એમ માની માનીને તેણે પોતાનો અવાજ કૃત્રિમ ધીમો અને મોઢું બહુ જ ડાહ્યું કરી નાંખ્યું છે. તે બોલતાં ભાગ્યે જ કહેવતો વિના બોલે છે.

કેશવ૦ : સાપ ગયા ને લિસોટા રહ્યા.

કોઈ વૃદ્ધ : માણસે ય આપણી નાત બહુ ઘસાઈ ગઈ. જુઓ ને કેટલાં નિર્વંશ ગયાં ?

પાર્વતી૦ : ( ગોઠણભર થઈને ) કેટલાં ગયાં એ જુઓ છો, પણ જાય છે એ જુઓ છો ? જુઓ, અમે સાત ભાઈઓ, છ ભાઈઓ મારા એમ ને એમ કુંવારા ને કુંવારા મરી ગયા. લીલ* પરણાવતી વખતે બધા ખાવા આવો છો, પણ કોઈને વિચાર થાય છે, કે આના કપાળમાં ચાંદલો કરીએ ? નાત કેમ આનો કાંઈ બંદોબસ્ત નથી કરતી ? નાતનાં માણસને નાત નહિ પરણાવે તો કોણ પરણાવશે ? ગામનાં છોકરાં કાંઈ પરગામ રમવા જશે ? અને અમે શા ખોટા છીએ ? શું અમે લૂલા છીએ, અપંગ છીએ, આંધળા છીએ, બહેરા છીએ, મૂંગા છીએ ? શું અમારું કુળ હલકું છે ? અમારા કુળમાં નાતો થઈ છે એવી કોણે કરી છે ? હા, અત્યારે પૈસે ટકે ઘસાઈ ગયા હઈશું, પણ એમ દશાવીશી સહુની ચાલતી આવી છે ! નાતમાં સૌ સરખું. એ મારા ભાઈ મરી ગયા એની આંતરડી નહિ કચવાઈ હોય ! હજી તો જુઓ શું થવાનું છે તે ! બે વરસથી મેં ઉપાસના માંડી છે. પંચકેશ રખાવ્યા છે. નાતનું નિકંદન ન કાઢી નાખું તો થઈ રહ્યું છે.

ત્રિભુ૦: લે રાખ રાખ ! ક્યાંક ઉપાસનામાં **ભાર્યા રક્ષતુ ભૈરવઃ** ને બદલે **ભાર્યા ભક્ષતુ ભૈરવઃ** થઈ જશે, તો તારું જ નિકંદન નીકળી જશે. તને તો ચંડીપાઠે ય પૂરો નથી આવડતો.

પાર્વતી૦: આ જોને મોટો વિદ્વાનની પૂંછડી થઈ બેઠો છે ! બધા મને કહેવા આવો છો. પણ તમારી માતાનું સત જ માંડ્યું છે જવા, એની વાત નથી કરતા. જે માણસો ઢેઢનાં છોકરાં માતાના મંદિરમાં ઘાલે એવાને કન્યા આપો છો ને અમને ઓઠની વાતો કરવા આવો છો !

* નીલોદ્વાહ, ગાય પરણાવવાની ક્રિયા, જે ખાસ કરીને મોટી ઉમરે પરણ્યા વિના ગુજરી ગયેલ બ્રાહ્મણ પાછળ કરવાનો કેટલીક નાતોમાં ચાલ છે. પરણેલા પછવાડે પણ થઈ શકે છે.

કોઈ વૃદ્ધ: પણ ઉતાવળો કાં થા ? હજી વાત ક્યાં થઈ ગઈ છે ? હજી નાત ક્યાં કશું જાણે છે ? જાણશે ત્યારે સૌ થઈ રહેશે. કોઈએ ઢેઢનાં છોકરાં મંદિરમાં ઘાલ્યાં હશે તો નાત એને પૂછશે, નાત સમરથ છે, કેમ હેં ભાઈ!

અનન્ત૦: (ઊભો થઈ ને) એમ આડી વાત શા સારુ કરો છો ? મને સીધું પૂછો. હું સાચી જ વાત કહેવાનો છું. મેં ઢેઢનાં છોકરાં માતાની જગામાં આણ્યાં એ સાચું. (આખી સભામાં 'અરરરરરરરર' 'જય અંબા' 'જય આશાપુરી' 'માતાજી રક્ષા કરો' 'ગજબ થયો' 'અબ્રહ્મણ્યમ્', વગેરે અવાજો.) એ સંબંધી નિર્ણય કરો તે પહેલાં શા માટે અંદર આણ્યાં એ સાંભળો.

"સાંભળો, ભાઈ, સાંભળો"ના કટાક્ષમય અવાજો.

એ છોકરાં મેં અંદર ન આણ્યાં હોત, તો એવડા કરા પડતા'તા, કે મરી જ જાત.

એક અવાજ: મરી જતા હશે એમ! એ જાત તે મરતી હશે ?

અનન્ત૦: (ભાષણ ચાલુ રાખતાં) પણ મેં સાંભળ્યું છે કે એ કે ત્રણ વરસ ઉપર તમારા જ ગામની એક ભેંશ મરી ગઈ'તી. આ વખતે પણ એક ગાય મરી ગઈ તે તમે જાણો છો.

બીજો અવાજ: મરી જાત તો એમાં કયો બ્રહ્માનો વંશ નીકળી જવાનો હતો જો! એ તો એમ ને એમ માણસો મરે ને જન્મે પાછાં, તેમાં આપણે શું કરીએ ?

જયંતી૦: ઢેઢનાં છોકરાં સારુ થઈ ને નાતનો રોટલો ટાળ્યો ?

અનન્ત૦: પણ માતાજી એમ અભડાય જ નહિ. તમે પોતે જ માનો છો, કે એ માતાજીએ માનતાને લીધે એની બહેનને સારી કરી. તે કાંઈ અડયા વિના સારી કરી હશે ? જો માતાજી પોતે એને સારી કરે છે, તો હું એને માતાજીના મંદિરમાં લાવીને બચાવું એમાં શું ખોટું કરું છું. તમે તેને (ગડબડાટ

વધતો જાય છે) માનતા આપીને બચાવો છો, મેં તેમને મંદિરમાં આણીને બચાવ્યા, તેમાં ફેર શો ?

બેસી જાય છે.

એક અવાજ: એ મુગટરામનાં વઢાયાં'તાં! ઢેઢને માનતાને રવાડે ચડાવ્યાં એ જ ખોટું કર્યું છે. ઉપજ કશી નહિ, ને નકામો ફજેતો!

કેશવ૦: આમ બોલાબોલીમાં કશો ફાયદો નથી. કોડી ધોયે કાદવ નીકળે. આવી વાત બહાર પડશે તો બીજી નાતોમાં આપણો ફજેતો થશે. અને લોકો માનતા કરતા બંધ થશે. માટે બાંધી મૂઠી લાખની. ન બોલ્યામાં નવ ગુણ. જાણે કાંઈ બન્યું જ નથી. એક નન્નો સો રોગ હરે. હાથે કરીને શા સારુ છાણે વીંછી ચડાવવો ? માટે બધા માની જાઓ. પહેલાં બધા જેમ ભેગા બેસીને જમતા, નાતો કરતા, તેમ કરો. મીંદડી મીંદડીનું ઢાંકે તેમાં કાંઈ કોઈને પાડ નથી. કેમ પરશોતમ ભટ બોલતા નથી ?

પરશો૦: હા, એમાં શું ખોટું છે ? નાતને ઠીક લાગે, ને બધાને ઠીક લાગે તેમ કરો.

પાર્વતી૦: (વાક્યને જોર આપવા વચમાં વચમાં લાકડી પછાડીને) પણ અમે શા સારુ થઈને એવું કરીએ ? નાતે અમને શો ફાયદો કર્યો છે, તે અમે નાતનું કામ કરીએ ? નાતે અમારું શું સારું કર્યું છે તે અમે નાતનું સારું કરીએ ? હું તો ઘરના પૈસા ખરચીને ય મુંબઈ જઈશ, ને ત્યાં બધાયને કહી આવીશ, ને તમારા ભાટિયાને, ને તમારા લુવાણાને, ને તમારા કપોળોને કહીશ કે ત્યાં તો ઢેઢવાડો ભેગો થયો છે. એક ખેતર વેચી ખાઈશ. આમેય પંડ સુધી પથારો છે. જાણે તીરથ કરવા ગયા'તા!

તનમન૦: તમે બધા વાત કરો છો પણ જરા અનન્તરાયને

જ પૂછો ને કે એમને કોઈ પૂછશે તો શું કહેશે? એમ તો ગાંધીના શિષ્ય છે!

એક અવાજ: હવે જોયા જોયા ગાંધીના શિષ્યો.

જયંતી૦: પણ ક્યાં આઘે છે? પૂછો ને! કેમ અનન્તરાય, તમે શું કહેશો?

અનન્ત૦: મારાથી જૂઠું તો કેમ કહેવાય?

પાર્વતી૦: (અનન્ત૦નો જવાબ પોતાના લાભનો છે એ સમજ્યા વિના) ઢેઢને મંદિરમાં ઘાલ્યાં, ને પાછું (ચાળા પાડ્યા પેઠે) જૂઠું કેમ કહેવાય?

ત્રિભુ૦: પણ જૂઠું બોલાય તો ય કાંઈ સ્પર્શદોષ નિવારણ કર્યા વિના ચાલવાનું છે? એટલે બીજી બધી વાતો મૂકી દઈ ને એક યજ્ઞ કરી નાંખો. એટલે બધા ય દોષોમાંથી મુક્ત થવાય. ઘણાં વરસથી સહસ્રચંડી નથી કરી. તે કરી નાંખો, કેમ પંડ્યાજી?

પંડ્યા૦: હું તો નાત કહે તેમ કરવા ખુશી છું. નાત મોટી વાત છે.

પરશો૦: (અનન્ત ના પાડશે એવી આશાથી) કેમ
અનન્તરાય! લખચંડી થાય તેમાં તમારે કાંઈ વાંધો નથી ને!
અનન્ત૦: સૌને પોતપોતાની માન્યતા પ્રમાણે કરવાની
છૂટ છે. લખચંડી થાય તેમાં મારે શો વાંધો હોઈ શકે?
પાર્વતી૦: એટલે શું નાત આવા આખી નાતને બોળનારાને
પાછાં નાતમાં રાખશે, એમને પરણાવશે, ને એમનાં છોકરાં
નાતમાં ગણાશે? લખચંડી કરવી હોય તો કરો, પણ આ
કુલાંગારને એક વાર નાતબહાર મૂકો. એ આખી નાતનું ભૂંડું
કરવાનો છે. એકવાર એનું સગપણ તોડી નાંખો.
જયંતી૦ કંઈક બોલવા જાય છે તેને તનમન૦ એક તરફ કહે છે:
તનમન૦: હજી તું ઉતાવળો થા મા. એ અન્તુ પોતે જ
હમણાં બધું ઊંધું વાળવાનો છે. એણે સમજ્યા વિના હા પાડી છે.

કેશવ૦: બસ હવે કજિયાનું મોં કાળું. એ તો ઘીના ગાડવામાં ઘી જ ભરાશે. લખચંડી કરી નાંખો, ને વાજતે ગાજતે જમાડો ને જાન ઉઘલાવો. આપણી નાત જેવી કોઈ સમજણી નાત નથી.

કોઈ વૃદ્ધ: આપણી નાત જેવી કોઈ પવિત્ર નાત નથી!

જયંતી૦ તનમન૦ સામું જુએ છે.

તનમન૦: (પરશો૦ને) તમે કોઈની પાસે લખચંડીના ખરચનો આંકડો નક્કી કરાવો.

કોઈ વૃદ્ધ૦: બધા બ્રાહ્મણોમાં આપણે શ્રેષ્ઠ છીએ.

પરશો૦: આપણી નાત જેવી કોઈ નાત થવી નથી. ત્યારે ત્રિભુવન ભટ્ટ, લખચંડીનો આંકડો કરો.

ત્રિભુ૦: લખચંડી નહિ સહસ્રચંડી મેં તો કહી છે. ને એનો આંકડો—એમાં શો કરવા'તો? પાંચ વરસ ઉપર મેં કરાવી'તી ત્યારે હજાર રૂપિયા થયા'તા. આ વરસ કંઈક મોંઘારત છે, એટલે બસો વધારે થાય, એટલું.

પરશો૦: ત્યારે હવે રૂપિયાનું કરો, ને કાલથી શરૂ કરો.

ત્રિભુ૦: કેમ અનન્તરાય, એટલા રૂપિયા રોકડા કાઢશો, કે જોગ કરતાં કાંઈ વાર લાગશે?

અનન્ત૦: રૂપિયા મારે કાઢવાના? સમજફેર થાય છે. મેં એમ કહ્યું નથી!

અવાજો: હેં! ત્યારે બીજું કોણ આપે? લ્યો સાંભળો! ત્યારે કોણ નાત આપવાની હતી? અલ્યા, અભડાવ્ય તું ને સહસ્રચંડી કોક કરે? લે માળો ફરી ગયો!

અનન્ત૦: મારા મત પ્રમાણે તો મેં સ્થાનકને અભડાવ્યું જ નથી. છતાં તમે એમ માનતા હો, ને તમારે શુદ્ધિ કરવી હોય તો કરો. એટલું જ મારું કહેવું હતું.

પાર્વતી૦: (લાકડી પછાડીને) ત્યારે નાતને મફત અભડાવશો એમ? નાતને ઓળખો છો? નહિ ઓળખતા હો—નાતમાં રહ્યા નથી તે. (લાકડીવતી જમીન પર લીટા દોરતાં) નાત તો સગાઈ તોડશે, મીંઢળવાળે હાથે પાછાં જવું પડશે, ફરી કોઈ ચાંલ્લો નહિ કરે, ને એ...ન તે આટલેથી (પોતાના નાકપર છરીની પેઠે આંગળી ફેરવતાં) નાક વઢાઈ જશે.

અનન્ત૦: મારી એક વાત સાંભળો. તમે મને નાત બહાર મૂકવો હોય તો મૂકો. પણ એક ન્યાયની દૃષ્ટિથી વિચાર કરો. તમે મારી પાસે હજાર રૂપિયા ખરચાવીને સહસ્રચંડી કરાવો છો, તે સ્પર્શદોષ ટાળવા માટે. હવે હું જો પૈસા ન આપું, તો તમે એટલા ખરચીને સ્પર્શદોષ ટાળવાના છો?

કોઈ વૃદ્ધ: અમે શા સારુ એટલું ખરચ કરીએ? જેણે પાપ કર્યું હશે એને પ્રાશ્ચત લાગશે. તેમાં અમારે શું?

અનન્ત૦: ત્યારે માતાનો કોપ માથે વહોરી લેવા હું તૈયાર છું. મારી પાસે શા માટે સહસ્રચંડી કરાવો છો? તમે પોતે સહસ્રચંડી વિના પણ માતામાં તમારો વ્યવહાર ચલાવી શકવાના છો!

જયંતી૦: પણ નાત કહે છે કે તમારે સહસ્રચંડી કરાવવી.

અનન્ત૦: પણ તમે માનો, તે ન કરો, ને હું ન માનું, તેની પાસે કરાવવી, એનો અર્થ શો?

ત્રિભુ૦: (પહેલી જ વાર ક્રોધે ભરાઈને) તમે ધર્મની બાબતમાં તર્ક ન કરો. તમે જાણો છો? તર્ક કરવાથી ઇંદ્રને પણ શિયાળ થવું પડયું હતું!

અનન્ત૦: (જરા હસીને) પણ હું શિયાળ નથી થઈ ગયો એ જ બતાવે છે કે હું ખોટા તર્ક નથી કરતો.

વૃદ્ધો: અરે દુષ્ટ! નાતનું અપમાન! તારી સાત પેઢી નરકમાં જશે. કુલાંગાર! તનમનશંકર, તમે કેમ કાંઈ બોલતા નથી?

તનમન૦ : (જરા શાલ ખભા પર સરખી નાંખતાં, ખોંખારીને) જુઓ, સાંભળો, અનન્તરાય ! મારે તમારી સામે કાંઈ દ્વેષ નથી. પણ તમે જાણે એકલા જ સમજતા હો એમ નાતની સામે બોલો છો ત્યારે હું કહું છું. રાજ્યો પણ બહુમતીથી ચાલે છે. પાર્લમેન્ટમાં પણ બહુમતી પ્રમાણે કરવું પડે છે. તો તમારે પણ નાતની બહુમતી કહે તે પ્રમાણે કરવું જોઈએ. ન કરો, તો નાત તમને શિક્ષા કરવા હકદાર થાય છે.

અનન્ત૦ : (દૃઢતાથી) રાજ્ય અને નાત એ સરખાં નથી. અને કોઈ માણસ અન્યાય સ્વીકારી લેવાને બંધાયો નથી. ખોટું કરવું પડે. તે કરતાં ન્યાયથી વર્તતાં સહન કરવું પડે તે કરી લેવું હું પસંદ કરું છું.

પાર્વતી૦ : (લાકડી ઉગામીને) સહન ન કરો ને જાઓ ક્યાં ?

અનન્ત૦ : ( સ્થિરતાથી સામે જોતાં ) નાત તો ગમે તે કરશે, પણ તમે મારી સામે લાકડી ઉગામી, તો નક્કી જાણજો કે એ પહેલી તમારા વાંસા પર પડશે.

પાર્વતી૦ ચૂપ થઈ નીચો નમી જાય છે. તનમન૦ ત્રિભુવન૦ બધા સ્તબ્ધ થઈ જાય છે. કોઈકથી “ અરે, નાત સામે ” એટલો ઉદ્‌ગાર નીકળી જાય છે.

તનમન૦ : ( ત્રિભુવન૦ પાસે જઈને એક તરફ ) આ મામલો બગડશે હોં ! એને કોઈ પહોંચી નહિ શકે. એને તમારી પણ આમન્યા નથી. તરત ફેંસલો કરી એની સગાઈ તોડી, વિદાય કરી દો.

ત્રિભુવન૦ : ત્યારે થયું. કેમ પંડ્યા ! નાતની વિરુદ્ધ થઈને એને તમે શી રીતે પરણાવશો ? એને મોઢે જ માગી લે છે ત્યાં બીજું શું થાય ?

પંડ્યા : નાત મોટી છે. નાત કરે તે મારે કબૂલ છે.

જયંતી૦ :<br>
પાર્વતી૦ : } ( એક સાથે ) લ્યો ત્યારે જાઓ વરરાજા. આવ્યા એવા. ધોયેલ મૂળા જેવા !<br>
મનહર૦ :

અનન્ત૦ ધીરે પગલે આખી સભા સામું જોતો ચાલ્યો જાય છે. બધા જુદાં જુદાં ઘચૂંમલાંમાં ઊઠવા માંડે છે.

ત્રિભુ૦ : ( પંડયાને ) આજે તનમનશંકરે નાતનું નાક રાખ્યું છે હોં !

જયંતી૦ : જુઓને એના મોં પર જરા ય શોક દેખાય છે ?

પાર્વતી૦ : આ વંશ જવા બેઠો છે તો ય શોક છોડે છે ?

મનહર૦ : એવાનો વંશ શેનો જાય ? કયાંક મુંબઈમાં પરણવાનું પહેલેથી નક્કી કરીને જ આવ્યા હશે. નહિતર મીઢળબંધા પાછા જવાનું કબૂલ કરે ?

પાર્વતી૦ : ભલેને ! મુંબઈમાં પરણશે ને છોકરાં ય થશે, પણ એવા વર્ણશંકરથી વંશ રહેવાનો હતો ?

તનમન૦ : કેમ ત્રિભુવન ભટ્ટ કયાં જશો ? બે ઘડી મારે ત્યાં બેસો ને ! કેમ પંડયા !

એ ત્રણનું ઘચૂંમલું ભેગું ગુસપુસ વાતો કરતું જાય છે.

વૃદ્ધો : ( જતા જતા ) કુલાંગાર ! કોણ જાણે કયાંથી નાતમાં આવો પાકયો !

બધા જાય છે: પડદો પડે છે.

## દૃશ્ય પાંચમું

સમય : ત્રીજા દિવસનો સવારનો પહોર. જાનીવાસાની ખડકીની બહાર રસ્તા ઉપર કોથળા અને ટ્રંક અને થોડો પરચુરણ સામાન પડેલો છે. ત્યાં જયંતી૦ ઊભો ઊભો દાતણ કરતો હોય છે. વચમાં વચમાં પગથી સામાન થોડો આડો અવળો ખસેડે છે. દૂરથી પાર્વતી૦ને આવતો દેખી બૂમ મારે છે. પાર્વતી૦ ઇશારાથી કયાં છે એમ પૂછે છે.

જયંતી૦ : અહીં આવો તો બતાવું. હાલ્યા આવો ! બીઓ માં. વરરાજા ભલા છે. કોઈને મારે એવા નથી.

પાર્વતી૦ : ( પાસે જાય છે ) કયાં ગયા અત્યારમાં ?

જયંતી૦ : ક્યાં શું સ્ટેશન ભેગા, અત્યારમાં. કન્યા સાથે હસ્તમેળાપ કરવાને બદલે ગાડીના હેંડલનો હસ્તમેળાપ કરશે.

પાર્વતી૦ : સામાન કેમ મૂકતાં ગયાં ?

એટલામાં પરશો૦ મનહર૦ છોટા૦ અને નાતના બીજા માણસો આવે છે, ને સામાન જોવા માંડે છે. સામાનની ફરતા ફરે છે.

જયંતી૦ : ત્યારે શું કરે માથે ઉપાડીને જાય ?

પાર્વતી૦ : અલ્યા તાળી ! ગામમાં કોઈ ગાડું ય ન મળ્યું ના ?

મનહર૦ : શેનું મળે ? હું ગામ આખામાં કહી આવ્યો'તો. કોઈ એવાને તે ગાડું આપે ?

પરશો૦ : અરે એનાથી તો ઢેઢે ય સારા, ઢેઢ ! જેઠિયો સવારે મારે ઘેર આવ્યો'તો, તે કહેતો'તો, કે ઓલ્યા છોકરાના બાપ ગોવલા પાસે ગાડું ભાડે કરવા ગયો'તો, તે એણે સોત ના પાડી !

મનહર૦ : ( તાળી દેતાં ) અલ્યા રંગ રહી ગયો, રંગ !

કેટલાક ખડકીની અંદર પણ જઈ આવે છે તેમાંથી એક જણ કહે છે.

એક જણ : પણ સામાન આમ રસ્તામાં કેમ નાંખ્યો હશે ?

છોટા૦ : મેરુભા મારું ઘરાગ, તે મેં સીતકાર્યો, તે કે ( મેરુભાના ચાળા પાડતાં ) 'અમારે ઢોરની કડબ ભરવી સે, તે મારાજ ખાલી કરી આપો.'

મનહર૦ : ત્યારે સૂઈ ક્યાં રહ્યાં હશે ?

પાર્વતી૦ : અહીં કોથળામાં જ કૂતર્યાં પેઠે સૂઈ રહ્યાં હશે.

એક જુવાન : કે ઢેઢના વાસમાં આથડયાં હશે.

જયંતી૦ : અલ્યા તનમનશંકરને બોલાવો. કેમ ફરકતા ય નથી?

પરશો૦ : શેના ફરકે ? એ તો પીડી ચોળાવતો હશે. પંડયાની છોકરી તાતે લગને પરણવાનો !

પાર્વતી૦ : } હેં જો માળો !
જયંતી૦ : } ફાવી ગયો હોં !

કેટલાક : ઉપર ધારે વરોઠી થવાની.

એક જુવાન : અલ્યા આ બધું ત્યારે પડ્યું છે તે ચાલો ઘેર લઈ જઈએ.

છોટા૦ : અલ્યા બેવકૂફ થયા ? ઢેઢને અડેલું ઘેર લઈ જશો ને ત્રિભુવન ભટ્ટને ખબર પડશે તો દમ કાઢી નાંખશે.

જયંતી૦ : ત્યારે ઢેઢને જ વેચી નાંખો, ને પૈસા આવે તેનાં ચાપાણી ઉડાવો.

મનહર૦ : પેલો પાછો આવશે, ને ચોરીની ફરિયાદ કરશે તો હેરાન હેરાન થઈ જશો.

પરશો૦ : અલ્યા હજી ઢેઢથી ધરાયા નથી ? નાનિયા, જા મારી ગાને હાંકી લાવ્ય. ખવરાવી દે આ. પછી ભલે ગાય ઉપર કેસ ચલાવે. કાં રસ્તામાં મૂકીને જાય ?

જયંતી૦ : હેં પશાકાકા ! આમ કોઈની સગાઈ તૂટેલી ખરી પહેલાં ?

પરશો૦ : આપણી નાત થપાઈ ત્યારથી કોઈ દી આવું બન્યું નથી. તે આ અન્તુએ પહેલ કરી. પીતાંબર ભટનો ઓધવારો જ ગાંડો !

પાર્વતી૦ : ઢેઢનાં છોકરાં સારુ થઈને કન્યા ખોઈ, તે જરૂર એ બ્રાહ્મણના નહિ પણ ઢેઢના......

વાક્ય પૂરું થાય તે પહેલાં જ બધા ય આ સુંદર કલ્પનાથી હર્ષ અને ઉત્સાહમાં આવી જાય છે અને કોઈ પગ ઉલાળતો, કોઈ તાળી દેતો, કોઈ મરડાતો એમ બધા મહાન હર્ષનિનાદ કરે છે, તેમાં બાકીનું વાક્ય ડૂબી જાય છે.

પડદો પડે છે.

# મેહફિલે ફેસાનેગુયાન ઉર્ફે વાર્તાવિનોદ મંડળ

## સભા ત્રીજી

**લાં**બી મુસાફરીમાંથી ઓચિન્તો પાછો આવી હું ધનુભાઈને ઘેર મળવા ગયો.

આખું ઘર મને જોઈને ચકિત થયું, અને એકદમ મારી આસપાસ વીંટળાઈ વળ્યું. ધીરુ બહેને મને પૂછ્યું: કેમ યાત્રામાંથી કંઈ એકદમ જ પાછા આવી ગયા? સી. આઈ. ડી. ના માણસોથી ડરીને નાસી આવ્યા કે શું?

મેં કહ્યું: એમ હું તમારાથી નહિ ફસાઈ જાઉં. આજે જ મેહફિલની બેઠક કરો. કાયદા પ્રમાણે, હું આવું ત્યારે મેહફિલનો વખત થાય છે, માટે ઝટ શરૂ કરો. નહિતર કબૂલ કરો કે તમારા અધ્યક્ષપણામાં વાર્તાઓ ખૂટી.

ધનુભાઈએ ઘણા દિવસો પહેલાં* 'બે મિત્રો'ની વાર્તા લખવાનું માથે લીધેલું તેને અનુલક્ષીને ધીરુબહેને કહ્યું: તેમાં મને શું કહો છો? કહો તમારા ભાઈને!

* જુઓ સભા ૧ લી પૃ. ૧૦૬, ૧૦૭.

પ્રમીલા : નહિ ભાભી ! તમે તમારે બેઠક ભરો. હું વાર્તા કહેવાની છું. મારી પાસે તૈયાર છે—પેટીમાં લખેલી પડી છે.

ધીરુબહેન : (જરા ધીમે સાદે) સાચું જ કહો છો બહેન ?

પ્રમીલા : હા હા, વળી, જુઓ આ લઈ આવું.

પોતાના અભ્યાસખંડમાં જઈ લઈ આવે છે.

ધીરુબહેન : એમ તમે અમને નથી હરાવી શકવાના સમજ્યા !

મેં કહ્યું : પણ પહેલાં તો 'કહો તમારા ભાઈને' એમ જ બોલાયું ના !

ધીરુબહેન : અરે એ તો મેં એટલા માટે કહેલું કે તમારા ભાઈ પાસે નવું પીણું તૈયાર નથી:—મેહફિલમાં પીણાની જવાબદારી એમની છે.

પ્રમીલા : શાબાશ ભાભી, બરાબર જવાબ દીધો.

ધનુભાઈ : અરે મારી પાસે વળી કદી પીણાં ન હોય એવું હોય ? ઉનાળો છે તે પંચામૃત કરો.

મેં કહ્યું : પંચામૃત શું વળી ? દેવને નવરાવવા કરીએ છીએ તે ? હું કંઈ દેવ નથી.

ધનુભાઈ : અરે તમે યાત્રા કરીને આવ્યા તો તમને પંચામૃતથી નવરાવવાને બદલે એ પાઈએ તો ખરા ! ખરેખર આપણા લોકો ગરમીમાં એ કેમ નહિ લેતા હોય, અને નક્કામાં અંગ્રેજી પીણાં શામાટે પીતા હશે તે હું સમજતો નથી. દહીં, મધ, સાકર, થોડું ઘી એ બધું ગરમીમાં કેટલું સરસ લાગે છે ? મધ તો આપણે વાપરતા જ બંધ થઈ ગયા છીએ ! અંગ્રેજો વાપરે છે. આપણા પૂર્વજો પુષ્કળ વાપરતા. રામાયણમાં જ્યાં જ્યાં ખાવાનું વર્ણન આવે ત્યાં મધ તો હોય જ હોય !

પ્રમીલા : બસ ચાલ્યું ભાષણ ! તમારાં ભાષણો ઉપરથી જ જો અનુમાન કરવું હોય તો જરૂર કોઈ એમ કહે કે તમારા જેવું કોઈ ખાઉધરું નહિ હોય.

મેં કહ્યું : માનસપૃથક્કરણશાસ્ત્રી તો એમ જ કહે કે તમને નાનપણમાં કોઈએ ખાવા જ આપ્યું નથી.

ધીરુબહેન : નહિ, એમ નહિ, ખરો માનસપૃથક્કરણશાસ્ત્રી તો એમ જ કહે કે તમારી પત્ની તરફથી તમને જીવનમાં જરા પણ રસ નહિ મળતો હોય તેથી તમે પીણાંની વાતો કર્યા કરો છો ?

પ્રમીલા : અરે શાબાશ મારાં માનસશાસ્ત્રી !

ધનુભાઈ : તમારા માનસપૃથક્કરણશાસ્ત્રીઓને કહો કે કોઈ વધારે પ્રમાણિક ધંધો લઈ લે તો સારું. કોઈ અમુક બોલે માટે તે તેનામાં નથી એ નિયમ માત્ર માનસપૃથક્કરણશાસ્ત્રીઓ માટે સાચો છે, બીજાઓ માટે નહિ. કેળવણી અને સ્વતંત્રતાની વાત જેમણે તે ચાખ્યાં છે તે કરે છે. જેણે તે ચાખ્યાં નથી, તે તે વિશે કદી બોલવાનો નથી. પણ એટલું નક્કી કે જે પોતાના મનનું પૃથક્કરણ કરતાં બીએ છે, જેને ભય છે કે પૃથક્કરણ કરશું ને શું જાણે શું યે નીકળશે, તે જ બીજાના માનસનું પૃથક્કરણ કરવા નીકળે છે. નહિતર આટલાં બધાં પૃથક્કરણ ઉપર પુસ્તકો લખાયાં તેમાં કેમ કોઈ માનસશાસ્ત્રી પોતાની ગ્રંથિઓની વાત કરતો નથી ? શું તેમને ગ્રંથિ જ નથી ? શું તેઓ નિર્ગ્રન્થ છે ? એટલે હું તો એમ જ માનું છું, કે એ શાસ્ત્રીઓ જ નથી. અથવા તેમના માનસપૃથક્કરણમાં એવું. આવે છે, જેને તે જાહેરમાં મૂકી શકે નહિ. શાસ્ત્રપ્રગતિને માટે લેખક પોતાનો દાખલો આપે તે જ સો ટકા સાચો છે. કારણકે અન્યના દાખલામાં સંભવાસંભવ હમેશાં રહે જ છે. હું પીણાંની વાત કરું છું તે મારું જીવન નીરસ હોવાથી, કે

શોધખોળ બુદ્ધિથી, કે સ્વદેશી પીણાંના પ્રચારના આગ્રહથી, કે નવા પીણાના લોભે મેહફિલ ચાલે અને તેમાં હું મોટો થઈને ફરી શકું તેટલા માટે, કે નાનપણમાં મેં પહેલી વાર સોડા પીધો ત્યારે મને બિલકુલ ભાવ્યો નહોતો તેના દ્વેષથી, કે લીંબુનું શરબત મારી પ્રકૃતિને બહુ અનુકૂળ પડે છે તેથી બધાં પીણાંનો મને શોખ થાય છે, કે—

અહીં ધીરુબહેને અને પ્રમીલા બહેને જાહેર ભાષણ ચાલતું હોય તેમ તાળીઓ પાડી એટલે ધનુભાઈએ સંકેલ્યું: નહિ, હું ભાષણ કરવાનો હતો જ નહિ. કારણકે હું માનું છું કે પ્રમીલા પાસે વાર્તા નથી અને તે કંઈક ઠગાઈ કરવાની છે; મારે તેમાં ઠગાવું નથી. હું તો માત્ર એટલું જ કહેતો હતો કે ઉપરનાં અનેક શક્ય અનુમાનોમાં કયું સાચું અને કયું ખોટું તે હું જાણું તેટલું ગમે તેવો માનસશાસ્ત્રી શું જાણે? મારે ધંધાની જરૂર હોય અને હું પીણાંની હોટલ જ કાઢવાનો હોઉં અને સ્વદેશી પીણાંની જાહેરખબરથી કમાવા જ માગતો હોઉં! ઠીક, પણ પ્રમુખસાહેબ, હવે વાર્તા આગળ ચલાવો.

ધીરુબહેન : ચાલો પ્રમીલા બહેન, ત્યારે તમે વાર્તા શરૂ કરો. અને આ બધાના તર્કો ખોટા પાડો.

પ્રમીલા : ચાલો હું વાંચું છું, સાંભળો:—

એક વાર ધીમતી બહેન અને પ્રેમકુંવર બન્ને બપોરે એકલાં બેઠાં હતાં.

મેં કહ્યું : વારતાનું નામ તો કહો.

પ્રમીલા : મારી વાર્તાને નામ જ નથી. અને પ્રમુખ-સાહેબ, મારે એક વિનંતી કરવાની છે. હું આખી વાર્તા વાંચી રહું ત્યાંસુધી કોઈએ કશું પૂછવું નહિ, કોઈએ કશું બોલવું નહિ. જે કાંઈ કહેવું હોય તે વાર્તા પૂરી થયા પછી કહેવું.

૧૧

ધીરુબહેન : ભલે, તમારી વાર્તા દરમિયાન કોઈ પણ સભ્ય કશું બોલશે નહિ.

પ્રમીલા : ત્યારે ફરીથી વાંચું છું.

એક વાર ધીમતી બહેન અને પ્રેમકુંવર બન્ને બપોરે એકલાં બેઠાં હતાં. નાના ચન્દ્રકાન્તને, બહાર રહેવાની ટેવ પડે માટે, થોડા દિવસ એક મિત્રને ઘેર મોકલ્યો હતો. એટલે ઘર બધું ઘણું જ શાન્ત હતું. ધર્મપ્રસાદ પોતાના ખંડમાં હમેશની માફક કંઈક કામ કર્યા કરતા હતા. ઘરના સૂનકારથી કે કોણ જાણે શાથી ધીમતી બહુ જ ગમગીન દેખાતી હતી. પ્રેમકુંવરે પૂછ્યું : કેમ ભાભી આજે ગમગીન દેખાઓ છો ?

ધીમતી : ગમગીન નથી, પણ આજે કોણ જાણે કેમ કાંઈ ગમતું નથી.

પ્રેમકુંવર : મારા ભાઈને બોલાવું ?

ધીમતી : એમાં બોલાવવા'તા શા ?

પ્રેમકુંવર : કેમ, હું છું એટલે શરમાઓ છો ? કહો તો ચાલી જાઉં ?

ધીમતી : મેં એમ ક્યાં કહ્યું ?

પ્રેમકુંવર : હાં, હાં, સમજી. તમારે એમને બોલાવવા નથી પણ જાતે જવું છે—અભિસારિકા થવું છે; તો થાઓ ને !

ધીમતી : અરે બેન ! હવે આટલે વરસે આવું બોલો છો ?

પ્રેમકુંવર : જુઓ ભાભી, થોડાં વરસ ઉપર એમ કહ્યું હોત તો માનત, પણ હવે તો પ્રેમ વિશે હું પણ એટલું જાણું છું કે ઉંમર થવાથી પ્રેમનાં અભિનવ સ્વરૂપો સદંતર જતાં રહેતાં નથી. (ધીમતી સામે એક નજરે જોઈ) ઓહો ભાભી ! હવે સમજી. તમે તો અત્યારે મુગ્ધા થયાં છો. ચાલો ત્યારે, હું જ તમને ભાઈ પાસે ઘસડી જાઉં.

પ્રેમકુંવરે ધીમતીને ધર્મપ્રસાદના ખંડમાં ઘસડી જઈને કહ્યું: આજે ભાભીને ગમતું નથી.

ધર્મપ્રસાદ : પણ બ્હેન, અમને પુરુષોને ક્યાં સ્ત્રીઓનું મન સંપાદન કરતાં આવડે છે તે? પરણ્યા પહેલાં તો એવું કંઈ કારણ હોતું નથી. અને સ્ત્રીકેળવણી, પરણ્યા પછી હમેશાં સ્ત્રીઓ પુરુષોને ખુશ કરી શકે એ એક ઉદ્દેશથી જ ગોઠવાય છે. સ્ત્રીને ગાતાં આવડવું જોઈએ, સારાં કપડાં પહેરતાં આવડવું જોઈએ, સારું રાંધતાં આવડવું જોઈએ: અને પુરુષને સ્ત્રીને ખુશ કરવા કાંઈ જ આવડવાની જરૂર નહિ! મને ગમતું નથી હોતું ત્યારે—

* [મારાથી રહેવાયું નહિ, મેં કહ્યું: ધનુભાઈ! આ ધર્મપ્રસાદને તમારી પેઠે જ ભાષણે ચડી જવાની ટેવ છે. અને ધ એ ધ અને પ એ પ મળતા આવે છે!

પ્રમીલા : પ્રમુખ સાહેબ! મારા વાર્તાવાચન દરમિયાન કશી પણ વાતચીત થવી ન જોઈએ. તમારા એ ઠરાવનો ભંગ થાય છે, તે તરફ ધ્યાન ખેંચું છું.

મેં કહ્યું : હું ટીકા કરતો નથી; માત્ર ઉદ્‌ગાર કાઢું છું.

પ્રમીલા : અત્યારે તો જવા દઉં છું, પણ હવે જો કોઈ વિક્ષેપ કરશે તો દર વિક્ષેપે આખી વાર્તા પહેલેથી ફરી વાંચીશ.

ધીરુભાઈ: એટલે તારી વાર્તા એટલી કંટાળા ભરેલી છે એમ ને?

પ્રમીલા : વાર્તા સાંભળ્યા પછી જોઉં છું, કેવાક કહો છો કંટાળાભરેલી!

ધીરુબ્હેન : નહિ વસન્તભાઈ, તમારે આપણા ઠરાવ પ્રમાણે ચાલવું જોઈએ.

વાર્તા પાછી શરૂ થઈ]

* વાર્તા ચાલતાં દરમિયાન મેહફિલનાં સભ્યોએ કરેલી વાતચીત આવા [ ] કૌંસમાં મૂકવાનો નિયમ રાખ્યો છે.

મને ગમતું નથી હોતું ત્યારે તો તું ગાઈ કરીને અને વિશેષ તો મારી પાસે બેસીને વાતો કરીને પણ મને ઉલ્લાસમાં લાવે છે. મને નથી ગાતાં આવડતું, નથી વાતો કરતાં આવડતું, કારણકે વાતો કરું છું ત્યારે તમને ભાષણ લાગે છે, નથી મહાદેવ જેમ ઉમાને પ્રસન્ન કરવા નાચે છે તેમ નાચતાં આવડતું; હું શી રીતે તારો અણગમો કાઢું, કહે.

ધીમતી : એક સારી વાર્તા કહો.

પ્રેમકુંવર : તમે તો મુગ્ધા પણ નહિ બાલા બની ગયાં છો!

ધર્મપ્રસાદ : વાર્તા એક મારી પાસે લખેલી પડી છે. પણ તે વાર્તાથી તો કદાચ ગમગીની વધે, એમ મને થાય છે. એનું વસ્તુ એવું કરુણ છે.

ધીમતી : તેનો વાંધો નહિ.

પ્રેમકુંવર : ગમગીન પણ તમારી વાર્તા છે એટલે ભાભીને સારી લાગશે. વાંચો.

ધર્મપ્રસાદે વાર્તાનું મથાળું વાંચ્યું: "કોદર" અને પછી વાંચવી શરૂ કરી.

## કોદર

**વકીલ** પરમાણંદદાસનાં પત્ની ચન્દનગૌરી ગુજરી ગયાં ત્યારે એમનો એનો પ્રેમ જાણનારા એમ જ માનતા કે પરમાણંદદાસ કદી આ આઘાતમાંથી ઊભા થઈ શકશે નહિ. પણ તેઓ તો સિદ્ધાન્ત પ્રમાણે ચાલનારા હતા. શ્મશાનયાત્રામાંથી પાછા ફર્યા પછી બીજે જ દિવસે તેમણે પોતાના નોકર કોદરને બોલાવી કહ્યું: "જો કોદર, હવે આપણા શાન્તિબાબુનાં આપણે જ બા થવાનું. તારે અને મારે થઈને એની બધી સંભાળ લેવાની. તું મારા કહ્યા પ્રમાણે ચાલીશ તો તેમાં કાંઈ બહુ મુશ્કેલી પડવાની નથી."

સામાન્ય માણસને લાગે કે પરમાણુંદદાસ જેવા પ્રતિષ્ઠાવાળા, રુઆબવાળા, કડપવાળા વકીલ પોતાના એક તુચ્છ નોકરને આવી વાત ન કરે. પણ એમના સખત અને જલદ સ્વભાવમાં અત્યન્ત માર્દવ પણ હતું, જે તેમનાં પત્ની સારી રીતે જાણતાં અને જેનો અનુભવ કોદરને પહેલેથી હતો. કોદર તેમના ઘરના માણસ જેવો થઈ ગયો હતો. છપ્પનિયા પહેલાંના કોઈ કાઠા વરસમાં એ છોકરો ઉત્તર ગુજરાત તરફથી રખડતો રખડતો આવેલો અને તેની નાતજાતની પડપૂછ કર્યા વિના પરમાણુંદદાસે તેને પોતાના ઘરમાં નોકર રાખ્યો, મોટો કર્યો, થોડું ભણાવ્યો અને ઘરના માણસ તરીકે પોષ્યો. ચન્દનગૌરીના પણ તેના ઉપર ચારે ય હાથ હતા. તેના આવ્યા પછી આ એક શાન્તિબાબુનો જન્મ થયો એટલે તેમને મન કોદર સારાં પગલાંનો હતો. અને કોદરને તેમને અનુકૂળ રહેવાનો સ્વભાવ પડી ગયો હતો. પરમાણુંદદાસ પણ કોદરથી ખુશ રહેતા. તેમને ખુશ કરવા બહુ સહેલું પણ હતું; કારણકે તે સિદ્ધાંત પ્રમાણે ચાલનારા હતા. તેમની જરૂરિયાતો ઓછી હતી અને તે પૂરી પડતાં તેઓ તરત ખુશ થતા.

પરમાણુંદદાસે, શાન્તિએ કેટલે વાગે ખાવું, કેટલે વાગે રમવું, કેટલે વાગે તેને ફરવા લઈ જવો, કેટલે વાગે ઊંઘાડવો, કેટલે વાગે જગાડવો તે સર્વ નક્કી કરી દીધું. તેમનો કાયદા ઘડવાનો સ્વભાવ જે પત્નીના માર્દવમય વાતાવરણમાં મુગ્ધ થઈ પડી રહ્યો હતો તે હવે જાગ્રત થયો અને તેમણે કઈ ઋતુમાં ક્યાં કપડાં પહેરાવવાં, ચોમાસામાં અમુક જ ફલાલીનનાં કપડાં કરાવવાં, ચામાં ઋતુએ ઋતુએ કયો મસાલો નાખવો તે પણ ધાર્મિક ચોકસાઈથી નક્કી કરી દીધું. શાન્તિ મોટો થતો ગયો તેમ તેમ તેની નિશાળનો વખત, તેણે કયે દિવસે કઈ દિશામાં ફરવા જવું, કેટલે દૂર જવું, કઈ કસરતો કરવી વગેરે સર્વ

દિવસવાર અને કલાકવાર નક્કી કરી દીધું. એ જમાનામાં અંગ્રેજોનો વખતસર અને ચોકસાઈથી કામ કરવાનો ગુણ ઘણો મોટો ગણાતો અને પરમાણંદદાસે ઘરમાં તેનો અમલ પૂરેપુરો કર્યો.

કેટલાક માનસશાસ્ત્રીઓ આ સાંભળી કહે કે આવા ઘરમાં કોદરે બંડ કર્યું હશે, શાન્તિએ તોફાન કર્યું હશે, ઘરમાંથી નાસી ગયો હશે, અથવા ચોરતાં શીખ્યો હશે, બાપને ધિક્કારતાં શીખ્યો હશે, અથવા બાપ મરી ગયા પછી તેણે તદ્દન ઊલટાં આચરણો કર્યાં હશે. પણ આમાંનું કશું જ બન્યું નહોતું. શાન્તિ ઘણી જ તનદુરસ્ત અને મનદુરસ્ત સ્થિતિમાં મોટો થતો ગયો અને પરમાણંદદાસ ગુજરી ગયા પછી શું થયું તે તો મારી વાતનો મુખ્ય વિષય છે એટલે હમણાં કહેતો નથી, પણ તેમના જીવતાં તો ઘર ઘણું સારું ચાલ્યું. પ્રચારની દૃષ્ટિથી કહેતો નથી, અને આમ ક્યાંક લખવાથી કે એકાદ દાખલાથી કોઈ કશું માની જતું નથી, પણ પરમાણંદદાસનો આ પ્રયોગ તો ઘણો જ સફળ થયો. કોદર એકસાથે શાન્તિની મા, તેનો મોટો ભાઈ અને ચાકર બન્યો. શાન્તિ મોટો થયો ત્યારે તેણે પણ, શબ્દ પાછળની વ્યંજના પેઠે, બધા નિયમોની પાછળ રહેલી પિતાની નિઃસીમ મમતા, મૃદુતા, ઉદારતા, મુક્તિ અનુભવી. અને જોકે આવી વસ્તીવાળા ઘરનો કોઈ એકમ તરીકે વિચાર કરે નહિ પણ નોકર અને પિતાપુત્રનું આ ઘર એક આદર્શ ઘર બન્યું.

આવા નિયમબદ્ધ વ્યવહારવાળા ઘરમાં કશા જ બનાવો ન બને એ સ્વાભાવિક છે. પણ શાન્તિ બી. એ. થઈ રહ્યો ત્યારે એક બનાવ બન્યો. પરમાણંદદાસના મિત્રોએ શાન્તિને બારિસ્ટર બનાવવાનું કહ્યું. પરમાણંદદાસને પણ પોતાનો દીકરો બારિસ્ટર થઈ પોતાનો ધંધો હાથ કરે એવા કોડ થયા.

તેમણે તરત જ નક્કી કરી નાખ્યું. તેને માટે ઇંગ્લંડમાં જે કાંઈ પત્રવ્યવહાર કરવો જરૂરનો હતો તે કર્યો. બીજી તરફ તેમના સિદ્ધાંત પ્રમાણે શાન્તિ ઇંગ્લંડ જવા ઊપડે તે પહેલાં તેને પરણાવવાની તજવીજ કરવા માંડી. સૂરત નજીકના એક ગામના એક સંસ્કારી કુટુંબની, તે જમાનામાં મળી શકે તેટલી મોટી ઉંમરની કન્યા નામે માલતી સાથે તેમણે શાન્તિનાં લગ્ન પણ કરી નાખ્યાં. શાન્તિને ઇંગ્લંડ મોકલવા પહેલાં, પરમાણંદદાસના સિદ્ધાન્તમાં એવું આવતું હશે તે, તેમણે પુત્રને અને પુત્રવધૂને પાસે બોલાવ્યાં, અને હજી માલતીએ ઊંચું મોં કરીને શાન્તિને કદાચ જોયો ય નહિ હોય અને તેની સાથે વાતે ય નહિ કરી હોય તે પહેલાં, પુત્રની સામે જોઈને પણ બન્નેને ઉદ્દેશીને કહ્યું: “ શાન્તિ ઇંગ્લંડ જાય પછી તમે બન્ને એકબીજાને કાગળો લખજો. મેં જમિયતરામભાઈને વાત કરી છે. ” પુત્રની ડાયરીમાં માલતીના પિતા જમિયતરામનું સરનામું લખાવ્યું અને માલતી પાસે ડાયરી નહોતી એટલે કોદર પાસે મંગાવીને શાન્તિ પાસે તેમાં ઇંગ્લંડનું તેનું સરનામું લખાવીને તે ડાયરી માલતીને આપી. પુત્રને ઇંગ્લંડ વિદાય કર્યો, પુત્રવધૂને પિયેર મોકલી અને પોતે ‘ મજબૂત મનના રહેવું જોઈએ,’ ‘ નકામી હૃદયની નરમાશ શી બતાવવી ’ કરી, પુત્રને વળાવવા મુંબઈ સુધી પણ ન ગયા.

શાન્તિએ ઇંગ્લંડ જઈ માલતી સાથે પુષ્કળ પત્રવ્યવહાર કર્યો; પણ તેમાં ક્યાંઈ સંવનન કે પ્રેમની વાત આવતી નહોતી. તેનામાં પિતાનો વારસો ઊતર્યો હતો એમ કહો, કે પિતાના સ્વભાવની તેના મન ઉપર એવી અસર થઈ હતી એમ કહો, તેને બોલ્યા વિના એકલાં ઊંડો વિચાર કરવાની ટેવ પડી હતી. તે પોતાની ઊંડી લાગણી શબ્દોમાં મૂકતાં કે બીજી રીતે બતાવતાં શરમાતો. લાગણી જેમ તેના હૃદયની

વધારે નિકટની, તેમ તે વિશે તે વધારે મૂંગો રહેતો. તેણે પ્રેમ સિવાયની જ બધી વાતો કર્યા કરી. પોતે કેમ રહે છે, કોને મળે છે, શું જોવા જાય છે, ઇંગ્લંડની રીતભાત કેવી છે, એ જ તેણે લખ્યા કર્યું.

એ સિવાય તેણે કાંઈ બીજું લખ્યું હોય તો તે માત્ર પોતાના પિતાના ગુણો વિશે. કારણકે શાન્તિ એમ માનતો કે પોતે ઘર માંડ્યા પછી તેની પહેલી ફરજ પિતાને સંતોષ આપી સુખી કરવાની છે અને તેમાં તેની પત્ની સહધર્મચારિણી થાય એમ તે ઇચ્છતો હતો.

પણ પરમાણંદદાસના જીવનમાં આ ચાકરી ભોગવવાનું હતું નહિ. પુત્ર ઇંગ્લંડ ગયા પછી જાણે તેમની સર્વ શક્તિઓ હરાઈ ગઈ. પુત્રને સ્ટેશને વિદાય કરીને પાછા આવી, તેમણે હજી સુધી કદી બહાર નહિ કાઢેલી પોતાની પત્નીની અને કુટુંબની છબીઓ અને થોડા દિવસ પર પડાવેલ પુત્રની છબી બેઠકના ઓરડામાં બહાર મૂકી, અને તે રાતે કોદરે જમવા બોલાવતાં, તેમની નિયમિત જિંદગીમાં કદાચ પહેલી વખત જ, તેમણે જમવાની ના પાડી. શાન્તિનો પત્રવ્યવહાર નિયમિત હતો. તેને તેઓ પોતાના ખુશખબર નિયમિત આપ્યા કરતા, પણ તેમનું શરીર ઘસાતું જ ચાલ્યું. તેમના મિત્રોને ચિંતા થઈ, તેમણે ખરું કારણ કહ્યું; પણ પુત્રને અભ્યાસ છોડાવી અહીં લાવવો કે તેને પોતાની માંદગીની ખબર આપવી એ તેમને સિદ્ધાંતની વિરુદ્ધ લાગ્યું. બીજી તરફથી તેમને તો ખાતરી જ હતી કે હવે દેહ ટકવાનો નથી. તેમણે મરણ બાદ શાન્તિને નિયમિત પૈસા મળે તેની ગોઠવણ કરી, પોતાની બધી મિલકતની વ્યવસ્થા કરી અને જરા પણ નિર્બળતા બતાવ્યા વિના દેહ છોડયો.

શાન્તિને પિતાના મૃત્યુના સમાચારથી આઘાત લાગ્યો. ઘરનો ભાર પોતા પર આવ્યો તેનું ભાન તેને અસ્વસ્થ કરવા લાગ્યું. બીજી તરફથી માલતી સાથે રહેવાની ઇચ્છા તેને ગૂઢ રીતે આકર્ષવા લાગી. આથી હવે ઘર કેમ ચલાવવું, ઇંગ્લંડના લોકો ઘર કેમ ચલાવે છે, કેવી વ્યવસ્થા રાખે છે, એ જ તેણે તેના પત્રોનો વિષય કર્યો હતો. યુરોપની મુસાફરીનો કાર્યક્રમ રદ કરી સીધા દેશમાં જવાનો કાર્યક્રમ જણાવી દીધો. તે પ્રમાણે મુંબઈ ઊતરી જમિયતરામને ઘેર થોડા કલાકો ગાળી માલતીને સાથે લઈ તે નક્કી કરેલા દિવસે સવારે અમદાવાદમાં ઊતર્યો.

સ્ટેશને કોદર સામો આવ્યો હતો. ઘેર જતાં ગાડીમાં રસ્તો આખો તેણે 'બાપુ'ને શું થયું, તે કેમ રહેતા, તેમને કેવી ચિંતા થતી, છેવટે કેમ ગુજરી ગયા અને અંત વેળાએ તેમણે શાન્તિભાઈની અને માલતીબ્હેનની કેવી ભલામણ કરી એ વાત ઠેઠ સુધી જુદા જુદા રૂપમાં કહી "અને મેં એમના પગો પર હાથ મૂકી કહ્યું કે જેમ આજ સુધી કરતો'તો તેમ જ મરતાં સુધી ભાઈની ને બ્હેનની ચાકરી કરીશ, ત્યારે બાપુનો જીવ ગતે ગયો." શાન્તિલાલ કોદરના મોં પર તેની પ્રતિજ્ઞાની ભીષણતા અને ઉંમરના વધવા સાથે તેનો વધારે આગ્રહી વેગવાળો ધૂની થયેલો સ્વભાવ પણ જોઈ શક્યો. કોદરને હવે શાન્તિલાલની ચાકરી સિવાય જીવનમાં કોઈ હેતુ રહ્યો નહોતો.

પિતા વિનાના થયેલા ઘરમાં શાન્તિલાલે ગંભીર પગલે પ્રવેશ કર્યો. પરમાણંદદાસના વખતમાં જેમ ચીજો ગોઠવાતી હતી તેમ જ બધું ગોઠવેલું હતું. માલતી પતિની ગંભીરતા સમજી ગઈ. ઘણી વાર પુરુષ ગમગીન થાય છે ત્યારે સ્ત્રી સ્વાભાવિક રીતે જ સ્ફૂર્તિમાં આવી પતિની આસપાસ સ્ફૂર્તિ

અને આનંદનું વાતાવરણ ફેલાવવા પ્રેરાય છે. માલતીને લાગ્યું કે તેણે સૌથી પ્રથમ ચાનાસ્તો તૈયાર કરવાં જોઈએ. તેણે કહ્યું: " કાદરભાઈ, મને બધું બતાવો. લાવો હું ચા તૈયાર કરું. તમે એમને દાતણની સામગ્રી આપો. " પણ માલતીએ આ પરિસ્થિતિથી મનમાં મુગ્ધ રીતે કાર્યક્રમ ઘડયો હતો, તે કાદરે તો મહિનાઓ અને વરસોથી ઘડી રાખ્યો હતો. જાણે જગતનો સ્વાભાવિક નિયમ કહેતો હોય તેમ તેણે કહ્યું: " બહેન, તમને શાન્તિભાઈનો ચા કરવો નહિ ફાવે. કેમ ખરું ને ભાઈ! મેં તમારે બન્નેને માટે દાતણપાણી મૂકી રાખ્યું છે. " એમ કહી તેણે શાન્તિલાલ સામે જોઈ ઉત્તર માગ્યો. શાન્તિલાલ, પિતાના, કાદર અને પોતા સાથે પડાવેલા ફોટા સામે જોતો હતો. તેને કાદર અત્યારે પિતાના એક જીવન્ત સ્મારક જેવો લાગતો હતો. તેણે કહ્યું: " એને કરવા દો. " જેમ કોઈ બાળકને તેની રમત ભાંગતાં થાય તેમ માલતી ખસિયાણી પડી ગઈ. તે વખતે તો તે ગમ ખાઈ ગઈ; પણ ચા પીતી વખતે કાદર કંઈ કામે દૂર જતાં તેણે શાન્તિલાલને એક જ સવાલ ગંભીર થઈ પૂછ્યો: " ગઈ કાલ મેં તમને ચા કરી આપી હતી તે તમને ફાવી નહોતી? " શાન્તિલાલે સરલ રીતે હા પાડી. પણ માલતીના પ્રશ્નમાં વ્યંગ્યરૂપે એવું સ્પષ્ટ તહોમત હતું કે કાદરને આપેલ આદરનો તે ખુલાસો કરી શકયો નહિ અને જરા અસ્વસ્થતાના વાતાવરણમાં કામ આગળ ચાલ્યું.

માલતી નાહી રહી ને રસોડામાં જાય છે તો કંસારનો સર્વ સામાન તૈયાર રાખી કાદર ઊભેલો. માલતી નાહતી હતી તે દરમિયાન તેણે શાન્તિલાલને શું રાંધવું તે પૂછેલું. શાન્તિલાલે ઠીક લાગે તે કરો એમ કહેલું. અને કાદરે કહેલું, " ભાઈ, આજે તો કંસાર જ હોય, મેં તૈયાર કરાવી રાખેલ છે. "

શાન્તિલાલે 'ભલે' કહેલું અને તે પ્રમાણે ઉમંગમાં ને ઉમંગમાં માલતી રસોડામાં જાય તે પહેલાં તેણે બધું તૈયાર કરી મૂકેલું હતું. માલતી શું રાંધવું તેનો વિચાર કરે કે શું રાંધવું તે શાન્તિલાલને પૂછવાનો વિચાર કરે કે પોતે નિર્ણય કરે, તે પહેલાં કોદરે કહ્યું: "મેં ભાઈને પૂછયું છે. ભાઈએ કંસાર કરવાની હા પાડી છે."

માલતીએ પોતે પૂછયું હોત તો શાન્તિલાલ એ જ જવાબ આપત અને કદાચ માલતી પણ એ જ નિર્ણય કરત. પણ માલતીને આ પારકો નિર્ણય સ્વીકારવો પડયો તે ન ગમ્યું. બાળકને કંઈ પણ ચીજ હાથમાં લઈ મોંમાં મૂકતાં આવડે છે તે જ ક્ષણથી તે બીજાના હાથે ખાતું નથી. બીજાના હસ્તક્ષેપનો તેને અમર્ષ થાય છે. અને માણસ દરેક નવી પ્રવૃત્તિ કરે છે ત્યારે એ જ બાલમાનસથી તે શરૂ કરે છે. માલતીને પણ એ જ અમર્ષ થયો. તે પાછી બીજી વાર ગમ ખાઈ ગઈ.

જમી પરવારી રહ્યા પછી શાન્તિલાલે માલતીને કહ્યું: "ઘરમાં સામાન મંગાવવો હોય તેનું લિસ્ટ કરો, આપણે મંગાવીએ." ઘણીખરી વસ્તુઓ તો ઘરમાં હતી; પણ એક બે વસ્તુઓ સાથે માલતીએ સ્ટવનું નામ આપ્યું. તે વખતે અમદાવાદમાં હજી સ્ટવ નવોસવો પ્રવેશ કરતો હતો અને માલતીને નવી જ ચીજ ઘરમાં વસાવવાનો શોખ થયો. પણ સ્ટવનું નામ સાંભળતાં કોદર એકદમ ચમકયો અને બોલ્યો: "ના ભાઈ, બાપુ સ્ટવ લાવવાની ના કહેતા હતા. તેનાથી રસોઈ ખરાબ થાય છે." માલતીએ કહ્યું: "આપણે ફક્ત ચા જ કરીશું; ઝટ થઈ શકે." પણ કોદરે તરત જ રોંદિયો આપ્યો: "તમે ચાની ફિકર કરો મા: ને હું કહેશો તેટલો વહેલો ઊઠીને કરી આપીશ. બાપુ કહેતા કે તેનાથી ભડકો

થાય ને કયાંક બળી જવાય." શાન્તિએ "કંઈ નહિ, હમણાં સ્ટવ વિના ચલાવી લો. પછી વાત." કહી વાત બંધ કરી.

નદી પહેલી જ વખત પોતાના ઉદ્ભવસ્થાનમાંથી નીકળી આગળ જતી હોય અને તેના માર્ગમાં જડ ડુંગરો આવે ને તે મૂંઝાય, તેનાં પાણી ભટકાઈને પાછાં વળે અને તેનું પાત્ર ઊંડું ખોદાવા માંડે, તેમ માલતીના મનમાં થયું. તે જેટલી કોડીલી હતી તેટલો તેને આઘાત થયો. પણ તે જેટલી કોડીલી હતી તેટલી જ માનિની હતી, તીખી હતી ને ગૌરવવાળી હતી. તે ફરી ગમ ખાઈ ગઈ. "ભલે ત્યારે એમ" કહી, તેણે એ વાત પૂરી કરી.

જેમ વેલની નસેનસમાં પાણી ફરી વળે તેમ, માલતીની દરેક ઊર્મિ, વિચાર, આઘાત, દુઃખ શાન્તિલાલ સમજી શકયો હતો. તેને સમજાયું કે કોદરની રીત માલતીના ઊછરતા કોડની આડે આવે છે. પણ બીજી તરફ તે એ પણ સમજતો હતો કે કોદર ઘરડો થયો છે. જૂના નિયમો સિવાય તે કશું સમજી શકવાનો નથી, અને પિતાના આદેશ પ્રમાણે, મારા સિવાય બીજા કશાને માટે જીવી શકવાનો નથી. તેને મનમાં થયું કે કોદરે પોતા માટે કેટલું કર્યું છે અને તેનું મન એક બાજુથી કેટલું આગ્રહી અને બીજી બાજુથી કેટલું ભંગુર, કેટલું બરડ થઈ ગયું છે તે માલતીને સમજાવું, તો જ માલતીનું સમાધાન થશે.

રાત્રે કોદરે પરમાણંદદાસના જ મુખ્ય ઓરડામાં બન્નેને માટે જૂની રીત પ્રમાણે ઢોલિયા બિછાવી રાખ્યા હતા. શાન્તિ અને માલતી એકાંતમાં મળતાં શાન્તિએ વક્તવ્યની પ્રસ્તાવના કરવા કહ્યું: "કેમ તને જરા એકલું તો લાગશે. તારા પિતાને ઘેર તો વસ્તારી કુટુંબ છે. અહીં તો કોઈ નથી."

માલતીએ કહ્યું: “ના, કોદરભાઈ છે ને!” એ એક જ વાક્યમાં તેણે એટલી કડવાશ, એટલી તીખાશ મૂકી કે શાન્તિલાલ આગળ વાત જ ન કરી શક્યો. તેને લાગ્યું કે માલતીના અનુનયને માટે બીજો ઉપાય શોધવો પડશે.

આખી રાત બન્ને કશી પણ વાતચીત વિના સૂઈ રહ્યાં. માલતીએ પિયેરથી નીકળતી વખતે, શાન્તિના કાગળોમાં આવેલી હકીકત વિશે, તેણે સાઈકલ ઉપર કરેલી મુસાફરીઓ વિશે, તેણે એક રાત એક ડુંગર ઉપર રાતવાસો કરેલો અને ત્યાં ધુમ્મસના અંધારામાં ડુંગરની કરાડ ઉપર અજાણતાં આવી ચડેલા, જે વાંચીને માલતી ભયભીત થઈ ગયેલી અને તેનાથી તે અજ્ઞાત રીતે જીતાઈ ગઈ હતી એ વિશે, અનેક વાતો પૂછવાની મનમાં ધારેલી, પણ તેમાંથી એક પણ તેની જીભ પર આવી શકી નહિ. અમદાવાદ આવતાં ગાડીમાં એક બાઈએ માલતીને પૂછેલું: “તમે ક્યાંનાં રહેવાસી?” અને માલતીએ જરા પણ વિચાર કર્યા વિના પિયેરનું નામ ન દેતાં ‘અમદાવાદનાં’ કહેલું ત્યારે, હવે માલતી તદ્દન મારી થઈ ગઈ છે એ વિચારનો ઉમળકો આવતાં, જળભર્યો મેઘ પર્વત પરની વનરાજિને આલિંગે તેમ, માલતીને આલિંગનમાં સમાવી દેવાની તેને ઇચ્છા થયેલી; પણ અત્યારે બન્નેની વચ્ચે જાણે કોદર આવી ગયો હતો. બન્નેની વચ્ચે હજારો માઈલનું અંતર હતું ત્યારે તેમનાં હૃદય નિકટ હતાં, અત્યારે બન્ને નિકટ હતાં ત્યારે તેમનાં હૃદયો દૂર દૂર થતાં જતાં હતાં.

બીજે દિવસે સવારથી જ બનાવો અવળી દિશાએ ચાલવા લાગ્યા. માલતીએ વહેલાં ઊઠવાની ટેવ કેળવી હતી. તે સવારે દૂધવાળાનો અવાજ સાંભળી ઊઠીને દૂધ લેવા જતી હતી ત્યાં શુકનમાં સામો જ કોદર મળ્યો. તેણે કહ્યું: “બહેન, શા માટે આટલાં વહેલાં ઊઠયાં છો? મેં દૂધ લઈ લીધું છે.

દાતણ કરવાના પાટલા ઢાળી રાખ્યા છે. તમે દાતણ કરશો એટલામાં ચા તૈયાર થઈ જશે.”

માલતીને, કોદર જાણે દરેક કામમાં આગળ જઈ આડો ફરતો જણાયો. નાની નાની બાબતમાં તેને જાણે પોતાનું જીવન વ્યર્થ થતું લાગ્યું. એક વેલીને સહસ્ર ફૂલે ફાલવું હોય પણ તેની કળીઓ ઊગતાં જ કપાય તેવી તેની દશા થઈ. અનેક નાનાં દુઃખો તેને પજવવા લાગ્યાં, અને તે દરેક નાના દુઃખની પછવાડે તેને અનંતતા દેખાવા લાગી. બીજા દિવસની આખરે પરિસ્થિતિ બગડી હતી, સુધરી નહોતી.

આમ ને આમ દિવસો ને માસો ચાલવા માંડયા. માલતીને, આ સ્થિતિ સામે ફરિયાદ કરવી કે તે ઉપર ગુસ્સો દર્શાવવો તે નિર્બળતા લાગી. આવી સ્થિતિમાં પ્રેમ કરવો, બતાવવો, આમંત્રવો કે યાચવો, તે તેને લઘુતા જણાઈ. તે એટલી ગૌરવશાળી હતી કે પોતાનું દુઃખ તેણે કોઈ પણ માણસ આગળ દેખાવા દીધું નહિ. બહારનાં કોઈ માણસ આમની સ્થિતિમાં કશું અસાધારણ જોઈ શકયાં નહિ; કોદર કદી જોઈ શકે તેમ નહોતો. શાન્તિલાલ બધું જોતો હતો, સમજતો હતો પણ તેને માલતીના રસગર્ભ હૃદયની આસપાસ એવું એક જડ કોચલું બંધાતું જણાયું કે જેને સહેલાઈથી ભેદી શકાય એમ તેને ન લાગ્યું. સમગ્ર સ્થિતિના સકારણ ખુલાસા વિનાના કોઈ ક્ષણિક અનુનય કે પ્રેમોર્મિથી ન માને એવી તે માનિની હતી. અને આ કુટુંબના ગત અનુભવ વિના, તે અનુભવથી ઘડાયેલું કોદરનું માનસ, તે પોતાના જીવનના આવેશમાં સમજી શકે તેમ નહોતી, તો કોદરનો ઇતિહાસસિદ્ધ જડ આગ્રહ માફ કરી કે નિભાવી તો કયાંથી જ શકે? આવા ઘરમાં બે અત્યંત રસોન્મુખ હૃદયો એકબીજાથી પરાઙ્મુખ હિજરાતાં અકથ્ય દુઃખમાં દિવસ ગાળવા લાગ્યાં. સુખી એક માત્ર હતો કોદર, તેની સેવાની કૃતકૃત્યતામાં.

દરમિયાન શાન્તિલાલ કોદરને માઠું ન લાગે તેમ તેને દૂર કરવાનો વિચાર કરતો હતો. તેને એક યુક્તિ જડી. ઑફિસમાં વધારે જોખમવાળા કામમાં તેના જેવા ભરોસાદાર માણસની જરૂર છે એમ કહી તેને ખાસ પોષાક પહેરાવી એક સારી જગાએ બેસી રહેવાનું તેણે નિયુક્ત કરી આપ્યું. એ રીતે ઘરમાં દિવસના ઘણાખરા કલાકોની તેની ગેરહાજરી તે મેળવી શક્યો. આથી માલતીને કોદર તરફની પજવણી ઓછી થઈ લાગી ખરી, પણ તેના મનનું સમાધાન ન થયું. તેને લાગ્યું કે જાણે તેના ઉપર ઉપકાર કરવા એક માણસને ખસેડયો છે. ગૃહિણીના સ્વાભાવિક અધિકારમાં પોતે આવી હોય એવી તેને પ્રતીતિ ન થઈ. શાન્તિલાલ આ પણ સમજી ગયો. પણ ચાહીને–માંડીને વાત કરીને આવી અંગત વાતનો ખુલાસો કરવો એ તેને અરુચિકર, અ–નાજુક, અરસિક લાગ્યું. સમય જતાં માલતીનું મન જરા પીગળશે ત્યારે સ્વાભાવિક રીતે વાત કરવી ઠીક પડશે એમ માની તેણે હમણાં વખત જવા દીધો. માલતીએ પોતાના સ્વભાવ પ્રમાણે કદી કશું પૂછયું પણ નહિ.

એક દિવસ બપોરના ઘરમાં ચાનું પાણી ઊકળતું હતું. માલતી બીજા ઓરડામાં હતી. ત્યાં કોદર ઑફિસના કાંઈ કામે ઓચિંતો આવ્યો અને ચા ઊકળતી જોઈ "બહેન, તમે આમાં મસાલો નાખવો ભૂલી ગયાં છો." એમ બોલી તેણે અંદર ફુદીનો, એલચી, તજ વગેરે નાખ્યું. માલતી ત્યાં જાય અને કશું ન થાય એટલા માટે શાન્તિલાલ ત્યાં ગયો અને "કંઈ નહિ, ભલે કોદર ચા કરે" એમ કહી પાછો વળ્યો, ત્યારે ઘણા દિવસના રોષે માલતીના મોંમાંથી નીકળી ગયું: "મને સમજાતું નથી કે હું તે એક વરને પરણી છું કે બેને?" પણ આ વાક્ય કહ્યા પછી તેને ઘણું જ માઠું લાગ્યું.

અંતસ્તાપમાં અને મૂંઝવણમાં તેને હિસ્ટીરિયા થવા જેવું લાગ્યું, રડી જવાશે એમ તેને લાગ્યું. પણ તેણે મન ઉપર કાબૂ રાખ્યો. એમાંથી એક પણ થઈ ગયું હોત તો બન્નેની વચમાં સમાધાનનો પ્રસંગ આવી જાત, પણ માલતીએ ફરી સઘળું મનોબળ ભેગું કર્યું અને બહારથી સ્વસ્થ થઈ. પોતાનું વાક્ય તેને માફી માગવા જેવું લાગ્યું હતું, પણ કોદરની સ્થિતિથી તેને પોતાને જે અન્યાય થતો હતો તે તેને અત્યારે ઊલટો વધારે તીક્ષ્ણ અને અસહ્ય લાગ્યો. તે માફી માગવા સુધી જઈ શકી નહિ. શાન્તિલાલ જાણે તેની આંખો પારદર્શક હોય તેમ આ બધું સમજી શક્યો. તેણે માલતીને પોતાના મનથી જ માફી આપી એટલું જ નહિ, તે સમજ્યો કે માલતી હવે વધારે સહન નહિ કરી શકે.

કોદર ઘેર ન આવે તેવી તેણે વધારે યુક્તિઓ કરી. પણ એ પ્રયોજન સ્ફુટ કર્યા વિના કરેલી એ યુક્તિઓથી એ પ્રયોજન પૂરેપુરું સાધી શકાયું નહિ. એક વાર રવિવારને દિવસે એક બે મિત્રો બેઠા હતા. માલતી સાથે ચા–પાણીની તૈયારી થતી હતી, ત્યાં ઓચિંતો કોદર આવ્યો અને જૂની રીતે બોલ્યો: “બહેન, તમે મસાલો નાખવો ભૂલી ગયાં છો?” શાન્તિલાલે આજે છણકો કરીને કહ્યું: “દરેક બાબતમાં નકામી ડખલ શા માટે કરે છે? શાન્તિથી બેસતાં નથી આવડતું?” કોદર કંઈક બાપુના વખતની વાત કરવા જતો હતો ત્યાં શાન્તિલાલે ધમકાવીને કહ્યું: “મારે એ નથી સાંભળવું. તું તારી જગાએ જા.”

‘બાપુનું વચન નથી સાંભળવું’ એ શબ્દોએ કોદરને આભ તૂટયા બરાબર લાગ્યું. તે ત્યાંથી એ જ વખતે પહેર્યે કપડે નીકળી ગયો. શાન્તિલાલને લાગ્યું કે આ ખોટું થયું; પણ મિત્રો અને માલતીની હાજરીમાં તેણે પોતાની લાગણી દબાવી

રાખી, મિત્રો ગયા પછી તેણે તરત ઊઠીને તેને શોધવા
પોતાના ઑફિસના નોકરોને મોકલ્યા. જમતાં તેને જમતું
ભાવ્યું નહિ. માલતીએ આ બધું જોયું. તે સમજી અને તેને
ઊલટું વધારે ખરાબ લાગ્યું. તેને ફરી મનમાં થયું કે કોદરને
ઑફિસમાં કાઢ્યો તે માત્ર બહારથી મારું મન મનાવવા જ
હતું. બાકી તો એમના હૃદયમાં માત્ર કોદર જ હતો. રાત્રે
શાન્તિલાલને ચિંતાતુર દેખતાં તેને લાગ્યું કે કોદર હાજરીમાં
હતો તેથી વધારે હવે ગેરહાજરીમાં વ્યવધાનરૂપ થયો. આ
દંપતી જે એટલાં બધાં એકમેકને ચાહતાં હતાં—ચાહવાને આતુર
હતાં, તે પ્રેમની નિરાશાના લગભગ અંતિમ બિન્દુએ પહોંચ્યાં.
બન્નેને પોતાનો સહવાસ એક શિક્ષારૂપ હતો.

બીજે દિવસે પણ કોદરનો પત્તો લાગ્યો નહિ. કોદરને આ
ઘર સિવાય કોઈ મિત્ર કે બેસવાઊઠવાનું ઠેકાણું નહોતું;
એટલે તેની ખોળ વધારે મુશ્કેલ થઈ પડી. તેનું ગામ કયું
હતું તે તો કોદર પોતે પણ ભાગ્યે જ જાણતો હશે. શાન્તિલાલે
માલતીને કશું જ જણાવ્યા વિના પોલિસ મારફત તપાસ
કરાવી, પણ બીજે દિવસે પણ કશો પત્તો લાગ્યો નહિ.

ત્રીજે દિવસે બપોરે વરસાદ આવ્યો અને સાંજથી
અમદાવાદમાં એવી ઠંડી પડી જે કોઈ પણ જીવતા માણસની
સાંભરણમાં નહોતી. પછીના દિવસોમાં આ ટાઢનું વર્ણન કરતાં
વર્તમાનપત્રકારોએ લખેલું કે ઠંડીને દિવસે પારો ૪૦ ડિગ્રી
સુધી ગયો હતો. અમદાવાદ ફરતો ત્રીસ માઈલ સુધીનો પાક
બળી ગયો છે. સરકારે ભયંકર દુકાળને પહોંચી વળવા
તૈયારીઓ કરવી પડશે. માત્ર પાક જ નહિ, ઘણાંખરાં મોટાં
ઝાડો પણ કાળાં પડી ગયાં છે. મુંબઈ અમદાવાદ વચ્ચે દોડતી
મેઈલમાં ત્રણ માણસો ટાઢથી મરી ગયાં હતાં. કૂતરાં, વાંદરાં,
ખિસકોલીઓ અને કબૂતર અને કાબરો સુધ્ધાં ટાઢથી મરી

ગયેલાં રસ્તા ઉપર પડેલાં હતાં અને બીજે દિવસે બપોરના બાર સુધી તેને ખેંચી જવાને ભંગી પણ મળી શક્યા નહોતા. શહેરમાં મજૂરી કરવા આવેલું કાઠિયાવાડનું એક દેડનું કુટુંબ નદીની રેતમાં સૂઈ રહેલું તે આખું, ધણીધણિયાણી અને પાંચ છોકરાં સર્વે ટાઢથી મરી ગયેલાં હતાં. એક વર્તમાનપત્રમાં વળી કોઈ લહેરી કવિએ આ ટાઢ ઉપર કવિત જોડ્યું હતું જેની છેલ્લી પંક્તિઓ નીચે પ્રમાણે હતીઃ—

બહુ અવગુણ પણ એક અદ્વિતીય ગુણ,
પિયુ–પ્રિયા હૈયાં આવાં બદ્ધ કદી હતાં નહિ.

આવી રાત્રે શાન્તિલાલે બાર વાગ્યા સુધી અંદર દીવાન-ખાનામાં ફર્યા કર્યું. માલતીએ સૂતાં સૂતાં આ સાંભળ્યા કર્યું, પણ તે તેને સૂવા ઊઠવાનું કહી શકી નહિ. શાન્તિલાલ સૂતા પછી પણ તેણે તેના ઉજાગરાના શ્વાસોચ્છ્વાસો અને પછી ઊંઘમાં નિઃશ્વાસો સાંભળ્યા કર્યા. ચિંતા, ગુસ્સો, દ્રોહ, મૂંઝવણ એ સર્વથી તેને રાત આખી ઊંઘ આવી નહિ. સવારના સમયે તેણે દાદર ઉપર કંઈક અવાજ સાંભળ્યો. દૂધવાળો હશે જાણી તે કમાડ ઉઘાડી બહાર ગઈ અને ત્યાંનું દૃશ્ય જોઈ તે ક્ષણભર સ્તબ્ધ જ થઈ ગઈ.

કોદર એક કોથળાની માફક ભીંજાયેલે કપડે ઢગલો થઈ પડ્યો હતો. માલતી તેને ઓળખી શકે તે પહેલાં તેણે કહ્યુંઃ “બહેન, ભાઈ ગમે તેમ કહે પણ તેમને આજે મશાલો નાખીને ચા પાજો, નહિતર શરદી થઈ જશે. બાપુ કહેતા ગયા છે.” માલતી બહાદુર હતી, નહિતર કોદરના ભયંકર મૃત્યુપારથી આવતા જેવા અવાજથી તે ભડકી ગઈ હોત. તેણે એકદમ ઘરમાં જઈ “કોદરભાઈ બેભાન થઈ ગયા છે, ઝટ ઊઠો” કહી શાન્તિલાલને ઉઠાડ્યો. બન્નેએ તેને ઊંચકી ઓરડામાં પહેલો જ માલતીનો ઢોલિયો આવ્યો તેના પર તેને

સુવાડયો. "તમે તેમને કોરા કરી ગરમ કપડાં પહેરાવો" કહી તેણે ટુવાલ અને પતિનાં જે ઝટ હાથમાં આવ્યાં તે ગંજીફરાક વગેરે હાજર કર્યાં. નોકરને જગાડી તે જ વખતે દાક્તરને બોલાવવા દોડાવ્યો. ઘરમાં જઈ સ્ટવ કરી તેના પર ગરમ પાણી મૂકી, ઘરમાંથી કોદરે જ તૈયાર કરેલો સૂંઠનો ભૂકો આણી, તેણે કોદરને પગે ઘસવા માંડયો. શું કરવું તે શાન્તિલાલને વારંવાર પૂછતી તે જીવ પર આવી કોદરને બચાવવા તેની સારવાર કરવા લાગી.

પણ તે સારવાર વ્યર્થ ગઈ. ડૉકટર આવ્યો અને તેણે કહ્યું કે થોડા કલાકનો જ સવાલ હતો. માલતીએ મશાલો નાખી ચા કરીને આણી, પણ કોદર પી શકયો નહિ. અને સવારના નવેક વાગે, જેની સેવામાં તેણે જીવન વિતાડયું હતું અને ખોયું હતું, તેની એક છેલ્લી સેવા લઈ તે વિદાય થઈ ગયો.

દિવસ આખો કોદરની અંતિમ ક્રિયામાં ગયો. રાત્રે શાન્તિલાલ તેના ઓરડામાં સૂવા ગયો ત્યારે માલતી આરામ-ખુરશી પર માથું નાખી પડી હતી. શાન્તિલાલ જોઈ શકયો કે તે રડતી હતી. પાસેના ઢોલિયા પર બેસી શાન્તિલાલે ધીમેથી તેને માથે હાથ ફેરવ્યો. ધીમેથી માથું ઊંચું કરી તેને કહ્યું: "તેમાં તું શા સારુ રડે છે ? એ જતો તો રહ્યો મારા કહેવાથી !" અને એમ કહેતાં તેણે માલતીને નરમાશથી ઊભી કરી ઢોલિયા પર લીધી. જાણે કંઈક શબ્દની જ જરૂર હોય તેમ આટલું સાંભળી તેણે શાન્તિલાલના ખભા પર માથું નાખી લાંબા નિઃશ્વાસથી અસ્ખલિત અશ્રુપ્રવાહે રડી દીધું. શાન્તિલાલે તેને શરીરે પંપાળ્યા કર્યું અને રડવું કંઈક ઓછું થયું ત્યારે ફરી કહ્યું: "તેમાં તારો શો દોષ ?" માલતીએ રડવું રોકી કહ્યું: "નહિ નહિ નહિ. તમે એને લડયા તે મારાથી કંટાળીને. હું જ એને ખરી મારનાર છું." અને એમ કહી તેણે ફરી રડવા

માંડ્યું. માલતીના મનનું સઘળું બળ અત્યારે તેના પશ્ચાત્તાપમાં આવી રહ્યું. બળવાનનો પશ્ચાત્તાપ પણ બળવાન હોય છે. આ બીજો આવેગ પૂરો થયો ત્યારે તેણે કહ્યું: "તમે મને કોઈ દિવસ વારી પણ કેમ નહિ?" શાન્તિલાલે નરમાશથી કહ્યું: "તને એ ન ગમે તેમાં તારો દોષ નહોતો. કોઈ પણ સ્ત્રી તેને સહન ન કરી શકે એવો એ થઈ ગયો હતો. ઘરકામમાં એટલી ડખલગીરી કોઈથી સહન ન થાય. પણ હું જાણતો હતો કે એને ના પાડીશ તો નાસી જશે, અને ઘરથી દૂર જતાં એ હિજરાઈને મરી જશે." માલતીએ હવે સ્વર બદલાવતાં ઠપકાથી કહ્યું: "તમે મને આટલું સમજાવી હોત તો હું તેને નિભાવી લેત." શાન્તિલાલે હવે જરા હસીને કહ્યું: "પણ સાચું કહેજે, મેં તને એમ પહેલાં કહ્યું હોત તો તું સાચું માનત ખરી? તને એમ જ લાગત કે માત્ર તેને રાખવા ખાતર તે મરી જશે એવી ખોટી ધમકી આપું છું. કેમ ખરું કે નહિ?" માલતીએ સરલ મને ફરી શાન્તિલાલના મોં પર મોં નાખી દઈ તેના ગાલ પર ભીની પાંપણ હલાવી હા પાડી.

અને આપણે આટલેથી આ પ્રસંગ મૂકી દઈ વાતમાં આગળ ચાલીએ. આપણે જાણી લીધું કે માલતીના રસગર્ભ ચિત્તની આસપાસ તેણે ઊભું કરેલું કઠોર પડ આજે પીગળીને સરી ગયું છે એટલું બસ છે. એથી વધારે જોવાની જરૂર નથી. રસશાસ્ત્રીઓ માનતા હશે કે કરુણા કે વિષાદ શૃંગારનો વિરોધી ભાવ છે; પણ આપણા સાચા જગતમાં આ પરિસ્થિતિ કામદેવને જરા પણ ઓછી ગોચર નથી હોતી.

ઉપરનો બનાવ બન્યાને દોઢેક વરસ વીત્યા પછી માલતી પિયેરથી એક સુંદર પુત્રને લઈને આવી. સૂતેલા છોકરાને જોઈ શાન્તિએ માલતીને કહ્યું: "આનું નામ શું પાડશું?"

માલતીએ શાન્તિના ખભા ઉપર મોં નાખી દઈ, છુપાવી કહ્યું: "ક ઉપર કોઈ પણ નામ પાડો."

કોહદરે જ તેમને ઘેર ફરી જન્મ લીધો છે એમ માલતીએ લાગણીવશ થઈને કહ્યું હશે. કદાચ તેણે કે શાન્તિએ કોઈએ એ સાચું માન્યું પણ નહિ હોય. પણ આ જગત, જ્યાં માનવ-ચૈતન્ય પણ જડ દેહને વળગી જડ થઈ જાય છે, જ્યાં સ્વજનો પણ એકબીજાને નથી સમજતાં, નથી સમજી શકતાં અને નથી સમજાવી શકતાં, ત્યાં આવા નવા સંબંધ સિવાય આ ત્રણ જીવાત્મા ભેગા થઈ શકે એમ નહોતું એટલું તો નક્કી!

[કોહદરની વાર્તા પૂરી થતાં ધનુભાઈ બોલ્યા: "શાબાશ બહેન, વાર્તા બહુ સારી ઉઠાવી." અને 'ઉઠાવી' શબ્દના શ્લેષ તરફ ધ્યાન ખેંચવા તેના ઉપર ખાસ ભાર દીધો.

પ્રમીલા: પ્રમુખ સાહેબ, હજી મારી વાર્તા અધૂરી છે. વાર્તાનો વધારે રહસ્યમય ભાગ તો હજી હવે આવવાનો છે. માટે હજી ચુપકી જ જોઈએ.

ધીરુબહેન: અસ્તુ, વાર્તા પૂરી કરો ત્યારે તમે જ કહેજો કે પૂરી થઈ, ત્યાંસુધી કોઈ નહિ બોલે. પ્રમીલાએ આગળ વાંચવા માંડ્યું.]

ધર્મપ્રસાદ વાંચી રહ્યા, અને કાગળ સંકેલી પ્રેમકુંવર સામે જોઈ પૂછ્યું: કેમ બહેન, વાર્તા કેવી લાગી?

પ્રેમકુંવર: તમારી વાર્તાની પરીક્ષા મારે કરવાની નહોતી; ભાભીને કરવાની હતી. કેમ ભાભી, તમને વાર્તા ગમી લાગતી નથી. કંઈ ઉલ્લાસમાં આવ્યાં દેખાતાં નથી.

ધર્મપ્રસાદ: વાર્તા તો ગમગીન કરે એવી છે એમ મેં પહેલેથી કહ્યું હતું, એટલે એ જો ગમગીન થઈ હોય તો મારી વાર્તા સફળ થઈ એમ હું ગણું.

ધીમતી: નહિ, હું ગમગીન નથી. પણ સાચું કહેજો, આમાં માલતીનું પાત્ર લખ્યું છે તે મારા ઉપરથી જ લીધું છે કે નહિ! સાચ્ચું કહેજો.

પ્રેમકુંવરઃ અરે આ તે તમે શું બોલો છો ભાભી? 'હું તે એક વરને પરણી છું કે એને?' એવું વાક્ય તમે બોલ્યાં હો એવું હું સ્વપ્ને યે માનું નહિ.

ધર્મપ્રસાદઃ મારે તો માનવાનો પ્રશ્ન જ નથી. હું કહું છું કે એ કોઈ દિવસ એવું બોલી નથી.

ધીમતીઃ હું બોલી છું એમ નથી કહેતી. માલતીમાં તમે મારો જ સ્વભાવ કલ્પ્યો છે. કેમ ખરું કે નહિ?

ધર્મપ્રસાદઃ એટલે ઇબ્સેનની પત્ની જેમ તેનાં કેટલાંક પાત્રોમાં અમર થઈ છે, તેમ તારે પણ મારી કૃતિઓમાં અમર થવું છે એમ ને?

ધીમતીઃ નહિ દીઠી હોય તમારી અમર કૃતિઓ? મારું તો એમ કહેવું છે કે તમારામાં નવો સ્વભાવ કલ્પવા જેટલી સર્જકતા જ નથી. હું નજીક પડી, એટલે મારો સ્વભાવ લઈને લખો, બીજું શું કરો?

પ્રેમકુંવરઃ ભાભી, તમે ય જબરાં છો! પોતાનો જ કક્કો ખરો કરાવવો કેમ?

ધીમતીઃ નહિ, પૂછો. કહો, સાચ્ચું કહો.

ધર્મપ્રસાદઃ વાત તો સાચી છે.

ધીમતીઃ કેમ બહેન, હું કેવી વરતી ગઈ!

ધર્મપ્રસાદઃ એ તો તારી ગમગીની ટાળવા મેં હા પાડી!

આટલું વાંચી પ્રમીલાએ છેવટ એટલું પણ વાંચ્યું 'રચનાર પ્રમીલા' અને પછી કાગળો બંધ કરતાં બોલીઃ "લ્યો હવે તમે વાર્તા ઉપર ટીકા કરો."

મેં કહ્યુંઃ બહેન, આ ધનુભાઈની વાર્તા શી રીતે ચોરી એ જ વાત કરો ને.

પ્રમીલાઃ આપણા નિયમોમાં વાર્તાની ટીકા કરવાનું છે. તે કેમ મળી તેનો ઇતિહાસ કહેવાનું નથી.

ધનુભાઈ: સાંભળો ત્યારે, હું ટીકા કરું છું. એક સોની હતો. તે મરવા પડચો.

પ્રમીલા: આ તો બીજી વાર્તા થાય છે, ટીકા નથી.

ધનુભાઈ: ટીકારૂપે વાર્તા કહેવાનો હક્ક છે. પહેલાં ટીકારૂપે મેહફિલમાં એક વાર્તા આવી હતી.

ધીરુબહેન: હા. વાર્તા પણ ટીકારૂપે કહી શકાય.

ધનુભાઈ: ત્યારે આગળ કહું છું. તે સોની મરવા પડચો પણ કેમે કર્યો જીવ જાય નહિ. તેના દીકરાએ કારણ પૂછ્યું. સોનીએ કહ્યું: 'બેટા, મેં આજ સુધી ઓછાવત્તા સોનાની ચોરીઓ કરી છે. તું બધા સોનાની ચોરી કરવાનું પણ લે તો મારો જીવ ગતે જાય. દીકરાએ પાણી મૂક્યું ને સોનીનો જીવ ગયો. હવે રાજા ગુપ્તચર્યા કરવા નીકળેલો તેણે આ સાંભળ્યું ને તેને પારખું જોવાનું મન થયું. તેણે થોડા દિવસ પછી સોનીના છોકરાને દરબારમાં બોલાવ્યો ને સોનાનો મોટો હાથી ઘડવા દરબારમાં કામે બેસાડચો. તેના પર ચોકી મૂકી. આવતાં ય તપાસે ને જતાં ય તપાસે. રાજાને એમ કે આખા હાથીની શી રીતે ચોરી કરશે ? બે વરસે હાથી ઘડાઈ રહ્યો. એટલે સોનીએ રાજાને કહ્યું: 'મારે આ હાથી ગેરુથી ધોવો જોઈશે ને દાગીનો મોટો છે માટે પાણી પણ ઊંડું જોઈશે. એટલે આપનાં માણસો સાથે ગામને પાદર તળાવ છે ત્યાં મોકલાવો.' રાજાએ તળાવમાં હાથી મુકાવ્યો. અને છઆઠ કલાક સુધી સોનીએ તેને ગેરુથી ખૂબ ઘસીને સાફ કર્યો. પછી રાજાનાં માણસો પાસે ઉપડાવી પાછો રાજમહેલમાં આણ્યો. હાથી આવી રહ્યા પછી રાજાએ તેને બોલાવીને બાપ પાસે લીધેલા પણની વાત પૂછી. સોનીના છોકરાએ કહ્યું: 'રાજાજી, ગુનો માફ કરો તો કહું.' રાજા કહે: 'જા માફ. કહે.' સોનીના છોકરાએ કહ્યું: 'અહીં દિવસે જેટલો સોનાનો હાથી ઘડતો

તેટલો જ રાત્રે છાનો મારે ઘેર પિત્તળનો હાથી ઘડતો. અહીં હાથી ઘડાઈ રહ્યો તે જ રાતે મારે ઘેર હાથી તૈયાર કરી રાતોરાત તળાવમાં મૂકી આવ્યો હતો. અને સોનાનો હાથી તળાવમાં મૂકી અહીં પિત્તળનો આણ્યો છે. આપને તપાસ કરાવવી હોય તો કરાવો. તળાવમાં આખો સોનાનો હાથી પડયો છે." રાજાએ તપાસ કરાવી સોનાનો હાથી મંગાવ્યો ને સોનીના છોકરાને એ હાથી બક્ષિસ કર્યો.

પ્રમીલાઃ આ પણ ટીકા હોય તો, વાર્તા કઈ રીતે લીધી તે વિશે છે. એ વિષય તદ્દન અપ્રસ્તુત છે.

મેં કહ્યુંઃ એ વિષય તદ્દન પ્રસ્તુત છે. આપણા નિયમો પ્રમાણે વાર્તા કહે તે પાકો સભ્ય બને છે. આ વાર્તા ચોરેલી છે એટલે તેનો પ્રમીલાબહેનને લાભ ન આપી શકાય.

પ્રમીલાઃ પણ હજી સુધી ક્યાં કોઈએ કહ્યું છે કે વાર્તા ચોરેલી છે?

મેં કહ્યુંઃ કેમ ધનુભાઈએ શું કહ્યું ત્યારે?

પ્રમીલાઃ તમારી ભૂલ થાય છે, ધનુભાઈ તે કદી સાહિત્ય-ચોરીની વાત કરે? અત્યાર સુધી મેં જ્યારે જ્યારે એવી વાત કરી છે ત્યારે ત્યારે તેમણે મારી મશ્કરી કરી છે! હવે એ એવી વાત કરે તો માનસપૃથક્કરણશાસ્ત્રની દૃષ્ટિએ એમ સિદ્ધ થાય કે સાહિત્યચોરી પકડવાની વૃત્તિ એમનામાં ગૂઢ રીતે હતી માટે તે હમેશાં મારી એવી વૃત્તિની નિન્દા કરતા!

મેં કહ્યુંઃ હાં, ત્યારે એનું સાટું વાળવા આ ચોરી કરી છે, એમ કે?

ધીરુબહેનઃ પ્રમીલાબહેને કહ્યું છે તે ખરું છે કે જ્યાં સુધી માલિકે ચોરી થયાનું જાહેર નથી કર્યું ત્યાં સુધી એ મુદ્દા ઉપર પણ ચર્ચા નહિ થઈ શકે.

ધનુભાઈઃ ત્યારે મેં સોનીની વાર્તા શા માટે કહી?

ધીરુબહેનઃ એ વાર્તા એ જ તમારું વક્તવ્ય છે?

ધનુભાઈઃ ત્યારે નહિ?!

ધીરુબહેનઃ બસ ત્યારે થયું. એ વાર્તામાં છેવટે રાજા હાથી બક્ષિસ કરે છે તે પ્રમાણે તમે પણ એ ચોરાયેલી વાર્તા બહેનને બક્ષિસ આપી એટલે એમને એ વાર્તા કહેવાનો હક્ક છે એમ હું ઠરાવું છું. અને તેમાં તમને કશું નુકસાન નથી. તમારે તો આમેય પેલી બે મિત્રોની વાર્તા લખવી જ છે. એ લખશો ત્યારે તમે પાકા સભ્ય થઈ શકશો.

ધનુભાઈઃ આ પણ ભારે ન્યાય ભાઈ!

## મેહફિલે ફેસાનેગુયાન ઉર્ફે વાર્તાવિનોદમંડળ

### સભા ચોથી*

**મેં** કહ્યું : કેમ ધીરુબહેન મને એકદમ બોલાવ્યો.

ધીરુબહેન : પ્રમીલાબહેને એમની પાસેથી 'બે મિત્રોની વાર્તા' મેળવી છે તે હવે જલદી મેહફિલ ભરીને વંચાવી નાંખવા માટે.

મેં કહ્યું : પણ તેમાં ઉતાવળ શી આટલી બધી ?

પ્રમીલા : અરે બે વાર લખીને એ રદ કરી ત્રીજી વાર એમ ને લખવા જતા હતા! મેં ઝૂંટવી લીધી ન હોત તો એ એમ ને એમ લખ્યા જ કરત અને બે મિત્રોની વાર્તા આપણને કદી મળત જ નહિ.

મેં કહ્યું : એ તમે ઠીક કહ્યું બહેન ! એમની વાર્તા વાંચ્યા પણ પહેલાં એટલી ટીકા તો અત્યારે જ કરી લઉં, કે એ વાર્તાનું સ્વરૂપ તેના વક્તવ્યને અનુકૂળ હજી કલાકાર ઘડી શકયો નથી.

* આ ચોથી સભાને મેહફિલની પહેલી સભામાં કહેલી 'વારતા' અને તે ઉપર ચાલેલી ચર્ચા સાથે નિકટ સંબંધ છે. પૃ. ૯૮ થી ૧૦૭

ધનુભાઈ : એમ કહેશો ત્યારે જોઈ લેવાશે. અને સ્વરૂપ બદલાવીને મારે બગાડવું જ હોય એમ કેમ ન બને ?

મેં કહ્યું : એક વાર વાંચો પછી જોઈ લેવાશે કે એવો બચાવ કેવોક ચાલે છે.

ધનુભાઈ : ભલે ત્યારે, અને હું વાંચું તે દરમિયાન પણ કોઈ બોલે નહિ.

ધીરુબહેન : ભલે! ચાલો વાંચો.

ધનુભાઈએ વાર્તા વાંચવી શરૂ કરી.

## બે મિત્રોની વાર્તા

### ૧

**મારી** વાર્તા આધુનિક સમયની છે એમ બતાવવા વાર્તાનું સ્થળ હું શહેરમાં મૂકું છું. કારણકે ગુજરાતમાં ગામડાંમાં તો અત્યારે જૂની અને નવી બન્ને સંસ્કૃતિનો માત્ર કચરો જ ભેગો થાય છે. ત્યાં સાચી આધુનિક મિત્રતા પાકી શકે નહિ. અને સાચી મિત્રતા જેઓ જીવનમાં ખૂબ ખેલતા હોય તેમનામાં જ હોઈ શકે, પેલી જૂની વાર્તામાં પણ બન્ને જુવાનો લડાયક ક્ષત્રિયો હતા, માટે મારી વાર્તામાં પણ 'બે મિત્રો' ગાંધીજીની લડતમાં ભાગ લેનારા જીવનના જંગ ખેલેલા જુવાનો હું કલ્પું છું. અને વાત સાચી જ બની શકે એવી છે એમ બતાવવા તેને તમારી પાસે બનતી જ નિરૂપું છું.

મારી વાતનું પહેલું દૃશ્ય ગુજરાતના, અમદાવાદને પહેલા નંબરનું શહેર ગણો તો તે રીતે ત્રીજા નંબરનું ગણાય તેવા એક શહેરની હોટલમાં આવે છે. અસહકારને લીધે કેટલાંક ગામડાંએ તો ચાની હોટલો પણ બંધ કરાવી હતી પણ મારાં પાત્રો એવાં અત્યાગ્રહી નથી. હોટલમાં પણ શરમાયા વિના

બેસે એવાં છે. સાંજ પડવા આવી છે અને હોટલમાં ભીડ સારી એવી છે. અનેક ટેબલોની ફરતી ચચ્ચાર ખુરશીઓ છે અને તે ઘણીખરી રોકાયેલી છે. એક ટેબલ પાસેની બે ખુરશીઓ ઉપર બે માણસો નિરાંતે ખાવા બેઠા છે, અને બાકીની બે ખુરશીઓ ખાલી છે. હોટલમાં નાની ઉંમરથી રહેલા છોકરાઓ, જેમના અવાજો અને મોં બન્ને નાનપણથી બૂમો પાડી પાડીને જરા ઠરડાઈ ગયાં છે, તેમની વાની મગાવવાની બૂમો, તેમને વાની માટે અપાતા હુકમો, અને વાની લાવવાના તાકીદના હુકમો વગેરે ગડબડાટની વચમાં આ બે જણની વાતચીત સંભળાય છે. આ બન્ને મારી વાર્તાનાં મુખ્ય પાત્રો નથી એટલે આ બન્ને કોણ છે તે કરતાં તે શી વાત કરે છે એ જ વધારે પ્રસ્તુત હોવાથી તેમનું વર્ણન લાંબું કરતો નથી. છતાં એટલું તો પહેલેથી જ કહેવાની જરૂર છે કે બન્ને ખાદીધારી છે કારણ કે નહિતર તેમની વાતચીત સાંભળીને કદાચ કોઈ એમ માની બેસે કે તેઓ અસહકારના વિરોધીઓ હશે. અસહકાર માટે ખરી લાગણી ધરાવનારા પણ ઘણીવાર અસહકારના અને વિશેષ કરીને અસહકારીઓના સારા ટીકાકાર હોઈ શકે. તેમનો સ્વભાવ તો તેમની વાતચીતમાં જરા પણ અછતો રહે તેવો છે જ નહિ, અને હવે હું તે ઉપર જ આવું છું.

૧ લો માણસ : પાસેર ભજિયાં.

૨ જો માણસ : અલ્યા કેટલુંક ખાવું છે ?

૧ લો : સવારનો ભૂખ્યો છું. તું બપોરે જમ્યા પછી પણ આટલું ખાય તો મારે આટલું ન જોઈએ ?

૨ જો : તે લોભ જરા ઓછો કરીએ. ખાવા જેટલો વખત કાઢીશ તો વેપારમાં બહુ ખોટ નહિ આવી જાય !

૧ લો : અરે ભાઈ! અહીં વેપારની ક્યાં વાત કરે છે!

હું તો આજ સવારનો રાજપુરથી નીકળ્યો છું તે અત્યારે ખાધા ભેગો થાઉં છું. અહીં ઊતર્યો અને ઊતરીને તરત દવા લેવા નીકળ્યો. કોઈ દુકાનેથી ન જ મળી. છેવટે દુર્ગાદાસ ડૉક્ટરને વગ લગાડીને તેની પાસે થોડી હતી તે મેળવી.

૨ જો : કેમ નલિનીબ્હેનની તબિયત હજી સુધરી નથી ? રાજપુરમાં પણ ફાયદો ન થયો ? લોકો તો એ જગાનાં બહુ વખાણ કરે છે !

૧ લો : ફાયદો તો ભગવાન જાણે. પણ એટલું સારું થયું કે ક્ષય નથી એમ દાક્તર કહે છે.

૨ જો : ત્યારે શું છે ?

૧ લો : ભાઈ એ વાત જ જવા દોને ! મહાત્માજી કહે છે દાક્તરો નકામા છે એ જ સાચું છે. હવે લોહી તપાસાવવાની, પિશાબ તપાસાવવાની...

આટલેથી વાતચીત હોટલના ઘોંઘાટમાં ડૂબી જાય છે અને આપણે તેની બહુ જરૂર પણ નથી કારણકે હોટલમાં એક નવો માણસ દાખલ થાય છે તે તરફ ધ્યાન આપવાની જરૂર છે. જગતમાં અકસ્માતો બધા ખરાબ જ બનતા નથી, કેટલાક તો બહુ સારા બને છે, જોકે માણસ અકસ્માતનો અર્થ ખરાબ જ કરે છે. તેવા એક અકસ્માતથી આ નવો આગન્તુક હોટલમાં ઘણીખરી જગાઓ રોકાયેલી જોઈ પેલા બે ખાદીધારીઓના ટેબલની એક ખુરશી ઉપર બેસે છે. તેની ઉંમર ત્રીસેક વરસની છે. તેણે સાદો ખાદીનો પોશાક પહેરેલો છે અને તેની મુખમુદ્રા શાન્ત અને વિચારશીલ છે. હોટલનો માણસ દૂરથી 'શું જોઈએ'ની બૂમ મારે છે તેને તે પાસે બોલાવી બે શાક, પૂરી, ચટણી, દૂધ વગેરે લાવવા કહે છે. પેલા બે માણસની વાતચીત જે અત્યારસુધી

હોટલના ઘોંઘાટમાં ડૂબી ગઈ હતી તે સંભળાવા માંડે છે. નલિનીબહેનની વાતચીતમાંથી અસહકારીઓ વિશે વાત શી રીતે થવા માંડી તે જાણવાની આપણે જરૂર નથી. આપણે સૌ જાણીએ છીએ કે વાતચીત હમેશાં સ્વૈરવિહારી હોય છે.

૧ લો : હવે જાણ્યા તમારા અસહકારીઓ. હજી તો આ લડતને નામે જુવાન સ્ત્રીપુરુષોને જે છૂટ મળી છે તેનું શું પરિણામ આવે છે એ તો જોજો!

૨ જો : તમે નકામા વહેમાઈ જાઓ છો!

૧ લો : પણ નજરે જોઈએ ને ન વહેમાઈએ એ કેમ બને? સાંભળો. તે દિવસે આપણે સવારમાં ઊઠ્યા ને સામા ઘરમાં પેલી ખાદીધારી બાઈ સુંદર ભજન ગાતી હતી તે યાદ છે?

પેલો ત્રીજો આવેલો માણસ જેને નામ જાણ્યા પહેલાં આપણે આગન્તુક જ કહીશું તે ખાતો ખાતો વાતમાં ધ્યાન આપે છે.

૨ જો : હા, અને ત્યારે પણ તમે જ વહેમાયા હતા,— પેલા રાજપુરના જાગીરદાર તમારે ઘેર આવેલા હતા તેમના કહેવા ઉપરથી, કે આમ નાત નહિ, જાત નહિ, સગું નહિ. સાગવું નહિ, ને એક જુવાન સુંદર સ્ત્રી કોઈ પરાયા પુરુષની સારવાર કરવાને બહાને રહે, તે શું ય હશે!

રાજપુરનું નામ બોલાતાં આગન્તુક અજાણતાં ખાવાનું ધીમું કરી વાતમાં વધારે ધ્યાન આપે છે.

૧ લો : હા. અને તમે કહેલું કે આટલાં સુંદર આશ્રમ-ભજનાવલીમાંથી ભજનો ગાય એ સ્ત્રીના ચારિત્રમાં કંઈ ખોટું હોય એમ હું માની શકું નહિ.

૨ જો : હું હજી પણ એમ જ માનું છું. મને એ

બાબતમાં તમારા કરતાં નલિનીબહેનનો અભિપ્રાય વધારે સાચો લાગે છે. સ્ત્રી સ્ત્રીને વધારે ઓળખે.

૧ લો : હા, ભાઈ, હા, પણ આજે જ એ બધી વાત ફૂટીને બહાર આવી. પેલી ધમપછાડા કરતી પેલાને માંદો મૂકીને નાસી જતી હતી, અને પેલો પગે પડીને ન જવાને વીનવતો હતો, ઝેર ખાવાની, દરિયામાં પડીને મરી જવાની વાતો કરતો હતો. અને છેવટે પેલી પેલાને તરછોડી, જોરથી ભડાક દઈ બારણું વાસી, બહારથી આગળિયો દઈ, માથે પોટકું લઈ ચાલતી થઈ ગઇ. આ હું, તે પછી બે મિનિટે મોટરમાં બેસી સ્ટેશને આવ્યો. ત્યાં જરાક સારુ થઈને તે બાઈ ટ્રેન ચૂકી, તે મેં જાતે જોયું. વાંસે ગમે...તે થયું હોય! એ ભાઈ પછી મૂવો હોય કે નહિ, મેં મારા મનમાં કહ્યું 'ભાઈ તું મરી ચૂકેલો છે.'

૨ જો : નલિનીબહેને શું કહ્યું ?

૧ લો : એ તો અંદર હતી, અને મારે ઉતાવળ હતી. પણ એમાં મારે અભિપ્રાય પૂછવાનું રહ્યું જ નથી ને!

પેલો આગન્તુક જે આ વાતનો છેલ્લો ભાગ ઘણી જ ચિન્તાથી સાંભળતો હતો, તે ઘડિયાળમાં જોતો પૂરું ખાધા વિના ઊભો થયો અને ૧લા માણસ તરફ જોઈ તેણે પૂછ્યું.

આગન્તુક : તમે ૧૯મા બંગલાની વાત કરો છો ને ?

અને તે જવાબની રાહ જોયા વિના ચાલવા માંડ્યો.

૧ લો : હા, કાં તમારે શું છે તેનું ? (આગન્તુક જવા માંડ્યા પછી) આ વળી તમારા બીજા અસહકારી જોઈ લ્યો! સુન્દર સ્ત્રીની વાત સાંભળીને ખાવાનું પડતું મૂકીને પાધરાક ઊઠ્યા!

આ આગન્તુક કેમ ઊઠ્યો તે પેલા બે મશ્કરીએ ચડેલા માણસો તો ન સમજ્યા, પણ તમે તો સમજ્યા હશો. ન

સમજ્યા હો તોપણ આ આગન્તુક તરફ વહેમ કે તિરસ્કાર ન કરશો કારણકે—પણ આગળ વાંચો.

૨

એ જ શહેરનું એક નાનું સુઘડ ઘર છે. તેના મેડાના નાના અભ્યાસખંડમાં, અને નીચેથી ઉપર ત્યાં સુધી જવાના ભાગમાં વીજળીના દીવાનો પ્રકાશ છે. બાકી બધે અંધારું છે. એ અભ્યાસખંડમાં નાના ટેબલ પાસે ખુરશી ઉપર ગયા દૃશ્યનો આગન્તુક અત્યન્ત ચિન્તાતુર બેઠો છે. તેણે ટોપી પહેરણ વગેરે પાસેની ખીંટીએ ઉતાર્યું છે અને તેની બેસવાની ઢબ ઉપરથી જણાય છે કે આ તેનું પોતાનું જ ઘર છે. ઘર બધું શાન્ત છે, તે એકલો જ ઘરમાં છે. ચિન્તાતુર ન દેખાવા માટે તે કોઈવાર સામે ઉઘાડી પડેલી ચોપડી વાંચે છે, અને કોઈ કોઈ વાર કંઈ પણ કારણ સિવાય ખડિયામાં કલમ બોળ્યા કરે છે. થોડી વાર પછી નીચેથી માણસ ચડતું હોય તેનો અવાજ સંભળાય છે. પેલો પુરુષ વધારે એકધ્યાન અને ચિન્તાતુર બને છે. થોડી વારે તેના અભ્યાસખંડના બારણાની બહાર ધડ દઈને પોટકું પડતું મેલ્યાનો અવાજ સંભળાય છે અને તે પછી તરત જ જરા આડા રહેલા કમાડને જોરથી ધક્કો મારી એક પચીસેક વરસની સ્ત્રી ઘણી જ આવેશમાં એક વંટોળિયાની માફક દાખલ થાય છે. તે ખરેખર સુંદર અને પ્રભાવશીલ છે. આ બન્ને પતિપત્ની છે એમ તેમની વાતચીત અને રીતભાત ઉપરથી સમજાતાં વાર નહિ લાગે, જો કે એની વચ્ચે શૃંગારચેષ્ટા થવાની નથી. મારી આખી વાર્તામાં શૃંગાર આવતો જ નથી! બન્નેનાં નામો આગળ જણાશે, અને ત્યાં સુધી બન્નેને સ્ત્રી અને પુરુષ તરીકે ઓળખવાથી વાર્તામાં કશો વાંધો આવવાનો નથી. સંસ્કૃત નાટકમાં નિયમ છે કે પાત્રનું નામ સૂચવ્યા વિના પાત્રને

પ્રવેશ ન કરાવાય. પ્રેક્ષક નામ ન જાણતો હોય ને નાટ્યકાર લેખમાં એ નામ વાપરે તે કેમ ચાલે ? પણ હું એ નિયમને ઉલટાવીને કહું છું, પ્રેક્ષક ન જાણે ત્યાંસુધી હું પોતે જ એ નામ વાપરવાનો નથી. નાટકમાંનું કશું પણ વાંચ્યા વિના નાટક જોવાથી પૂરેપૂરું સમજાય તો જ એ નાટક સાચું.

* [ પ્રમીલા : પ્રમુખ સાહેબ! વાર્તાકાર અમને વચમાં બોલવા નથી દેતા તો તેમણે પોતે પણ વચમાં બોલવું ન જોઈ એ.

મેં કહ્યું : હું પણ એ જ કહેવા જતો હતો. આ વિષયાંતર થાય છે.

ધનુભાઈ : આ વિષયાંતર નથી અર્થાન્તરન્યાસ છે. કવિતામાં અર્થાન્તર આવી શકે તો વાર્તામાં પણ આવી શકે!

ધીરુબહેન : એ જ્યાંસુધી લખેલું વાંચે છે ત્યાંસુધી વચમાં બોલે છે એમ ન ગણવું.

વાર્તા આગળ ચાલે છે. ]

પેલી બાઈ દાખલ થઈ ને તરત પેલા પુરુષની સામે ટેબલને અડીને ઊભી રહી તેના પર લંબાઈ પુરુષ તરફ અત્યંત ક્રોધમાં હાથ કરી બોલે છે.

સ્ત્રી : આ જોયું ?

પુરુષ : કેમ એકદમ જણાવ્યા વિના આવી ?

સ્ત્રી : આ જોયા તમારા દોસ્ત ! એને મારે વિશે એવો વિચાર કરતાં શરમ પણ ન આવી ? આવાને દોસ્ત કરતાં શરમાતા નથી ?

પુરુષ : તારી કંઈ સમજવામાં ભૂલ તો નહિ થતી હોય ?

સ્ત્રી : મારી ભૂલ ! આ તે તમે શું કહો છો ? હું તે કાંઈ નાની કીકલી છું તે આવી ભૂલ કરું ?

* આવા કૌંસમાં મૂકેલી વાતચીત મેહફિલનાં સભ્યો વચ્ચે થાય છે એવો સંકેત રાખેલો છે.

પુરુષ : એમ નહિ. માણસ માત્રની ભૂલ થાય.

સ્ત્રી : માવડિયા ધણી જેમ માનું તાણતા, તેમ તમે દોસ્તનું તાણતાં શરમાતા નથી ? આ બાળો, જુઓ. મારે હાથે મારી આ શરમ તમને બતાવવી પડે છે. જુઓ આ એની ડાયરીનાં પાનાં ! મારો સ્પર્શ એને અમૃતસમ ને સ્વર્ગીય ને. . .હું તે શું કહું ? તમારે કહે હું માવજત કરવા ગઈ તે આ માટે ?

પુરુષ : પણ એણે તારી માફી ન માગી ?

સ્ત્રી : માફી ? એમાં માફી શી માગવીતી !

પુરુષ : નહિ, નહિ. એ તો મરી ગયા જેવો થઈ ગયો હશે ને !

સ્ત્રી : ઓ હો. હો હો ! તમને હજી એનું જ લાગે છે ! ને કેવા ટાઢા થઈને વકીલાત કરતા હો તેમ બોલો છો ! બૈરીની લાજઆબરૂની વાતથી પણ તમારું લોહી ઊકળતું નથી ? તમે તે બધું પુરુષાતન ક્યાં વેચી ખાધું તે સમજાતું નથી !

પુરુષ : ( સાન્ત્વન આપવા જરા પાસે આવી તેને માથે પંપાળવા હાથ લંબાવતાં ) તું જરા સ્વસ્થ. . .

સ્ત્રી : ખબરદાર જો મને અડચા છો તો !

એમ કહેતાં તે સ્ત્રી, પાસે પડેલો ખડિયો લે છે ને ખંડની છો ઉપર તેનો જોરથી ઘા કરે છે. ખડિયો ફૂટી જાય છે તેના છાંટા ચારે બાજુ ઊડે છે, ને કાચની કરચો બધે તડતડ ઊડીને ભીંતે ભટકાઈ પાછી પડે છે. તે સ્ત્રી આવી હતી તેમ જ વંટોળિયાની માફક અભ્યાસખંડ છોડી બહાર જાય છે, ખંડની અડોઅડ થઈ ઉપર જવાના દાદર ઉપર ધમધમ ચડે છે, અને પછી ઉપરના ઓરડાનાં કમાડ ભડાક દઈ ઉઘાડી અંદર બેસે છે. તે બધાના અવાજો આ અભ્યાસખંડમાં સંભળાય છે. પેલો પુરુષ શાન્તિથી અને ચિંતામાં આ અવાજો સાંભળે છે, અને અવાજો બંધ થતાં લાંબો નિસાસો મૂકે છે.

પછી ટેબલ પર કોણી મૂકી હાથથી મોઢું ઢાંકે છે. થોડી વારે હાથ લઈ લઈ પેલી ડાયરીનાં પાનાં વાંચવા માંડે છે.

જૂની વાર્તામાં સ્ત્રી પરપુરુષના મિલન માટે તૈયાર થાય છે, અને આ વાર્તામાં સ્ત્રી પરપુરુષની દુર્બુદ્ધિથી આટલી બધી ઉશ્કેરાઈ જાય છે તે બન્નેમાં, સ્ત્રીની પતિ તરફ એકનિષ્ઠા જ કારણ છે, એટલું તો વગરકહ્યે સમજાય એવું છે.

અને પતિ તરફની નિષ્ઠાને લીધે જ પતિના સ્પર્શથી વધારે ઉશ્કેરાય છે તે પણ કામની વામતા જ! પ્રેમની અવળપ!

થોડીવારે કોઈ માણસ ઉપર ચડવાનો અવાજ આવે છે. આ પુરુષ પેલાં ડાયરીનાં પાનાં સાચવીને ટેબલ ઉપર મૂકે છે. અને કોણ આવે છે તે એક નજરે જોઈ રહે છે. બારણા બહારથી અવાજ આવે છે.

અવાજ : હરિભાઈ છો ?

પુરુષનું નામ હરિભાઈ હતું. ત્યારે હવે તે જ નામ વાપરીશું.

હરિભાઈ : કોણ મધુ ? આવ ભાઈ.

હરિભાઈ મધુને સામે લેવા જાય છે. બારણામાં પેસતાં જ મધુ રડી દે છે. હરિભાઈ તેને બાથમાં લઈ અંદર લઈ જઈ કોચ પર બેસાડી તેની સાથે બેસે છે. મધુ સોળસત્તર વરસનો સુંદર દેખાવનો કિશોર છે.

મધુનો અવાજ સાંભળી, થોડીવાર પહેલાં ઉપર ગયેલી સ્ત્રી ધીમે પગલે દાદર ઊતરી અભ્યાસખંડમાં થતી વાત સાંભળવા બહાર સંતાઈને ઊભી રહે છે. હવે તેનો ક્રોધ શમી ગયો દેખાય છે.

હરિભાઈ રાજપુરની હકીકત ગુપ્ત રાખવા માટે બીજી જ વાત ઉપાડે છે.

હરિભાઈ : કેમ ! તારાં ભાભીની તબિયત સારી છે ને ?

મધુ : હા.

હરિભાઈ: અને છોકરો સારો છે ને? આજે કેટલા વાસા થયા?

મધુ: કાલે દસ દહાડા થયા.

હરિભાઈ: ત્યારે ગભરાય છે શા સારુ? દીપુભાઈના કાંઈ સમાચાર છે?

મધુ વધારે રડે છે અને 'હા' કહી હરિભાઈના હાથમાં તાર મૂકે છે. તાર વાંચીને

હરિભાઈ: પણ હવે આમાં કાંઈ ફિકર કરવા જેવું નથી. દાક્તર લખે છે કે તેમને સારું થઈ ગયું છે. ભૂલથી ચોપડવાની દવા પીવાઈ ગઈ હશે ને ઝેર ચડ્યું હશે. પણ હવે તદ્દન સારું છે. અને દાક્તર નજીક રહે છે એટલે કશી ફિકર નથી. હું કાલે સવારની ત્રણ વાગ્યાની ગાડીમાં જઈશ અને વેળાસર પહોંચી જઈશ. તારી પરીક્ષા ક્યારે છે?

મધુ: પરમ દહાડે.

હરિભાઈ: તે તારે કશી ચિંતા કરવાની જરૂર નથી. કાલ જઈને તરત તને ખુશખબરનો તાર કરીશ. તું તારે પરીક્ષાની જ તૈયારી કરજે. અને...તારાં ભાભીને તો આ તારના ખબર કહ્યા નથી ને?

મધુ: ના. પણ તેમને ચિંતા ઘણી થાય છે.

હરિભાઈ: તેમને ચિંતા કરવા દઈશ નહિ. કહેજે કે ફંડનાં નાણાંની વ્યવસ્થા કરવા મને બોલાવેલો છે. હાં કે! દાક્તરે તેમના મનને જરા પણ આઘાત ન પહોંચવા દેવા કહ્યું છે તે યાદ છે ને!

મધુ: હા.

હરિભાઈ: અને ચિંતા ન કરતો હાં કે! લે જા!

મધુ જરા જતાં પાછો અચકાઈને

મધુ : અને...તારમાં શાન્તાબહેનના કશા જ સમાચાર નથી !

હરિભાઈ : તેનું કાંઈ નહિ. એ પણ ગભરાઈ ગઈ હશે બીજું શું ! અને તારમાં તો મુખ્ય કહેવું હોય તેટલું જ કહે ને : લે જા હવે, પાછાં ગિરિજાબહેન ચિંતા કરશે.

હરિભાઈનાં પત્ની શાન્તા, જે અત્યારસુધી આ વાત સાંભળતાં હતાં તે ધીમે દાદરો ચડી પાછાં જાય છે. મધુ ઓરડો છોડી જાય છે તેને હરિભાઈ નીચે સુધી મૂકવા જાય છે.

૩

**રાજપુરમાં** ૧૯મા નંબરના બંગલામાં એક દરદી પથારીમાં પડખાભેર સૂતો છે. તેની સામે ખુરશી ઉપર હરિભાઈ બેઠેલા છે. ખાટલાના ઓશિકા તરફ ઓરડામાં વિભાગ કરવા એક પડદો રાખેલો છે. દરદી તંદ્રાવસ્થામાંથી ધીમે ધીમે જાગતો જાય છે. હરિભાઈ તેના માથા પર ધીમેથી હાથ ફેરવે છે. દરદીની આંખો ખૂલતાં

હરિભાઇ : દીપુભાઈ! આ શું કર્યું ?

દીપકરાય : મેં બરાબર જ કર્યું હતું. જે દવા લગાડાવતાં મને દુષ્ટબુદ્ધિ થઈ તે દવા પીને અંત આણવો એ જ ખરો ન્યાય હતો.

હરિભાઈ : દીપુભાઈ! હવે એ વાત જવા દો. મારે એ સંબંધમાં લાંબી વાત કરવાની છે. પણ તમે હાલ તો ઘણા જ નબળા છો માટે પ્રથમ ખાઈ લો. પછી વાતો કરીશું.

દીપક : હરિભાઈ ! ખાવાની કે પીવાની વાત જ ન કરશો. તમારી આ ઉદારતા જોતો જાઉં છું તેમ તેમ મને મારો અપરાધ વધારે મોટો લાગે છે. અમુક નીચતા કર્યા પછી માણસ માટે એક જ સજા છે.

હરિભાઈ : તમને શ્રમ લાગશે છતાં હવે છૂટકો નથી માટે કહું છું. ગુનાથી ઘણી મોટી સજા પોતાની મેળે ખમી લેવા એ સામા માણસ સામે ત્રાગું કર્યા બરાબર નથી ? એથી સામો માણસ સમાજમાં તો ખરો જ, પણ પોતાના મનમાં પણ કેટલો હીણો પડી જાય ? એ તો મારા સ્વભાવમાં નથી, નહિતર તમારા આવા મૃત્યુ પછી મારે પણ મરવું જ પડે.

દીપક : પણ આ ગુના માટે કોઈ સજા ઓછી નથી.

હરિભાઈ : સ્ત્રીના સ્પર્શથી મન આકર્ષાય એ બહુ વિરલ દાખલો છે એમ ? કોઈ પણ પુરુષ સ્ત્રીના સ્પર્શના આકર્ષણથી કેવળ ઊર્ધ્વ હોય એમ તમે માનો છો ?

દીપક : હા. ઘણાય હોય. દાખલા તરીકે તમને મારા જેવી નિર્બળતા આવે એમ હું નથી કલ્પી શકતો.

હરિભાઈ : તમે મારો દાખલો ટાંકો છો ત્યારે હું મારો જ દાખલો આપું છું. એક બાઈ સાથે હું ટેનિસ રમતો હતો. બાઈનું નામ નથી દેતો. ટેનિસ રમતાં તેને ઘણીવાર બૉલ આપતો. આપતાં આપતાં એકવાર મારો હાથ તેના હાથને અડચો. એ સ્પર્શે મને અસર કરી, અને હું માનું છું તેને પણ કરી, તે છતાં અમે રમ્યા કર્યું. એકાદ અઠવાડિયા પછી તે બાઈ મારે ઘેર આવી મને કહે ‘ ચાલો હરિભાઈ, ફરવા આવવું હોય તો.’ મારું મન આકર્ષાયું. તે વખતે શાન્તા પાસે જ ઊભી હતી, તે તરફ નજર જતાં મને ભાન થયું, અને મેં એ બાઈને ચોખ્ખી ના પાડી દીધી. ત્યારથી મને સમજાયું કે મારામાં આ નિર્બળતા છે. હવે મારા કરતાં તમારો ગુનો શી રીતે વધારે મોટો ? બોલો !

દીપક : તમે મારા મિત્ર, એ રીતે વધારે મોટો. (થોડી-વાર વિચાર કરી ) અરે રે, પણ આ તો તમે મને સમજાવવ

બનાવટી વાત ઊભી કરો છો. શાન્તાબહેન અહીં હોય તો એમને કેટલું માઠું લાગે!

ત્યાં ઓચિંતી પછવાડેના પડદામાંથી શાન્તા આવે છે. તેને જોઈને બન્ને આભા બની જાય છે. શાન્તા ઉશ્કેરાયેલી પણ બહારથી શાન્ત દેખાય છે.

શાન્તા : દીપુભાઈ! આ વાર્તા બનાવટી નથી. અક્ષરે-અક્ષર સાચી છે. વસુમતીબહેનને—અરે મારાથી નામ તો બોલાઈ ગયું—એમણે તોછડાઈથી ના પાડી ત્યારે મેં એમને ઠપકો આપ્યો. ત્યારે એમણે બધી વાત મને કહી. પણ મારો એક પ્રશ્ન છે. તમે બન્ને વાતો કરો છો તેમાં જાણે તમે તમારા એની જ વાતો કરો છો! હું પૂછું છું, તમે ગુનો કર્યો હોય તો કોનો કર્યો છે? એમનો કે મારો?

દીપકને વધારે શરમ આવે છે. હરિભાઈ હવે શું થશે તે નહિ સમજાતાં વધારે ચિંતાતુર બને છે.

દીપક : બન્નેનો.

શાન્તા : પ્રથમ દરજ્જે કોનો?

દીપક : અલબત તમારો.

શાન્તા : ત્યારે સજા કોણ ફરમાવે?

દીપક : તમે. અને ત્યારે જ મને ખરું સાન્ત્વન વળશે.

શાન્તા : ત્યારે મારી સજા એ છે કે તમારે આ વાત ગિરિજાબહેનને કે બીજા કોઈને કરવી નહિ ને તરત સાજાં થવું.

દીપક : તમે બન્ને તે મને આભાર નીચે દાબીને તદ્દન પામર કરી નાંખવા માગો છો કે શું?

શાન્તા : (જરા ક્રોધથી) હું કહું છું કે તમે બન્ને, પુરુષો, માત્ર તમારો જ વિચાર કરશો કે બીજા કોઈનો કરશો? તમે પોતે એમની સામેના ગુના માટે આપઘાત કરવા માગો છો! અને એ એમની લાગણીની ખાતર તેમ

કરવા ના કહે છે. કોઈ મારો વિચાર કરો છો? (બોલતાં બોલતાં વધારે ગુસ્સે થતી જાય છે.) સારું થયું તમને દાક્તરે સારા કર્યા. નહિતર તમને કંઈક થયું હોત તો હું ગિરિજાબહેન પાસે શું મોઢું બતાવત તેનો કાંઈ ખ્યાલ આવે છે? તમે ગઈ લડતમાં વચમાં પડીને એમને લાઠીમારમાંથી બચાવ્યા; અને હવે મારી ખાતર ગિરિજાબહેનનું સૌભાગ્ય...મારી જીભે એ બોલાતું પણ નથી! (શાન્તાની મોટી આંખમાં પાણી ધીમે ધીમે ઉભરાતું જાય છે. પણ તે સંયમ રાખતી જાય છે, પાણીને પડવા દેતી નથી, અને બોલે છે.) હું એમને શું મોઢું બતાવું! મારે તો પછી મરવું જ બાકી રહ્યું. (અસહ્ય આવેશમાં એકદમ ડૂસકું આવે છે અને તેનાથી આગળ બોલાતું નથી.)

દીપક: (એકદમ બેઠો થઈ હાથ જોડી) માફ કરો બહેન, મારી ભૂલ થઈ. તમે કહો તેમ કરવા તૈયાર છું. મારાથી તમારી આ સ્થિતિ જોવાતી નથી.

શાન્તા: તો ત્યારે છાનામાના ખાવા માંડો. કાલના ભૂખ્યા છો. દાક્તર કહે છે તમારે તો ખવાય તેટલી વાર ખાવું જોઈએ.

હરિભાઈ: પણ ખાધાનું લાવ ત્યારે ને!

શાન્તા: હું સ્ટેશનેથી રોટી માખણ અને ચા લેતી આવી છું. દીપકભાઈને આ સ્ટેશનની ચા ભાવે છે. અને મુરબ્બો પણ કાઢી રાખ્યો છે.

શાન્તા ખાવાની સામગ્રી લઈ આવે છે–ગોઠવે છે. તે દરમિયાન હરિભાઈ દીપકરાયને તકિયા વગેરે નાંખી બેસારે છે. શાન્તા બન્નેને પીરસતી જાય છે ને વાતચીત આગળ ચાલે છે.

હરિભાઈ : (શાન્તાને) હવે મને એક વાત કહેવી છે? તું આવી ક્યારે ?

શાન્તા : તમારી સાથે જ, એ જ ટ્રેઇનમાં.

હરિભાઈ : ત્યારે મારી સાથે જ કેમ ન આવી ?

શાન્તા : તમારે લઈ જવી હોત તો તો નીકળતી વખતે મને કહેત નહિ ?

હરિભાઈ : મને શી ખબર તું આવવાની હોઈશ.

શાન્તા : કેમ તમને આવવાનો નિશ્ચય કરતાં આવડે ને મને ન આવડે ?

હરિભાઈ : પણ મેં તો મધુ સાથે વાત કરીને તાર વાંચીને બરાબર નક્કી કર્યું.

દીપક : તાર શેનો ?

હરિભાઈ : એ તો આપણા દાક્તરે તમારા વિશે તાર કરેલો. તે રાતના મધુ મને બતાવવા આવેલો, તે ઉપરથી જ મેં અહીં આવવાનો નિશ્ચય કર્યો.

શાન્તા : ત્યારે મેં પણ એ વાત સાંભળીને અને તમારા ગયા પછી તાર અને તમારી મારા પરની ચિઠ્ઠી વાંચીને જ અહીં આવવાનો નિશ્ચય કર્યો. પણ હવે તમે પૂછી રહ્યા હો તો મારે એક પૂછવું છે.

હરિભાઈ : પૂછો.

શાન્તા : સાચું કહેજો. હું રાતના આવી ત્યારે હું આવવાની છું એવી તમને પહેલેથી ખબર પડી ગયેલી હોવી જોઈએ એમ મને લાગે છે. બોલો એ ખરું કે નહિ ?

હરિભાઇ : ખરું.

શાન્તા : તમે એ કેમ જાણ્યું ?

હરિભાઇ : હું હોટલમાં સાંઝે જમવા ગયેલો. ત્યાં બે

માણસો વાતો કરતા હતા. તેમાંનો એક તે—આ બંગલાની સામે કોઈ નલિનીબહેન રહે છે?

શાન્તા : હા

હરિભાઈ : તેમના પતિ. તેમણે તને ગુસ્સામાં જતી જોઈ તેની વાત તેઓ પોતાના એક મિત્રને ખાતાખાતા કરતા હતા.

દીપક : કોણ જાણે જગત આ મારી ભૂલ માટે તમને શુંય કહેશે?

શાન્તા : અરે એમની તો વાત જ જવા દો ને! એ તો એવા ભડભડિયા છે! પણ નલિનીબહેન બહુ જ ડાહ્યાં છે. મારાં બહેનપણી છે. એ એક વાત કહેશે એટલે ગરીબ ગાય જેવા થઈ જવાના!

હરિભાઈ : અરે આમ તો બહુ જબરા દેખાય છે ને!

શાન્તા : તોય એ તો! હું આવી જબરી દેખાઉં છું તો ય તમારી પાસે કેવી ગરીબ થઈ જાઉં છું. એમ કોઈના ઘરમાં એમ હોય, ને કોઈના ઘરમાં આમ!

એમ કહીને સ્ત્રી જ જે વ્યંજના જાણે છે તે વ્યંજનાથી શાન્તાએ હરિભાઈની માફી માગી લીધી. એમાં માફી માગવા જેવું કશું નથી એમ બતાવવા

હરિભાઈ : બધું તારું ધાર્યું કરે છે, ને વળી મને લેતી પડે છે!

શાન્તા : મારે તે કશું મારું ધાર્યું છે કે નહિ એ જ મને સમજાતું નથી. પણ એ વાત જવા દો. મને કહો તો ખરા એ નલિનીબહેનના વરે શું કહ્યું?

હરિભાઈ : સાચું કહું?

શાન્તા : ત્યારે સાચું નહિ ત્યારે જૂઠું?

હરિભાઈ : કોઈ કોઈ માણસ ગમે તેટલું સાચું બોલે તો ય

તેનું ખોટું જ લાગે. કોઈ માણુસ ગમે તેટલું ખરું કહે તો ય તેની મશ્કરી જ લાગે ! મારે તારી સાથે એવી લેણાદેણી છે.

શાન્તા : પણ કહો તો ખરા !

હરિભાઈ : એ કહે " લ્યો આ એક બીજા અસહકારી કોઈ સુંદર ગાનારી સુંદર બાઈની વાત સાંભળીને ખાવાનું પડતું મેલીને આ નાઠા ! " અને બોલો એ વાત કાંઈ ખોટી હતી ?

શાન્તા : હવે આવું બોલતાં શરમાતા નથી ! પણ ત્યારે તો તમે સાંઝના ભૂખ્યા હશો. લ્યો હવે બરાબર ખાઓ. વાતો ન કરો. આજ સુધી દીપુભાઈ વિના ભાવતું નહિ હોય તે આજે ભેગા બેસીને બરાબર બેઉ જમો.

હરિભાઈ : મને પણ હવે એક નવું સત્ય સમજાય છે.

શાન્તા : શું વળી ?

હરિભાઇ : એ સત્ય એ છે કે શાન્તા કદાચ કાલની ભૂખી હશે.

દીપક : અર્ર્ર્ર્. એટલું મને પણ સૂઝયું નહિ. બહેન, તમે પણ અમારી સાથે જ ખાવા માંડો. પૂરતું આણ્યું છે કે નહિ !

શાન્તા : હું મને તો ઓછી જ ભૂલી જવાની હતી !

દીપક : ત્યારે બેસો.

શાન્તા : આ બેઠાં. અમારે કે દાડે ના છે ? ચાલો, પણ હું ખાઉં એટલો વખત તમારે પણ સાથે ખાવું પડશે.

દીપક : ભલે !

શાન્તા : અને તમે દીપકભાઈ સમજ્યા ?—એમની ફિલસૂફી શેના પર આધાર રાખે છે તે ! જૂના સમયમાં માણસો તપ અને ઉપવાસ કરીને સત્ય શોધતા. એમને જ્યારે પેટમાં પડે છે ત્યારે જ સત્યો સૂઝે છે.

દીપક અને હરિભાઈ બન્ને હસે છે.

ધનુભાઈએ વાંચી રહીને કહ્યું : લ્યો હવે આના પર ટીકા કરો.

પછી પીણું પિરસાવા માંડે છે. સૌ પીવા માંડે છે.

ધીરુબહેન : વસન્તભાઈ, લ્યો હવે તમે ટીકા કરો.

મેં કહ્યું : મારે તો બહુ કામ છે. આ પીણા ઉપર પણ મારે જ અભિપ્રાય આપવાનો છે, તે જાણો છો ને!

ધીરુબહેન : નહિ. આ પીણું તો મેં બનાવ્યું છે. અને મારા પીણા ઉપર અભિપ્રાય આપવાનો આપણે વહાડ નથી. એટલે આજે તમારી સર્વ શક્તિ માત્ર વાર્તા ઉપર ટીકા કરવામાં વાપરો.

ધનુભાઈ : હા ખુશીથી. અને હું પ્રતિજ્ઞા કરું છું કે મારી વાર્તાનો હું મરણિયો થઈને બચાવ કરીશ.

પ્રમીલા : પણ આના ઉપર ટીકા કરવામાં બહુ વિચાર કરવો પડે એવું છે જ નહિ. આ બે મિત્રોની વાર્તા જ નથી. ચાર મિત્રોની છે.

ધનુભાઈ : ચાર મિત્રોની નથી. બે બે મિત્રોની બે જોડીઓ છે.

ધીરુબહેન : પણ આમાં બે પુરુષમિત્રો તો કશું જ કરતા નથી. બધું શાન્તા એકલી જ કરે છે.

ધનુભાઈ : એ તો પેલી વાર્તામાં પણ સ્ત્રીએ પતિના મિત્રને મળવાની હા પાડી ત્યારે જ વાર્તા આગળ ચાલી ને! અને બીજું એ કે મારી વાર્તામાં જૂની વાર્તા કરતાં જે જે ફરક પડે છે તે નવા જમાનાની આવશ્યકતાને લીધે જ. નવા જમાનામાં જ્યાં સ્ત્રીનું અપમાન થયું હોય ત્યાં એ સ્ત્રીએ જ તેની માફી આપવી જોઈએ, અને સ્ત્રીએ જ પોતાના મનનું સમાધાન થયાની પ્રતીતિ આપીને મિત્રોની મૈત્રી અખંડ રાખવી જોઈએ.

મેં કહ્યું : પણ આમાં એવી પ્રતીતિ અપાય છે ખરી? બધાં ભેગાં ખાવા બેઠાં એટલે બરાબર પહેલાં જેવો આનંદ થઈ ગયો એમ?

ધીરુબહેન : એમની વાતમાં ખાવાનું ન આવે તો બીજા કોની વાતમાં આવે?

ધનુભાઈ : જૂની વાર્તામાં સુખાન્ત વર્ણવવાની એ જ રીત હતી. 'ખાધાં પીધાં ને રાજ કર્યા!' અહીં પણ બધાંએ ખાધું એ તો તમે જોયું, ચા હતી એટલે પીધું અથવા પીશે એ પણ નક્કી છે, અને રાજ્ય કરવું એને હું સુખ ગણતો નથી એટલે એ ન લખ્યું?

મેં કહ્યું : મૂળ વાર્તા ધમલાની છે એટલે એને પૂછો કે આ તારા જેવી વાર્તા તને લાગે છે? કેમ ધમલા?

ધમલો : શા'બ. વાર્તા તો ઠીક, પણ પેલી વાતમાં ત્રણેએ મરીને જેવો નોક રાખ્યો, એવું તો આમાં નહિ જ ને!

ધનુભાઈ : જેમ વ્યવહારમાં આવેશથી મરી જવું સહેલું છે, પણ સહન કરીને–જીવીને ફતેહ મેળવવી અઘરી છે, જેમ લડાઈમાં ઊકળતા લોહીએ મારવું કે મરવું સહેલું છે પણ મહાત્માજીના બેઠા બળવામાં લડવું અઘરું છે, તેમ જ વાર્તામાં પાત્રને મારીને વાર્તાનું ધ્યેય સિદ્ધ કરવું સહેલું છે, પાત્રોને જીવતાં રાખીને કરવું અઘરું છે. વળી ગયા જમાનામાં અને હાલના જમાનામાં મુખ્ય ફરક જ એ છે કે જૂના જમાનામાં પ્રાણ લઈને કે દઈને જ્યાં સમાધાન થતાં ત્યાં અત્યારે જીવતાં રહીને મનનું સમાધાન કરવાનું આવે છે. ધમલો જૂના સંસ્કારવાળો છે એટલે એને જૂની વાર્તાનો અંત જ વધારે ગમે; અને તમને પણ એ જ વધારે ગમતો હોય તો તેટલે અંશે તમારામાં પણ નવા સંસ્કારો ઓછા!

પ્રમીલા : ભાઈ, એમ જ કહી દો ને કે જેને તમારી વાર્તા આખી દુનિયામાં સૌથી ઉત્તમ ન લાગે તેને વાર્તા અને સંસ્કૃતિ સમજતાં જ નથી આવડતી !

ધનુભાઈ : એ તો મેં કહેવા ખાતર કહ્યું પણ મારો મૂળ મુદ્દો સાચો છે.

મેં કહ્યું : એમ નહિ. જેમ દોરી એકવાર તૂટે પછી સાંધીએ તોપણ અંદર ગાંઠ રહી જાય તેમ કેટલાક વિક્ષેપો એવા છે કે તે એકવાર બન્યા પછી મૂળ સંબંધો પહેલાં જેવા થઈ શકતા નથી. મિત્રની પત્ની તરફ એકવાર દુર્બુદ્ધિ થયા પછી ભૂલ કરનાર મિત્ર તે ખાતર મરે, તો તેના તરફ સર્વાત્મથી જેવી લાગણી થાય તેવી લાગણી તે જીવતો રહ્યો હોય તો ન થાય. અને આ, શાન્તા અને હરિભાઈ બન્નેને માટે ખરું છે. બન્નેને જાણે તેમની અને દીપકની વચ્ચે કંઈક બની ગયું છે એમ લાગે જ.

ધનુભાઈ : માટે જ મેં ફરી સમાધાન થવાને માટે મજબૂતમાં મજબૂત કારણો મૂક્યાં છે. બન્ને મિત્રો લડાઈમાં ભેગા હતા. દીપકે પોતે લાઠીમારમાં આડાં પડીને હરિભાઈને બચાવ્યો હતો. આભારની લાગણીથી જ હરિભાઈ–શાન્તા તેને માફ કરવા પ્રેરાય એ સ્વાભાવિક છે. તે ઉપરાંત શાન્તાને ગિરિજા માટે પણ લાગણી હતી. એટલે જેને વધારે આઘાત લાગ્યો છે તેને સમાધાન કરવાને માટે વધારે કારણો પણ છે.

મેં કહ્યું: પણ મારો એક સવાલ છે. શાન્તા તમે કહો છો એવી નવા જમાનાની હોય તો તેને પહેલાં આવો આવેશ આવે નહિ. અને જૂના જમાનાની હોય તો આવો આવેશ આવ્યા પછી તેના મનનું પૂરું સમાધાન થાય જ નહિ.

ધનુભાઈ : બહુ સુંદર શોધી કાઢ્યું ! પણ પ્રમુખસાહેબ

નવા જમાનાનાં છે તો તેમને જ પૂછીએ કે તેમને આવો આઘાત પહેલાં તો લાગે ખરો કે નહિ ?

ધીરુબહેન : તમારી વાર્તા ખાતર મારે એવી કલ્પના નથી કરવી. આપણે વાર્તા ઉપર અખતરો કરવા ભેગાં થયાં છીએ, વાર્તા ખાતર માણસ ઉપર નહિ !

ધનુભાઈ : એનો એ જ અર્થ કે આઘાત તો લાગે જ. પણ એ આઘાતનું સમાધાન કરી તેની સાચા દિલથી ક્ષમા આપવી એ નવા જમાનાની ઉદારતા. અને શાન્તા એટલા પ્રબળ અને વેગીલા મનની છે કે તે જેમ એકદમ આઘાતથી ઉશ્કેરાય છે તેમ જ બીજી બાજુ ગિરિજાનું સૌભાગ્ય સાચવવા ક્ષમા આપવા તત્પર થાય છે. અને ભેગાં જમવા બેસવું એ ખરી ક્ષમા આપી જૂનો સંબંધ ચાલુ કર્યાનું મોટામાં મોટું પ્રતીક છે. જરા પણ મનમાં ગાંઠ રહી ગઈ હોય તો ત્રણેય એમ બેસે નહિ.

પ્રમીલા : ગાંઠ રહી ગઈ છે કે નહિ તે માત્ર બહારના દેખાવનો સવાલ નથી. મનના વલણોનો સવાલ છે.

ધનુભાઈ : માણસનું સમાધાન બે રીતે થાય છેઃ એક બુદ્ધિથી અને બીજું લાગણીથી. વસુમતીના દાખલાથી બુદ્ધિનું સમાધાન ત્રણેયનું થવું જોઈએ. પણ બુદ્ધિનું સમાધાન વસન્તભાઈએ કહ્યું તેવું તૂટેલી દોરીની ગાંઠ વાળવા જેવું છે. લાગણીનું સમાધાન ધાતુને રેણવા જેવું છે, અને તે પણ વીજળીથી રેણવા જેવું છે. એવું સમાધાન અહીં શાન્તા–ગિરિજાના પ્રેમથી અને દીપકે પૂર્વે કરેલ શાન્તા–હરિભાઈ ઉપરના ઉપકારથી થાય છે.

ધીરુબહેન : પણ વસન્તભાઈ, અત્યાર સુધી તમે કેમ કાંઈ બોલતા નથી. એમની વાર્તા ટીકાથી પર છે એમ તમે સ્વીકારવા માગો છો ?

મેં કહ્યું : એક જૂનો દૂહો છેઃ

પ્રમીલા : એનો એ કહેવો હોય તો અમને આવડે છે. તમે આ વીસમી વખત બોલતા હશો.

મેં કહ્યું : તમે ગયે વખતે વીસ કહેલ. હવે તો એક-વીસમી વાર થાય. પણ મારે એ જ કહેવો છેઃ

રોઝ ન ગાય ન ઊંટ, જરખ વાઘ નહિ કૂતરું;
ચીભડ કવળ ન ઘૂંટ, પાવઈ નર નહિ પ્રેમદા.

જેમ એમાં વસ્તુઓ આ પણ નથી અને તે પણ નથી, તેમ આ વાર્તા નાટક પણ નથી અને વાર્તા પણ નથી.

ધનુભાઈ : આ વાર્તા નાટક પણ છે અને વાર્તા પણ છે.

આ બેની વચ્ચે વાતો ચાલે છે તે દરમિયાન પ્રમીલા ને ધીરુબહેન કંઈક ખાનગી સંતલસ કરી લે છે.

મેં કહ્યું : જુઓ નાટક તો ભજવવાને માટે જ હોય !

ધનુભાઈ : આગળ બોલો.

મેં કહ્યું : તો જે ભાગ ભજવવાને માટે બિલકુલ જરૂરના નથી, એ આ નાટકમાં વધારાના છે.

ધનુભાઈ : દાખલા તરીકે?

મેં કહ્યું : આ વાર્તાની જૂની વાર્તા સાથે સ્થળે સ્થળે તમે સરખામણી કરતા હતા તે નાટકમાં વિક્ષેપરૂપ છે.

ધનુભાઈ : તમે એક વાર જેમ્સ બેરીનાં નાટકો વાંચતાં કહેલું તે યાદ છે? તમે કહેલું કે નાટક ભજવાય ત્યારે એક કલા છે અને વંચાય ત્યારે બીજી કલા છે. વંચાતી વખતે તેમાં પાત્રોની સ્થિતિ, તેમનું માનસ અને તેમની ઉક્તિઓ વિશે કટાક્ષો અને ટીકાઓ કરી શકાય.

મેં કહ્યું : અસ્તુ, ધારો કે કરાય. પણ અહીં તો તમે નાટકમાં આવતી ઉક્તિઓ વિશે બોલવાને બદલે તમારી વાર્તાની આગલી વાર્તા સાથે સરખામણી કરતા ગયા છો.

ધનુભાઈ : બર્નાર્ડ શૉ જેવા, નાટકની વચ્ચે લગ્નપ્રેમ કે અર્થશાસ્ત્રની પોતાની માન્યતા વિશે નાનો સરખો નિબંધ લખી શકે, તો હું આપણી મેહફિલમાં પ્રસ્તુત હોવાથી એ વાર્તાની સરખામણી કેમ ન કરું ?

પ્રમીલા : લો ભાઈ એ જવા દો. એ તો વસન્તભાઈ નકામા સમજ્યા વિના સોર્યં સોર્યં કરે છે. પણ તમે સાચા વિવેચક હો તો તમારી મેળે જ તમારા નાટકની ભૂલ બતાવો, લો.

ધનુભાઈ : જરૂર બતાવું—જો સમજવા જેટલી તમારામાં ધીરજ અને અક્કલ હોય તો.

ધીરુબહેન : હું તો તમારી સાથે સાક્ષાત્ ધીરજ તરીકે જ રહું છું ! અને બીજી રીતે રહી શકાય જ નહિ એ પૂરેપૂરું જાણું છું.

ધીરુબહેન, હું અને પ્રમીલા હસીએ છીએ, પણ ધનુભાઈ એમના તાનમાં આગળ ચલાવે છે.

ધનુભાઈ : મેં આ દશ્યકૃતિ આ શૈલીમાં લખી શા માટે તે સમજાવું. નાટકકાર વચમાં વચમાં બોલે તે શૈલીનાં દોષ-સ્થાનો કે ભયસ્થાનો મારે બતાવવાં હતાં. એટલું દોષસ્થાન તો તમે પણ સમજ્યાં કારણકે મેં એ વાર્તાઓને સરખાવી તે તમને ન ગમ્યું. પણ તેથી વધારે મારે બતાવવું હતું. ઘણી વાર વચમાં વચમાં જાતે બોલવાનું રાખવાથી નાટકકાર, એ વસ્તુ દશ્યમાં આવે છે કે નહિ, આવી શકશે કે નહિ તે તરફ બેદરકાર બનતો જાય છે. તમે બહુ વખાણેલી જેમ્સ બેરીની 'ડિયર બ્રૂટસ' ( Dear Brutus )ની કૃતિ લો. તેમાં એક પુરુષને પહેલાં લંગડી સ્ત્રી હતી અને તેના પગ નીચે તે હમેશાં ટેકણ મૂકતો. હવે તે સ્ત્રી મરી ગયા પછી બીજી સ્ત્રી પરણ્યો, તેને એવા ટેકણની જરૂર નહોતી, છતાં

તે આગલી ટેવથી તેના પગ નીચે ટેકણ મૂકતો એમ કર્તા પોતે પોતાની નોંધમાં જણાવે છે. નાટકમાં તો માત્ર, પુરુષ નવી સ્ત્રીના પગ નીચે ટેકણ મૂકે છે એટલું જ આવે છે. ઉક્તિઓમાં ક્યાંઈ વિશેષ સૂચન નથી! હવે માત્ર આટલી ક્રિયાથી એ ટેવ જૂની સ્ત્રીમાંથી પડેલી હતી એમ શી રીતે સમજાય? આવી એક ભૂલ મારે કરી દેખાડવી હતી, પણ તે કરી શક્યો નથી એટલી આમાં ક્ષતિ છે.

પ્રમીલા અને ધીરુબહેન બન્ને તાળીઓ પાડે છે.

મેં કહ્યું: લ્યો હોં! તમારી જીભે જ તમે તમારી ભૂલ કબૂલ કરી ને!

ધનુભાઈ: (થયેલી મશ્કરી સમજી જઈને) પણ તેનું કારણ તો એ છે કે હું એટલો સારો વાર્તાકાર અને નાટકકાર છું કે મારી કૃતિમાં હું કંઈ ભૂલ કરવા ધારું તોપણ ન કરી શકું!

બધાં હસે છે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા
મુંબઈ-૪.

# શુદ્ધિપત્ર

| | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| પ્રસ્તાવના | ૮ | ૧૪ | દૃષ્ટિકોણનું | આ દૃષ્ટિકોણનું |
| | ૧૧૨ | ૫ | હાની | હાનિ |

પૃષ્ઠ ૯૨ ઉપર છેલ્લી ચાર પંક્તિઓ નીચે પ્રમાણે વાંચવી:

છો કે મેં ચેખોવ વાંચ્યો નથી.

પ્રમીલા: પણ એ ટીકાકાર ઓછો જ જાણે છે કે તમે નથી વાંચ્યો! એથી અંગત માહિતીના જ્ઞાન કે અજ્ઞાન બન્ને વિના તેની ટીકાના ગુણદોષો તપાસવા જોઇએ.